'આજે તમે હિંદની રાષ્ટ્રીય ઈજ્જતના રખેવાળ છો. હિંદની આશાઓ અને અભિલાષાઓના તમે પ્રતિક છો. એટલે તમે એવી રીતે વર્તજો કે તમારા દેશબાંધવો તમારા પર આશીર્વાદ વરસાવે અને ભાવિ તમારા માટે ગૌરવવન્તુ નિવડે.

હિંદને આઝાદ થયેલું જોવાને આપણામાંથી કોણ જીવતું રહેશે, એ વાત મહત્ત્વની નથી. હિંદને આઝાદ કરવા માટે આપણે આપણું સર્વસ્વ સમર્પણ કરીશું. પ્રભુ! આપણી સેના પર આપના આશીર્વાદ ઉતારો અને આવતી લડાઇમાં આપણને વિજય અપાવો.'

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गूजरानी कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૮૯૧૦ किमत ૨-૧૨-૦

ग्रंथनाम નેતાજીના સાથીદારો

वर्गांक ૯૨ : ૨૫૦૬

# નેતાજીના સાથીદારો

સંપાદક:

પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ

: પ્રકાશક :

'સંદેશ લિમિટેડ' વતી

નંદલાલ ચુનીલાલ બોડીવાળા

પ્રથમાવૃત્તિ ] [ ઓગસ્ટ સને ૧૯૪૬

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૫૮૧૦

છૂટક નકલ કિંમત રૂા. ૨-૧૨-૦ ( ટ. ખર્ચ જુદું )

:મુદ્રક અને પ્રકાશક:
સંદેશ લિમિટેડ વતી
નંદલાલ ચુનીલાલ
બોડીવાળા

: : મુદ્રણસ્થાન : :
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ,
માધુભાઈ કોલોની,
અમદાવાદ.

# નિવેદન

'**નેતાજીના સાથીદારો**': આ રાષ્ટ્રીય પ્રકાશનથી '**સંદેશ ગ્રંથમાળા**'ની ચોથા વર્ષની મંઝિલ શરૂ કરવામાં આવે છે.

આ કૃતિના લેખક અને 'સંદેશ'ના ઉપતંત્રી **ભાઈશ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટે** આ પુસ્તકમાં આપેલી પરિચય સામગ્રી ખૂબ જ ઝીણવટથી એકઠી કરી 'નેતાજીના સાથીદારો'નો સરસ પરિચય આપ્યો છે.

જનતાએ '**નેતાજી**'ને જેવો ઊર્મિભર્યો આવકાર આપ્યો છે, તેવો જ આવકાર આ રાષ્ટ્રીય પ્રકાશનને આપશે, એવી હું આશા રાખું છું. 'સંદેશ ગ્રંથમાળા'ના ચોથા વર્ષનો કાર્યક્રમ નક્કી થઈ ગયો છે. ચોથા વર્ષમાં ૧૦૦૦ પૃષ્ઠનું શિષ્ટ અને પ્રેરણાત્મક સાહિત્ય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. (વિગતવાર યોજના માટે જુઓ આ પુસ્તકનું ટાઈટલ ચોથું).

'**નેતાજીના સાથીદારો**'ની સાથે જ શ્રી. રમણલાલ સોનીની અનુવાદિત કૃતિ '**સંન્યાસિની**' પણ અમારી ગ્રંથ-માળાના ગ્રાહકોને મળી જશે. 'સંદેશ ગ્રંથમાળા' દિનપ્રતિદિન જનતાની વિશેષ ચાહના પ્રાપ્ત કરતી જાય છે અને આ માટે હું જનતાનો ખૂબ જ આભારી છું.

ગ્રંથમાળાનું ચોથા વર્ષનું આ પ્રથમ પુષ્પ ગરવી ગુજરાતને ચરણે ધરી વિરમું છું.

| | |
|---|---|
| સંદેશ પ્રકાશન મંદિર<br>સારંગપુર,<br>**અમદાવાદ.** | **નંદલાલ ચુનીલાલ બોડીવાળા**<br>ના 'જયહિંદ'<br>મેનેજિંગ ડિરેક્ટર<br>'**ધી સંદેશ લિમિટેડ**' |

# પ્રાસંગિક

'નેતાજી' જ્યારે હું લખી રહ્યો હતો ત્યારે, તેમના કેટલાક જવાંમર્દોના રોમાંચક પ્રસંગોએ મને મુગ્ધ કર્યો હતો. 'નેતાજી'નું એ ખૂશકિસ્મત હતું કે જે ભાવનાથી તેઓ રંગાયા હતા, તેવીજ ભાવનાથી ઓતપ્રોત થયેલા અને તેની સિદ્ધિ માટે પ્રાણ આપવાને સદાય ઉત્સુક એવા સાથીદારો તેમને મળ્યા હતા. એ સાથીદારોનો પરિચય વાચકોને કરાવવા હું અધિર બની રહ્યો હતો. કેટલાક સાથીદારોની આછી પાતળી વિગતો તો, હું 'નેતાજી'માં આપી ચૂકયો હતો, આમ છતાં તેમના વિશે વધુ ને વધુ માહિતીઓ મેળવવાને હું મથી રહ્યો હતો, અને કેટલાક પ્રયાસો પછી જે માહિતીઓ ઉપલબ્ધ થઈ તેના આધારે આ પુસ્તકમાં આપેલા જવાંમર્દોનો પરિચય તૈયાર થઈ શકયો.

આ પુસ્તક 'નેતાજી'ના પ્રકાશન પછી તરત જ આપવાની ઈચ્છા હતી, પણ 'નેતાજી'ની ઉપરા ઉપરી આવૃત્તિઓ નીકળતી ગઈ અને પરિણામે આ પુસ્તક મોડું પડયું. પણ એના પ્રકાશનમાં જે વિલંબ થયો છે, એની પાછળ પણ કોઈ ઈશ્વરી સંકેત હોવો જોઈએ. જે વધુ સમય મળ્યો તે દરમિયાન વધુ ને વધુ માહિતીઓ પ્રાપ્ત થતી ગઈ અને તેના પરિણામે કેટલીય ઐતિહાસિક વિગતો અને દસ્તાવેજો આ પુસ્તકમાં આપી શકાયા.

'નેતાજીના સાથીદારો'માં જે સાથીઓનો પરિચય આપવામાં આવ્યો છે તેઓ મુખ્યત્વે, નેતાજીની આઝાદ હિંદ સરકારના સભ્યો હતા. સ્વ. રાસબિહારી ઘોષને, આ પુસ્તકમાં પહેલું સ્થાન આપવામાં આવ્યું છે, કારણ કે, નેતાજી માટે પૂર્વ એશિયામાં જે તૈયાર ક્ષેત્ર હતું, તેના સર્જન પાછળ સ્વ. રાસબિહારી ઘોષનો જ

પુરુષાર્થ હતો. એટલું જ નહિ પણ નેતાજીએ તેમને સર્વોચ્ચ સલાહકારના સ્થાને મૂક્યા હતા. એમની સેવાઓની એ કદર હતી. એ કદરભાવનાને આપણે ભૂલવી ન જોઇએ.

**સૌથી** છેલ્લે એટાઈ દંપતીનો પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચય માટે પૂરતી વિગતો મેળવવાનો પ્રયાસ કર્યો છે. એ માટે કલકત્તા, મુંબાઈ અને રાજકોટ સુધી નજર દોડાવી અને આખરે જે પ્રમાણભૂત માહિતી મળી શકી, તેના પરથી એ પરિચય તૈયાર થયો છે. આ પરિચય આપવા પાછળ એક લોભ રહેલો છે. નેતાજીની ભાવનાને ઝીલવામાં ગુજરાતીઓ પાછળ રહ્યા નથી, એને લગતી સાબિતી આથી બીજી વિશેષ કઈ હોઈ શકે? નેતાજીના 'કરો સબ ન્યોછાવર બનો સબ ફકીર' સૂત્રને અપનાવીને ફકીર બનનાર માત્ર બે જ હતા. એક હતાઃ શ્રી. હબીબ નામના મુસ્લિમ જુવાન, બીજા હતાઃ શ્રી. એટાઈ, જેમણે પોતાની લાખોની દોલત નેતાજીને ચરણે ધરી દીધીઃ શ્રી. એટાઈની માફક જ તેમનાં પત્નીએ પણ એવો જ ત્યાગ કર્યો છે. આપણી પ્રજાને, આપણા જ આવા એક યુગલનો પરિચય થવો જરૂરી છે, એમ હું માનું છું.

**અંતમાં** આ પુસ્તક તૈયાર કરવામાં જે જે મિત્રોએ મને સહાયતા આપી છે તે સહુનો હું આભાર માનું છું. જયહિંદ.

ગોલવાડ, ખાડિયા,<br>**અમદાવાદ.**

**પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ**

# સૂચિ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સ્વ. રાસબિહારી ઘોષ .... .... .... | ૧ |
| ૨ | આનંદમોહન સહાય .... .... .... | ૧૧ |
| ૩ | શાહનવાઝખાન .... .... .... | ૨૭ |
| ૪ | ડૉ. લક્ષ્મી સ્વામીનાથન .... .... .... | ૬૩ |
| ૫ | શ્રી. એસ. એ. આયર .... .... .... | ૮૧ |
| ૬ | શ્રી. પ્રેમકુમાર સહગલ .... .... .... | ૯૧ |
| ૭ | શ્રી. ગુરુબક્ષસીંગ ધીલોન.... .... .... | ૧૧૧ |
| ૮ | શ્રી. જગન્નાથરાવ ભોંસલે.... .... .... | ૧૪૧ |
| ૯ | બેટાઈ દંપતિ .... .... .... | ૧૫૫ |
| ૧૦ | સિપેહસાલારનાં ફરમાનો .... .... .... | ૧૭૧ |

# 'સંદેશ આર્થિક ગ્રંથમાળા'ની
# દ્વિતીય વર્ષની આકર્ષક યોજના

ગુજરાતી સાહિત્યમાં આર્થિક અને ઔદ્યોગિક વિષયનું સાહિત્ય આપતી આ પ્રથમ ગ્રંથમાળા છે. આ ગ્રંથમાળા ઉપયોગી પાંચ પુસ્તકો આપી પ્રથમ વર્ષ પૂરું કરે છે. બીજા વર્ષમાં આર્થિક ગ્રંથમાળાના ગ્રાહકોને લગભગ **૬૫૦ થી ૭૦૦ પાનાનું વાણિજ્ય અને અર્થશાસ્ત્રના વિષયનું કિંમતી વાચન** આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વાચન લગભગ ચારથી પાંચ પુસ્તકોદ્વારા પ્રગટ થશે. એ પુસ્તકો આ રહ્યાં:—

(૧) **હિંદી ચલણનો ઇતિહાસ**: પ્રો. વિકસ્વરા દવે, (૨) **હિંદી વહાણવટું**: પ્રો. ધોળકીયા, (૩) **હિંદી અર્થકારણનો સંક્રાંતિકાળ**: ડૉ. વી. કે. આર. વી. રાવ, (૪) **હિંદની ખેતીની આર્થિક બાજુ**: શ્રી. ડાહ્યાભાઈ જાની, (૫) **હિંદની બેંકો**: (વ્યવહાર તથા કાયદાની દૃષ્ટિએ) શ્રી. જયંતીલાલ હ. મહેતા.

આ ગ્રંથમાળાનું **લવાજમ રૂ. ૭-૦-૦ સાત રૂપિયા રાખવામાં આવ્યું છે. પરંતુ જેઓ તા. ૩૧-૮-૪૬ સુધી ગ્રાહક થશે તેમનું લવાજમ રૂ. ૬-૦-૦ છ પ્રમાણે સ્વીકારવામાં આવશે.** __નવા થનાર ગ્રાહકો માટે ખાસ યોજના:__ પ્રથમ વર્ષનું છેલ્લું પુસ્તક '**હિંદનું નાણાતંત્ર**' જેની કિંમત રૂ. ૪-૪-૦ સવાચાર છે. આ પુસ્તકથી પણ નવા થનાર ગ્રાહકો બીજા વર્ષના ગ્રાહક થઇ શકે છે અને આ આર્થિક વિષયના સાહિત્યને છાજતું ગૌરવવંતુ ઉત્તમ પ્રકાશન મેળવી શકે છે.

'સંદેશ આર્થિક ગ્રંથમાળા'ના આજે જ ગ્રાહક બનો અને વેપાર અને નાણાંકિય વિષયોનું સર્વોત્તમ છતાં સસ્તું સાહિત્ય મેળવો.

**સંદેશ પ્રકાશન મંદિર:** સારંગપુર, **અમદાવાદ.**

'સંદેશ'નું રાષ્ટ્રીય પ્રકાશન

# નેતાજી

છુટક નકલ કિંમત રૂા. ૩-૮-૦ (ટ. ખ. ૦-૫-૬ જુદું)

સંપાદક : **શ્રી. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ**

## સુધારેલી પાંચમી આવૃત્તિ પ્રગટ થઈ છે

* ગુજરાતી સાહિત્યમાં નેતાજી, તેમની આઝાદ હિંદ સરકાર, અને આઝાદ હિંદ ફોજની પ્રાણદાયી પ્રવૃત્તિઓનું સૌથી પહેલું પ્રકાશન.
* જેની ચાર—ચાર આવૃત્તિઓ ખતમ થઈ ગઈ છે અને હજી પણ જેની માગણી તો વધતી જ રહી છે.
* વાંચકોની વધતી જતી માગણીને પહોંચી વળવા માટે **નેતાજીની નવી પાંચમી આવૃત્તિ તૈયાર થઈ છે.** આ સુધારેલી આવૃત્તિમાં નેતાજીનો સંપૂર્ણ જીવનપરિચય, રાષ્ટ્રપતિ સુભાષ બોઝ, બળવાખોર સુભાષ વગેરે નવી માહિતીઓ અને આઝાદ હિંદ સરકારની સ્થાપનાથી માંડીને સીમલા પરિષદને સમયે હિંદને પાઠવેલા સંદેશા સુધીના તમામ બનાવોનાં નેતાજીનાં ભાષણો, ફરમાનો, નેતાજીના બહાદુર સેનાપતિઓના પરિચય લાલ કિલ્લાનો મુકદ્દમો વગેરે ....આપવામાં આવેલ છે......સાથે......**તદ્દન નવાં ચિત્રો**

ઉપરાંત

કલકત્તાથી કાબુલ સુધીના નેતાજીના સાહસભર્યા પ્રવાસને લગતી ચિત્રકથા

**નેતાજી પાંચમી આવૃત્તિ**

એટલે

**નેતાજીની સર્વાંગસંપૂર્ણ જીવન-કાર્યની કથા**

— છુટક નકલ મળવાનાં સ્થળો —

* **સંદેશ પુસ્તક ભંડાર** ગાંધીરોડ-**અમદાવાદ.**
* **એન. એમ. ઠક્કરની કું. ૧૪૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨**
* **સંદેશના બહારગામના એજન્ટો**

**સંદેશ પ્રકાશન મંદિર, સારંગપુર, અમદાવાદ.**

## સંદેશ પ્રકાશન મંદિરનાં પ્રાણવાન પ્રકાશનો

| પુસ્તકનું નામ: | લેખકનું નામ: | કિંમત | રજી પો. ખર્ચ |
|---|---|---|---|
| (૧) જીવનસખી | ડુંગરશી સંપટ | ૪ાા | ૦–૮ |
| [ બીજી આવૃત્તિ ] | | | |
| (ર જર્મનીની આત્મકથા | ડું. ધ. સંપટ | ૪ા | ૦–૭ |
| (૩ નર્તકી | 'ઉમાકાન્ત' | પાા | ૦–૮ |
| [બીજી આવૃત્તિ છપાય છે] | | | |
| (૪) ઈસરદાન | ગોકુલદાસ રાયચુરા | ૩) | ૦–૬ |
| (પ) આરોગ્ય— તનનું મનનું અને દેશનું | ડૉ. હરિપ્રસાદ દેસાઈ | ૩ા | ૦–૬ |
| (૬) હસ્તમેળાપ | મંજુલાલ દેસાઈ | ૪) | ૦–૬ |
| (૭) સોનલ | પ્રાણલાલ મુનશી | ૪) | ૦–૭ |
| (૮) નિત્યનો આચાર | પ્રો. રામનારાયણ પાઠક | ૧ાા | ૦–૪ |
| (૯) મીરાં પ્રેમદીવાની | રામચંદ્ર ઠાકુર | ૬ા | ૦–૭ |
| (૧૦) મારું ભવિષ્ય વૉ. ૧–૨ | જ્યોતિષી પંડ્યા | ૮ા | ૦–૧૧ |
| (૧૧) આધુનિક વ્યાપારી મિત્ર | પૂર્ણાનંદ ભટ્ટ | ૯) | ૦–૯ |
| (૧૨) વ્યાપારી સર્વજ્ઞાનસંગ્રહ | ડુંગરશી સંપટ | ૧૦ા | ૦–૧૦ |
| (૧૩) હિંદની આર્થિક દુર્દશા | ,, | ૦ાા | ૦–૪ |
| (૧૪) રૂપિયાનું ભાવિ | પ્રો. સી. એન. વકીલ જે. જે. અંજારીઆ | ૦ાા= | ૦–૩ |
| (૧૫) યુ. કે. સી. સી. અને હિંદ | પ્રો. એ. એન. અગરવાલ | ૦ાા | ૦–૪ |
| (૧૬) હિંદની આર્થિક પુનર્ઘટના | શ્રી. મણીલાલ શાહ | ૧) | ૦–૪ |
| (૧૭) વેદાંત અને યોગ | સ્વામી માધવતીર્થજી | ૫) | ૦–૬ |
| (૧૮) શ્રીમદ્ ભાગવત માર્ગદર્શિકા | ,, | ૩ાા | ૦-૬ |
| (૧૯) ગુરુપૂર્ણિમા | ,, | ૨ાા | ૦–૫ |
| (૨૦) અભિશાપ : | અનુ: રમણલાલ સોની | ૩ાા. | ૦–૬ |
| (૨૧) નેતાજી : | સંપાદક: શ્રી. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ | ૩ાા | ૦–૬ |
| (૨૨) ક્રોકેટ : | | ૧ા | ૦–૪ |
| (૨૩ સ્નેહગંગા : | અનુ. રમણલાલ સોની | ૩) | ૦–૫ |
| (૨૪) સાથીદાર : | ,, ,, | ૩ા | ૦–૫ |
| (૨૫) હિંદનું નાણાંતંત્ર : | ડૉ. જયંતીલાલ મહેતા | ૪ા | ૦–૮ |

**સંદેશ પ્રકાશન મંદિર : સારંગપુર અમદાવાદ**

બાલપ્રજાની માનીતી ગ્રંથમાળા

# સંદેશ બાલસાથી ગ્રંથમાળા

પ્રથમ પુસ્તક પ્રકટ થઈ ચુક્યું છે

## મિયાં ફુસકી (સચિત્ર)

પૃષ્ઠ ૧૦૮ છૂટક નકલ કિં. રૂા. ૧-૪-૦ (ટ. ખ. જુદું)

લગભગ સાડા છસો પાનાં, ભારોભાર ચિત્રો અને રંગીલું પૂંઠા-ચિત્ર છતાં લવાજમ કેવળ **પાંચ રૂપિયા.** સો ઉપરાંત પાનાનું એક એવાં છ પુસ્તકો અપાશે. છુટક નકલનો **સવા રૂપિયો.**

**સંપાદકઃ જીવરામ જોષી**

કાગળની તંગીને લીધે ગણતરીની જ નકલો છપાશે. નીચેનાં પુસ્તકો વેળાસર મેળવી લેવા ગ્રાહક બની જવું એ જ ઉત્તમ છે.

| | |
|---|---|
| (૧) મિયાં ફુસકી | (૪) લુંટારાના પંજામાં |
| (૨) બે વીર | (૫) નરબંકા |
| (૩) પુરાણની વાતો | (૬) મનમોજી રાજા |

આ પુસ્તકોની વિશેષતા એ છે કે નાનાં કે મોટાં સૌને સરખો રસાનંદ આપશે.

**આપનું લવાજમ મોકલી આ ગ્રંથમાળાના આજે જ ગ્રાહક બનો.**

આ ગ્રંથમાળાનું પહેલું પુસ્તક 'મિયાં ફુસકી' તાજેતરમાં જ પ્રકટ થઇ ચુક્યું છે. આપની નકલ મેળવી લ્યો.

આપના ગામમાં 'સંદેશ' ના એજંટ પાસે આપનું નામ નોંધાવી આજે જ ગ્રાહક બનો.



સંદેશ બાલસાથી ગ્રંથમાળા

વી. પી. થી ન માગતાં પાંચ રૂપિયાનો મનીઓર્ડર જ કરો.

**સંદેશ પ્રકાશન મંદિર**

સારંગપુર અમદાવાદ.

ગુજરાતી ભાષામાં પ્રથમવાર પ્રકટ થતો

મહાન પવિત્ર ધાર્મિક ગ્રંથ

# ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા

કર્તા: પૂજ્ય સ્વામીશ્રી કૃષ્ણાત્મજજી મહારાજ

**પૃષ્ઠ: ૧૨૩૨, ચિત્રો: ૭, છીંટનું પાકું બાઈન્ડીંગ, સાઈઝ રોયલ આઠ પેજી, કિંમત: રૂ. ૧૫–૦–૦, પંદર રૂપિયા: બોક્ષ સાથે રૂ. ૨૧–૦–૦, એકવીસ રૂપિયા: ટ. ખ. રૂ. ૧–૮–૦ જુદો. ( રજી. પો. પા. ખ. રૂ. ૩–૦–૦જુદા. )**

"સંદેશ લિ." નું આ મહાન ધાર્મિક પ્રકાશન દરેક સંસ્કારી અને ધાર્મિક કુટુમ્બમાં હોવું જ જોઇએ. આ સર્વોત્તમ ધાર્મિક ગ્રંથ બે ગીતાપ્રેમી સજ્જનો તરફથી ઉદાર નાણાંકીય મદદ મળેલી હોવાથી **જ્યાં સુધી કોપીઓ સિલિકમાં હશે ત્યાં સુધી** જ રૂ. ૧૫–૦–૦ **ને બદલે** રૂ. ૧૦–૦–૦, **દસની કિંમતે આપવામાં આવશે.** બહારગામ મોકલવાનો ટ. ખ. જુદો થશે. આ પવિત્ર અને દળદાર ધાર્મિક ગ્રંથની નકલો ખલાસ થાય, એ પહેલાં આપની નકલ મેળવી લ્યો. પાછળથી આ ગ્રંથ અપ્રાપ્ય છે.

**સ્થાનિક તેમ જ બહારગામનાં ગ્રંથ મેળવવાનાં સ્થળો**

**૧૦૮ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજના** ગીતામંદિરમાં, **અમદાવાદ. સંદેશ કાર્યાલય** સારંગપુર–**અમદાવાદ. શ્રી મનુવર્ય, યોગસાધન આશ્રમ,** ૧૬, પ્રિતમનગર **અમદાવાદ, શ્રી. જયકૃષ્ણ મોરારજી પંડયા,** જનરલ મેનેજર, જુનાગઢ સ્ટેટ રેલ્વે, **જુનાગઢ. શ્રી હીરાલાલ નારણદાસ મીઠાઈવાળા C/o ગોપાળદાસ બરફીવાળા.** સી. પી. ટેન્ક, **મુંબઈ ૪. શ્રી. દયાશંકર ભાઈશંકર શુકલ,** બાલાજીરોડ–**સુરત** તેમજ આ ગ્રંથ 'સંદેશ' ના ગુજરાત-કાઠિયાવાડના એજન્ટો પાસેથી **રૂ. ૧૦–૮–૦** ની કિંમતે મળી શકશે.

આપના ગામના એજન્ટ પાસેથી આ પુસ્તક મેળવી પોસ્ટ ખર્ચ બચાવો.

[ ૧ ]

## સ્વ. રાસબિહારી ઘોષ

[ આઝાદ હિંદ સરકારના સર્વોચ્ચ સલાહકાર ]



"ધીરજ ધરો, મોહનસિંહ! ભવિષ્યમાં આપણે જે મહાન જંગ ખેલવાનો છે તેની આ તો શરૂઆત છે. આકરા અને ઉતાવળા થવાની જરૂર નથી. જાપાન પ્રત્યે અવિશ્વાસ રાખવાની પણ જરૂર નથી. ભવિષ્ય હું જોઈ રહ્યો છું કે જાપાનની સહાયથી જ, આપણી માતૃભૂમિને ગુલામીની શૃંખલામાંથી છોડાવવા માટેનો જંગ આપણે ખેલવાનો છે. એવા નેતાની હું પ્રતીક્ષા કરી રહ્યો છું કે જે હિંદી પ્રજાની તાકાત અને ઉત્સાહ અને જાપાનના શસ્ત્રોનો સુયોગ્ય સાધીને આપણને દોરવણી આપે."

નેતાજીનું પૂર્વ એશિયામાં આગમન થયું, તે પહેલાંની એ વાત છે. સિંગાપોરના પતન પછી, બ્રિટિશ સેનાપતિએ જાપાનને હવાલે કરેલા હિંદી સૈનિકોને જાપાનના સેનાપતિએ સ્વતંત્ર માનવી તરીકે સ્વીકાર્યા અને હિંદની આઝાદીની લડત લડવા માટે, હિંદીઓની ફોજ ઊભી કરવાની સૂચના આપી. એ માટે કર્નલ મોહનસિંહને કામગીરી સુપ્રત કરવામાં આવી. કર્નલ

મોહનસિંહે સતત પરિશ્રમ પછી આઝાદ હિંદ ફોજની રચના કરી; આઝાદ હિંદ ફોજ હિંદી સ્વાતંત્ર્ય સંઘની દોરવણી હેઠળ ઊભી થઈ હતી. હિંદી સ્વાતંત્ર્ય સંઘના પ્રમુખ હતા, સ્વ. રાસબિહારી ઘોષ. પૂર્વ એશિયામાં એની સંખ્યાબંધ શાખાઓ સ્થપાઈ હતી. પૂર્વ એશિયાના હિંદીઓને એ સંઘના નેતૃત્વ હેઠળ સંગઠીત કરવામાં આવ્યા હતા.

પરન્તુ કર્નલ મોહનસિંહને જાપાનની શુભ નિષ્ઠા વિશે શંકા પેદા થઈ. તેણે સ્પષ્ટ રીતે કહી દીધું કે 'આઝાદ હિંદ ફોજના સૈનિકો જાપાની સેનાપતિના નેતૃત્વ હેઠળ હિંદના મોરચે લડવાને કદિ પણ જશે નહિ. જાપાનની વરિષ્ટ સરકારે એ સ્પષ્ટતા કરવી જોઈએ કે, હિંદમાં તેમને કોઈ ભૌગોલિક હકુમત સ્થાપવાની ઈચ્છા નથી. પણ જાપાનની દાનત સાફ ન હતી. જે સ્પષ્ટતા કર્નલ મોહનસિંહને જોઈતી હતી, એ સ્પષ્ટતા કરવામાં જાપાન વિલંબ કરતું હતું. આથી અકળાઈ ઉઠેલા કર્નલ મોહનસિંહે આઝાદ હિંદ ફોજને વિખેરી નાંખવાનો નિશ્ચય કર્યો. સ્વ. રાસ-બિહારી ઘોષને એની જાણ કરી ત્યારે, ઉતાવળા નહિ થવા, સ્વ. રાસબિહારી ઘોષે કર્નલ મોહનસિંહને ઉપરના શબ્દો કહ્યા હતા.

સ્વ. રાસબિહારી ઘોષ, વર્ષોથી જાપાનમાં વસવાટ કરતા હતા. જાપાનને તેઓ હદપાર થયેલા હિંદી, પોતાનું કાયમી સ્થાન બનાવી ચૂક્યા હતા. જાપાનીઓ તેમનું સન્માન કરતા હતા અને જાપાનના વરિષ્ટ સત્તાવાળાઓમાં તેઓ વિશ્વાસ રાખતા હતા. તેમની ઉમેદ હતી કે જે સ્પષ્ટતા કર્નલ મોહનસિંહ માગે છે તે સ્પષ્ટતા તેઓ, મેળવી શકશે. પણ તેમનો વિશ્વાસ ખોટો ઠર્યો. જાપાને બેવડી રમત આદરી. એક બાજુ વિલંબની નીતિ અખત્યાર કરી અને બીજી બાજુ આઝાદ હિંદ ફોજના બે સૈનિકોને રાત્રે જ, તાલીમ છાવણીમાંથી બળાત્કારે ઉઠાવી જવામાં આવ્યા અને તેમને જાસૂસ તરીકે હિંદ ધકેલી દેવામાં આવ્યા. હિંદમાં આ સૈનિકો મૃત્યુને ભેટયા. કર્નલ મોહનસિંહનો રોષ ઉગ્ર બન્યો અને આઝાદ હિંદ ફોજનું વિસર્જન કર્યું.

આ આખા બનાવથી સ્વ. રાસબિહારી ઘોષને ભારે આઘાત લાગ્યો. હિંદની આઝાદીની ઝંખના કરતાં કરતાં એ વૃદ્ધાવસ્થાને આરે આવી ઊભા હતા. મૃત્યુ આવે તે પહેલાં એકવાર પોતાની માતૃભૂમિને આઝાદ અને સ્વતંત્ર જોવાને, એમની આંખો તલસતી હતી. ૨૫ ઉપરાંત વર્ષોથી એ માદરે વતન હિંદથી દૂર પડ્યા હતા અને દૂર પડયે પડયે પણ હિંદની આઝાદીની લડત એ ખેલતા હતા. એમને મન આઝાદ હિંદ ફોજની રચના એક અતિ આનંદદાયક ઘટના હતી.

મિત્રો સમક્ષ તેમણે કહ્યું હતું કે 'હવે મને ખાત્રી થઈ ચૂકી છે કે મારી મા, જરૂર આઝાદ થવાની છે. એની મુક્તિની મંગલ ઘડી આવી પહોંચી છે.' એટલે જ, આઝાદ હિંદ ફોજના વિસર્જનથી તેમના દીલને જબ્બર આઘાત લાગ્યો.

તેમને લાગ્યું કે પોતે વર્ષોથી જાપાનમાં વસવાટ કરે છે એટલે જ, પોતાના હિંદી ભાઈઓને કદાચ પોતાના નેતૃત્વ વિશે શંકા જાગી હશે. સંભવ છે કે, પોતાના હિંદી ભાઈઓ પોતાની પર વિશ્વાસ મૂકવાને તૈયાર ન હોય. એટલે તેમને, હિંદીઓને યોગ્ય દોરવણી આપે અને જાપાનનાં વરિષ્ટ મંડળો સાથે સતત સંપર્કમાં રહીને, તેની તાકાતનો હિંદની આઝાદી માટે ઉપયોગ કરે તેવા નેતાની આવશ્યકતા જણાઈ: પૂર્વ એશિયામાં વસતા હિંદીઓમાં તો એવો કોઈ નેતા ન હતો. ત્યાં એમને સમાચાર મળ્યા: 'હિંદમાંથી, પોલિસને થાપ આપીને શ્રી. સુભાષ બોઝ છટકી આવ્યા છે. તેઓ હાલ જર્મનીમાં છે અને ત્યાં આઝાદ હિંદ ફોજની રચના કરીને, હિંદની આઝાદીની લડત, ધરી રાજ્યોની મદદથી શરૂ કરવા માગે છે.'

સ્વ. રાસબિહારીને આજની પળને યોગ્ય એવો નેતા મળી ગયો. સુભાષબાબુએ જો હિંદની આઝાદીનો જંગ સફળતાપૂર્વક ખેલવો જ હોય તો પૂર્વ એશિયામાં જ પોતાનું થાણું જમાવવું જોઈએ. અહીંથી જ લડત લડી શકાય. અહીં હિંદીઓ

સંગઠીત છે, જાગ્રત છે અને આઝાદીની પ્રાપ્તિ અર્થે બલિદાનો આપવાને તૈયાર છે.

અને તેમણે બર્લિનમાં રહેતા શ્રી. સુભાષબાબુ પર સંદેશો મોકલ્યો: 'પૂર્વ એશિયામાંના ત્રીસ લાખ જેટલા હિંદીઓ આપના નેતૃત્વની રાહ જુએ છે. આપ અહીં પધારો. અમારું આપને હાર્દિક નિમંત્રણ છે.'

શ્રી. સુભાષબાબુ વિષે સ્વ. રાસબિહારી ઘોષને ભારે માન હતું. તેમની શક્તિમાં અપાર વિશ્વાસ હતો અને જે રીતે તેઓ હિંદમાંથી છટકી આવ્યા હતા, તેનો વિચાર કરતાં વર્ષો પહેલાં તેઓ જાતે હિંદમાંથી છટકી આવ્યા હતા તે આખોય પ્રસંગ તેમની દૃષ્ટિ સમક્ષ તરવરતો હતો.

કર્નલ મોહનસિંહ તો હવે વિશ્વાસ મૂકવાને તૈયાર નહતા. રાસબિહારી ઘોષે એંગકોક પરિષદમાં એવી જાહેરાત કરી કે પૂર્વ એશિયાના હિંદીઓનું નેતૃત્વ સ્વીકારવાને, સુભાષબાબુ બર્લિનથી આવી રહ્યા છે ત્યારે પૂર્વ એશિયાનાં ત્રીસ લાખ પ્રજાજનોનાં હૃદય આનંદ હિલ્લોળે ઉછળવા લાગ્યાં. માત્ર કર્નલ મોહનસિંહ પરિસ્થિતિથી અળગા રહેતા. મુખ્યત્વે જાપાનિઝો પ્રત્યેનો અવિશ્વાસ જ એને માટે જવાબદાર હતો.

સ્વ. રાસબિહારી ઘોષના નામથી કયો હિંદી અપરિચિત હશે? હિંદ જ્યારે ગુલામીનાં બંધનમાંથી છુટવાનો પહેલો પ્રયાસ કરવાને સહજ સળવળતું હતું ત્યારે જે યુવાનોએ મસ્તક હાથમાં લઇને સરકાર સામે શસ્ત્રો અને દારૂગોળાથી જંગ ખેલ્યો અને મૃત્યુને ભેટયા, સ્વેચ્છાએ શહિદી સ્વીકારીને ફાંસીને માંચડે લટકયા, એ યુવાનોને આજે યાદ કરતાં, સ્વ. રાસબિહારી ઘોષનું નામ યાદ આવી જાય છે.

હિંદમાં જ્યારે ક્રાન્તિકારી ચળવળનાં મૂળ નંખાતાં હતાં અને હિંદી જુવાનો દેશમાંથી પરદેશી સરકારને હાંકી કાઢવા માટે જાનફેસાની કરી રહ્યા હતા, ત્યારે આ સદીના બે દશકામાં

થયેલા ક્રાન્તિકારી જુવાનોમાંના એક રાસબિહારી ઘોષ છે: ત્યારે અહિંસાનો માર્ગ દેશના અધીરા બનેલા જુવાનો સમક્ષ ન હતો; જુવાનો બોંબ બનાવવાનો અને સરકારી અમલદારો તેમજ ગોરાઓનો બોંબ કે રિવોલ્વરથી જાન લેવાનો અને એ રીતે ગોરાઓને ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકરાવીને હિંદમાંથી હાંકી કાઢવાનો માર્ગ અખત્યાર કરી બેઠા હતા. આ બધી પ્રવૃત્તિઓનું ગુપ્તપણે સંચાલન થતું. જુવાનો મળતા ગુપ્તપણે અને વ્યવસ્થિત યોજના તૈયાર કરીને, યોજનાને અમલમાં મૂકવાને વિખરાઈ જતા.

બંગાળ અને પંજાબ એ વખતે ક્રાન્તિકારી ચળવળના મુખ્ય થાણાં હતાં: પોલિસ પણ એની સામે ભારે તકેદારી રાખતી. આમ છતાં પણ સત્તાવાળાઓને થાપ આપીને, આ મરજીવા ક્રાન્તિકારીઓ ઘૂમતા. તેઓ પોતાની સાથે હંમેશા જરૂર પડે આપઘાત કરવાની તૈયારી રાખતા. એટલે પોતાની ગીરફતારીથી પોતાના સાથીદારોને મુશ્કેલીમાં મૂકાવું ન પડે, એની તકેદારી રાખતા હતા.

૧૯૧૩નો એ જમાનો હતો. બ્રિટિશ રાજ્ય અમલ સ્થીર થતો જતો હતો. ન્યુ દિલ્હીમાં એ વખતના વાઈસરૉય લોર્ડ હાર્ડીંઝનું સરઘસ શાહી દોરદમામથી રાજમાર્ગો પરથી પસાર થઈ રહ્યું છે ત્યાં એકાએક બોંબનો ધડાકો થાય છે. લોર્ડ હાર્ડીંઝનો પ્રાણ લેવાનો પ્રયાસ થાય છે. પણ એ પ્રયાસ નાકામયાબ બને છે. દેશભરમાં એક જબર સનસનાટી મચી રહે છે અને એ અંગે કેટલાય નિર્દોષ પર સીતમની ઝડીઓ વરસી રહે છે.

આ કાવત્રામાં રાસબિહારી ઘોષનું નામ જાહેર થાય છે અને તેમને શોધવાને સરકારી ચક્રો ગતિમાન બને છે. ધરતી ફોડીને પાતાળમાંથી પણ રાસબિહારીને શોધી કાઢો.' એવાં તાકીદનાં ફરમાનો છૂટયાં છે અને શિકારી કૂતરાની માફક સરકારી ગુપ્તચરો ઘૂમી રહ્યા છે, પણ રાસબિહારી ઘોષ એને થાપ આપતા રહ્યા છે.

રાસબિહારી કોઇ સામાન્ય માનવી ન હતા. કેટલીય ફતેહમંદ અત્યાચારી પ્રવૃત્તિઓના તેઓ નેતા હતા. સત્તાવાળાઓ, રોજબરોજ વધતી જતી અત્યાચારી પ્રવૃત્તિથી અકળાઇ ઊઠયા અને પછી તો દેશભરમાં દમનનો એક સખ્ત કોરડો વીંઝાઇ રહ્યો. દરમિયાન ૧૯૧૪–૧૫માં તેમના બહાદુર સાથીદારો અવધબિહારીલાલ અને અમીચંદ દિલ્હી કાવત્રા કેસમાં ઝડપાઇ ગયા અને મોતની સજાને પામ્યા.

જ્યારે રાસબિહારી ઘોષના મસ્તક માટે બાર હજારનું ઇનામ જાહેર થયું. આખા દેશભરમાં રાસબિહારી ઘોષની તસ્વીરો ફેલાઈ ગઈ. સહુ કોઇની નજર સમક્ષ રાસબિહારી ઘોષની તસ્વીર ખડી થઇ.

આમ છતાં રાસબિહારી ઘોષ તો, બનારસ અને લાહોર-માંથી પોતાની ક્રાન્તિકારી ચળવળ ચલાવતા હતા, પોલિસ એમને પકડવામાં સાવ નિષ્ફળ ગઈ હતી.

પણ હવે ઝાઝો વખત હિંદમાં સલામત રહેવાય તેમ ન હતું, તેમના સાથીદારોએ તેમને સલાહ આપી ' હવે વધુ વખત તમે છૂટા રહી શકો તેવો સંભવ ઓછો છે. '

રાસબિહારીએ જવાબમાં કહ્યું, ' મને પકડી શકે તેવી કોઈ શક્તિ હિંદમાં મોજૂદ નથી અને મારા દેશબાંધવો, લાલચને વશ થઇને મને પોતાના દેશના દુશ્મનના હાથમાં સોંપી દે તેવો ખ્યાલ પણ આવતો નથી. '

પરન્તુ પરિસ્થિતિ સાચે જ મુશ્કેલ હતી. રાસબિહારી ઘોષના સાથીદારો પણ હવે તો છિન્નભિન્ન થઇ રહ્યા હતા. પંજાબનું પ્રચંડ કાવત્રું નિષ્ફળ ગયું હતું. સર્વત્ર હતાશાનું વાતાવરણ ફેલાઈ રહ્યું હતું. સંભવ છે કે રાસબિહારી ઘોષ પણ ઝડપાઈ જાય.

આથી રાસબિહારી ઘોષને હિંદમાંથી વિદાય થઇ જવાની સલાહ અપાઈ રહી ' દાદા ! દેશને ખાતર, દેશની આઝાદીને

ખાતર તમે અત્યારે અદશ્ય થઈ જાવ; ફરીને અનુકૂળ પળે આપણે આપણી યોજનાને અમલમાં મૂકી શકશું.'

'પણ તમને બધાને મૂકીને મારાથી કેમ જવાય ? સાથી-દારોને અણીની પળે એકલા કેમ મૂકાય ?' રાસબિહારી ઘોષ જવાબ આપતા હતા.

સાથીદારો તેમને 'દાદા'ના લાડકા નામે બોલાવતા હતા.

આખરે તેમણે હિંદમાંથી ચાલ્યા જવાનું નક્કી કર્યું અને ૧૯૧૬માં પોતાની શોધ માટે આકાશ પાતાળ એક કરી રહેલી સરકારને, તેનાં ચક્રોને થાપ આપીને રાસબિહારી ઘોષ જાપાન પહોંચી ગયા. દેશભરમાં રાસબિહારી ઘોષની શોધ પાછળ ભટકતી પોલિસ હતાશ બની.

ને રાસબિહારીને ફાંસીને માંચડે લટકાવવાની સરકારની ઉમેદ પણ નિષ્ફળ ગઈ.

હિંદમાંથી જ્યારે તેઓ છટકી ગયા ત્યારે તેમનો ઇરાદો હિંદની આઝાદી માટે લડતા હિંદી યુવાનોને માટે જર્મનીની સહાયતા મેળવવાનો હતો. ચીન પહોંચી ગયા પછી તેમણે જેમ તેમ કરીને હથિયારો મેળવ્યાં અને હિંદમાંના પોતાના સાથીદારો પર એ રવાના કર્યાં, પણ કમનસીબે પોતાના સાથીદારોને મળે તે પહેલાં તો એ સરકારના હાથમાં જઈ પડયાં.

બ્રિટિશ સરકારે જાપાન પર હવે દબાણ કરવા માંડયું 'રાસબિહારીને અમારે હવાલે કરી દો'. શરૂ શરૂમાં તો જાપાને મચક આપી નહિ પણ આખરે બ્રિટિશ સરકારના દબાણ આગળ વશ થવું પડયું, રાસબિહારીને પકડીને બ્રિટિશ સરકારને હવાલે કરવાને બદલે તેમને પાંચ દિવસમાં શાંઘહાઈ છોડી જવાની નોટિસ આપી.

રાસબિહારી ઘોષને ગુપ્તવાસમાં જવું પડયું. આઠ વર્ષ સુધી તેમનું નામ સંભળાયું નહિ. દરમિયાન હિંદમાં તો તેમણે

જે ક્રાન્તિકારી ચળવળનાં બી વાવ્યાં હતાં તે વૃક્ષરૂપે ફાલીફૂલી ગયાં હતાં. અત્યાચારી ચળવળને નવા ને નવા જુવાનો મળતા જ ગયા. ૧૯૨૧માં મહાત્માજીએ હિંદી પ્રજાને અસહકારનો કાર્યક્રમ આપ્યો, ત્યાં સુધી તો દેશભરમાં ક્રાન્તિકારી ચળવળ ચાલતી હતી. મહાત્માજીએ દેશભરના અત્યાચારીઓને થોભી જવા અને અસહકારનો શાંતિમય માર્ગ અખત્યાર કરવાને અપીલ કરી. એ અપીલની અસર તો સારી જેવી થઇ જ હતી પણ અત્યાચારી ચળવળ તે દરમિયાન ધીમી ધીમી પણ ચાલતી જ હતી. એ ચળવળને દબાવી દેવામાં સત્તાવાળાઓનું દમન નિષ્ફળ ગયું હતું. સફળ થઇ, મહાસભાની નીતિ. ધીમે ધીમે મહાસભાના ઝંડા હેઠળ જુવાનો એકત્ર થતા ગયા અને છેક છેલ્લે શહિદ ભગતસીંગ પછી એ ચળવળનો લગભગ અંત આવી ગયો છે.

ગુપ્તવાસનાં આઠ વર્ષો દરમિયાન રાસબિહારી ઘોષને આશ્રય માટે ઠામ ઠામ ભટકવું પડયું. જર્મની જવાની અને ત્યાંથી હિંદી પ્રજાને માટે મદદ મેળવવાની યોજના તો હવે પડતી મૂકાઈ હતી. આમ છતાં તેમને જાપાનમાં જ આશરો લેવો પડયો; જાપાનના સત્તાધિશોથી અજાણ રીતે, જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તેઓ સ્થીર થતા ગયા અને પછી તો જાપાનના પ્રજાજન સમા બની રહ્યા. આઠ વર્ષ પછી તેમણે પ્રથમ જે જાહેર પ્રવૃત્તિમાં ઝુકાવ્યું તે પ્રવૃત્તિ 'હિંદી સ્વાતંત્ર્ય સંઘ'ની સ્થાપનાની હતી. જાપાનમાં વસતા હિંદીઓનું સંગઠન કરીને જાપાનમાંથી જગતના બીજા ભાગોમાં હિંદ વિશે પ્રચાર કરવાની અને હિંદમાં ચાલતી આઝાદીની લડતને ટેકો આપવાની પ્રવૃત્તિ તેઓ ચલાવતા રહ્યા. જાપાનિઝ યુવતિ સાથે તેમણે લગ્ન કર્યાં અને જાપાનમાં જ ' નવો સંસાર ' વસાવ્યો.

હિંદ વિશે તેમણે જાપાનિઝ ભાષામાં પાંચ પુસ્તકો લખ્યાં છે તેમ જ ડૉ. સુંદરલેન્ડનું ' ઇન્ડીયા ઇન બોન્ડઝ ' નામના પુસ્તકનું જાપાની ભાષામાં ભાષાંતર પણ કર્યું છે. જાપાનના

એક અખબારના તંત્રીપદેથી તેમણે જગતને હિંદનો પ્રશ્ન સરસ રીતે સમજાવ્યો હતો. તેમ જ અવારનવાર જાપાનનાં અખબારોમાં હિંદ વિશે તેઓ લેખો પણ લખતા હતા.

જાપાનના પાટનગર ટોકીઓમાંનું તેમનું મકાન એ તો હિંદી યુવાનોનું એક વિશ્રામસ્થાન હતું. હિંદમાંથી જાપાનની સફરે આવતા જુવાનો રાસબિહારી ઘોષનાં દર્શને આવવાનું ભાગ્યે જ ચૂકતા, એવા હિંદીઓને મળીને રાસબિહારી ઘોષ આનંદિત થતા, તેમની સાથે દિવસોના દિવસો સુધી હિંદના સંબંધમાં ચર્ચા કરતા, હિંદી રાષ્ટ્રીય મહાસભાની લડતમાં તેઓ ખૂબ રસ ધરાવતા હતા.

વિશ્વયુદ્ધની જ્વાળાઓ ભભૂકી ઊઠી. હિટલર એક પછી એક પ્રદેશો, વિજળીક ઝડપે હાથ કરતો ગયો અને એ વિજયથી પ્રેરાઈને, જાપાને પણ અજોડ ગણાતી બ્રિટિશ તાકાતને સખ્ત ફટકો લગાવ્યો. બ્રિટિશરો પ્રદેશો છોડતા ગયા અને હિંદી ફોજોને જાપાનને શરણે મૂકતા ગયા.

જાપાનને શરણે પડેલી હિંદી ફોજોનો, હિંદની આઝાદી માટે, બ્રિટિશ સત્તા સામે લડવાનો ઉપયોગ કરી શકાય તો ? જાપાન એ ફોજોને જરૂરી સહાય આપે તો અને આઝાદ હિંદ અને જાપાન ભવિષ્યમાં મિત્રો બનીને રહે એ પૂર્વની શાંતિને માટે જરૂરી છે એવી કલ્પના રાસબિહારી ઘોષને આવી અને તરત જ, જાપાનના વરિષ્ટ મંડળોનો સંપર્ક સાધ્યો.

એના પરિણામે કર્નલ મોહનસિંહની સરદારી નીચે, પહેલી આઝાદ હિંદ ફોજની રચના થઇ. પણ એ આઝાદ હિંદ ફોજ કાંઇ પણ કરે તે પહેલાં તો તેનું વિસર્જન થયું.

નેતાજી સુભાષચંદ્ર બોઝને બર્લિનમાંથી બોલાવીને, તા. ૪ થી જુલાઈ ૧૯૪૩ ના રોજ પૂર્વ એશિયાના હિંદીઓનું નેતૃત્વ રાસબિહારી ઘોષે તેમને સુપ્રત કરીને નિરાંતનો શ્વાસ લીધો. નેતાજીમાં તેમણે ભવ્ય સ્વપ્નું નિહાળ્યું. એમની આશાઓ, કલ્પનાઓ નેતાજીમાં મૂર્ત થતી જોઇ.

નેતાજીના આગમન સાથે જ, પૂર્વ એશીઆના હિંદીઓની પ્રવૃત્તિને નવો ઝોક આવ્યો. રાસબિહારી ઘોષની દોરવણી હેઠળ નેતાજીએ, આઝાદ હિંદ ફોજની નવેસરથી રચના કરી.

તા. ૨૧ મી ઓક્ટોબર ૧૯૪૩ ના દિવસે, નેતાજીએ આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાની જાહેરાત કરી. એ સરકારના સર્વોચ્ચ સલાહકાર તરીકે સ્વ. રાસબિહારી ઘોષની પસંદગી કરવામાં આવી.

સ્વ. રાસબિહારી ઘોષે જે ભૂમિકા તૈયાર કરી હતી, એ ભૂમિકા પર, નેતાજી સુભાષ બોઝે ઇતિહાસ સર્જ્યો. નેતાજી હરેક મહત્ત્વના પ્રસંગે, નિર્ણય કરતાં પહેલાં સ્વ. રાસબિહારી ઘોષની સાથે મંત્રણા કરતા. નેતાજી અને જાપાનનાં વરિષ્ટ મંડળો વચ્ચે જે સંબંધ સ્થપાયો હતો તેની પાછળ સ્વ. રાસબિહારી ઘોષનો પુરુષાર્થ હતો.

આઝાદ હિંદ સરકારના નેતૃત્વ હેઠળ હિંદીઓ, સ્ત્રી–પુરુષો અને બાળકો પણ બલિદાન આપવાને જમા થયાં. આઝાદ હિંદ ફોજની તાકાત વધુ ને વધુ સંગીન બનતી ગઇ, જાપાન આઝાદ હિંદ ફોજના સૈનિકોની તાલીમ માટે શસ્ત્રો પૂરાં પાડવા લાગ્યું. આઝાદ હિંદ ફોજના સૈનિકોની તાલીમ માટેની છાવણીઓ પણ ઉઘડવા લાગી.


હવે માત્ર આક્રમણ કરવા માટેના જરૂરી હુકમની જ રાહ જોવાતી હતી. ત્યાં અગત્યના કામસર નેતાજી સાથે ટોકીઓ જતાં વિમાનને અકસ્માત નડયો અને સ્વ. રાસબિહારી ઘોષ, એ અકસ્માતમાં મૃત્યુ પામ્યા. જે ગુલાબી સ્વપ્નની તેઓ ઝંખના કરતા હતા. તે સ્વપ્ન જ્યારે આકાર લેતું હતું. ત્યારે, તેમણે આંખ મીંચી.

ને હિંદની આઝાદીનો એક અણનમ યોદ્ધો, જંગ ખેલતાં ખેલતાં મૃત્યુને ભેટયો.

૨૫૯૭૦

## [૨] આનંદમોહન સહાય

[મહામંત્રીઃ આઝાદ હિંદ સરકાર]



'જુવાન! તું જેમ બને તેમ જલદી દેશ ભેગો થઇ જા! જાપાનમાં તું સ્થીર થઇ શકીશ નહિ. જગતના બીજા બધા દેશો કરતાં જાપાન જૂદા પ્રકારનો દેશ છે. અહીં હિંદીઓને સ્થીર થવું મુશ્કેલ છે. અનેક હાડમારીઓ અને યાતનાઓ બરદાસ કર્યાં પછી પણ તને સફળતા મળશે કે કેમ? એ શંકાસ્પદ પ્રશ્ન છે!'

'મારી સલાહ છે કે વળતી સ્ટીમરે જ, તું પાછો ચાલ્યો જા! તારા પાછા ફરવાનું ખર્ચ હું આપી દઇશ એની ચિંતા ન કરતો.'

આશાની પાંખે ચઢીને ઊંચે ને ઊંચે ઉડ્ડયન કરતો એક હિંદી નવજુવાન જાપાનના શાહીવાદી નગર ટોકીઓની શેરીએ શેરીએ ઘૂમી રહ્યો છે. એને જાપાનમાં સ્થીર થવું છે અને

જાપાનમાં રહીને હિંદી તરીકેની ઉજ્જવલ નામના કમાવી છે. હિંદીઓની સાહસિકતા, હિંદીઓની હિંમત અને હિંદીઓની ચમકતી બુદ્ધિનો જગતને પરિચય આપવો છે. દિવસો થયા એ આથડે છે પણ એને પગ મૂકવાની કયાંય જગ્યા નથી, દિવસો થયા એ ટોકિયોના રાજમાર્ગો અને શેરીઓમાં ઘૂમી રહ્યો છે. કેટલાય જાપાનીઓને મળે છે પણ એને ઊભવાને કોઈ સ્થાન મળતું નથી. હર્ષભર્યો આવકાર આપનારા બે બોલ એને સાંભળવા મળતા નથી.

આમ છતાં નિરાશાની એક પણ રેખા એના વદન પર ઉપસી આવી નથી. ઉત્સાહ ઓછો થયો નથી. પાસે જે ધન હતું તે પણ હવે ખૂટી જવા આવ્યું છે. આર્થિક તંગીની ભીંસ એને ભીંસી રહી છે છતાં એના મુખ પરનું સ્મિત હજીય ફરકયા જ કરે છે.

રઝળપાટ અને રખડપાટને અંતે એક હિંદીનો એને ભેટો થાય છે. પોતાના દેશના વતનીને જોઇને એ આશ્ચર્ય અનુભવે છે. એને પોતાની પાસે બોલાવે છે એની પીઠ થાબડે છે અને એને સલાહ આપે છે. 'જુવાન તું પાછો ફર' જુવાનને એ સલાહ રુચતી નથી. એનો નિશ્ચય એવો ને એવો જ છે.

'મહેરબાની કરીને મને પાછા ફરવાની સલાહ ન આપશો.' જુવાને મક્કમતાથી જવાબ દીધો, 'જ્યાં સુધી હું અહીં સ્થીર ન થાઉં ત્યાં સુધી હું કદિ પાછો ફરનાર નથી.'

'જુવાન!' હેરતભરી આંખે એ હિંદી આ જુવાનને નીરખી રહે છે અને બોલે છે, 'તારી હિંમત અજબ છે. તારી ધીરજ પણ અખૂટ છે પણ જાપાનમાં હિંદીઓને સ્થીર થવું ઘણું મુશ્કેલ છે.'

'મુશ્કેલીઓને બરદાસ કરવાની મારામાં હિંમત છે.' જુવાને પોતાની તૈયારી બતાવી અને એ જુવાનનો તેણે હાથ પકડયો.

એ જુવાન તે આનન્દમોહન સહાયઃ નેતાજીએ પૂર્વ-એશિયામાં સ્થાપેલી આઝાદ હિંદ સરકારના એ મહામંત્રી.

તેમનું કુટુંબ, બિહારમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. તેમના પિતા લાલા મોહન સહાય નાથનગરના એક પ્રસિદ્ધ જમીનદાર હતા. શ્રી. આનંદમોહન તેમનો સૌથી મોટો પુત્ર. લાલા મોહન સહાય પોતાના સંતાનોને કેળવણી આપવા પાછળ પુષ્કળ કાળજી રાખતા.

દેશભરમાં સત્યાગ્રહનો જુવાળ જ્યારે ઉછળી રહ્યો હતો અને દેશના જુવાનો જ્યારે માભોમની મુક્તિ માટે મરજીવાઓ બનીને ઘૂમતા હતા. ત્યારે શ્રી. આનંદમોહન, સ્વ. દેશબંધુ ચિતરંજનદાસ પ્રત્યે આકર્ષાયા. સ્વ. દેશબંધુની ભવ્ય અને તેજસ્વી પ્રતિભા, અપૂર્વ બલિદાન અને અપાર ધગશ શ્રી. આનંદમોહન સહાયને આકર્ષવા માટે પૂરતાં હતાં. અભ્યાસ છોડી દઈને તેમણે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. દેશબંધુએ તેમને તેમના પોતાના જ પ્રાંતમાં શ્રી. રાજેન્દ્રબાબુ સાથે રહીને કામ કરવાનો આદેશ આપ્યો.

એ દિવસો દરમિયાન તેમણે જે ઉત્સાહપૂર્વક કાર્ય કરવા માંડયું. તેના પરિણામે સત્તાવાળાઓની નજરમાં તેઓ આવી ગયા.

અસહકારનાં પૂર પાછાં વળ્યાં. દેશભરમાં નિરાશાનું ઘોર આવરણ છવાયું હતું. આગેવાનો પણ હતાશ થયા હતા અને પ્રજા પણ હતોત્સાહ બની હતી, ત્યારે પણ શ્રી. આનંદમોહનનો ઉત્સાહ અદમ્ય હતોઃ એના દિલમાં શાંતિ નહતી. એની બેચેની એવીને એવી જ હતી. અસહકારના દિવસો દરમિયાન એના

દિલમાં પોતાની માતૃભૂમિની વેદનાના ડંખ એવા જોસથી વાગ્યા હતા કે એની વેદના એ હજી ભૂલી શકે તેમ નહતું, પણ જ્યારે દેશભરમાં કોઈ કાર્ય કરી શકાય એમ નથી, એવું તેમણે જોયું ત્યારે તેમણે પરદેશમાં જઈને ત્યાં એવા કોઇ પાઠ શીખવા કે જે મારા દેશને ઉપયોગી થઈ પડે, એવી ભાવના સાથે પરદેશ જવાનો નિશ્ચય કર્યો.

અમેરિકા જવાનો તેમનો ઈરાદો હતો, પણ ત્યાં જવાને માટેનો પાસપોર્ટ ન મળ્યો, એટલે તેમને પોતાનો વિચાર બદલવો પડયો અને જાપાન જવાનો નિશ્ચય કર્યો. ૧૯૨૩ની એ સાલ હતી.

સ્વમાનશીલ શ્રી. આનંદમોહને પોતાના પિતા પાસેથી, એ માટે કંઈ પણ સહાય લેવાનો ઈન્કાર કર્યો. એમનું સ્વમાન ઘવાતું હતું. એક મિત્ર પાસેથી માત્ર ૫૦૦ રૂપિયા લઈને જ એમણે જાપાન જવાની તૈયારી કરી. જાપાન જવાને તેઓ વિદાય થયા, ત્યારે માત્ર ઉત્સાહ અને સંકટો બરદાસ કરવાની તમન્ના સિવાય કોઇ સાથી ન હતું.

સ્ટીમરમાં ઉપલા વર્ગમાં તો તેઓ મુસાફરી કરી શકે તેમ ન હતું, ડેક પરના ઉતારૂ તરીકે તેમણે પ્રવાસ શરૂ કર્યો, ૨૮ દિવસનો એ પ્રવાસ અતિ કપરો હતો; પણ એ કપરા દિવસો તેમણે હિંમતપૂર્વક વ્યતિત કર્યાં અને તેમના રાજકિય જીવનની ખરેખરી શરૂઆત તો અહીંથી જ થઈ ગણાય.

પ્રવાસ દરમિયાન એ હંમેશાં આકાશ સામે દૃષ્ટિ માંડતા, પણ એની મનોસૃષ્ટિ તો, આકાશના ભિતર ભેદીને પણ આગળને આગળ વધતી. એની સ્વપ્નસૃષ્ટિમાં પોતાના દેશનું ઉજ્જ્વળ ભાવિ ખડું થતું હતું. એ ઉજ્જ્વળ ભાવિ માટે શું કરવું જોઇએ ? એ

માટે જાપાન જવું કેટલે અંશે યોગ્ય છે? એવા પ્રશ્નો એના દિલમાં ઊઠતા. જાપાનથી તે સાવ અજાણ્યા છે એની પાસે કોઈ ભલામણપત્ર ન હતો કે કોઈ ઓળખીતા પર ચીઠ્ઠી ન હતી. આમ છતાં એના દિલમાં કશો જ તાપ ન હતો. થડકાટ એ અનુભવતો ન હતો.

સાવ અજાણ્યા માનવી તરીકે જ્યારે એણે કોબેની ધરતી પર પગ મૂકયા ત્યારે સૌથી પહેલો પ્રશ્ન તો 'કયાં જવું?' એ જ ઉપસ્થિત થયો; કોબેનો એ સાવ અજાણ્યો હતો અને કોઇને એ જાણુતો પણ ન હતો, એની પાસે જે મૂડી હતી તે પણ હવે ખૂટવા આવી હતી.

એણે રોજ રોજ કારખાનાંઓ અને ઓફિસોમાં ધક્કા ખાવા માંડયા. કામગીરીની શોધમાં એણે ભગીરથ પુરુષાર્થ આદર્યો; પણ નિષ્ફળતા એની સામે ડોળા ઘૂરકાવતી હતી, એના ઉત્સાહનાં ઉછળતાં મોજાં પાછાં પડતાં હતાં, છતાંય નિરાશા સામે એ લડતો જ હતો.

આફતો સામે લડતાં એ યોદ્ધાને જ્યારે એક હિંદીએ હાથ આપ્યો ત્યારે પોતાના ઉજ્જવલ ભાવિની કલ્પના સતેજ થઈ. જાપાનીઓની વિકૃત મનોદશા સામે એ ટટ્ટાર અડીખમ ઊભો રહ્યો અને જાપાનીઓએ તેને આગળ વધવાનો માર્ગ આપ્યો. આમ છતાં જુવાન આનંદમોહન પ્રત્યેનો રોષ તો, કોઈ કોઈ જાપાનીઓના હૈયામાં આછો પાતળો ભભુકતો જ હતો; અને જ્યારે એક વખત એ ભયંકર માંદગીના બિછાને પટકાઈ પડયો ત્યારે એની સેવા સુશ્રુષા માટે કોઇ મોજૂદ ન હતું. એ હતો જાપાનીઓનો તિરસ્કાર. એ હતો જાપાનીઓનો રોષ; જે હિંદી કુટુંબે એનો હાથ પકડયો હતો એ કુટુંબે જ એની સેવા કરી.

હિંદીઓ પ્રત્યેનો, જાપાનીઓનો આ મનોભાવ, જુવાન આનંદમોહનને ખૂંચવા લાગ્યો. જાપાનમાં બ્રિટિશરો હિંદ વિરોધી જે સતત્ પ્રચાર કરી રહ્યા હતા તેનું એ પરિણામ હતું. એક વખત એક સિનેમાગૃહમાં તેણે એક બ્રિટિશ ફિલ્મ જોઈ. એ ફિલ્મમાં જાવાની એક નાનકડી બાળાના હાથમાં બાળક હતું અને તેને હિંદી સ્ત્રી તરીકે ઓળખાવવામાં આવી હતી. જાપાનીઓના દિલ અને દિમાકમાં હિંદ વિરુદ્ધ હળાહળ વિષ રેડવાનો એ પ્રયાસ હતો. એ જોઈને જુવાન આનંદમોહન ઉકળી ઊઠયો અને બીજે દિવસે કોબેના તમામ અખબારોમાં બ્રિટિશ પ્રચારના એણે ફૂરચા ઉડાવ્યા, પણ એટલેથી જ એ બેસી ન રહ્યો. એણે બ્રિટિશ એલચીની મુલાકાત લીધી.

એની ઝુંબેશના પરિણામે ફિલ્મનો એ ભાગ દૂર થયો. જાપાનમાં રહીને હિંદની પ્રતિષ્ઠાની રખેવાળી કરતાં કરતાં આવી તો કેટલીય લડતો એને લડવી પડી હતી; પરિણામે જાપાનમાં એની ગણના અગ્રણી હિંદીઓમાં થવા લાગી.

જેને સ્વમાનપૂર્વક જીવવું છે, જે સ્વમાનની કિંમત સમજે છે અને તેની રક્ષા માટે જે કિંમત ચૂકવે છે તેનું સ્વમાન સચવાય છે. જાપાનીઓ પણ હવે હિંદીઓને સમજતા થયા, તેમનું સ્વમાન સચવાય તેવી કાળજી રાખતા થયા.

એ દરમિયાન તેઓ રાસબિહારી ઘોષના સંપર્કમાં આવ્યા, અને ધીમે ધીમે તેમની વચ્ચેનો પરિચય પણ વધતો રહ્યો.

ચાર વર્ષના પરિશ્રમ પછી એ જુવાન સિદ્ધિના શીખરે પહોંચ્યો. એ જાપાનમાં સ્થીર થયો. વેપારધંધામાં આગળ વધવા સાથે પ્રતિષ્ઠા પણ પામી શકયો; અને વિજયશ્રી વરીને એ સ્વદેશ પાછો ફર્યો. હિંદમાં તે શ્રીમતિ ઊર્મિલા દેવીનાં પુત્રી

શ્રી. સતિદેવી સાથે લગ્નગ્રંથીથી જોડાયો. પત્ની પણ બહાદુર પતિ સાથે અવિરત ઝૂઝી શકે તેવી મળી.

ફરીને બીજી વાર શ્રી. સહાય જાપાન ઉપડયા. હવે વેપાર ધંધામાં આગળ ધપવાને બદલે, શ્રી. સહાય હિંદીઓના પ્રશ્નમાં રસ લેવા માંડયો.

કોબેમાં સૌથી પહેલાં, હિંદીરાષ્ટ્રીય મહાસભાની શાખાની સ્થાપના કરનાર શ્રી. સહાય હતા, પણ આ નામ તરત જ બદલવું પડયું. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ પરદેશોમાં પોતાની શાખાઓ સ્થાપવાની ના પાડી. પરિણામે આ સંસ્થાનું નામ 'ઇન્ડીયન નેશનલ એસોસીએશન ઓફ જાપાન' રાખ્યું. બીજી બાજુ ટોકીઓમાં સ્વ. રાસબિહારી ઘોષે હિંદ સ્વાતંત્ર્યસંઘની સ્થાપના કરી હતી. બને સંસ્થાઓએ સાથે મળીને કાર્ય કરવા માંડયું.

શ્રી. સહાય, હિંદમાંથી રાષ્ટ્રીય મહાસભાએ પ્રસિદ્ધ કરેલા તમામ લેખો પોતાની સંસ્થા દ્વારા જાપાનમાં પુનઃપ્રસિદ્ધ કરવા માંડયા. ઉપરાંત 'હિંદનો અવાજ' 'Voice of India' સાપ્તાહિક પણ શરૂ કર્યું. આ અખબાર દ્વારા તેઓ હિંદનું સ્પષ્ટ અને સત્ય ચિત્ર આપવા લાગ્યા: જાપાન અને હિંદ વચ્ચેના સંબંધો વધુ નિકટના મૈત્રીભર્યાં બને, તે માટેનો પુરુષાર્થ કરવા માંડયો. પરિણામે બ્રિટિશ પ્રચારને મરણતોલ ફટકો પડયો. હિંદમાંની મહાસભાની પરદેશ વિષયક કચેરી સાથે તે સીધો સંપર્ક રાખવા લાગ્યો.

જાપાનમાં આવતા હિંદી જુવાનોને હરેક પ્રકારની સગવડ મળી શકે તે માટે, એક ફંડ એકત્ર કરીને 'ઇન્ડિયા હાઉસ'નું સર્જન કર્યું.

શ્રી. સહાયે હવે પોતાની પ્રવૃત્તિઓ વિકસાવવા માંડી, ચીનમાં જઇને હિંદનો સંદેશ સંભળાવવાનો નિશ્ચય કર્યો. શાંઘ-હાઇમાં વડું મથક રાખીને એ જુવાનને ચીનમાં હિંદનો પયગામ પહોંચાડયો. તમામ સ્થળોની મુલાકાત લઇને હિંદની પરિસ્થિતિને સ્પર્શતા પ્રશ્નો વિષે વ્યાખ્યાનો આપ્યાં.

જાપાન અને ચીનની પ્રજા હિંદના પ્રશ્નને સમજતી થઇ. તેમ તેમ શ્રી. આનંદમોહનનું સ્થાન વધુને વધુ ઊંચું થતું ગયું. ૧૯૩૯ માં ફીલીપાઇનમાં પ્રવાસ કરવા માટે તેમને મનીલાથી આમંત્રણ મળ્યું પણ શ્રી. સહાય બ્રિટિશ પ્રજાજન હોઇને તેમને ફીલીપાઇનિ જવા દેવાને તૈયાર નહતી.

દરમિયાન વિશ્વયુદ્ધનો દાવાનળ ફાટી નીકળ્યો. હિટલરની આગેકૂચ વધતી હતી. બ્રિટિશ સામ્રાજ્ય તૂટી પડવાની અણી-પર હતું. તૂટી પડું, તૂટી પડું, કરતાં એ સામ્રાજ્યને એકદા જાપાને ફટકો માર્યો. જાપાને બ્રિટન સામે યુદ્ધ પોકાર્યું અને બદલાયેલી વિશ્વ પરિસ્થિતિને કારણે શ્રી. સહાય પોતાના મંત્રી રામસીંગ રાવલ અને સ્વ. રાસબિહારી ઘોષના મંત્રી ડી. એસ. દેશપાંડે સાથે શાંઘહાઇમાંની કમિટીઓની પુનર્રચનાના કામે લાગી ગયા.

હિંદી પ્રજા દર વર્ષે જે સ્વાતંત્ર્યદિન ઉજવે છે એ સ્વાતંત્ર્યદિન પૂર્વ એશિયાના હિંદીઓ પણ ઉત્સાહપૂર્વક ઉજવી રહ્યા છે એવી સ્વાતંત્ર્યદિનની એક જંગી સભાનું પ્રમુખસ્થાન શ્રી. સહાયે લીધું. એ સભાના પ્રમુખસ્થાનેથી તેમણે પૂર્વ એશીઆના હિંદીઓની એક જ વ્યવસ્થિત સંસ્થાની હિમાયત કરી અને તે મુજબ તેમની ઇન્ડિયન નેશનલ એસોસીએશન ઓફ જાપાનને હિંદ સ્વાતંત્ર્ય સંઘ સાથે જોડી દીધી.

૧૯૪૨માં બેંગકોકમાં પૂર્વ એશીઆના હિંદીઓની જે ઐતિહાસિક પરિષદ મળી હતી તેમાં શ્રી. સહાય જાપાન અને મંચુરીઆમાંના હિંદી પ્રતિનિધિ મંડળના નેતા તરીકે હાજર થયા હતા.

પરિષદમાં 'હિંદ હિંદીઓ માટે'નો જે બુલંદ અવાજ ગાજતો થયો હતો અને તેના પર જે ચાર મુખ્ય વક્તાઓએ ભાષણો આપ્યાં હતાં તેમાંના શ્રી. સહાય એક હતા.

સ્વાતંત્ર્ય હિંદ સંઘનું વડું મથક હવે બેંગકોક ખાતે ખસેડવામાં આવ્યું અને શ્રી. સહાયને પ્રકાશન વિભાગની જવાબદારી સુપ્રત થઇ હતી.

કેપ્ટન મોહનસિંહે આઝાદ હિંદ ફોજની રચના કર્યા પછી જાપાનના અધિકારીઓ સાથે અથડામણ ઊભી થતાં, સ્વાતંત્ર્ય હિંદ સંઘને માટે કટોકટીની પરિસ્થિતિ ઉપસ્થિત થઈ ત્યારના ઉકળાટભર્યા દિવસોમાં શ્રી. સહાય તટસ્થ રહ્યા હતા.

૧૯૪૩ના જૂનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ બેંગકોક પધાર્યા ત્યારે શ્રી. સહાય ત્યાં હતા. જુલાઇમાં સીંગાપોરમાં મળેલી હિંદી નેતાઓની પરિષદમાં હાજરી આપવાને તેઓ ગયા. આ પરિષદમાં નેતાજીએ પૂર્વ એશીઆના હિંદીઓનું નેતૃત્વ ધારણ કર્યું અને સ્વાતંત્ર્ય હિંદ સંઘની પુનર્વ્યવસ્થા હાથ ધરી, ત્યારે શ્રી. સહાય તેમના સીધા સંપર્કમાં આવ્યા.

નેતાજીએ તેમની શક્તિ પિછાની અને તેમને પરદેશ ખાતાના મંત્રીપદે નિયુક્ત કર્યા, તેમ જ થાઇલેન્ડ વિભાગીય કમિટીના પ્રમુખ તરીકે પણ તેમની પસંદગી કરવામાં આવી. આ વિભાગમાંના હિંદીઓને વ્યવસ્થિત કરવાનું કાર્ય તેમને માથે

આવી પડયું. ૨૧ મી ઓકટોબર ૧૯૪૩ સુધી શ્રી. સહાય એ સ્થાન પર રહ્યા.

નેતાજીના આગમન પછી પૂર્વ એશીઆના હિંદીઓમાં ભારે ઉત્સાહ પ્રગટી નીકળ્યો. આઝાદીનો આતશ જાગ્યો હતો અને એ ઉત્સાહને વ્યવસ્થિત બનાવવા અને વ્યવસ્થિતપણે આઝાદીનો જંગ ખેલી શકાય તે માટે, નેતાજીએ આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના કરી ત્યારે હિંદીઓના ઉત્સાહને કોઈ સીમા ન હતી. નેતાજીએ શ્રી. સહાયને પ્રધાનમંડળના મહામંત્રીનું સ્થાન આપ્યું.

નેતાજી સુભાષ બોઝ પૂર્વ એશીઆમાં આવ્યા અને હિંદીઓનું નેતૃત્વ ધારણ કર્યું તે પહેલાં એટલે ૧૯૩૯માં જ્યારે વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારથી શ્રી. સહાય હિંદની આઝાદી હાંસલ કરવા માટેના કાર્યમાં સહાય આપવાને નવી લડતની વ્યૂહરચના કરી રહ્યા હતા. એ લડતમાં પરદેશોની જરૂરી સહાય મેળવવાની તેમની યોજના હતી અને જે રાષ્ટ્રોને બ્રિટિશ શાહિવાદ, વિશ્વશાંતિ માટે ખતરનાક હોવાની ખાત્રી થઇ ચૂકી હતી તે રાષ્ટ્રોને, હિંદની સહાયતા માટે અપીલ કરવામાં આવી હતી. જાપાન અને ચીનમાં વસતા હિંદીઓને સંગઠીત કરવાનો તેમણે પુરુષાર્થ કર્યો અને જાપાનને પણ તેના પોતાના જ હિતને ખાતર આઝાદ હિંદની આવશ્યકતા સમજવાની અપીલ કરી. આ અપીલ સફળ થઇ. ઠામ ઠામથી શ્રી. સહાયને ઉત્સાહભર્યો જવાબ મળ્યો. બ્રિટિશ સામ્રાજ્ય સામે જાપાન વર્ષોથી દાંત કચકચાવીને બેઠું હતું, એટલે એને તો જે તક જોઇતી હતી એ તક મળી ગઇ. તેણે હિંદની આઝાદી માટેની લડાઇને સંપૂર્ણ સહાય આપવાનો નિર્ણય જાહેર કર્યો. જાપાની અખબારોએ શ્રી. સહાયની અપીલને ખૂબ જ અગત્ય આપ્યું.

શ્રી. સહાયે જે ઉત્સાહભર્યો જવાબ આપ્યો હતો તેને લક્ષમાં લઇને, સંગ્રામ સમિતિની સ્થાપના કરી. આ સંગ્રામ સમિતિમાં સ્વ. રાસબિહારી ઘોષ અને રાજા મહેન્દ્રપ્રતાપ પણ જોડાયા હતા.

નેતાજીની આઝાદ હિંદ સરકાર અને આઝાદ હિંદ ફોજની ભવ્ય કારકીર્દિનાં મૂળ શ્રી. સહાયે નાંખ્યા હતાં. સંગ્રામ સમિતિની સ્થાપના પછી તરત જ તેમણે જાપાની વરિષ્ટ લશ્કરી સત્તાવાળાઓ સાથે સંપર્ક સાધ્યો અને હિંદની આઝાદીની લડાઈમાં સક્રિય સહાય આપવાના નિર્ણયની જાહેરાત કરવાની માગણી કરી. સ્વ. રાસબિહારી ઘોષની સલાહથી તેમણે પૂર્વ એશિઆમાંની હિંદી સંસ્થાઓનું હિંદની આઝાદી માટેનો સશસ્ત્ર જંગ ખેલવા માટે સંગઠન સર્જ્યું. ટોકિયોમાંના પોતાના નિવાસસ્થાન એક હોટલમાં જાપાનમાંના તમામ હિંદી પ્રતિનિધિઓની એક પરિષદ બોલાવી. એ પરિષદમાં પહેલી જ વાર સર્વાનુમતે હિંદની આઝાદી માટે હિંદમાંની અંગ્રેજ હકુમત સામે સશસ્ત્ર જંગ ખેલવાનો નિર્ણય થયો; હિંદી વેપારીઓએ આ લડતને સંપૂર્ણ આર્થિક સહાય આપવાનો નિર્ણય જાહેર કર્યો. હિંદ સ્વાતંત્ર્ય સંઘ નામની નવી સંસ્થાના પ્રમુખ તરીકે સ્વ. રાસબિહારી ઘોષની વરણી થઇ.

શ્રી. સહાયે હવે ઝડપી તૈયારીઓ કરવા માડી; શાંઘહાઈમાં તેમણે હિંદીઓને સંગઠીત કર્યા અને તા. ૨૬ જાન્યુ. ૧૯૪૨ ના રોજ ત્યાં હિંદ સ્વાતંત્ર્ય સંઘની શાખાની સ્થાપના કરી.

૧૯૪૦માં, શ્રી. સહાયને એવી ખાત્રી થઇ હતી કે યુરોપમાં જાપાનનો મિત્ર હિટલર જે ઝડપથી કૂચ કરી રહ્યો છે તે જોતાં જાપાન ઝાઝો વખત હવે યુદ્ધથી અલિપ્ત રહી શકે તેમ નથી, એટલે તેમણે તરત જ થાઇલેન્ડમાંના હિંદીઓનું સંગઠન કરવા તરફ

ધ્યાન આપ્યું. દરમિયાન નેતાજી સુભાષ બોઝ બર્લિન પહોંચી ગયા છે એવા સમાચાર શ્રી. સહાયને મળ્યા કે તરત જ તેમણે નેતાજી સાથે સંપર્ક સાધ્યો અને જ્યાંસુધી નેતાજી પૂર્વ-એશિયામાં રહ્યા, ત્યાંસુધી તેઓ સતત રીતે તેમના સંપર્કમાં રહ્યા અને નેતાજીના નેતૃત્વ હેઠળ જંગ ખેલવા માટેનું ક્ષેત્ર તૈયાર કરવા તરફ ધ્યાન આપવા માંડયું. નેતાજીને જાપાનની પૂરેપૂરી સહાય મળે તે માટે શ્રી. સહાયે છેલ્લા બે દશકા દરમિયાન જાપાનના જુદાજુદા રાજકિય નેતાઓ સાથે જે સંપર્ક સાધ્યો હતો, તેમને મળીને હિંદની આઝાદીની આવતી ઘડીએ, મદદ કરવા માટે સમજાવવા માંડયા, તેમના પ્રયાસો સફળ થયા અને લશ્કરી તેમ જ નાગરિક નેતાઓએ શ્રી. સહાયને પૂર્ણ સહાય આપવાની ખાત્રી આપી. આ આગેવાનોને શ્રી. સહાયે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે સદ્ભાગ્યે હિંદીઓને સુયોગ્ય દોરવણી આપે તેવા, હિંદી રાષ્ટ્રીય મહાસભાના માજી પ્રમુખ શ્રી. સુભાષ બોઝ હિંદની બહાર છે. હિંદીઓને તેમના જેવા નેતા મળી શકયા છે, એ સુચિહ્ન છે.

શ્રી. સહાયે, નેતાજી સુભાષ બોઝને બૃહત એશીઆનો જંગ શરૂ થાય તે પહેલાં ધરી રાજ્યોના નેતા હિટલર સાથે અંગત સંપર્ક સાધવાની વિનંતિ કરી હતી અને નેતાજીએ હિટલરની અંગત મુલાકાત લીધી હતી અને હિંદની આઝાદી માટે શરૂ થનારા જંગને, હિટલરે હર્ષથી આવકાર આપ્યો હતો.

૧૯૪૨ના જૂનમાં બેંગકોક ખાતે પહેલી હિંદ સ્વાતંત્ર્ય સંઘની પરિષદ મળ્યા પછી શ્રી. સહાયે, રેડીઓ દ્વારા હિંદમાંના પોતાના દેશબાંધવોને હિંદ બહાર શરૂ થનારી, હિંદીઓની સશસ્ત્ર લડતનો ખ્યાલ આપીને, હિંદીઓને જાપાનના ભયને નામે થઈ રહેલા પ્રચારમાં નહિ ફસાવા માટેનાં પ્રવચનો કરવા

માંડયા. નેતાજીના આગમન સાથે, શ્રી. સહાયે તેમને પૂર્વ એશીઆની પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ કર્યાં અને હિંદીઓની ચળવળને ફરીથી વ્યવસ્થિત કરવા માટેનાં ઉપયોગી સૂચનો કર્યાં. જ્યારે નેતાજીએ નેતૃત્વ હાથ ધર્યું કે તરત જ શ્રી. સહાયને પરદેશખાતું સુપ્રત થયું અને ૧૯૪૩માં નેતાજીએ જ્યારે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના કરી ત્યારે નેતાજીની સૂચનાથી જ, શ્રી. સહાયને પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા અને મહામંત્રીનું જવાબદારીભર્યું સ્થાન આપવામાં આવ્યું. ટોકીઓમાં મળેલી પૂર્વ એશિયા પરિષદમાં નેતાજીએ શ્રી. સહાય અને કર્નલ ભોંસલેને આઝાદ હિંદ સરકારના પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા અને જ્યારે જાપાન સરકારે શહિદ અને સ્વરાજ ટાપુઓ, આઝાદ હિંદ સરકારને સુપ્રત કરવાનો નિર્ણય કર્યો, ત્યારે તેની ફેરબદલી અંગે ચર્ચા કરવા માટે નેતાજીની સાથે આઝાદ હિંદ સરકારના પ્રતિનિધિ તરીકે શ્રી. સહાય અને કર્નલ ભોંસલે પણ ગયા હતા.

શ્રી. આનંદમોહન સહાય નેતાજીની ખૂબ જ વિશ્વાસુ વ્યક્તિ તરીકે ૧૯૨૦થી સ્થાન ધરાવે છે. ૧૯૨૦ માં જ્યારે શ્રી. આનંદમોહન સહાય, બાબુ રાજેન્દ્રપ્રસાદના મંત્રી હતા, ત્યારે દેશબંધુ દાસના જમણા હાથ સમા સુભાષબાબુના પરિચયમાં આવ્યા હતા. ત્યારથી શ્રી. સહાયની શકિતઓનો પણ નેતાજીને પરિચય થયો હતો.

એક વખતે નેતાજી અને જાપાની સત્તાવાળાઓ વચ્ચે ચલણના સંબધમાં ગંભીર મતભેદ ઊભો થયો. જાપાની સત્તાવાળાઓ એમ કહેતા હતા કે, મુક્ત થયેલા પ્રદેશોમાં જાપાનનું ચલણ જ ચાલુ રહે. ત્યારે નેતાજીએ એનો ઉગ્ર પ્રતિકાર કર્યો, અને આઝાદ હિંદ સરકારનું નાણું જ ચાલુ કરવાનો નિશ્ચય

કર્યો. એ માટેની તમામ કામગીરી શ્રી. આનંદમોહન સહાયને સુપ્રત થઈ.

૧૯૪૪ની ગ્રીષ્મ લડતમાં આઝાદ હિંદ સરકારને માટે ગંભીર નાણાંકીય કટોકટી ઊભી થઈ, તાત્કાલિક નાણાંની જરૂર હતી. મોરચા પરથી ઘવાએલા, અપંગ થયેલાઓ, સૈનિકો આવી રહ્યા હતા. તેમને માટે ખોરાકની, કપડાંની અને દવાની તાત્કાલિક જરૂર હતી. નેતાજીએ શ્રી. આનંદમોહન સહાયને તાત્કાલિક નાણાંની વ્યવસ્થા કરવા મોકલ્યા અને એક મહિનામાં દોઢ કરોડ રૂપિયા નેતાજીનાં ચરણોમાં તેમણે રજૂ કર્યાં. ઉપરાંત કાપડ અને દવાની પણ જોગવાઈ કરી. આમ નેતાજીને ચિંતામુક્ત કર્યા.

અગત્યની મંત્રણા કરવાને નેતાજીના મોકલ્યા શ્રી. આનંદ-મોહન ટોકીઓમાં ગયા ત્યારે યુદ્ધની પરિસ્થિતિ પલટાઈ ગઈ હતી. જાપાન પરાજય પામતું જતું હતું અને આક્રમણકારી નીતિ છોડી દઈને હવે સંપૂર્ણપણે રક્ષણાત્મક લડત ખેલી રહ્યું હતું. ટોકિયોમાંના શ્રી. સહાયના મિત્રોએ તેમને પાછા નહિ ફરવાની સલાહ આપી. લશ્કરી સત્તાવાળાઓએ તેમને માટે વિમાનની જોગવાઈ કરવામાં વિલંબની નીતિ અખત્યાર કરી.

'તમે મને અહીં રોકાઈ જવાનું કહો છો. પણ જ્યારે ખરાબ દિવસો માથે ઝઝૂમી રહ્યા છે ત્યારે નેતાજીની પડખે રહેવાનો મારો ધર્મ છે. મારી ત્યાં જરૂર છે. તમે મને જો નહિ જવા દો તો હું આત્મહત્યા કરીશ.' શ્રી. આનંદમોહને પોતાનો મક્કમ નિશ્ચય આ શબ્દોમાં જાહેર કર્યો ત્યારે તેમને માટે વિમાનની વ્યવસ્થા થઈ.

પરન્તુ વિમાની પ્રવાસ જોખમભર્યો હતો. દુશ્મન વિમાનો ગમે ત્યારે પીછો પકડે તેનો ભય હતો, એટલે

શ્રી. સહાયના વિમાનને વાદળોમાં છુપાઈ જવું પડતું, દુશ્મનોની વધી પડેલી વિમાની પ્રવૃત્તિમાંથી તેઓ સલામત રીતે છટકી ગયા એ એક માત્ર ચમત્કાર જ હતો. તીહાંકુ અને ટાઈચુમાં તેઓ જે હોટલમાં વસવાટ કરતા તે હોટલ પર બોંબમારો થયો અને મશિનગનનો મારો શરૂ થયો. જે ઓરડામાં તેઓ રહેતા હતા તે ઓરડો તારાજ થયો. માત્ર તેઓ જ બચી ગયા.

બેંગકોક ખાતેના વિમાની મથકે તેમનું વિમાન ઊતર્યું કે તરત જ દુશ્મન બોંબરોએ બોંબવર્ષા કરી, પણ તેઓ આશ્રયસ્થાનમાં જેમ તેમ કરીને ભરાઇ ગયા અને મૃત્યુના મુખમાંથી બચી ગયા. ત્યાં જ તેમને સમાચાર મળ્યા કે આઝાદ હિંદ સરકારે રંગુન ખાલી કર્યું છે અને વડું મથક બેંગકોક ખસેડવામાં આવ્યું છે. નેતાજીએ જ્યારે તેમના સાહસની વિગતો સાંભળી ત્યારે ખૂબ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા. શ્રી. આનંદમોહનની તેમણે પીઠ થાબડી. જવાબદારીના તેમના ખ્યાલની કદર કરી, જીવનની દરકાર કર્યા વિના પોતાને સુપ્રત થયેલી જવાબદારી અદા કરવા માટે નેતાજીએ તેમને અભિનંદન આપ્યાં.

શ્રી. સહાય સામ્યવાદના અભ્યાસી છે. તેઓ સર સાપુરજી સકલાતવાળાના શિષ્ય હતા, પણ તેમને આખરે એ સમજાયું કે જ્યાં સુધી હિંદ આઝાદ નથી ત્યાં સુધી કોઈપણ જાતની નવી સમાજરચના શક્ય નથી અને જીવનભર, યૌવનની ઉત્સાહી પળોમાં પણ એ એક જ ધ્યેય–હિંદની આઝાદી માટે ઝૂઝતા રહ્યા.

સીંગાપોરમાંના પર્લહિલ કારાવાસમાં બ્રિટિશ સરકારના કેદી તરીકે જ્યારે એ પૂરાએલા હતા ત્યારે લખેલા એક પત્રમાં તેમણે જણાવ્યું હતું કે—


'અમે જે કાંઇ કર્યું છે તે માટે અમને હરગીઝ શરમ નથી ઉપજી. અમે જિંદગીને હોડમાં મૂકી, પણ અમે પરાસ્ત

થયા. અમે સખ્ત પરિશ્રમ ઉઠાવ્યો, ત્યારે અને અત્યારે પણ હું જે બરદાસ કરી રહ્યો છું, તે આનંદપૂર્વક બરદાસ કરું છું, કારણ એ બધું મારા પ્રિય ધ્યેયને ખાતર છે. જેને ખાતર હું ઝૂઝયો હતો.'

તેમનો જુવાન ભાઈ જાપાનમાં તેમની સાથે હતો તે, જગતમાંથી સદાને માટે ચાલ્યો ગયો છે. જાપાનમાં વેપાર ધંધાની જમાવટ કરીને વર્ષો સુધી જે ધન પેદા કર્યું હતું તે ધન જપ્ત કરવામાં આવ્યું છે અને કારાવાસમાંથી મુક્ત થઇને, હિંદ આવેલા આ મરજીવાને આજે, મિત્રોની મદદ પર નિર્ભર રહેવું પડે છે.

"તમારા હાથમાં આપણો ગરવો ઝંડો હું નિર્ભયતાથી મૂકું છું. આપણી માતૃભૂમિને તમે આઝાદ કરો અને આ ઝંડાનું ગૌરવ વધારો.

મને શ્રદ્ધા છે કે આ ઝંડા નીચે તમે આપણા ધ્યેયની સફળતાએ પહોંચશો."



આઝાદ હિંદ ફોજ, રણમોરચા પર જવાને થનગની રહી છે. મહિનાઓ થયા તાલીમ લઇ રહેલી આઝાદ ફોજ હવે દુશ્મન ફોજોનો મુકાબલો કરી શકે તેમ છે. અનેક ગણી દુશ્મન તાકાત સામે લડી લેવાની તાકાત કરતાંય આઝાદ ફોજનું દઢ

મનોબળ, ખૂવાર થવાની એની તમન્ના હરકોઇને ઉત્સાહ આપે તેવા હતા.

ચોમાસા પહેલાં જ હિંદની સરહદ ઓળંગી જવી જોઇએ. ચોમાસું તો આપણે મણિપુરના પાટનગર ઇમ્ફાલમાં જ ગુજારવું જોઇએ.

નેતાજીનો એ નિર્ણય હતો, એ નિર્ણયથી આઝાદ ફોજના અફસરો માહિતગાર હતા.

'હવે આપણે આક્રમણ કરવું જ જોઇએ.' નેતાજી સમક્ષ આઝાદ ફોજના અફસરો વારંવાર માગણી કરતા હતા.

આઝાદ ફોજના સૈનિકો કહેતા, "અમને મોરચા પર કયારે મોકલશો ? અમારી શકિતની કસોટી કયારે આવે છે?"

અધિરા બનેલા સૈનિકો આગ્રહ કરીને કહેતા, "અમને દુશ્મનોનો મુકાબલો કરવા માટે મોરચા પર મોકલી આપો. અમારી અધિરાઇનો હવે અંત આવ્યો છે."

ને ઝાંસીની રાણી રેજીમેન્ટની વીરાંગનાઓ પણ સૈનિકોના કરતાંય અધિક જુસ્સાથી મેદાન પર જવાને અધિરી બની હતી.

નેતાજી પણ ચોમાસા પહેલાં ઇમ્ફાલ કબજે કરવાની યોજનાને અમલમાં મૂકવા માગતા હતા.

જાપાનિઝ સેનાપતિ સાથે નેતાજી એ અંગેની ગંભીર મંત્રણાઓ ચલાવતા હતા. જાપાનની નીતિ સમજ પડે તેવી ન હતી, જાપાનની દાનત વિશે હિંદીઓને પૂરી શ્રદ્ધા પણ ન હતી, આઝાદ હિંદ ફોજ હિંદની સરહદ ઓળંગે એવો નેતાજીનો આગ્રહ હતો. જાપાની ફોજોને જો આવવું હોય, તો તેણે આઝાદ ફોજના ઝંડા નીચે આવવું જોઈએ એવો તેમનો અભિપ્રાય હતો.

જાપાની સેનાપતિ વખત ટાળવા માગતો હતો. નેતાજી એ પણ સમજી ગયા હતા અને પોતાના સલાહકારો સાથે આ સંબંધમાં ગંભીર મંત્રણાઓ કર્યાં પછી હિંદની સરહદ તરફ કૂચ કરવાનો નિર્ણય લેવાયો. કૂચ અંગેની તૈયારીઓ થવા માંડી, આઝાદ ફોજના મરજીવાઓ શહિદ થવાની ઘડી નજીક આવેલી જોઇને આનંદમગ્ન થયા.

કૂચ માટેનો દિવસ નક્કી થયો. મેજર જનરલ શાહનવાઝના હાથમાં આઝાદ હિંદ સરકારનો ત્રીરંગી ઝંડો આપતાં નેતાજીએ ત્યારે ઉપરના શબ્દો ઉચ્ચાર્યાં.

મેજર જનરલ શાહનવાઝખાને એ ઝંડાને સલામી આપી, નેતાજીને સલામી આપી અને હિંદની સરહદ તરફનો માર્ગ લીધો.

આઝાદ હિંદ ફોજના જે ત્રણ અફસરોએ હિંદી પ્રજાનું ધ્યાન ખેંચ્યું છે. જેમનો બચાવ કરવા માટે હિંદી પ્રજાએ ભવ્ય પુરુષાર્થ કર્યો છે. જેમની મુક્તિ માટે પ્રબળ આન્દોલનો જગાડયાં છે અને એ આન્દોલનોમાં કેટલાય નિર્દોષોનાં લોહી વહી ગયાં છે. એ ત્રિપુટીમાંના એક મેજર જનરલ શાહનવાઝખાન અગ્રણી છે નેતાજીના એ અત્યંત વિશ્વાસુ સેનાપતિ મુક્તિ પછી પણ નેતાજી સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાનું પુનરુચ્ચારણ કરીને માભોમની આઝાદી માટેનો જંગ ચાલુ રાખી રહ્યા છે. નેતાજીના નેતૃત્વ હેઠળ તેઓ શસ્ત્રોથી લડયા. હવે તેઓ મહાસભાની દોરવણી હેઠળ અહિંસક રીતે સંગ્રામ ચાલુ રાખી રહ્યા છે.

મેજર જનરલ શાહનવાઝખાન મુસ્લિમ છે, પણ પ્રથમ હિંદી છે. મુસ્લિમ હોવા છતાં પોતાની માતૃભૂમિ માટેની મુક્તિની લડતમાં મઝહબને તેઓ વચમાં લાવતા નથી. મઝહબ એ વ્યક્તિનો પ્રશ્ન છે. ત્યારે પોતાના દેશની મુક્તિ એ તમામ દેશબાંધવોનો પ્રશ્ન છે.

મેજર જનરલ શાહનવાઝખાનનો પરિચય એટલે વીરત્વનો પરિચય; આજીવન યોદ્ધાનો પરિચય; એમના જીવનના વાણે ને તાણે શૌર્ય વણાયેલું છે. જીવનભર એમણે શસ્ત્રોની મોહબ્બત કરી છે; શસ્ત્રો હાથ ધર્યાં છે. સામ્રાજ્યની રક્ષા ખાતર, સામ્રાજ્યની સલામતીને ખાતરઃ પણ નેતાજીની વાણીએ તેમના જીવનમાં ક્રાન્તિકારી પલ્ટો આણ્યો. અત્યાર સુધી દેશ અને દેશની આઝાદીનો ખ્યાલ પણ જેમના મનને સ્પર્શી શક્યો નથી, હૈયાને સ્પર્શી શક્યો નથી. એવા લડવૈયાને પહેલી જ વાર નેતાજીએ તેમના દેશને ખાતર તેમના દેશની આઝાદી ખાતર, વિચાર કરતા કરી મૂક્યા.

મેજર જનરલ શાહનવાઝ નેતાજીના શબ્દોથી આકર્ષાયા. નેતાજીની વાણીએ તેમના સૂતેલા તારને જાગૃત કર્યાં અને તેઓ મન સાથે વિચારતા હતાઃ સાચું શું? સામ્રાજ્યની ભક્તિ–બ્રિટિશ સરકાર પ્રત્યેની વફાદારી કે દેશની ભક્તિ–દેશ પ્રત્યેની વફાદારી? દિવસોના મનોમંથન પછી તેમણે નિશ્ચય કર્યો. દેશ પ્રત્યેની વફાદારી, દેશ પ્રત્યેની ભક્તિ એ સર્વશ્રેષ્ઠ છે અને એ ભક્તિ ને વફાદારી માગે છે, આઝાદી માટે સર્વસ્વનું બલિદાન. મેજર જનરલ શાહનવાઝખાને નેતાજીના સાથીદાર તરીકે જોડાવાનો નિશ્ચય કર્યો.

ને એક દિવસે શાહનવાઝે નેતાજી સમક્ષ પોતાનો નિશ્ચય વ્યક્ત કર્યો. નેતાજીએ એ જવાંમર્દને આવકાર આપ્યો. હિંદની આઝાદીનું પોતાનું સ્વપ્નું સફળ થવાની તેમની આશા દૃઢ બનતી ગઇ. નેતાજીના એ પ્રિય સાથીદાર બની રહ્યા.

બત્રીસ વર્ષનો એ સશક્ત ઊંચો, ખડતલ, ભવ્ય, કદાવર અને બહાદુર યુવાન, હિંદની આઝાદીને ખાતર પ્રાણની પરવા કર્યાં વિના બ્રિટિશ સલ્તનતની તાકાત સામે ઝૂઝ્યો. આઝાદ હિંદ ફોજ પર એણે કીર્તિનો કળશ ચઢાવ્યો.

રાવલપીંડી એમનું જન્મસ્થાન. ૧૯૧૪ના જાન્યુઆરીની તા. ૨૪ મી તેમનો જન્મદિન. તેમનું આખુંય કુટુંબ જાણીતું અને ખાનદાન છે. તેમના પિતા લેફ. ટીક્કાખાને ત્રીસ વર્ષ સુધી લશ્કરમાં સેવા બજાવી હતી, એ કુટુંબ પેઢીઓ થયા સામ્રાજ્યને પોતાની સેવા આપી રહ્યું છે. લશ્કરી ખુમારી અને ફનાગીરીના પાઠ તો, એમને બાલવયમાં જ, કુટુંબના વારસા તરીકે મળ્યા હતા.

જાટ જાતિના અને એ કુટુંબનો વીરત્વનો વારસો હતો, અને શાહનવાઝ પણ, વીરત્વનો ઇતિહાસ સર્જે એવાં એમનાં કુટુંબીઓની સ્વાભાવિક ઇચ્છા હતી, ઘર આંગણે પણ શસ્ત્રોની સોબત કરતાં, પ્રાથમિક શિક્ષણ શરૂ કર્યાં પછી, પિતાનું ૧૯૨૩માં અવસાન થયા પછી કાકા અને બીજા કુટુંબીજનોએ તેમને લશ્કરી તાલીમ આપવાનો નિશ્ચય કર્યો. શાહનવાઝ સામે ઉજ્જવળ કારકીર્દિ પડી હતી. એમનેય પોતાના પૂર્વજોની માફક હથિયારો સાથે મોહબ્બત હતી. મેદાન પર પહોંચવાના કોડ હતા અને તેમને ૧૯૨૬માં દહેરાદૂનની લશ્કરી તાલીમ શાળામાં મૂકવામાં આવ્યા. ત્યાં તેઓ સફળ કારકીર્દિ પામ્યા અને ૧૯૩૨માં ઇન્ડિયન મિલિટરી અકેડેમીનો કોર્સ પૂરો કર્યો. અને ૧૯૩૬માં તેઓ ઇન્ડિયન લેન્ડ ફોર્સ સર્વિસમાં જોડાયા. એમની કાબેલીયત માંગતી હતી, પ્રગતિ: અને એક જ વર્ષ પછી ૧૯૩૭માં તેમને ૧૪ મી પંજાબ, રેજીમેન્ટમાં મૂકવામાં આવ્યા.

એમને મોરચા પર લડવાના કોડ હતા. અત્યાર સુધી હિંદી ફોજને માટે કોઇ કાર્ય ન હતું. સરકાર મોટી ફોજો પાછળ લાખોનો ધૂમાડો કરતી હતી. એ ફોજોને માટે કોઇ બીજું કાર્ય ન હતું પણ યુદ્ધનો દાનાવળ ફાટી નીકળ્યો અને હિંદને પણ, બ્રિટને હિંદની ઇચ્છા વિરુદ્ધ અને પૂછયા વિના જ યુદ્ધમાં ખેંચ્યું. હિંદની તાકાતને, યુદ્ધમાં વિજય હાંસલ કરવા માટે કામે લગાડવામાં આવી. હિંદની ફોજોને દરિયાપારનાં દૂર

દૂરનાં મથકો પર મોકલવામાં આવી. હિંદી ફોજોએ વીરતાનો ભવ્ય ઈતિહાસ સર્જ્યો છે.

પૂર્વ એશિયામાં ગયેલી એ હિંદી ફોજોને જાપાની ફોજોનો સામનો કરવો પડયો, પણ યુદ્ધનું પલ્લું જાપાનને પક્ષે નમતું હતું, જાપાનની તાકાત વધુ હતી, એ સ્થિતિમાં હિંદી ફોજોના અંગ્રેજ અફસરો, હિંદી ફોજોને જાપાનને શરણે મૂકીને સલામત રીતે પલાયન થઇ ગયા, તેમને માત્ર એટલું જ કહેવામાં આવ્યું કે, 'તમે સ્વતંત્ર છો. તમને યોગ્ય લાગે તેમ કરો' અને ૧૫મી ફેબ્રુઆરીના રોજ તેમને શરણે જવું પડયું.

ને જાપાની ફોજોએ હિંદી ફોજોનો કબજો લીધો. હજારો હિંદી સૈનિકોને જાપાની સેનાપતિની દયા પર છોડી દેવામાં આવ્યા, પારવગરની મુશ્કેલીઓ તેમના માર્ગમાં હતી. જાપાનિઝો તેમને પોતાના હિત માટે ઉપયોગમાં લેવા માગતા હતા.

જાપાની યુદ્ધ કેદીઓની છાવણીમાં પૂરાયેલા હિંદી સૈનિકોને જાપાની સેનાપતિને હવાલે કરતાં બ્રિટિશ સેનાપતિએ કહ્યું હતું કેઃ

'તમે હવે જાપાની સેનાપતિના હાથમાં છો, અત્યાર સુધી તમે જે રીતે અમારો હુકમ સ્વીકાર્યો છે એવી જ રીતે હવેથી તમે જાપાનિઝ સેનાપતિનો હુકમ માનજો!'

પણ જાપાનિઝ સેનાપતિએ તેમને કેપ્ટન મોહનસિંહના હાથમાં મૂકતાં, મોહનસિંહે આઝાદ હિંદ ફોજની રચના કરી. કેદ પકડાએલા હિંદી સૈનિકોમાંથી કેટલાક એ આઝાદ ફોજમાં જોડાયા, પણ કર્નલ શાહનવાઝ ત્યારે એ પ્રવૃતિ તરફ આકર્ષાયા નહતા. એમને મોહનસિંહ પ્રત્યે શંકા હતી. જાપાનના હાથમાં તેઓ રમતા હોય એવો વહેમ હતો. કેપ્ટન મોહનસિંહને પૂરતી સફળતા ન મળી એની પાછળ મહત્ત્વનું

કારણ એ હતું કે આઝાદ ફોજના વ્યવસ્થાપક અને જાપાની સત્તા વચ્ચે સમાન મોભો નહતો. જાપાનની દાનત શુદ્ધ ન હતી એ એક વાત હતી અને જાપાનિઝોની સામે થઈને, પોતાનું ધાર્યું કરાવી શકે એવી શક્તિ કેપ્ટન મોહનસિંહમાં નહતી અને સ્વ. રાસબિહારી ઘોષમાં પણ નહતી; એટલે ગીરફતાર થયેલા હજારો હિંદીઓના દિલમાં વસવસો હતો.

કેપ્ટન મોહનસિંહે આઝાદ ફોજનું વિસર્જન કરવાનો નિર્ણય કર્યો અને જ્યારે પરિસ્થિતિ એવી હદે પહોંચી હતી કે ફરીને તમામ હિંદી સૈનિકોને જાપાનની છાવણીઓ વચ્ચે જ પૂરાઇ જવું પડે, પણ રાસબિહારી ઘોષે, નેતાજીને જર્મનીથી તેડાવ્યા ને આખુંય સૂકાન તેમના હાથમાં સુપ્રત કર્યું.

નેતાજીએ પરિસ્થિતિનો અભ્યાસ કર્યો, હિંદની પરિસ્થિતિનું સાચું ચિત્ર પહેલી જ વાર નેતાજીની તેજસ્વી વાણીમાં દોરાયું. પૂર્વ એશિયાના ત્રીસ લાખ હિંદીઓને પહેલી જ વાર, પોતાની માતૃભૂમિના કરુણ ચિત્રનું દર્શન થયું. નેતાજીના વાણીપ્રવાહે, તેમની સાથે જોડાએલા હજારોએ સર્વસ્વનું સમર્પણ કર્યું છે. એ સમર્પણની અણખૂટ ધારામાં તણાઈ આવનારાઓમાં શાહનવાઝખાન પણ હતા. નેતાજી સાથે જોડાવાનો તેમણે નિર્ણય કર્યો, એ ઐતિહાસિક પળનું સ્મરણ કરતાં તેઓ જણાવે છે કે, 'જ્યારે મેં આઝાદ હિંદ ફોજમાં જોડાવાનો નિર્ણય કર્યો ત્યારે સર્વસ્વનો ભોગ આપવાનો મારો નિર્ણય હતો, મારું જીવન, મારું ઘર, મારા કુટુંબને અને રાજાને વફાદાર રહેવાના મારા કુટુંબની પેઢી દર પેઢીના વારસાનો પણ ભોગ આપવાનો નિશ્ચય કર્યો હતો. મારો ભાઇ પણ જો મારા માર્ગમાં આડો આવીને ઊભો રહે તો, તેની સામે પણ લડવાનો મારો નિશ્ચય હતો.'

નેતાજીએ આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી અને કર્નલ શાહનવાઝખાનને પ્રધાનમંડળમાં લશ્કરી મંત્રીનો અગત્યનો

હોદ્દો આપવામાં આવ્યો. એ હોદ્દાનો સ્વીકાર કરતાં તેમણે શપથ લીધા હતા: ખુદાને સાક્ષી રાખીને. જે પ્રતિજ્ઞા હજીય તેઓ કાયમ રાખી રહ્યા છે તે પ્રતિજ્ઞા આ હતી.

'ખુદાને નામે, હું પ્રતિજ્ઞા કરું છું કે હિંદની અને હિંદના મારા ૩૮ કરોડ દેશબાંધવોની આઝાદી માટે અમારા નેતા સુભાષચંદ્ર બોઝને હું સંપૂર્ણપણે વફાદાર રહીશ અને આઝાદી માટે હું મારી જિંદગીની કુરબાની કરવાને સદાકાળ તત્પર રહીશ.'

નેતાજીએ, કેપ્ટન મોહનસિંહે વિખેરી નાંખેલી આઝાદ હિંદ સેનાની પુનર્વ્યવસ્થાનું કાર્ય, કર્નલ શાહનવાઝને સુપ્રત કર્યું. નેતાજીના દિલમાં શ્રદ્ધા હતી. વિશ્વાસ હતો કે, કર્નલ શાહનવાઝ જેવા કાબેલ પુરુષને હાથે હિંદી સૈનિકોનું જે સંગઠન થશે તે મજબૂત થશે.

કર્નલ શાહનવાઝખાને પૂર્વ એશિઆના પ્રદેશોમાં ઘૂમીને, માત્ર હિંદી સૈનિકો જ નહિ પણ નાગરિકોના દિલમાં પણ વતન પ્રત્યેનો જુસ્સો જાગ્રત કર્યો. દેશની આઝાદીની મહોબત જાગ્રત કરી. આઝાદ હિંદ ફોજ વધુ વધુ સંગઠીત બની રહી અને તેની વધુને વધુ ટુકડીઓ ઊભી થતી રહી.

કર્નલ શાહનવાઝખાનને, મોરચા પર વિદાય દેતાં નેતાજીએ ઉપરના શબ્દોમાં, પોતાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને ત્રિરંગી ઝંડો સુપરત કર્યો હતો.

વીરત્વનો નવો ઈતિહાસ એ પુરુષે સર્જ્યો. સ્વદેશભકિતનાં, ધૈર્યનાં અને શૌર્યનાં, નવાં સીમાચિહ્નો એ વીર પુરુષે ઊભાં કર્યાં.

ચીની ટેકરીઓમાંથી કર્નલ શાહનવાઝ પોતાની ફોજોને દોરવણી આપી રહ્યા છે.

આઝાદ ફોજને અટકાવવાની જવાબદારી, બ્રિટિશ લશ્કરી સત્તાવાળાઓએ કર્નલ શાહનવાઝના ભાઈને સુપ્રત કરી અને

પોતાના ભાઈ સામે મેદાનમાં લડવાની, જે ખ્વાહિશ હતી તે પૂરી થઈ: પૂરી તાકાતથી, કર્નલ શાહનવાઝે પોતાના ભાઈ સામે મોરચો માંડયો. ભાઈપ્રત્યેની મહોબ્બતના અંકૂરોને દિલમાં જ ડામી દીધા. ભાઈ નહિ પણ, દુશ્મન પ્રત્યે એક વફાદાર સૈનિક જેટલો કઠોર થઈ શકે તેટલી કઠોરતા કર્નલ શાહનવાઝના દિલમાં જાગી હતી.

દિવસો પર દિવસો પસાર થતા ગયા અને બે ભાઇઓ સામ સામા ટકરાતા રહ્યા. ભાઇ ભાઈ વચ્ચેનો સંગ્રામ, આજના યુગમાં અનોખો જ હતો. બન્ને ભાઇઓ શૌર્યમાં પૂરા હતા. બન્ને ભાઇઓની હિંમત અજબ હતી.

બે મહિના થયા, અંતે કર્નલ શાહનવાઝે પોતાના ભાઇને ઘાયલ કર્યો. એ ઘાયલ થયેલા ભાઈ પ્રત્યે, એના દિલમાં દયાનો એક અંશ પણ જાગ્યો નહિ અને આઝાદ ફોજ આગળ વધી.

મણિપુરના સીમાડા એણે ઓળંગ્યા; આઝાદ હિંદ ફોજના સૈનિકો મરણિયા હતા. નેતાજીએ એને સ્વયંસેવકોની જે ફોજ કહી હતી તે યથાર્થ હતું. મૃત્યુનો કોઈને ભય નહોતો, કારણ કે એ મરજીવાઓ હતા. 'દિલ્હી પહોંચવુ છે' એ જ નિશ્ચય સાથે ઝૂઝતા હતા.

મરજીવાની આ ફોજને રણમેદાનમાં દોરી જનાર, કર્નલ શાહનવાઝ શુષ્ક ન હતો. સામન્યતઃ લશ્કરમાં શુષ્કતા જ હોય છે. શીસ્તને શુષ્કતાનું નામ અપાઇ ગયું છે, પણ કર્નલ શાહ-નવાઝ પોતાની ફોજના એક એક સૈનિકની સંભાળ લેતા, ઘાયલ થયેલાની માવજત કરતા.

એક વખત અતિ શ્રમિત થયેલા સૈનિકને કર્નલ શાહ-નવાઝે કહ્યું: "લાવ તારો સામાન હું ઉઠાવું; તને આરામ મળશે અને કૂચ ઝડપી થશે!"

"નહિ ! એમ ન બની શકે; પણ હવે મને લાગે છે કે હું છેલ્લા શ્વાસ ખેંચી રહ્યો છું. તમારી સાથે દિલ્હી પહોંચી શકીશ નહિ. એની મને ગમ છે, પણ નેતાજીને મારા જયહિંદ કહેજો ને કહેજો કે મૃત્યુએ મને મારા નિશ્ચયમાંથી ડગાવી દીધો છે."

મણિપુરની સરહદ ઓળંગીને જ્યારે કર્નલ શાહનવાઝની ફોજે હિંદના એ પ્રદેશને આઝાદ કર્યો ને ત્રિરંગી ઝંડો ફરકતો કર્યો ત્યારે, તેમણે હિંદની ધરતીને પ્રણામ કર્યાં, એની ધૂલિ માથે ચડાવી.

આગળ વધવું હતું, પણ હવામાન પ્રતિકૂળ હતું. ઇમ્ફાલને ઘેરો ઘાલીને કર્નલ શાહનવાઝની ફોજ પડી હતી. ઇમ્ફાલના પતનની ઘડીઓ ગણાતી હતી. અંગ્રેજ ફોજ પલાયન થઈ ગઇ હતી. પણ ચોમાસું શરૂ થયું. મુશળધાર વરસાદ તૂટી પડ્યો ને પાછળથી આવતો પૂરવઠો બંધ થઇ ગયો. આઝાદ ફોજના સૈનિકોને માટે ભૂખમરો ઊભો થયો. ઘવાયેલાઓને દવા મળી શકી નહિ. ઘેરો ઉઠાવી લેવો પડ્યો. નેતાજીનું ફરમાન હતું કે હવે પાછા ફરવું અનિવાર્ય જરૂરી છે.

પરિસ્થિતિ પલ્ટાઈ ગઇ હતી. ભાગ્યબળ ઊલટું થયું હતું. વિજયની આશા નિષ્ફળ ગઇ. નેતાજીને રંગુન છોડીને ચાલ્યા જવું પડ્યું. ત્યારે કર્નલ શાહનવાઝે ઇરાવદી નદીની ઉપર ૬૦ માઇલ દૂર આવેલી પોપા ટેકરીઓમાં આઝાદ ફોજનો જમાવ કર્યો અને તેને જુદી જુદી ચોકિયાત ટુકડીઓમાં વહેંચી નાંખી, પણ બ્રિટિશ ફોજોએ તેને ઘેરો ઘાલ્યો. કર્નલ શાહનવાઝ ઘેરામાં હતા, એમને નેતાજી સમક્ષ પહોંચી જવું હતું. નેતાજીની આજ્ઞા વિના તેઓ કાંઇ નિર્ણય કરવા માગતા ન હતા.

એમણે નિશ્ચય કર્યો: બ્રિટિશ ઘેરામાંથી છટકી જવાનો. પોતાના થોડાક વિશ્વાસુ સાથીઓ સાથે વેશપલટો કરીને તેઓ

ઘેરામાંથી છટકી ગયા ને નેતાજીને મળ્યા, નેતાજી સાથે પરિસ્થિતિની ચર્ચા કરી. હવે કોઈ માર્ગ નહતો. શરણાગતિ સ્વીકારવાનો પ્રશ્ન હતો.

નેતાજીએ તેમની વિદાય લેતાં પહેલાં કહ્યું હતું, 'જે સ્વમાનપૂર્વક આપણે જીવ્યા છીએ, તે જ સ્વમાનપૂર્વક શરણાગતિ સ્વીકારવી પડે તો સ્વીકારજો. આઝાદ સરકાર અને આઝાદ ફોજનું સ્વમાન સાચવજો.'

એ સ્વમાની પુરુષે, નેતાજીનાં એ વચનો માથે ચડાવ્યાં ને પેગુમાંથી બ્રિટિશ સેનાપતિને તેમણે કહેણ મોકલ્યું, 'શરણે આવવા તૈયાર છું પણ આઝાદ ફોજના એક સેનાપતિ તરીકેનું સ્વમાન સાચવીને, જો તમે મને યુદ્ધકેદી તરીકે રાખવા માંગતા હો તો, બ્રિટિશ સેનાપતિ એનો સ્વીકાર ન કરે તો, કેસરિયાં કરવાની એમની તૈયારી હતી, પણ એ કેસરિયાં બ્રિટિશ ફોજની ભારે ખૂવારી કરત, એ વાત બ્રિટિશ અમલદારો સમજતા હતા એટલે તેમણે એ વાતનો સ્વીકાર કર્યો.

'ખૂશીથી આવો, અમે તમને યુદ્ધકેદી ગણીશું!' શાહનવાઝ અને તેમની ફોજને યુદ્ધકેદી તરીકે ગણવામાં આવ્યા.

પરન્તુ એવાં વચનો બ્રિટને ક્યારે પાળ્યાં છે? કર્નલ શાહનવાઝને કેદમાં પૂરીને તેમના સૈનિકો પાસે રંગુનની શેરીઓ સાફ કરાવી છે અને ત્યાર બાદ તેમને હિંદમાં લાવવામાં આવ્યા ને જે લાલ કિલ્લા પર ત્રિરંગી ઝંડો ફરકતો કરવા કર્નલ શાહનવાઝ ધસી રહ્યા હતા, તે લાલ કિલ્લામાં જ, 'યુનિયન જેક' નીચેની એક ઓરડીમાં તેમને પૂરવામાં આવ્યા ત્યાં જ તેમને માટે લશ્કરી અદાલત ઊભી કરવામાં આવી.

# [ ૨ ]

**મોતની** પરવા નહતી. નેતાજી સમક્ષ લીધેલા શપથ પાળવાને, મૃત્યુને ભેટવાને એ વીર તત્પર હતો. લશ્કરી અદાલતમાં ગુનાનો ઈન્કાર કરતાં કર્નલ શાહનવાઝે કરેલું નિવદન હિંદના જ નહિ, પણ જગતના પદદલિત દેશોની આઝાદીના ઈતિહાસમાં અમર રહેશે. એ નિવેદન વીરત્વના અમર કાવ્ય સમું છે. જરાય થડકાટ વિના તેમણે કહ્યું.

'બ્રિટન વિરુદ્ધની લડતમાં ભાગ લેવાના મારી સામેના આરોપનો હું ઈન્કાર કરતો નથી, પણ આ કાર્ય મેં આઝાદ ફોજના એક સિપાહી તરીકે કર્યું હતું. આઝાદ ફોજે, માતૃભૂમિ હિંદની મુક્તિ માટે, દુનિયાના કાયદા મુજબ યુદ્ધ જાહેર કર્યું હતું. આ સેનાને બ્રિટિશ સૈન્યોએ પ્રતિપક્ષી દળ તરીકે સ્વીકાર્યું હતું.

આઝાદ ફોજમાં જોડાયો, ત્યારે મેં મારી બધી વસ્તુઓનું બલિદાન આપવાનો નિર્ણય કર્યો હતો. જો મારો ભાઈ મારા માર્ગમાં આડે આવે તો એની સામે લડવાનો પણ મેં નિર્ણય કર્યો હતો. '૪૪માં લગભગ બે મહિના સુધી હું અને મારો પિત્રાઈ ભાઈ સામસામે ટેકરીઓમાં લડયા હતા.

મારી સામે એક જ સવાલ હતો કે મારે મારા દેશને વફાદાર રહેવું કે રાજાને ? મેં મારા નેતાજી સુભાષચંદ્ર બોઝને વચન આપ્યું હતું કે, હું દેશની આઝાદી ખાતર મારા સર્વસ્વનું બલિદાન આપીશ. આ વચનને વફાદાર રહેવાનો મેં નિશ્ચય કરી લીધો હતો. આઝાદ હિંદ સરકારે માતૃભૂમિ હિંદની આઝાદી માટે, દુનિયાના સાચા કાયદા મુજબ લડાઈ જાહેર કરી હતી.

ફરિયાદ પક્ષના ધારાશાસ્ત્રીએ રજૂ કરેલી હકીકતો સાચી હોય તોયે, મારો ગૂનો સાબિત કરાય એમ નથી. શ્રી. મહમદહુસેન સ્વેચ્છાએ આઝાદ ફોજમાં જોડાયો હતો અને એની શિસ્તને તાબે થયો હતો. ખરી કટોકટીની પળોમાં ફોજમાંથી એણે છટકવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસ સફળ થયો હોત તો તે મારાં દળોની માહિતી અંગ્રેજો પાસે લઇ ગયો હોત, આઝાદ હિંદ ફોજના કાનૂનો તેમ જ સભ્ય દેશોના લશ્કરી કાનૂનો હેઠળ આ ભયંકર ગુનો લેખાય અને આના માટે મોતની સજા કરી શકાય.

આમ છતાં મેં એને દેહાંતદંડની સજા કરી હતી, અથવા તો મારી કરાયેલી સજા મુજબ એ ઠાર કરાયો હતો, એમ કહેવું ખોટું છે? વિધિસર શ્રી. મહમદહુસેન અને એના સાથીઓ મારી સમક્ષ રજૂ કરાયા હતા. તેઓની સામે તહોમતનામાં ઘડાયાં નહોતાં, પણ મેં મહમદહુસેનને 'સલાહ આપી હતી અને કહ્યું હતું કે આવા ગુના માટે એને ઠાર કરવો જોઇએ.

આમ છતાં મેં એ વાત ત્યાં જ પડતી મૂકી હતી અને આરોપીને બીજી વખત મારી સમક્ષ એ ટુકડીના સરદાર સમક્ષ રજૂ કરવાનું જણાવ્યું હતું. આ પરિસ્થિતિ ફરીથી ઊભી થઈ નહોતી. એટલે આ વાત મારા આગળ આવી જ નહોતી.'

બ્રિટિશો સાથેના પોતાના કૌટુંબિક સંબંધોનો નિર્દેશ કરતાં કપ્તાન શાહનવાઝે જણાવ્યું હતું કે, 'મારા પિતાએ હિંદી લશ્કરમાં ત્રીસ વરસ સુધી સેવા કરી હતી. પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં મારા કુટુંબના દરેક સશક્ત માણસે ભાગ લીધો છે. હિંદી સેનામાં મારા કુટુંબના ૮૦ જેટલા અફસરો છે. તાજ પ્રત્યેની વફાદારી મારા કુટુંબની પ્રણાલિકા છે.

જાપાનિઝોના હાથે કેદ પકડાયા બાદ, મેં મારા માણસોના હિતમાં આઝાદ ફોજમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો. સાથે, મેં

એ ફોજ જાપાનની શોષણનીતિ આગળ નમતું આપે, તો એમાં ભાંગફોડ કરી તેને છિન્નભિન્ન કરી નાખવાનો મેં નિર્ણય કર્યો હતો.

મેં સુભાષચંદ્ર બોઝને હિંદમાં કદી જોયા નહોતા અને એમની પ્રવૃત્તિ વિષે કશું સાંભળ્યું નહોતું, પણ મલાયામાં જો એમનાં ઘણાં ભાષણો સાંભળ્યાં હતાં. એની મારા પર સારી અસર થઈ હતી. એમનાં ભાષણોએ અને વ્યક્તિત્વે મારા પર સારી છાપ પાડી હતી, તેઓએ અમારી સમક્ષ હિંદનું સાચું ચિત્ર રજૂ કર્યું હતું અને પહેલીવાર હિંદીની દષ્ટિએ મેં હિંદ જોયું હતું. શ્રી. સુભાષબાબુની ભક્તિ, સ્વાર્થત્યાગ, નિખાલસતા તેમ જ જાપાનને સહેજ પણ નમતું આપવાની એમની ' ના 'એ મારા પર સારી અસર કરી હતી.

અમને ગમે કે ન ગમે, જાપાનિઝોએ હિંદમાં આવવાનો નિશ્ચય કર્યો હતો. જાપાનની આગેકૂચને બ્રિટિશ દળો થંભાવી શકે એમ હું માનતો નહોતો હિંદની ભૂમિ પર યુદ્ધ થવાની તમામ શકયતા મને લાગતી હતી.

મલાયા પરનું આક્રમણ મેં જોયું હતું. હિંદમાં એનું પુનરાવર્તન હું માગતો નહોતો. મલાયામાં લાચાર, નિઃસહાય, યુદ્ધકેદી તરીકે પડી રહું, એના કરતાં મારા દેશના સ્વમાન, માલ મિલકત અને જીવનની રક્ષા માટે, હાથમાં રાઇફલ લઈને હું લડું, તો એથી હું રાષ્ટ્રને વધુ ઉપયોગી થઈ શકીશ, એમ હું માનતો હતો.

આઝાદ ફોજમાં મેં એવા માણસોની ભરતી કરી હતી કે જેઓ જાપાનિઝો બેવચની નીવડે તો પણ એમની સામે લડવા તૈયાર થાય. આ હકીકત ખુદ ફરિયાદ પક્ષના સાક્ષીઓએ પૂરવાર કરી છે. આને માટે કોઇ પણ યુદ્ધકેદી પર દબાણ લાવવાના આરોપનો હું ઇન્કાર કરું છું. આ માટે દબાણ કરનાર અફસરોને સખત શિક્ષાની ચેતવણી મેં આપી હતી.

અમારા નેતાજી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં જે કોઇ માણસ આત્મભોગ આપવા તૈયાર ન હોય, તેઓને ફોજ છોડી જવાની છૂટ આપી હતી. આઝાદ ફોજમાં જોડાનારાઓને ભૂખ, તરસ, કૂચ અને મૃત્યુનો સામનો કરવાની ચેતવણી અપાઇ હતી.

મેં મારી આંખે દૂરપૂર્વના હિંદીઓને આઝાદ ફોજ માટે સર્વસ્વ અર્પતા જોયા હતા. કેટલાક તો સમગ્ર કુટુંબો સહિત જોડાયા હતા અને દેશને માટે ફકીર બની ગયા હતા.

અમને સાચો નેતા મળ્યો હતો. જ્યારે હિંદનાં કરોડો ગરીબ, નિઃશસ્ત્ર અને લાચાર લોકો માટે અમારી પાસે આ નેતાએ આત્મભોગ માગ્યો ત્યારે કોઈ પણ સ્વમાનશીલ હિંદી એટલું ત્યાગ કરવાની ના પાડી શકે એમ નહોતું. મને એક સાચો નેતા મળ્યો હતો અને મેં એમને અનુસરવાનો નિર્ણય કર્યો હતો.

મારા જીવનનો આ એક મહાન નિર્ણય હતો. બ્રિટિશ હિંદી લશ્કરમાં સેવા બજાવતા મારા સગાઓ સામે લડવાનો આ સવાલ હતો. મને ખાતરી હતી કે, તેઓ મારી દૃષ્ટિએ આ વસ્તુ કદી પણ જોઇ શકે એમ નથી.'

લશ્કરમાં ભેદભાવ ભરેલી નીતિ વિષે તેઓએ લાંબુ નિવેદન કર્યું હતું. ત્યારબાદ વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, 'જ્યારે હું અંગ્રેજોના હાથે શોષાઈ રહેલા અને ભૂખે મરતા કરોડો મારા બાંધવોનો વિચાર કરતો હતો, ત્યારે મને આ શાસનપ્રથા સામે તિરસ્કાર થતો. આ શાસનપ્રથાએ ઇરાદાપૂર્વક જનતાને અભણ અને અજ્ઞાન રાખી હતી. આ અન્યાય અને અસમાનતા નાબૂદ કરવા મેં મારું સર્વસ્વ—મારું જીવન, ઘર, કુટુંબ અને એની પ્રણાલિકા —હોમવાનો નિર્ણય કર્યો હતો.

હું મારા દેશબાંધવો અને તમારા પર એ વસ્તુ ધ્યાનમાં લાવવા માગું છું કે આઝાદ ફોજે જે જે હાડમારીઓ વેઠી છે, એ કોઈ પણ ભાડૂતી લશ્કર વેઠી શકે નહિ. અમે હિંદની આઝાદી માટે લડતા હતા.'

કોહીમા અને ઇમ્ફાલના મોરચા પર તાકાત અને સંખ્યામાં દુશ્મન ફોજના મુકાબલે અતિ અલ્પ કહી શકાય એવી આઝાદ ફોજને સફળ દોરવણી આપીને ઇમ્ફાલને ઘેરો ઘાલનાર મેજર જનરલ શાહનવાઝે રણમેદાનમાં અંગ્રેજોની બહાદુરી કેવી છે એ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. એની સાથે જ કોહીમા અને ઇમ્ફાલના મેદાન પરનાં કેટલાક સ્મરણો પણ તેમણે આપ્યાં છે.

અંગ્રેજ ફોજના સંબંધમાં કર્નલ શાહનવાઝે અભિપ્રાય આપતાં જણાવ્યું છે 'કે રણમેદાન પર અમે જોઇ શક્યા છીએ કે અંગ્રેજો બહાદુર નથી. કોહીમા અને ઇમ્ફાલના મોરચા પર આઝાદ હિંદ ફોજના એકલા નવજુવાન સૈનિકોએ ઓછામાં ઓછા ત્રણ હજાર જેટલા અંગ્રેજ સૈનિકોને ખતમ કરી નાંખ્યા હતા. મૂળ તો અંગ્રેજોનો ઇતિહાસ દગા ફટકા અને છેતરપીંડીથી ભરપૂર છે. આપણે આશા રાખીએ છીએ કે જીવન-ભર દગા ફટકા અને છેતરપીંડી કરનાર જીવનના અંતકાળે નીતિના પાઠ શીખે એમ હવે અંગ્રેજો પણ નીતિના નવા પાઠ શીખી લે. એવી આશામાં તો આપણે શાન્ત બેઠા છીએ. આપણા નેતાઓ આપણને ખામોશી રાખવાને કહે છે.

જો ફરીને અંગ્રેજો બેઇમાની કરશે. તો અમે અમારા દેશ બાંધવોને કહીશું કે હવે તલવારથી લડીને આઝાદી પ્રાપ્ત કરો.

૧૮૫૭ના બળવામાં મોગલ સમ્રાટ બહાદુરશાહને જીવનભર કેદની સજા કરવામાં આવી હતી. એના બે શાહજાદાઓને ગોળીએ દેવામાં આવ્યા હતા. ગઇ કાલે અંગ્રેજો જેવા હતા, તેવા જ આજે પણ છે. સો વર્ષ પૂર્વે જે હતા તેમાં આજે જરા પણ ફેર પડતો નથી. ત્યારે આશ્ચર્યની વાત તો એ છે કે સો વર્ષ પૂર્વે જે ગુના માટે મોગલ સમ્રાટ બહાદુરશાહને કેદમાં નાખ્યો અને તેના બે પુત્રોને ગોળીએ દીધા એ જ ગુના માટે અમને છોડી મૂકવામાં આવ્યા.

પણ એ બન્યું શી રીતે? એની પાછળ ઇતિહાસ પડયો છે. સો વર્ષ પૂર્વે જ્યારે મોગલ સમ્રાટને કેદમાં ધકેલવામાં આવ્યા ત્યારે આપણે કમજોર હતા. આપણામાં કુસંપ હતો અને અંગ્રેજોની ભાગલા પાડોની કૂટ નિતિ કામયાબ બની હતી. તેઓ પોતાની યોજનામાં ફાવ્યા હતા. આજે સ્થિતિ પલટાઇ છે આજે અમારો છુટકારો થયો છે. એની પાછળનું મુખ્ય કારણ તો હિંદુ મુસલમાન શીખ સૌના સંગઠીત અને બુલંદ અવાજમાં રહેલું છે. એ બુલંદ અવાજે કારાવાસમાંથી મને તમારી સમક્ષ ઊભો કર્યો છે. સંગઠીત અવાજની તાકાતની એ પારાશીશી છે.

ફરીથી તમે એકત્રિત, સંગઠીત અવાજ ઉઠાવો.

હિંદુ, મુસ્લિમ, શીખ સહુ એક સાથે અવાજ ઉઠાવો. 'અંગ્રેજો હિંદ છોડો.' અને ખાત્રી રાખજો કે તમારો એ બુલંદ અવાજ કામયાબ બનવાનો છે.

૧૯૪૨ અને તે પછી અંગ્રેજો પર, આક્રમણ કરનાર, આઝાદ હિંદ ફોજ અને દેશની અંદરની અહિંસક ફોજ હતી. આઝાદ હિંદ ફોજ હિંદથી દૂર મલાયામાં હતી અને જ્યારે તમારાથી દૂર મલાયામાં બેઠા હતા, ત્યારે અમને દેશમાં દેશની આઝાદી માટે

લડતી અહિંસક ફોજની કુરબાનીના સમાચારો મળતા હતા. દેશમાં સરકારી બંદુકોની ગોળી સામે પોતાનો પ્રાણ આપતાં બાળકોની કહાણીઓ પણ અમે સાંભળતા હતા અને હર્ષથી નાચી ઊઠતા હતા. આનંદ અમારા રોમેરોમમાં વ્યાપી જતો હતો.

તમને પહોંચવાની અમારી ઉમેદ હતી. દિલ્હીના લાલ કિલ્લા પર કોમી નિશાં ફરકાવવાની અમારા નેતાજીની આજ્ઞા હતી, પણ અમે તમને પહોંચી શકયા નહિ, ન પહોંચી શકયા એનું કારણ અંગ્રેજોની તાકાત નહોતી. અમને રોકનારી શક્તિ તો બીજી હતી.

સિંગાપુરથી જ્યારે અમે ઉપડયા, ત્યારે જ નેતાજીએ અમને કહ્યું હતું, 'તમારા માર્ગમાં મોટી મુશીબતો પડેલી છે. મારી પાસે ભૂખ, તૃષા અને મુશ્કેલીઓ સિવાય બીજું કાંઇ નથીઃ તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ.'

ને અમે વચન આપ્યું હતું જો અમારા લોહીથી અમારો દેશ હિંદુસ્તાન આઝાદ થાય તો અમે લોહીની નદીઓ વહાવીશું.'

અમે આપેલા વચનનું અમે પાલન પણ કરી બતાવ્યું, ઇમ્ફાલ અને કોહીમામાં જ્યારે અમે જંગ ખેલી રહ્યા હતા ત્યારે સહુની, કોઈ જાતના કોમી ભેદભાવ વિના સહુના રક્તની ભેગી ધારા વહી રહી હતી. હિંદુ શું કે મુસ્લિમ શું કે શીખ શું? સૌ ઘાયલ સૈનિકોનાં રક્ત એક જ પ્રવાહમાં વહેતાં હતાં. આઝાદ ફોજના સૈનિકોએ પોતે હિંદુ છે કે મુસ્લિમ છે એનો કયારેય વિચાર કર્યો નથી. સદાકાળ પોતે હિંદી જ છે એવો ખ્યાલ તેમના દિલ અને દિમાગમાં રમતો રહ્યો છે.

અમે આઝાદ હતા; નેતાજીએ અમને જણાવ્યું હતું કે અમે સૌ એક જ માતાના સંતાન છીએ. મુસ્લિમોનું માદરે વતન અને હિંદુઓની ભારતમાતા એક જ છેઃ ધર્મના ઝઘડા તો અંગ્રેજોએ ઊભી કરેલી એક ભૂતાવળ છે.

ત્યાં રણમેદાન પર અમને અટકાવવાને અંગ્રેજોની તાકત નિષ્ફળ ગઇ હતી અમારી હાલત બૂરી હતી અમારી પાસે ક્ષુધા શાન્ત કરવા અનાજ ન હતું, પીવાને જળ નહતું પહેરવાને વસ્ત્રો ન હતાં, અને શસ્ત્રોની પણ તંગી હતી. અમારું રક્ષણ કરવાને હવાઇદળ ગેરહાજર હતું. ટેન્કો અને રણગાડીઓનો પણ અભાવ હતોઃ આમ છતાં આઝાદ ફોજના મરણિયા વીરોએ અંગ્રેજોના સૈન્યને છીન્નભિન્ન કરી નાંખ્યું હતું અને અમે કોહીમા પહોંચી ગયા. હિંદુસ્તાનની એ આઝાદ ધરતી પર અમે આપણો ત્રિરંગી ઝંડો ફરકાવ્યો.

૧૯૪૪માં અંગ્રેજોનું સૈન્ય મોટું હતું, પણ એમની તાકાતનાં પાણી તો આઝાદ હિંદ ફોજના નવજુવાન સૈનિકોએ ઉતાર્યાં. અમારી ફોજ સામે એ સેના સ્થીરપણે ટકી શકી નહિ. મેદાનમાંથી તેઓ ભાગવા લાગ્યા અને આઝાદ હિંદ ફોજના સૈનિકોએ તેમનો પીછો પકડયો હતોઃ આઝાદ ફોજના સૈનિકોએ નેતાજી સમક્ષ ફરિયાદ કરી કે, અમે દોડી દોડીને થાકી ગયા પણ અંગ્રેજો અમને સામનો આપતા નથી.'

અંગ્રેજ ફોજોએ કોઇ વાર પણ અમને સામનો આપ્યો નથી. અમારી સામે એ ટકયા નથી. અંગ્રેજો પોતાના વતનને માટે લડતા ન હતા, અત્યારે આઝાદ હિંદ ફોજના સૈનિકોના દિલમાં વતનની આઝાદીનો જોશ હતો. આઝાદ ફોજનો નિશ્ચય હતો કે દિલ્હીના લાલ કિલ્લા પર પહોંચીને જ નિરાંતનો શ્વાસ ખાવો. કાંતો રણમેદાનમાં ખપી જઇને અંતિમ શાંતિનો નિશ્ચય દમ ખેંચવો.

જોશ અને તમન્નાઓનો એ ઇતિહાસ હતો, બીજી મહત્ત્વની વાત એ હતી કે અંગ્રેજ સૈન્યના મોટા અધિકારીઓ મોખરા પરના સૈન્યથી અલગ ને અલગ જ રહેતા હતા. ત્યારે આઝાદ

ફોજના અધિકારીઓ પહેલાં હરોળની સાથે જ રહેવાનો પ્રયત્ન કરતા હતા અને એથી જ નેતાજી અમારી ફોજોમાં મોખરે રહેતા હતા.

એક વાર નેતાજીને મોખરાપર આવતાં અટકાવવાનો જ્યારે પ્રયત્ન કરવામાં આવ્યો, ત્યારે નેતાજીએ હસીને કહ્યું હતું કે 'હજી સુધી અંગ્રેજો એક પણ એવી એક ગોળી બનાવી નથી કે સુભાષ બોઝને અટકાવી શકે."

સાચે જ, નેતાજીને અટકાવવાને કોઈ ગોળી સફળ નિવડી નથી.

પણ કમનસીબે પ્રતિકૂળ હવામાન અમારા માર્ગમાં અંતરાયરૂપ બની રહ્યું. ભયંકર વરસાદ શરૂ થયો. સડકો તૂટી જવા પામી, ભૂખનું દુઃખ તો હતું જ, કેટલાય દિવસો સુધી અમારે કડાકા ખેંચવા પડયા. દારૂગોળાની અછત હતી, પણ સૌથી ભયંકર અછત તો અમારા ઘવાયેલા આઝાદ સૈનિકોની સારવાર માટેની દવાની હતી. અમે લાચાર બન્યા. પીછેહઠ કરવા સિવાય, અમારા માટે બીજો કોઈ માર્ગ જ ન હતો. ફોજના જુવાનોને પીઠે હઠ કરવાની સૂચના અપાઇ, ત્યારે તેઓ ખીજાઈ ગયા.

એ જુવાનો બોલી ઊઠયા. 'અમે હરગીઝ પીછેહઠ નહિ કરીએ. ભારતમાતાની પવિત્ર ધરતી પર, આઝાદ ધરતી પર એકવાર અમે જે ઝંડો રોપ્યો છે, તે ઝંડો અમે શી રીતે ઉઠાવી લઈએ ?'

પણ અમારે માટે બીજો કોઈ માર્ગ ન હતો. પીઠેહઠ અનિવાર્ય હતી. નેતાજીએ પણ પીછેહઠ કરવાની તાકીદ આપી અને લશ્કરી શિસ્ત મુજબ ઉત્સાહથી ઉભરતા એ સૈનિકોને પીછેહઠ કરવી પડી.

અમારી મુશ્કેલીઓનો ખ્યાલ તો બીજાને ક્યાંથી આવે ? પણ એ મુશ્કેલીઓની કથની સાંભળનારનાં હૈયાં હચમચાવે તેવી છે.

સાફસુફ કર્યા વિનાનું, કચરાવાળું અનાજ અને ઘાસ સાથે ઉકાળીને અમે અમારી ક્ષુધાને તૃપ્ત કરતા હતા. અમને મીઠું પણ મળતું ન હતું એવી અમારી હાલત હતી.

અમારી બેહાલીની અંગ્રેજોને ખબર હતી. તેમણે અમારી વિવશ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનો માર્ગ અખત્યાર કર્યો. અમારા સૈનિકોની કસોટીની એ ઘડી હતી. એક દિવસ હવાઇ વિમાનમાંથી, અમારી ફોજો પર પત્રિકાઓનો વરસાદ વરસ્યો. એ પત્રિકામાં લખ્યું હતું કે 'તમે જલદી અમારી સાથે આવી જાઓ. તમને જલદી રજા આપીને તમારા ઘેર મોકલીશું. તમારાં બાળ બચ્ચાંને મળી શકશો. તમે અહીં ઘાસ ખાઈને જાનવરોની માફક જીવો છો, પણ અમારી પાસે આવશો તો તમને માખણ, દૂધ અને ડબલ રોટી મળશે.'

આ લાલચનો, આઝાદ ફોજના જુવાનોએ જવાબ આપ્યો કે, 'અમારે મન તમારાં ગુલામીનાં રોટી માખણ કરતાં, આઝાદીના ઘાસની કિંમત વધુ છે. તમારું ઘી અને ડબલ રોટી તમને જ મુબારક હો."

એ પછી ફરીને અમારી ફોજોને લલચાવવાનો પ્રયાસ થયો નથી.

અંગ્રેજો જગતને એમ મનાવવાનો પ્રયાસ કરે છે કે હિંદમાં હિંદુ અને મુસ્લિમો વચ્ચે ઐકયતા નથી, એટલે ખૂવારીના ડરથી અમો હિંદ છોડતા નથી, પણ એ તો એક માત્ર બહાનું છે. નેતાજીએ બર્મા અને પૂર્વ એશિયામાંના ૨૫ લાખ જેટલા હિંદીઓ જેમાં હિંદુ મુસ્લિમ અને શીખ હતા, તેમના પર ત્રણ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. એ ત્રણ વર્ષ દરમિયાન અમારી વચ્ચે કોઈ તકરાર થઇ ન હતી. એ ઝઘડાઓ બંધ થયા હતા, કારણ કે પૂર્વ એશિયામાંથી અંગ્રેજો અદૃશ્ય થઇ ગયા હતા. એ ઝઘડાઓ લાવનાર અંગ્રેજો હતા.

જ્યારે હું લાલ કિલ્લામાં પૂરાયેલો હતો, ત્યારે એક અંગ્રેજ જનરલ મારી પાસે આવ્યો, તેણે મને કહ્યું, અમે તો અહીંથી જવા માટે બીસ્તરા બાંધવા તૈયાર છીએ, પણ તમારી વચ્ચેના અંદર અંદરના ઝઘડા કયાં દૂર થાય છે ? એટલે અમે જતા નથી, મેં જવાબમાં કહ્યું, જ્યારે તમે પૂર્વ એશિયામાં ન હતા ત્યારે ત્યાં ઝઘડાનું નામ નિશાન પણ ન હતું. તેવી રીતે અહીંથી વિદાય થશો, ત્યારે અહીં કોઇ પણ જાતના ઝઘડા રહેવાના નથી.

[ ૩ ]

નેતાજીએ આઝાદ હિંદ ફોજનું, કેપ્ટન મોહનસિંહે વિસર્જન કર્યું હતું, તેની પુનર્રચના કરવાનો નિર્ણય કર્યો. અને તેમના વિશ્વાસુ સાથી તરીકે કર્નલ શાહનવાઝખાનને આ અગત્યની કામગીરી સુપ્રત કરવામાં આવી અને તેમણે એ કામગીરી એવી કુશળતાથી અદા કરી કે, આઝાદ ફોજનું જીવન ધન્ય બન્યું. આઝાદ ફોજની રચના અંગે તેમણે જે હુકમો બહાર પાડેલાં એ અહીં આપ્યા છે.

આઝાદ હિંદ ફોજની પુનર્રચના અંગેની નીતિની સ્પષ્ટતા કરતો પરિપત્ર નીચે મુજબ છે.

(૧) આઝાદ હિંદ ફોજમાંની તમામ સંસ્થાઓએ, ફરીને વ્યવસ્થિત થઈ જવું. ફોજની એકમો અને પેટા એકમોએ એક બીજા સાથે સંકલિત થઇને વધુ સંગઠીત થવું. દાખલા તરીકે ગાંધી રેજીમેન્ટ શીખની ત્રણ પલ્ટન અને એક જાટ પલ્ટણની બનેલી છે. ભરતી માટેની છાવણીમાંથી સીધા કેમ્પમાં જવાની અને પસંદ કરવાની પદ્ધતિ સદંતર બંધ કરવામાં આવે છે.

(૨) સંજોગો અનુકૂળ થતાં જ 'ભરતી માટેની છાવણી ખુલ્લી મૂકવામાં આવશે. શોનાનમાંના યુદ્ધકેદીઓમાંથી જેઓ આઝાદ હિંદ ફોજમાં જોડાયા છે તેઓ અને બીજાઓને

ત્યાં એકત્ર કરવામાં આવશે અને આઝાદ ફોજમાંની અગાઉની ટુકડીઓની માફક જ તેમની પણ પુનર્રચના થશે.

(૩) આ ભરતી માટેની છાવણીનો વડો, તાલીમછાવણીના સીધા અંકુશ હેઠળ રહેશે. આ છાવણીમાં આવનાર પ્રત્યેક વ્યક્તિનું તે રેકર્ડ રાખશે. દાખલ થયા તારીખ, મૂળ કઈ ટુકડીનો હતો અને તેને વિશેનો આખરી નિર્ણય એ રેકર્ડમાં આટલી વિગતોનો સમાવેશ થશે.

(૪) તમામ લાગતાવળગતાઓને જણાવવામાં આવે છે કે પી. એમ. અને શીખ સ્વયંસેવકો ઘણી ઓછી સંખ્યામાં આઝાદ હિંદ ફોજમાં જોડાય છે તેથી જાટ અને ગુજર કંપનીઓને તેમના બદલે સ્વીકારવામાં આવે છે.

(૫) આ પરિપત્ર ટુકડીઓના વડા મથકે મોકલી આપવાની આઝાદ કમાન્ડરને વિનંતિ કરવામાં આવે છે.

(૬) આ પરિપત્રનો તાકીદે અમલ કરવો, કારણ કે હવે વધુ સ્વયંસેવકો એમ ટેશન કેમ્પમાંથી જોડાવાનો સંભવ નથી.

શૉનાન (સહી) શાહનવાઝખાન

તા. ૨૨-૩-૧૯૪૩ લેફ. કર્નલ.

[ ૨ ]

ખૂબ જ ખાનગી

આઝાદ હિંદ ફોજ
બીદાદારી

એકમો અને ટુકડી ભવિષ્યની ગુપ્તતા જાળવવાને ખાતર 'સ્પેશિયલ સર્વિસ ગ્રુપ' ઊભું થયેલું છે જે હવેથી 'બહાદુર ગ્રુપ'ને નામે ઓળખાશે. આ હુકમને બીજા હુકમોની માફક પ્રસિદ્ધિ મળવાની નથી. છતાં આ હુકમની જાણ એવી રીતે થવી જોઈએ કે પ્રત્યેક સૈનિક આ પરિવર્તનની અગત્યતા સમજી શકે.

(સહી) શાહનવાઝખાન.
લેફ. કર્નલ

મોરચા પર, આઝાદ હિંદ ફોજની સાથે જ જાપાની ટુકડી પણ કૂચ કરતી હતી. બંને ફોજોના સેનાપતિઓ સાથે જ યોજનાઓ ઘડતા હતા અને એક બીજાની પરિસ્થિતિથી વાકેફ કરતા હતા.

નીચેનો પરિપત્ર, કર્નલ શાહનવાઝખાને, જાપાની સેનાપતિને મોકલ્યો હતોઃ—

પ્રતિઃ

**મેજર કોબારા**

એચ. ઓ. ડીવીઝન
૨ જી એપ્રિલ ૧૯૪૫

**માહિતિ.**

હમણાં જ મારા ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે નં. ૨ ઇન્ફ. રેજી. સાથેના ટેલિફોન વ્યવહારમાં ભંગાણ પડયું છે.

(૧) આજ સવારે પાંચ સ્થળે ટેલિફોન લાઇન કપાયેલી જણાઇ હતી. એને તાત્કાલિક દુરસ્ત કરવામાં આવી છે.

(૨) આજ વહેલી સવારથી દુશ્મનોની ટેન્કો, રણગાડીઓ અને લશ્કરી ગાડીઓની લેગી મોરચા પર પ્રવૃત્તિ વધી પડી છે.

લગભગ ૬૦ જણાની એક દુશ્મન ટુકડી લેગીથી ૪૦૦ મીટર દૂર આવી પહોંચી હતી. તેણે અમારા માણસો પર ગોળીબાર કર્યો અને પીછેહઠ કરી ગયા. ટેન્કો સાથેના વધુ આક્રમણની આશા રાખવામાં આવે છે.

(૩) આજ વહેલી સવારે લેગી પર તેર દુશ્મન વિમાનોએ બોંબમારો કર્યો હતો. મશિનગનનો સખ્ત મારો થયો હતો. લેગી ભડકે બળે છે. આઝાદ ફોજના છને ઇજા થવા પામી છે. એકની હાલત ગંભીર છે. પાંચને નજીવી ઇજા થઇ છે.

(સહી) **શાહનવાઝખાન**
કર્નલ
૨–૪–૧૯૪૫

૧૯૪૪ ની કર્નલ શાહનવાઝની નોંધપોથી, આઝાદ ફોજની મહત્ત્વની વિગતોથી ભરપૂર છે. એ નોંધપોથીના થોડાંક પાનાં અહીં આપવામાં આવે છે.

તા. ૭ જાન્યુ. નીપોન ફોજના કમાન્ડર ઇન ચીફ અહીં મળ્યા.

તા. ૨૬ ,, તાલીમ લેતી અમારી ફોજોની નેતાજીએ મુલાકાત લીધી. મેજર રામસ્વરૂપને મારી ટુકડીમાં મૂકયો.

તા. ૨૭ ,, મેજર કીનાવારી સાથે સાત વાગે ખાણું લીધું. નીપોન ફોજના સુપ્રીમ કમાન્ડરને મળ્યો અને હિંદ તરફના ધસારાને લગતાં આખરી ફરમાનો મળ્યાં.

તા. ૪ ફેબ્રુ. બી ડીવીઝનની પહેલી અને ત્રીજી ટુકડીએ કાલેવા મોરચા તરફ કૂચ કરી.

તા. ૫ ,, ૬-૦ વાગે હેડકવાર્ટસ રેજીમેન્ટ રંગુનથી ખસ્યું.

તા. ૯ ,, અમારી રેજીમેન્ટની ત્રણ પાર્ટીઓ સહીસલામત રીતે આવી પહોંચી.

તા. ૧૦ ,, ટ્રેન દ્વારા વધુ ફોજો આવી પહોંચી. કોઇ જાતના અકસ્માત વિના કીમેવારી અને રામ સ્વરૂપ સાથે માયમાયો ખાતે ગઇ. ત્યાં બી. ટી. સી. એ. ના પ્રમુખ શ્રી. ગોપાલસીંગ સાથે રાત્રી ગુજારી. તેઓ તદ્દન સાદા છતાં ખૂબ જ પ્રમાણીક વ્યકિત છે.

આરાકાન મોરચા પરની આઝાદ હિંદ ફોજની ભવ્ય પ્રવૃત્તિના સમાચાર મળ્યા.

તા. ૧૧ ,, ઉત્તર બર્માના જી. ઓ. સી. જનરલ મોટો સૂચીને મળ્યો તેઓ એક મહાન સૈનિક અને

બુકીટ તીનાહ ટેકરીના વિજેતા તરીકે જાણીતા છે તેઓ ઘણા માથાભારે છે. આઝાદ હિંદ ફોજને તમામ સહાય આપવાની તેમણે ખાત્રી આપી છે.

તા. ૧૨ ફેબ્રુ. હાઝરેવાળા મી. જમાનખાનને મળ્યો. તેઓ તાજના સંબંધી છે. માંડલે જવા ઉપડયા. ફીમેવારી બસ દ્વારા કાલેવા જવા રવાના થયા. મોટરની મુશ્કેલીના કારણે હું જઈ શકયો નહિ. એમ. ટી. કંપનના સૈનિકો સમક્ષ મેં પ્રવચન કર્યું. તેઓ તમામ પૂર્ણ જુસ્સામાં છે. તેમાંના ઘણા રેજીમેન્ટ સાથે આગળ જવા ઇંતેજાર છે.

આરાકાનની હિલચાલ અંગે આઝાદ હિંદ ફોજને મુબારકબાદી આપતો નેતાજીનો સંદેશો મળ્યો.

તા. ૨૦ ફેબ્રુ. સવારમાં દોડવા માટે ગયો, નજદિકમાં જ દુશ્મન વિમાનો હતાં, કાલેવા જવાની આશા હતી. હજી પણ લોરી પાછી ફરી નથી. રસ્તામાં જ તે તૂટી પડયાના સમાચાર મળ્યા. તા. ૨૦ મીએ આઠ વાગે મૂલાઈક છોડીને કાલેવા છાવણીમાં આવ્યો. રામસીંગ લગભગ ૫૦૦ માણસો સાથે ફાલાઓર ગયા.

તા. ૧૧ માર્ચ હેડકવાર્ટર્સ ડીવીઝનમાં ગયો. મેજર ફુજીવારાને મળ્યો. ઘણા સારા સમાચાર હતા. ૧૭ મી ડીવીઝને ટી હોમને ઘેરો ઘાલ્યો. ફુજીવારા એવી આશા રાખે છે કે આવતા માસની

મધ્યમાં આપણે ઇમ્ફાલમાં હોઇશું. થાકુરને ટેલિફોન કર્યો અને ત્રીજી બ્રિગેડને બાયગોન લાવવાનો હુકમ કર્યો. એવી આશા રાખવામાં આવે છે કે અમે ટીડીમ પર સમયસર આક્રમણ કરી શકશું.

તા. ૧૨ માર્ચ ફરીને ૫ુજીવારાને મળ્યો, ટીડીમ તરફની કૂચ મુલતવી રહી. કારણ કે ટીડીમનું લગભગ પતન થઈ ચૂકયું છે. તેનો કબજો લેવાનું યાઝાગ્યો, માઇથા હાકા પરના અધિકારીને જણાવ્યું. કીમેવારી હાકા ગયા. રેજીમેન્ટે ભજવેલા ભાગ વિશે ચોક્કસ વિગતો મળે ત્યાંસુધી મેં અહીં જ રહેવાનો નિશ્ચય કર્યો છે.

તા. ૧૭ ,, ટીડીમ ખાતેથી ૨૦૦ સૈનિકો નાસી ગયાના સમાચાર મળ્યા. તેઓ અત્યારે ૬૦ માઇલ દૂર આવેલા તાલમાની પશ્ચિમે આવેલા કાલાનાગા કુવા ખાતે હોવાનું જણાય છે. રામસીંગને ત્યાં જવાનો હુકમ કર્યો અને સીંકદરને તેમને કેદ કરવાનો હુકમ કર્યો.

પારવાના કંપનીના નાયક મંગળસીંગ અને બે સીપાઇઓ સામેની તપાસ ચાલી.

સાડા સાત વાગે બ્રિટિશ બોંબરો અને ફાઈટરોની ટુકડીએ હુમલો કર્યો અને કાલેવા વિસ્તારમાં કેટલાક છત્રીદળના સૈનિકોને ઊતાર્યા.

તા. ૨૨ ,, સાડા નવ વાગે પાંચમા થાણેથી ઉપડયો, છઠ્ઠે થાણે પહોંચતાં સમાચાર મળ્યા કે અવાલે

મેજર માનિંગની પાર્ટીના ૨૨ ચીનાઓને પકડયા છે. સાતમા થાણે ખાણું લીધું અને આઠ વાગે ફાલામ પહોંચ્યો.

તા. ૨૬ માર્ચ મેજર ઠાકુરસીંગનો પત્ર મળ્યો. તેઓ આપણા સૈનિકો જે રીતે કાર્ય કરે છે તેથી અને જાપાનીઓની વલણથી ખૂબ નિરાશ થયા છે.

તા. ૩૦ ,, કેનેડીપીક ખાતેથી લુબી પાછો ફર્યો. તેનો હેવાલ નિરાશાજનક છે. જાપાનીઓ આઝાદ ફોજના સૈનિકો પાસેથી મજૂર તરીકે કામ લે છે. હું આ સંબંધમાં કીમેવારીને મળવા માટે આજે હાલ જઉં છું. મને નવાઈ લાગે છે કે આમાંથી શું થવાનું છે ? હાકા જવા ૩ વાગે ઉપડયો. આઠવાગે હાકા પહોંચ્યો રાત્રી તાઓ નદી પર પસાર કરી આખી રાત વરસાદ પડયો. કોઈ આશ્રયસ્થાન નહતું.

તા. ૧ એપ્રિલ કલીંગરોડ પરના થાણાની તપાસે નીકળ્યો.

તા. ૩ ,, હાકા સાબાક નજીકના થાણાની તપાસ કરી કીમેવારી સાથે આઝાદ ફોજની ટુકડીઓનો જે રીતે જાપાનિઝો ઉપયોગ કરે છે તેના સંબંધમાં વાતાચીત કરી.

તા. ૭ ,, ફાલામા રોકાયો. જંગજુને હાકા જવાનો ઓર્ડર મોકલ્યો કમાન્ડરોને બોલાવ્યા.

દીપક, જંગજુ, બી. એચ. આર અને અવાલ સાથે મંત્રણા ચલાવી.

તા. ૮ એપ્રિલ કમાન્ડર જંગજુ અને દીપક આવ્યા.

તા. ૧૧ ,, જંગજુ ફાલમા નજદિક પહોંચી ગયો. દીપક નૌચાંગ પાછો ગયો આવતી કાલે તે ફોજો સાથે આગળ વધશે. તમામ તૈયારીઓ પૂર્ણ થવા પામી છે.

તા. ૧૪ ,, કલીંગ થાણા પર દુશ્મનોએ હુમલો કર્યો અમરિકી પાર્ટી સાથે પેટ્રોલ પર નીકળ્યો અને આઠ વાગે પાછો ફર્યો. કોઇ દુશ્મન હાથ લાગ્યો નહિ. આપણી કોઇ ખૂવારી થવા પામી નથી.

તા. ૧૬ ,, સાડા આઠ વાગે દુશ્મનોએ ફરીને કલીંગ થાણા પર ગોળીબાર કર્યો. આજે તેમણે મોટરનો ઉપયોગ કર્યો હતો. પણ લેફ. લેહનાસીંગે બહાદુરીથી નેનગ્રાંગ સુધી તેમનો પીછો પકડયો હતો.

તા. ૨૬ ,, ફીકાનમાંથી એક ચાઇનીઝ કેદી પલાયન થઈ ગયો.

તા. ૨૮ ,, વડા મથકેથી ફરમાન આવ્યું કે ઇમ્ફાલના પતન સુધી હાકા ખાતે જ રોકાવું.

તા. ૧૦ મે તમામ કમાન્ડરોને કાલેગ પર દરોડા પાડવાનો હુકમ કર્યો.

તા. ૧૨ ,, ૨૮ માઇલ દૂર આવેલા નેનગ્રાંગની મદદે ગયો. ત્યાં ફીમેવારીને મળ્યો અને ઉખરાલ મુખ્ય રેજીમેન્ટને મોકલવાનો વડા મથકેથી હુકમ મળ્યો.

તા. ૧૩ ,, ફીમેવારી મુથાહાકા જવા ઉપડયો. મને ભય છે કે હુમલો ચૂકી જવાશે, આથી ઉખરાલ તરફ ઉપડવાની મેં ડીવીઝનને આજ્ઞા કરી.

તા. ૨૧ એપ્રિલ તામુ ખાતે મેજર ફુજીવારાને મળ્યો. ડીવીઝન કમાન્ડર ખાનને મળ્યો.

તા. ૪ જૂન 'એમ. એસ. ૩૦'ના થાણે પહોંચ્યો અને ત્યાં રાત્રી વ્યતિત કરી, રાત્રી દરમિયાન ડીવીઝને જે ભાગ ભજવવાનો હતો તેમાં ફેરફાર કર્યો. હવે તેણે ઈમ્ફાલના જંગમાં ભાગ લેવાનો છે. ડીવીઝન કમાન્ડર ખૂબ શ્રદ્ધા ધરાવે છે. તેણે મને ભવિષ્યમાં જે ભાગ ભજવવાનો છે તે વિશે, તેમને જે કરવાનું હોય તે કરવાની સૂચના કરી મારી પસંદગી તો ઇમ્ફાલ પર આક્રમણ કરવાની જ હતી.

તા. ૧૪ ,, રાત્રી કેમ્પમાં જ ગાળી. ચોખાનો જથ્થો ગામડાંઓને મોકલી આપ્યો.

લેફ. માસુદા સાંજના મળ્યો. તેણે મને જણાવ્યું કે જાપાનીઓ ઈમ્ફાલની ઘણી નજદિક છે, અને પાલેલ કબજે કર્યું છે.

તા. ૨૧ ,, ડીવીઝન કમાન્ડરે મને જણાવ્યું કે અમને યુદ્ધ કરવા માટેની તક આપો અથવા તો અમને પાછા અમારા ડીવીઝનમાં મોકલો એ વિશે કાંઈક જરૂરી પગલાં ભરવાની મેં ખાત્રી આપી.

તા. ૨૭ ,, કીમેવારી, હુકમ લેવા માટે વડા મથકે ગયો, સૈનિકોને હજી રેશન મળ્યું નથી. ભૂખમરાને કારણે ચાર ગાવાલીઓનાં મરણ નીપજ્યાં છે હું અને રામસ્વરૂપ હીલરી કીકાન પાસે ગયા કાંઈક કરવા જણાવ્યું. પણ એ સંબંધમાં કાંઇ પણ ધ્યાનમાં લેવાની તેમની વૃત્તિ જ જણાઈ નહિ. મારા સૈનિકોને ઈરાદાપૂર્વક ભૂખે મારવા પાછળ તેનો કયો હેતુ છે તેની મને ખબર પડતી નથી.

તા. ૧૫ જુલાઈ ભૂખમરાને કારણે માણસો ટપોટપ મૃત્યુના મુખમાં હોમાઈ રહ્યાં છે. કેટલાકે આપઘાત કર્યો છે. જાપાનીઓ કોઇ જાતની મદદ આપતા નથી.

તા. ૮ ઑગસ્ટ યાવાથી કીમેવારીનો જવાબ મળ્યો. તેણે પૈસાની કોઇ સગવડ કરી નથી, તેમ જ બીજી કોઈ મદદ આપવાની તૈયારી બતાવી નથી. તેણે એવી સૂચના કરી છે કે તેરાઉ ખાતેના અમારા બિમાર માણસોએ આપઘાત કરવો.

મેજર જનરલ શાહનવાઝખાનની ડાયરીનાં આ પાનાઓમાં એક વાત સ્પષ્ટ કહે છે કે આઝાદ ફોજના સૈનિકોને જાપાનીઓ પૂરતી સહાય આપતા ન હતા. મોરચા પર જ્યારે આઝાદ હિંદ ફોજના સૈનિકો ઇમ્ફાલને માટે ઝૂઝી રહ્યા હતા, અને ઇમ્ફાલના પતનની જ્યારે ઘડીઓ ગણાતી હતી ત્યારે આઝાદ હિંદ ફોજના સૈનિકોમાં ભૂખમરો ફેલાયો. આ ભૂખમરામાંથી બચવા માટે મેજર જનરલ શાહનવાઝખાને જાતે જાપાની સેનાપતિ પાસે અનાજની માંગણી કરી પણ તે અનાજ મળ્યું નહિ અને એવી પણ સૂચના કરવામાં આવી કે આઝાદ હિંદ ફોજના બિમાર સૈનિકોએ આત્મહત્યા કરવી.

આ પૃષ્ઠો એટલી વાત તો જગતને સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે હિંદીઓ જાપાનના ગુલામ ન હતા. તેઓ જાપાનને હિંદ જીતી આપવા માટે લડતા ન હતા. તેમણે ભૂખ્યા પેટે, શસ્ત્રોની તંગી વચ્ચે હિંદની આઝાદીનો જંગ ચાલુ રાખ્યો હતો. એક બાજુ દુશ્મન જ્યારે તોપગોળા વર્ષાવતો હતો ત્યારે બીજી બાજુ આઝાદ હિંદના સૈનિકો, ભૂખમરાના ખપ્પરમાં હોમાઇને 'જય હિંદ'ના છેલ્લા શબ્દોચ્ચાર વચ્ચે, મૃત્યુને ભેટતા હતા.

મેજર જનરલ શાહનવાઝ ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં સીંગાપોરમાં જાપાનને શરણે થયા ત્યારથી ૧૯૪૫ના મે મહિનામાં બ્રિટિશરોએ તેમને પકડયા ત્યાં સુધીના સમયને ત્રણ તબક્કામાં વહેંચી નાંખે છે.

પહેલો તબક્કો—તા. ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૨થી મે ૧૯૪૨ સુધીમાં પૂરો થાય છે. આ સમય દરમિયાન તેમના જણાવ્યા પ્રમાણે આઝાદ હિંદ ફોજની રચના થઈ રહી હતી, તેઓ કહે છે કે તે સામે જ મારો વિરોધ હતો અને જે કમનસીબ સંજોગોમાં અમે મૂકાયા હતા તે સંજોગો વચ્ચે પણ હું એ યોજના સામે સારી રીતે લડતો હતો.

બીજો તબક્કો જૂન ૧૯૪૨ થી જૂન ૧૯૪૩ સુધીનો છે. એ તબક્કા દરમિયાન મને મારા પહેલા ધ્યેયમાં નિષ્ફળતા મળી તેનું ભાન થયું અને મેં મારા માણસોના હિતમાં આઝાદ ફોજમાં જોડાવાનો નિશ્ચય કર્યો હતો કે અંદર રહીને હું તેને તોડી નાંખીશ અથવા તો ભંગાણ પાડીશ. જો તેઓ જાપાનને મદદ કરવા કે હિંદી સૈનિકોનું શોષણ થવા દેવા તૈયાર થશે તો.

ત્રીજો તબક્કો– જુલાઇ ૧૯૪૩ થી મે ૧૯૪૫ સુધીનો છે. જ્યારે મને સ્પષ્ટપણે ખાત્રી થઇ ચૂકી હતી કે આઝાદ હિંદ ફોજ એ હિંદની મુક્તિ માટે લડનારી ફોજ છે.

આ ત્રણે તબક્કામાં બનેલા અગત્યના બનાવોનું ધ્યાન આપતાં તેઓ જણાવે છે કે–

પહેલા તબક્કામાં હું આઝાદ હિંદ ફોજ ઊભી કરવા સામે વિરોધ કરતો હતો, કારણ કે મને એમ લાગતું હતું કે જાપાનીઓ અમારું શોષણ કરવા માગે છે અને તેને પહોંચી વળે તેવો રાજકિય દૃષ્ટિએ અમારામાં કોઈ નિષ્ણાત ન હતો. તેમ જ જાપાનીઓએ તમામ હિંદી સૈનિકોને કેપ્ટન મોહનસિંહને સુપ્રત કરતાં હું વધુ શંકાશીલ બન્યો, અને તેથી તે યોજના સામે લડવાની મારી ફરજ છે એમ મને જણાયું.

તા. ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૪૨ના રોજ મને મારી ટુકડી સાથે જાસુન છાવણીમાં મોકલી આપવામાં આવ્યો. થોડાક દિવસો

પછી કેમ્પ કમાન્ડર તરીકે નીમવામાં આવ્યો. આ છાવણીમાં લગભગ આઠથી દશ હજાર સૈનિકોનો સમાવેશ થઈ શકે તેમ હતું. ત્યારે ૨૦ હજારને પૂરવામાં આવ્યા હતા. આરોગ્ય માટેની કોઇ સગવડ ત્યાં ન હતી. પૂરતો પાણીનો જથ્થો પણ ન હતો. તબીબી સગવડ તો નહિવત્ હતી. કોઈ દવા દારૂ તો હતી જ નહિ. એના પરિણામે છાવણીમાં રોગચાળો ફાટી નીકળ્યો અને સૈન્યની શિસ્ત તૂટી ગઇ હતી. મારા માટે મુશ્કેલ દિવસો હતા. પાછળથી આરોગ્ય પાણી અને વિજળીની સગવડો મળી શકી.

ફરારપાર્કના બનાવ પછી મને તો પૂરતી ખાત્રી થઈ ચૂકી હતી કે જાપાનીઓ અમારું શોષણ કરવા માગે છે એટલે જાસુન છાવણીમાં પહોંચ્યા પછી મેં ઓફિસરોને સંગઠિત કરવાનો પ્રયાસ કર્યો, અને તેમના સંગઠ્ઠન દ્વારા આઝાદ હિંદ ફોજની રચના કરવા સામે વિરોધ ઉઠાવવાનું નક્કી કર્યું. ૧૯૪૨ના મે મહિનામાં અમારા પ્રયાસો નાકામયાબ નિવડયા અને આઝાદ હિંદ ફોજની રચના થઇ, અને જેઓ ફોજમાં જોડાયા હોય તેમને અને ન જોડાયા હોય તેમને જુદા પાડવાના હુકમો મળ્યા આ નવી પરિસ્થિતિમાં 'ઓફિસર્સ બ્લોક' સાથે મેં વારંવાર ચર્ચા કરી અને પહેલા પ્રયાસમાં અમે નિષ્ફળ ગયા હોવાથી, સૈનિકોને સંરક્ષણ આપવા, જાપાનીઓના શોષણને અટકાવવા, અને જાપાનીઓને શરણે જવાનો વિચાર આવતાં જ ફોજને છિન્નભિન્ન કરવાના હેતુથી તેમાં જોડાવાનો અમે નિશ્ચય કર્યો.

મેં તમામ મુસ્લિમ અમલદારોની સભા એક મસ્જીદમાં બોલાવી, અને તેમને મેં આઝાદ હિંદ ફોજમાં જોડાવાનો નિર્ણય શા માટે કર્યો તેનાં કારણો સમજાવ્યાં. મેં તેમને જણાવ્યું કે આપણે હવે થોડા વખતમાં જ છુટા પડીશું, મેં તેમની પાસેથી એવી ખાત્રી માગી કે જાપાનીઓ તેમના પર ગમે તેટલું દબાણ કરે તો પણ તેઓ જાપાનના સ્વયંસેવકો બનશે નહિ. તેઓ

તમામ સમંત થયા અને ઉચાર્યું "દુવા ખૈર": તેમણે કરેલા નિર્ણયનું ધાર્મિક ઉચ્ચારણ હતું.

એ પછી બીજો તબક્કો શરૂ થાય છે. બેંગકોક પરિષદ ૧૯૪૨ના જૂન મહિનામાં કેપ્ટન મોહનસિંહે બોલાવી હતી. હું પોતે એવી પરિષદમાં ભાગ લેવાની વિરુદ્ધ હતો, મને મલાયામાં મૂકવામાં આવ્યો. જ્યાં મારી ફરજ હિંદી સૈનિકોના થાણાંઓ જ્યાં જ્યાં હોય ત્યાં જઈને તેમની ફરીઆદો જાપાની વડા મથક સમક્ષ રજૂ કરવાની હતી.

કૌલા લુમ્પુર ખાતે મને જાપાનીઓએ હુકમ કર્યો કે તમામ હિંદી ફોજોને તપાસ માટે એકત્ર કરવી. જાપાની કમાન્ડરે હિંદી સૈનિકો સમક્ષ ભાષણ કરતાં જણાવ્યું કે–'તમને બધાને હું આવકાર આપું છું અને મારા હાથ તળે તમને આવેલા જોઈને મને ખૂશી થાય છે, અમે તમને અમારા ભાઈઓ તરીકે ગણીશું. આપણે બધા એશિયાવાસીઓ છીએ: તમામ જાપાનીઓ અંતઃકરણપૂર્વક ઇચ્છે છે કે હિંદે તેની આઝાદી પ્રાપ્ત કરવી જ જોઈએ અને તમને તમારી આઝાદીની લડત માટે હથિયારો પૂરા પાડવાનો અને જરૂરી તાલીમ આપવાનો નિશ્ચય કર્યો છે.'

આ ભાષણ પરથી મને લાગ્યું કે જાપાનીઓ હિંદી સૈનિકો, જેઓએ શસ્ત્રો હાથમાં લીધાં છે તેમનું શોષણ કરવા માગે છે. મેં જાપાની કમાન્ડર સમક્ષ હિંદની આઝાદીના પ્રશ્ન અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે હિંદની આઝાદીનો પ્રશ્ન, હિંદીઓનો પોતાનો છે કોઈપણ હિંદીને તેની ઇચ્છા વિરુદ્ધ તેમાં ભાગ લેવા માટે દબાણ કરવાનો જાપાનીઓને કોઈ અધિકાર નથી. તે મારી સાથે સંમત થયો.

એવી જ અથડામણ સેરેમ્બન ખાતે થવા પામી હતી. હિંદી સૈનિકોએ હથિયારો ઉઠાવવાની ના પાડતાં તેમની સામે જાપાનિઓએ મશિનગનો ગોઠવી હતી. કમાન્ડર લેફ. ગુલામમહમદને એકાંત

કોટડીમાં ખસેડવામાં આવ્યો હતો અને હિંદી સૈનિકોને વિચાર કરવા માટે ૨૪ કલાકની મહેતલ આપવામાં આવી હતી અને ત્યારપછી ગોળીબાર કરવાની ધમકી આપવામાં આવી હતી. મને એ વિષે ખબર પડતાં જ હું ત્યાં પહોંચી ગયો, ત્યાં કેટલીય મહેનત પછી જાપાની અધિકારીઓને સમજાવી શકયો અને ભવિષ્યમાં અથડામણો ઉભી ન થાય તે માટે તેમને અમારું દૃષ્ટિબિન્દુ પણ સમજાવી શકયો. એવી જ રીતે મેં મલાયામાંની તમામ હિંદી સૈનિકોની છાવણીઓની મુલાકાત લીધી અને તેમને જણાવ્યું કે જાપાનની દોરવણી હેઠળ તેઓ હથિયારો ઉપાડવાને કે તાલીમ મેળવવાને બંધાયેલા નથી.

કાપલા–લુમ્પુર ખાતે જાપાનીઓએ હિંદીઓને જાપાની ક્વાયત અને સલામી શીખવાડવાનો પ્રયાસ કર્યો હતો, પણ મેં તેનો સખ્ત વિરોધ કર્યો, જો કે રંગુનમાંના અંગ્રેજ સૈનિક કેદીઓએ તો તેનો સ્વીકાર કર્યો હતો એના પરિણામે હિંદી સૈનિકોની સ્થિતિમાં સુધારો થવા પામ્યો હતો.

એક વખત હું પ્રવાસે નીકળ્યો ત્યારે મને જણાયું કે કેટલાક સૈનિકોને તેઓ બ્રિટિશ તરફી વલણ ધરાવતા હોવાના આરોપસર પકડવામાં આવ્યા હતા અને જાપાનીઓ તેમને ફાંસીએ લટકાવવા માગતા હતા, હું તરત જ જાપાની વડા મથકે ગયો અને મારા સૈનિકો મને પાછા સુપ્રત કરવાની મેં માંગણી કરી. મેં તેમને જણાવ્યું કે હિંદી સૈન્યનો હું જવાબદાર વડો છું અને સિદ્ધાંત તરીકે જાપાનીઓ મારા હાથ તળેના માણસો સાથે સાથે સીધી પતાવટ કરે એ બરાબર નથી, મારી જાણ બહાર મારા માણસોને લઇ જવામાં આવે તે પણ બરાબર નથી.

છેવટની વાત કહેતાં મેં જણાવ્યું કે જો તેઓ આ માટે આગ્રહ રાખશે તો હું મારી જગ્યાનું રાજીનામું આપીશ. ત્યારે જવાબમાં તેમણે જણાવ્યું કે પંદરને તેઓ પાછા લઈ જઇ શકે છે, પણ બાકીનાને તેઓ બ્રિટિશ તરફી હોવાથી ફાંસીએ તેઓને ચઢાવવામાં આવશે તેઓ જાપાની કેદીઓ છે છતાં તેમણે

બ્રિટિશરોને વફાદાર રહેવાના કસમ લીધા છે, આવા હિંદીઓને જીવતા રહેવા દેવાને તેઓ તૈયાર નથી. મેં તેમને એ કસમ અંગે સ્પષ્ટતાથી વિગતવાર સમજ આપી અને જણાવ્યું કે હિંદી સૈનિકોના ગુના માટે સામાન્ય માર્ગ તો તપાસ કોર્ટ બેસાડવાનો છે અને હું ઊંડો ઊતરીને તપાસ કરીશ અને જો તપાસમાં ગુનો ગંભીર પ્રકારનો જણાશે તો હું જાતે તેમને તમારા હવાલે કરીશ. તેઓ સમંત થયા અને હું ૨૩ જણાને સલામત રીતે પાછો લઇ આવ્યો.

ત્રીજો તબક્કો: નેતાજીના આગમન પછીનો છે. આ અંગે મેજર જનરલ શાહનવાઝખાને લશ્કરી અદાલત સમક્ષના પોતાના નિવેદનમાં પૂરતું કહ્યું છે. તેઓ કહે છે કે 'હું સૈનિક હતો અને એક વખત મેં જે નિર્ણય કર્યો તેને વળગી રહેવાનો અને તે મુજબ છેલ્લે સુધી લડવાનો મારો નિશ્ચય છે.'

૧૯૪૩ના સપ્ટેમ્બર માસમાં નેતાજીએ મને આઝાદ હિંદ ફોજના ચુનંદા સૈનિકોની ફોજના વડા તરીકે પસંદ કર્યો અને હિંદની ભૂમિ પર ધસી જવાને વિદાય આપી. એ ટુકડીનું નામ 'સુભાષ બ્રીગેડ' અપાયું. આ બ્રિગેડે આરાકાન, હાકા, ફાલમા અને કોહીમાના વિસ્તારમાંનો જંગ ખેલ્યો હતો.


ફેબ્રુઆરી ૧૯૪૫માં જ્યારે વડું મથક પીનામા ખાતે હતું ત્યારે નેતાજી ત્યાં પધાર્યા હતા અને મને જણાવ્યું હતું કે આઝાદ હિંદ ફોજની નં. ૨ ડિવિઝન પોપા વિસ્તાર તરફ આગળ વધી રહી છે. પણ કમનસીબે ડિવિઝનના કમાન્ડર કર્નલ અઝીઝ એહમદ હવાઈ હુમલામાં ઘાયલ થયા છે. તેથી તમારે તેનો ચાર્જ લેવો. મેં એનું પાલન કર્યું, પણ ૧૯૪૫ના એપ્રિલમાં મારે પેગુ પાછા ફરવું પડયું, ત્યાં મને ગીરફતાર કરવામાં આવ્યો.

નેતાજીના બહાદુર સાથીદારની આ જવલંત અને તેજસ્વી કથા છે.

# [ ૪ ] ડૉ. લક્ષ્મી સ્વામીનાથન

[ કર્નલ : ઝાંસીની રાણી રેજીમેન્ટ ]

" શુભ સુખચેન કી બરખા વરસે
ભારત ભાગ્ય હે જાગા. "



પ્રભાતનાં કુમળાં કિરણો હજી હમણાં જ અવની પર પથરાઈ રહ્યાં હતાં. સીંગાપોર-બ્રિટિશ સામ્રાજ્યનો અજેય ગણાતો ગઢ પરાસ્ત થઇને જાપાનના હાથમાં પડયો હતો. જાપાનીઓએ એને શૉનાનનું નવું નામ આપ્યું હતું.

એ સીંગાપોરને માથે ઉઘડતી ઉષાના તેજ અંબાર ઝીલતો ત્રિરંગી ઝંડો લહેરાતો હતો. પવનના ઝોલા ઘડીમાં આવીને ઝંડાને ઊંચે લઇ જવા મથતા હતા. એ ત્રિરંગી ઝંડા નીચે, લશ્કરી ગણવેશમાં સજ્જ થયેલી યુવતિઓના કંઠ-માંથી, મધુર સ્વરે, હલક-દાર બાનીમાં ગીતની સુરાવલિ નીકળી હતી.

વાતાવરણમાં ગાંભીર્ય છવાયું હતું હિંદી નારી, નારીદેહને સુકોમળ અને સુયોગ્ય એવો પહેરવેશ ત્યજીને આજે, હાથમાં બંદૂક ઉઠાવીને, લશ્કરી ગણવેશમાં સજ્જ થઇ ઊભી હતી.

આકાશમાં, દેવગણો જાણે આ ભવ્ય દૃશ્ય નિહાળવા, એના પર આશીર્વાદ ઉતારવાને એકત્ર થયા હતા.

તા. ૨૨ મી ઓકટોબર ૧૯૪૩નું એ યશોજ્જ્વલ પ્રભાત હતું, 'ઝાંસીની રાણી રેજીમેન્ટ'ની ઉદ્‌ઘાટનવિધિપૂર્વેનું એ મંગલાચરણ હતું.

એ સાંજે નેતાજીએ રેજીમેન્ટની વિધિસરની ઉદ્‌ઘાટન ક્રિયા કરી ત્યારે, જગતના ઇતિહાસમાં એક અપૂર્વ એવા પ્રસંગનું આલેખન થયું. જગતમાં, કોઇપણ ગુલામ દેશની નારીશક્તિએ, વ્યવસ્થિત લશ્કરી તાલીમ હાંસલ કરીને, દેશને ગુલામીમાંથી મુક્ત કરવાને હાથમાં હથિયારો ધારણ કર્યાનો બનાવ બન્યો નથી હિંદી નારીનું એ સદ્‌ભાગ્ય હતું કે એણે જગતને, નારીશક્તિના, રણચંડી સ્વરૂપનાં દર્શન આપ્યા.

એ છાવણીનું સુકાન કર્નલ લક્ષ્મીને સુપ્રત થયું. નેતાજીના વડપણ નીચે સ્થપાયેલી આઝાદ હિંદની કામચલાઉ સરકારના કર્નલ લક્ષ્મી એક અગ્રણી સભ્ય હતાં. એણે પોતાની શક્તિનો, બલિદાન અને સાહસનો જગતને જે પરિચય આપ્યો છે તેવો પરિચય, ભાગ્યે જ બીજી કોઈ યુવતિએ આપ્યો હશે.

બત્રીસ વર્ષની એ સૌન્દર્યમૂર્તિ લક્ષ્મી, મદ્રાસ પ્રાન્તના વતની છે. એના દેહમાં બ્રહ્માએ જાણે ખોબલે ખોબલે સૌન્દર્ય ભર્યું છે, માત્ર સૌન્દર્ય જ નહિ પણ એનાં બુદ્ધિપ્રભા અને તેજસ્વી વ્યક્તિત્વ, પ્રથમ દૃષ્ટિએ જ જોનારને ચકિત કરે તેવાં છે. એનાં નયનોમાં તેજનો ચમકાર છે. દાડમની કળી સમી સ્વચ્છ અને સફેદ દંતાવલી વચ્ચે, જ્યારે એ હાસ્યનાં મોતી વેરે છે

ત્યારે જાણે કોઈ જાદુગર પોતાની જાદુકલાનાં કામણ કરે અને સહુ મુગ્ધ બને તેમ એને જોનાર સહેજમાં આકર્ષાઈ જાય છે.

લક્ષ્મીનું જીવન સુવાસભર્યું છે. એના સહવાસમાં આવનાર હરકોઈ મીઠી સોડમ લઈને જાય છે. એનામાં સાહસ ભર્યું છે અને એના સહવાસમાં આવનાર કોઈ પણ વ્યક્તિ સાહસની માત્રા લઈને જ જાય છે.

થોડાં વર્ષો પરની વાત છે; જ્યારે લક્ષ્મીનું તારુણ્ય પ્રગટતું હતું. એના વદન પર મુગ્ધાના ભાવ છવાયા હતા. મદ્રાસના રાજમાર્ગ પરથી એક નવયૌવના, પોતાની ચોકલેટ રંગની મોટર ઝડપભેર દોડવ્યે જાય છે. એની ઝડપ વેગીલી છે. કયારેક પોલિસ એને અટકાવે છે. છતાં પણ બેપરવાઈથી એ આગળ ચાલી જાય છે. ક્યારેક એ મોટર થોભાવે છે ત્યારે પરેશાન બનેલો પોલિસ એની સમિપ આવે છે: જાણે ડરતો ડરતો; અને પૂછે છે :

'આ માર્ગ પર મોટર કેટલી સ્પીડથી ચલાવવી એ આપ નથી જાણતાં?'

'સ્પીડ!' લક્ષ્મી હસે છે અને કહે છે, 'ઝડપને તે વળી બંધન હોય ખરાં?'

'પણ અમારી મુશ્કેલીનો તો ખ્યાલ કરો?'

એને એ શબ્દો સાંભળવાની જાણે ચિંતા જ ન હોય એમ એની મોટર સડસડાટ ચાલી જાય છે. પાછળ અનિમેષ નેત્રે મોટરને જોઈ રહેલો પોલિસ બબડે છે, 'કેવી બેદરકાર?'

લક્ષ્મી: જાણે સાક્ષાત લક્ષ્મીનો જ અવતાર: એના પિતા મદ્રાસના જાણીતા બેરીસ્ટર હતા. ધીકતી કમાણી, એથીય ધીકતી પ્રતિષ્ઠા અને વૈભવ; લક્ષ્મી એ વૈભવમાં ઉછળી હતી, પણ લક્ષ્મીની ઉજ્જવળ અને યશસ્વી કારકીર્દિ નિહાળવાને તેઓ

આજે આ અવની પર મોજૂદ નથી; એની માતાનું નામ શ્રી. અમ્મુ સ્વામીનાથન. પતિના વૈભવ અને એશઆરામભર્યાં જીવનમાંથી, પીડિતોને સહાય આપવાના કાર્યમાં તેઓ લાગી ગયાં. જાહેર-જીવનનાં એમનાં વર્ષો યશોજ્જવલ કારકીર્દિભર્યાં છે. મહાસભાના વફાદાર સૈનિક તરીકે, આઝાદીની લડતમાં શ્રી. અમ્મુ સ્વામીનાથને પોતાનો ફાળો આપ્યો છે. માતાની એ બલિદાનભાવના અને સેવાભાવનાના અંકૂરો લક્ષ્મીમાં ફૂટયા અને આજે તો એક વટવૃક્ષ જેવા બની ગયા છે. પિતાની દોલત અને પ્રતિષ્ઠા સાથે જ માતાના આ સર્વોચ્ચ સંસ્કારોએ લક્ષ્મીના જીવનઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

શ્રી. અમ્મુ સ્વામીનાથને પોતાની બંને પુત્રીઓ લક્ષ્મી અને મૃણાલિનીના જીવનઘડતર પાછળ ખૂબ જ કાળજી રાખી છે. પિતાની ઉણપ પુત્રીઓને ન જણાય એની તકેદારી રાખી છે. સંગીત, નૃત્ય, ચિત્રકલાનો લક્ષ્મીને બાલપણથી જ શોખ લાગ્યો છે. એની રમતોમાં ટેનિસ મોખરે છે. બન્ને બહેનો નૃત્યકળામાં નિપૂણ છે; મદ્રાસમાં સ્વામીનાથન કુટુંબ સંસ્કારોનો વારસો સાચવી રહ્યું છે. આ કુટુંબ કલા અને સાહિત્ય, નૃત્ય અને સંગીત, ચિત્રકલા અને લલિતકલાઓમાં પૂર્ણ નિપૂણતા ધરાવે છે અને એ કુટુંબે જેમ શ્રી. અમ્મુ સ્વામીનાથનની દેશની આઝાદીની લડતમાં ભેટ ધરી છે, તેવી જ રીતે, લક્ષ્મીની પણ ભેટ ધરી છે.

પિતાનાં આદર્યાં અને અધૂરાં પૂરાં કરે તે પુત્ર. એવી કવિ ઉક્તિને જરાક ફેરવીએ અને આગળ વધીએ તો 'માતાનાં આદર્યાં, આઝાદીના યજ્ઞમાં બલિ બનીને હોમાવાને તત્પર બને એ પુત્રી' એમ કહેતું હોય તો, લક્ષ્મીના સંબંધમાં જરૂર કહી શકાય.

લક્ષ્મીનો પ્રવાસશોખ અજબનો છે. કોઈવાર જ્યારે એ મોટર ચલાવવા માંડે છે, ત્યારે કલાકો સુધી અવિરતપણે એ

ચલાવ્યા જ કરે છે. કોઈપણ જાતના નિશ્ચિત ધ્યેય વિના જ, એ સ્ટીઅરિંગ અને બ્રેક પર કાબૂ રાખીને ખાડાટેકરાવાળા રસ્તાઓ પર પણ મોટર હાંકે છે અને સીધા રસ્તા પર પણ એ જ ઝડપથી ચલાવ્યે રાખે છે.

ઘડી પહેલાં લક્ષ્મીની ચોકલેટ રંગની મોટરને કોઈ બજારમાં નિહાળી હોય તો, ઘડી પછી એ મોટરને કોઈ જંગલમાં જુઓ તો નવાઈ પામવાનું કારણ નથી. જ્યાંસુધી એ શ્રમિત ન બને, ત્યાંસુધી એ રખડયા જ કરે. એનાં રઝળપાટ અને રખડપાટને કોઈ સીમા નથી.

નિર્બંધજીવન એ એનો જીવનમંત્ર છે. મોટરની કલાકોની સફર પછી તે તરત જ ટેનિસ રમવાને પણ જાય છે. ટેનિસની રમતમાં શ્રીમતિ માલતી પટવર્ધન એની સાથીદાર હતી.

વળી બીજે દિવસે કોઈ વિશાળ વટવૃક્ષની છાયા નીચે, પોતાની સમવયસ્ક સખીઓ સાથે બુદ્ધિની તેજપ્રભાનો પરિચય આપતી ચર્ચાઓમાં ઊતરે છે, એ પોતે થીઓસોફીસ્ટ નથી પણ થીઓસોફીમાં તેને પૂરતો રસ છે, એનો જ્ઞાનભંડાર પણ એવો જ અપૂર્વ છે, નવું જાણવાનું જ્યાંથી મળે ત્યાં એ પહોંચી જતી અને પોતાના જ્ઞાનભંડારમાં નીત નવા ઉમેરા કર્યા કરતી.

જ્ઞાન અને સાહસનો સુમેળ પણ, લક્ષ્મીમાં જ થયો છે. જ્ઞાનનો ઉપયોગ કરવા સાથે, જ્ઞાનપૂર્વકનું સાહસ કરતાં પણ એ અચકાતી નથી, પરિણામે ગમે તેવા મુશ્કેલ સંજોગોમાંથી એ પોતાનો માર્ગ કરી શકે છે: નિશ્ચિત અને વિજયભર્યો.

એક પ્રસંગે લક્ષ્મી પોતાની માતા શ્રી. અમ્મુસ્વામીનાથન સાથે એક ટ્રેનના ત્રીજા વર્ગમાં પ્રવાસ કરી રહી હતી. એક સ્ટેશને ટ્રેન થોભે છે અને માતા પુત્રીને પહેલા વર્ગના ડબ્બા આગળ થોભાવીને, કહે છે ' લક્ષ્મી ! તને થીઓસોફીમાં

રસ છે ને? તેં જે. કૃષ્ણમૂર્તિનું નામ તો સાંભળ્યું જ હશે! જેને થીઓસોફીસ્ટો અવતારી પુરુષ માને છે?'

'હા! જરૂર!' લક્ષ્મીએ ઉત્સાહથી જવાબ આપ્યો.

'ત્યારે! જે. કૃષ્ણમૂર્તિ આ રહ્યા પહેલા વર્ગના ડબ્બામાં.'

'આ, કૃષ્ણમૂર્તિ?' હર્ષાવેશમાં લક્ષ્મી બોલી ઊઠી, માતાએ માત્ર હકરાત્મક શબ્દ બોલીને વિદાય લીધી. લક્ષ્મી થોડી પળો ત્યાં ઊભી રહી અને કાંઇક વિચારને અંતે એ પહેલા વર્ગના ડબ્બા તરફ ધસી ગઈ.

'જેમને વિશે અમે ઘણું ઘણું સાંભળ્યું છે તે, શ્રી. જે. કૃષ્ણમૂર્તિ આપ જ કે?' લક્ષ્મીએ શ્રી. કૃષ્ણમૂર્તિને સીધો પ્રશ્ન કર્યો.

શ્રી. કૃષ્ણમૂર્તિને ભારે આશ્ચર્ય થયું. તેમણે લક્ષ્મીની સામે જોયું અને જવાબ દીધો. 'હા બહેન! મારું નામ કૃષ્ણમૂર્તિ. કેમ?'

જવાબમાં લક્ષ્મીએ કહ્યું: 'તમારા જેવા ધર્મપ્રચારકોએ પહેલા વર્ગમાં શા માટે મુસાફરી કરવી જોઈએ? તમારે તો જનતાના સંપર્કમાં વધુને વધુ આવવું જોઇએ અને જનતા તો ત્રીજા વર્ગના ડબ્બામાં બેસે છે!'

આજ સુધી શ્રી. કૃષ્ણમૂર્તિને કોઇએ આવાં સ્પષ્ટ વેણ સંભળાવ્યાં નહતાં. સહુએ તેમની સુંવાળપને પંપાળી હતી અને જનતાથી તેઓ વધુને વધુ દૂર થતા ગયા હતા. આજે પહેલી જ વાર આ શબ્દો સાંભળવા મળ્યા અને એ શબ્દો સંભળાવનાર પણ કોણ? લક્ષ્મી! પૂરી પચ્ચીસી પણ જેણે વિતાવી નથી એવી એક કોમલાંગી!

શ્રી. કૃષ્ણમૂર્તિની વિસ્મયતાનો પાર ન હતો. થોડીક પળો એ મૌન રહ્યા. તેમણે જવાબ આપ્યો, 'તમારું કથન સંપૂર્ણ સત્ય છે; મારી જગ્યાએ તમે આવી જાવ, બહેન, તમારી જગ્યાએ હું જઇને બેસું.'

પણ એને ક્યાં પહેલા વર્ગમાં બેસવું હતું? એ તો ઝડપથી ચાલતી થઇ.

આવી ચબરાક બાળાને બંધન શાને ગમે? મુક્ત વાતાવરણ, મુક્ત જીવન અને મુક્ત વિચારણામાં જ એ રાચતી હતી. એના જીવનનું ઘડતર પણ એવા જ મુક્ત વાતાવરણમાં થઇ રહ્યું હતું જીવન પ્રત્યેની બેપરવાઈ, એના સાહસિક સ્વભાવનું પરિણામ હોય એમ જણાય છે. ક્યારેય એણે જીવનની પરવા રાખી જ નથી. એટલે તો એ સંકટો અને આફતોને સહજભાવે સ્વીકારીને આગળ વધે છે.

એક વખત પૂર ઝડપે એ મોટર હાંકતી હતી. એની મોટરને ઝડપનાં બંધન તો હતાં જ નહિ અને સીધા સપાટ રસ્તા પર ચલાવવા કરતાં ખાડા ટેકરાવાળા રસ્તા પર જ મોટર ચલાવવામાં એને મજા પડતી હતી. એ મજા લુંટવા જતાં એકાએક મોટરને અકસ્માત નડયો અને મોટર ઊંધી વળી ગઇ. સામાન્ય માનવી આવા અકસ્માતમાં પોતાના મગજની સમતુલા ગુમાવી બેસે છે અને પરિણામે અકસ્માતને વધુ ગંભીર બનાવે છે, ત્યારે લક્ષ્મીએ મક્કમતાથી, પરિસ્થિતિનો સામનો કર્યો, જરા પણ ગભરાટ વિના એ બહાર આવી અને જાણે કાંઇ જ બન્યું નહોય એવી બેપરવાઇથી એ ચાલતી થઈ, ને રોજના જેટલી જ સ્વસ્થતાથી ટેનિસની રમતમાં તલ્લીન બની ગઈ.

સૌન્દર્ય જેના દેહ પર પૂર્ણપણે વિકસી રહ્યું છે, યૌવન જેના અંગે અંગે ડોકિયા કરી રહ્યું છે, એવી રૂપગર્વિતા સમી આ બહાદુર બાળાને ઇન્ટરમાં ઉત્તિર્ણ થયા પછી અનેક યુવાનો પોતાની જીવનસંગિની બનાવવાને તલસતા હતા. કેટલાય સનંદી નોકરો તેને પ્રાપ્ત કરવાને આતુર હતા, પણ લક્ષ્મીનું દિલ તેઓ કોઈ જીતી શકયા ન હતા. લક્ષ્મીની માતા પોતાનાં સંતાનોના લગ્નના સંબંધમાં કોઈ જૂનવાણી ખ્યાલ ધરાવતાં નથી. પુત્રીઓને પોતાને જ, તેમનો પતિ પ્રાપ્ત કરી લેવાની અને તેની પરીક્ષા કરવાની છૂટ હતી: એટલે મોટી પુત્રી મૃણાલિનીએ તો પોતાના પતિની પસંદગી કરી લીધી હતી. લક્ષ્મીને પણ તેમ કરવાની છૂટ હતી. એટલે તેને પામવાને, ભિન્ન ભિન્ન યુવાનો એની પાછળ ઘૂમતા. એમાં એની કોલેજના પ્રોફેસર પણ હતા. લક્ષ્મીને પામીને જીવન ધન્ય બનાવવાને તેઓ ઉત્સુક હતા.

લક્ષ્મી લગ્નબંધનમાં જકડાઈ જવાને તૈયાર નહતી. એના દિલને જીતી લે તેવો કોઈ યુવાન હજી એને પ્રાપ્ત થયો નથી એટલે એણે તો વધુ અભ્યાસ ચાલુ રાખ્યો અને મેડિકલ કોલેજમાં દાખલ થઈ. કોલેજનો અભ્યાસ આગળ વધતો હતો ત્યાં એના દિલ પર ચોટ લાગી. એની હૃદયવીણાના તાર પર એક યુવાન વિમાનીની અંગુલિનો સ્પર્શ થયો અને લક્ષ્મીની હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠયા, પ્રેમ જાગૃત થયો. એ બેંગલોરનો યુવાન હતો. લક્ષ્મી પ્રત્યે એ આકર્ષાયો હતો અને તેને પામવાની જે સ્પર્ધા થઈ રહી હતી તેમાં એ વિજય પામ્યો.

લક્ષ્મીનો પ્રવાસ શોખ તો કોઇ ગજબનો હતો, અત્યાર સુધી તેણે મોટર દ્વારા, ટ્રેન દ્વારા ખૂબ પ્રવાસ ખેડયો હતો, પણ આ યુવાન વિમાનીએ તેને વિમાનના પ્રવાસ તરફ આકર્ષી.

'તને વિમાની પ્રવાસનો શોખ ખરો કે?' એકદા એ યુવાને લક્ષ્મીને પૂછયું.

'પ્રવાસનો શોખ તો ખરો જ!' તેણે ગર્વથી જવાબ દીધો.

'મારું નિમંત્રણ છે, ઉડ્ડયન માટેનું! તૈયાર રહેજે કાલ સવારે જ ઉડવાનું છે.' વિમાનીએ નિમંત્રણ દીધું.

ને લક્ષ્મી તો તૈયાર જ હતી.

પહેલી જ વાર એણે વિમાનનો પ્રવાસ ખેડયો. એના આનંદનો પાર ન હતો, એની કુતૂહલતાનો પાર નહતો.

ત્યારપછી તો લક્ષ્મીને એણે ખૂબ વિમાની પ્રવાસો ખેડાવ્યા અને ધીમેધીમે લક્ષ્મીના હૈયામાં એ યુવાન પ્રત્યેના પ્રણય અંકૂરો ફૂટતા ગયા.

લક્ષ્મીએ તેને પોતાના પતિપદે સ્થાપ્યો. સિવિલ કાયદા મુજબ બંને લગ્નગ્રંથીથી ગૂંથાયાં. ત્યારે કાંઈકાંઇ કલ્પનામાં રમતા યુવાનોમાં ભારે આશ્ચર્ય પેદા થયું. લક્ષ્મીની માતાને મન એ પ્રશ્ન આશ્ચર્યનો ન હતો, પણ લક્ષ્મી કયા પુરુષનો સ્વીકાર કરશે એ વિશે જે અટકળો થઇ રહી હતી તે ખોટી પડી. એના પતિનું નામ નન્જુ નંદીરાવ!

પણ અત્યારસુધી જેણે નિષ્ફળતાને જીવનમાં કદિય પહેચાની નથી એવી લક્ષ્મીને પહેલી જ વાર નિષ્ફળતા મળી. જીવનની ભવ્ય કલ્પનાની પાંખે ઉડ્ડયન કરતાં આ યુગલને લગ્નજીવનનો આનંદ વધુ સમય માટે મળી શકયો નહિ. થોડાક સમય પછી

તરત જ લક્ષ્મીએ પોતાના પ્રીતિપાત્ર નજીણુ નંદીરાવ પાસેથી છૂટા-છેડા લીધા. જેટલી ઝડપથી બંને વચ્ચે પ્રણયના અંકૂરો ફૂટયા હતા, એટલી જ ઝડપથી સૂકાઈ ગયા. લગ્નજીવનની એ કરુણતા હતી, પણ લક્ષ્મી હતાશ થઇ નહતી.

થોડા દિવસોમાં જ એના સૂકાઇ ગયેલાં પ્રેમઝરણાં પુનઃ વહેતાં થયાં અને મદ્રાસ મેડિકલ કોલેજના એના જૂના વર્ગશિક્ષક મિ. અબ્રહામ નામના એક સિરિયન ક્રિશ્ચિયન સાથે ફરીને એણે લગ્ન કર્યાં.

૧૯૩૭માં તે મેડિસિન અને સર્જરીની ગ્રેજ્યુએટ થઈ અને તરત જ તબીબી તરીકેની પ્રેક્ટિસ શરૂ કરી. ધીમે ધીમે એની પ્રેક્ટિસ વધતી જતી હતી, પણ એના સ્વભાવમાં જ સ્થિરતા ન હતી. જ્યાં એની પ્રેક્ટિસ હવે ધીકતી થવાની તૈયારીમાં હતી ત્યાં એનું દિલ ઊઠયું.

'બસ ચલો સિંગાપુરના પ્રવાસે!' અને એકવાર લક્ષ્મીએ નિશ્ચય કર્યો કે, પછી એને બદલી શકવાની તાકાત કોનામાં હોય? માતાએ તો કયારેય એના માર્ગમાં આડખીલી નાંખી જ નહતી.

૧૯૪૦માં તે પોતાના પતિ સાથે સીંગાપોર ગઈ અને સીંગાપોર એને ગમી ગયું, તેને જ એણે નિવાસસ્થાન તરીકે પસંદ કર્યું.

લક્ષ્મીને પાછા ફરવાને તેની માતા સતત્ આગ્રહ કરતી હતી. માતૃહૃદય પુત્રીનાં દર્શન માટે ઝંખતું હતું, પણ લક્ષ્મી પાછી ફરવાને તૈયાર ન હતી. એણે તો સીંગાપોરમાં જ પ્રેક્ટિસ

શરૂ કરી અને સફળતા એને શોધતી આવી. સાહસિક વૃત્તિની લક્ષ્મી, માતાના સતત્ આગ્રહ અને માતૃપ્રેમને પણ નમી નહિ.

દરમિયાન વિશ્વયુદ્ધની જ્વાળાઓ સહસ્રધા બનીને વિકસી રહી હતી. હિંદમાં પણ મહાત્માજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો હતો. પરદેશમાં વસતા હિંદીઓનાં હૈયાં પણ માતૃભૂમિ હિંદની આઝાદી માટે ઝંખતાં હતાં. સીંગાપોરના હિંદીઓ પણ જાગ્રત થયા હતા. મલાયામાં વસતી હિંદી સ્ત્રીઓ એ પ્રવૃત્તિને પોષતી હતી. શ્રીમતિ ચેચાદેવી આ પ્રવૃત્તિનાં પ્રાણ હતાં. તેઓ ત્રીચૂરનાં વતની હોવા છતાં પણ વર્ષો થયા સીંગાપોરને જ પોતાનું વતન બનાવીને રહ્યાં હતાં. એમ. એ. સુધીનો તેમનો અભ્યાસ અને હિંદની આઝાદીની લડતના આંદોલનોએ તેમના પર જે જબ્બર અસર કરેલી તેના પરિણામે સીંગાપોરમાં પણ તેમણે સ્ત્રીઓને સંગઠીત કરવાની, સ્ત્રીઓના પ્રાણને જાગ્રત કરવાની પ્રવૃત્તિ ઉપાડી લીધી. તેમણે ‘લોટસ કલબ’ નામની સંસ્થાની સ્થાપના કરી.

બીજી બહેનો શ્રીમતિ રાઘવન, શ્રીમતિ ગોહો અને શ્રીમતિ નઝાગીની સાથે લક્ષ્મીનો સંપર્ક વધતો ગયો, અને તેના સાહસિક દિલમાં માતાએ સીંચેલા હિંદની આઝાદીના અંકૂરો વિકાસ પામવા લાગ્યા. ‘લોટસ કલબ’ દ્વારા હિંદી સ્ત્રીઓને સંગઠીત કરવામાં લક્ષ્મીએ અગત્યનો ફાળો આપ્યો છે.

દરમિયાન યુદ્ધનો દાવાનળ પૂર્વ એશિયામાં પણ ભભૂકી ઊઠયો. જાપાને જંગમાં ઝુકાવ્યું અને એનો પગદંડો પૂર્વ એશિયાના એક પછી એક દેશોમાં જામતો ગયો. સીંગાપોર પણ જાપાનનો કબજો જામ્યો, ત્યારે હિંદીઓમાં ગભરાટ વ્યાપી

રહ્યો હતો. નાસભાગ થઈ રહી હતી. ત્યારે હિંદીઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવવાના કાર્યમાં લક્ષ્મી રોકાઈ ગઈ હતીઃ લક્ષ્મીએ આફતોનો શાંત ચિત્તે પરિસ્થિતિનો સામનો કર્યો. સીંગાપોરના હિંદીઓમાં આત્મવિશ્વાસ પ્રગટ્યોઃ

આમ છતાં પણ જ્યારે જાપાન રેડિયોએ જગતને આઝાદ હિંદ સરકારની રચનાની જાણ કરી, ત્યારે જ લક્ષ્મી વિશે જગતને જાણ થઈ. હિંદીઓને પણ ત્યારે જ તેના વિશે સહેજ ઝાંખી થઇ.

નેતાજીના સીંગાપોરના આગમન સાથે જ, સીંગાપોરના જ નહિ પણ પૂર્વ એશિયાના હિંદીઓમાં ત્યારે ઉત્સાહ પ્રગટ્યો હતો. સીંગાપોરમાં સ્ત્રીઓની વ્યવસ્થિત કાર્યશક્તિનાં તેમને જે દર્શન થયાં અને ત્યાં જ એમને લક્ષ્મીનો પણ પરિચય થયો અને લક્ષ્મીને, નેતાજીએ આઝાદ હિંદની કામચલાઉ સરકારમાં મહત્ત્વનું સ્થાન આપીને, હિંદની આઝાદીની લડતમાં હિંદી વીરાંગનાઓ પણ મહત્ત્વનો ફાળો આપી રહી છે એની જગતને જાણ કરી.

નેતાજીની પ્રેરણા હેઠળ, લક્ષ્મીની વ્યવસ્થાશક્તિએ પૂર્વ-એશિયાની સ્ત્રીઓમાં અદ્દભૂત જાગ્રતિ આવી. શસ્ત્રનું નામ સાંભળીને જે ધ્રૂજી ઊઠે એવી હિંદી નારીઓ, લક્ષ્મીના નેતૃત્વ હેઠળ, ઘરબાર છોડીને, સંસારની માયા અને મમતા છોડી દઈને, હાથમાં હથિયાર પકડીને રણમેદાન પર ધસી જવાને તત્પર બની. તાલિમ છાવણીઓનાં સંકટો બરદાસ કર્યાં અને પોતાના ખૂનથી પોતાના જ મૃત્યુખત પર સહીઓ મૂકી. હિંદની નારી, નેતાજીની પ્રેરણા અને લક્ષ્મીની દોરવણીએ વધુ જાગ્રત બની હતી.

ઝાંસીની રાણી રેજીમેન્ટનાં કેપ્ટન તરીકે પૂર્વ એશિયામાં લક્ષ્મીએ ત્યાગ, શૌર્ય અને બલિદાનનો ભવ્ય ઇતિહાસ સર્જ્યો છે.

મોલ્મીનં આગળ આ રેજીમેન્ટે જગતના ઇતિહાસમાં કવચિત જ જોવા મળે તેવો ભવ્ય સંગ્રામ ખેલ્યો છે. પોતાનાથી બઢતી તાકાત ધરાવતી મિત્રફોજોને, એકલી રાયફલ અને ગોળીઓથી સોળસોળ કલાક સુધી જંગ આપીને જ્યાંસુધી ઊભવાની હામ હતી, ત્યાંસુધી મિત્ર સૈનિકોને આગળ વધતી અટકાવી. હિંદને માટે એ ગૌરવભર્યો બનાવ છે. એ રેજીમેન્ટને 'ઝાંસીની રાણી'નું નામ આપવામાં આવ્યું હતું. એ ઝાંસીની રાણીના વીરત્વનું પ્રતિક આ ટુકડીએ પૂરું પાડયું છે. રંગુનમાં સ્ત્રીઓની એક જંગી સભા મળી છે. નેતાજી સુભાષ બોઝ સ્ત્રીઓ સમક્ષ પ્રવચન કરવાના છે. સ્ત્રીઓની ઠઠ અપૂર્વ જામી છે. એકલી હિંદી સ્ત્રીઓ જ નહિ પણ બર્મિઝ સ્ત્રીઓ પણ મોજૂદ છે. આવી સભાઓમાં માંત્ર હિંદીઓ જ નહિ પણ બર્મિઝો અને જાપાનીઓ પણ હાજરી આપતા હતા. સ્ત્રીઓની સભામાં પણ બર્મિઝ સ્ત્રીઓ આવે છે. નેતાજીની પ્રેરકવાણીનાં પાન કરે છે. નેતાજી પ્રત્યેનો ભકિતભાવ વ્યકત કરે છે. ત્યારે નેતાજીનો પ્રાણ લેવાનો એક પ્રયાસ થાય છે. બર્મિઝ સ્ત્રીઓને રીવોલ્વર આપવામાં આવે છે. નેતાજી વ્યાખ્યાન આપવામાં મશગુલ હોય, ત્યારે ઠાર કરવાની સૂચના અપાય છે.

નેતાજી વ્યાખ્યાન આપી રહ્યા છે ત્યારે એ બર્મિઝ સ્ત્રીઓ નેતાજીને ઠાર કરવાને ઉત્સુક બને છે ત્યાં લક્ષ્મીની શિકારી

નજર તેના પર પડે છે. તરત જ ત્યાં ધસી જાય છે. એ શક-મંદ હિલચાલ કરતી બર્મિઝ સ્ત્રીઓની ઝડતીઓ લેવાય છે પણ કાંઈ મળતું નથી.

છતાં લક્ષ્મીને સંતોષ નથી. એની શિકારી દૃષ્ટિ તેના દેહ પર પડે છે અને કેશકલાપમાં કાંઈક છુપાયેલું જણાય છે. સાવધ બનીને કેશકલાપની ઝડતી કરે છે. રીવોલ્વર મળે છે. સભા આખી ચકિત થઈ જાય છે. નેતાજીનો જાન લેવાનો પ્રયાસ આમ લક્ષ્મીની ચકોર દૃષ્ટિ અને સાહસથી નિષ્ફળ જાય છે.

પરન્તુ આઝાદી માટેનો આ જંગ નિષ્ફળતા પામતો હતો. વિધાતા જ જાણે એ જંગની વિરુદ્ધ હતી. આથી નેતાજીને અને આઝાદ હિંદ સરકારને રંગુન ખાલી કરવું પડયું અને રંગુનનું રક્ષણ કરનાર આઝાદ ફોજે શરણાગતિ સ્વીકારી ત્યારે કર્નલ લક્ષ્મી કાલ્વાની હોસ્પિટલમાં ઘાયલ થયેલા આઝાદ હિંદ ફોજના સૈનિકોની સારવારમાં હતાં. ત્યાંથી રંગુન આવીને તેણે ફરીને તબીબી પ્રેક્ટિસ શરૂ કરી, એની સાથે જ પોતાના બિરાદર આઝાદ સૈનિકોની સેવા કરવાનું પણ ચાલુ રાખ્યું હતું.

હવે તો, પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ હતી. 'જયહિંદ'ના અવાજોથી રંગુનની શેરીઓ એક વખત ગાજતી હતી, આઝાદ હિંદ ફોજના સૈનિકોની શાનદાર કૂચ જે રંગુનના રાજમાર્ગો પર ભવ્ય દૃશ્ય બની ગઇ હતી, એ રંગુનમાં ફરકતો આઝાદ હિંદ સરકારનો ત્રિરંગી ઝંડો અદૃશ્ય થયો હતો. મિત્ર ફોજોની હકુમત સ્થપાઇ હતી અને આઝાદ હિંદ ફોજનાં સૈનિકો પ્રત્યે કિન્નાખોરી ભર્યું વર્તન ચાલતું હતું.

ભયનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. એ સ્થીતિમાં પણ એકલે હાથે લક્ષ્મી પોતાનાથી બને તેટલું કાંઇક કરી છુટવા માંગતી હતી. એ દિવસોમાં જ ગાંધીજયંતી આવી અને આઝાદ હિંદ સરકારે ઉજવેલી ભવ્ય અને શાનદાર ગાંધીજયંતીની યાદ લક્ષ્મીને તાજી થઇ. લક્ષ્મીની દોરવણી હેઠળ ગાંધીજયંતીની એવી ભવ્ય ઉજવણી થઇ, લક્ષ્મીએ એ પ્રસંગે ટૂંકું પણ પ્રેરક વ્યાખ્યાન આપ્યું.

આ બનાવે મિત્ર લશ્કરી સત્તાવાળાઓની આંખ લાલ બની. હજી ગાંધીજયંતીની ઉજવણી પ્રત્યેનો રોષ ઓછો થયો નથી, ત્યાં ત્રણ અઠવાડિયા પછી આઝાદ હિંદ સરકારની સ્થાપનાનો દિન આવ્યો. લક્ષ્મી, આઝાદ હિંદ સરકારનાં એક પ્રધાન રંગુનમાં મોજૂદ હતાં, એ દિનની ઉજવણીમાં તેણે અગ્ર ભાગ ભજવ્યો. પોતાના કર્નલના ગણ વેશમાં સજ્જ થઇને તેણે સભામાં હાજરી આપી. આ બનાવથી લશ્કરી સત્તાવાળાઓનો રોષ વધ્યો અને લક્ષ્મી આંખના કણાની માફક ખૂંચવા લાગી.

વધુ થોડા દિવસ ગયા અને લશ્કરી સત્તાવાળાઓને અકળાવે તેવો એક બનાવ બન્યો, દિલ્હીના લાલ કિલ્લામાં આઝાદ હિંદ ફોજના ત્રણ અફસરો કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન સહગલ અને કેપ્ટન ધીલાં સામેનો મુકદ્દમો શરૂ થયો હતો, તેના વિરોધમાં રંગુનમાં એક સભા મળી હતી, આ સભામાં આઝાદ હિંદના સૈનિકો અને હિંદીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ડૉ. લક્ષ્મી પણ મોજૂદ હતી.

હવે ડૉ. લક્ષ્મીને રંગુનમાં વધુ વખત રાખવાને લશ્કરી સત્તાવાળાઓ તૈયાર ન હતા. રંગુનની જાગ્રતિ પાછળ લક્ષ્મીની પ્રેરણા હોવાનો તેમને શક હતો. બે ત્રણ દિવસ પછી જ ડૉ.

લક્ષ્મી પર બર્મા સંરક્ષણ ધારા હેઠળ એક નોટિસ બજાવવામાં આવી. તેમને રંગુન છોડીને કાલ્વો ચાલ્યા જવાનું ફરમાન હતું. પણ ડૉ. લક્ષ્મીએ ફરમાનને પડકાર દીધો. 'જો મને રંગુનમાંથી દૂર કરવી હોય તો, જગતના બીજા કોઇ પણ પ્રદેશ કરતાં હું મારી માતૃભૂમિમાં જ જવાનું વધુ પસંદ કરું છું.'

એના જવાબમાં ડૉ. લક્ષ્મીને બીજે દિવસે એક વધુ નોટિસ મળી અને એ જ દિવસે સવારે તો, ડૉ. લક્ષ્મીના મકાન પાસે એક લશ્કરી લોરી આવીને ખડી થઇ; ડૉ. લક્ષ્મીના વિરોધ છતાં તેને બળજબરીથી ઉઠાવીને લોરીમાં નાંખવામાં આવી અને નજીકના વિમાની મથકે મૂકી દેવામાં આવી થોડીક પળો પછી એને એક વિમાનમાં ઉપાડવામાં આવી. ત્રણસો માઇલનો પ્રવાસ કર્યા પછી વિમાન મીકતીલા જઇ પહોંચ્યું. લક્ષ્મીને ત્યાં ઉતારવામાં આવી, એને લઈ જવાને ત્યાં મોટર તૈયાર હતી. સો માઇલના મોટરના પ્રવાસ પછી તેને કાલ્વા ખાતે લઇ જવામાં આવી.

લક્ષ્મીને રંગુનમાંની પ્રવૃત્તિઓથી ગમે ત્યારે પણ પોતાની પર લશ્કરી સત્તાવાળાઓની ખફગી ઉતરશે જ એવો ભય તો પહેલાંથી હતો જ. એટલે આઝાદ હિંદ ફોજમાંના પોતાના મિત્રોને જ્યારે છેલ્લી મળી, ત્યારે પોતાની પાસેની હીરામાણેક-જડિત વીંટી સ્મરણચિહ્ન તરીકે આપી હતી.

વિદાય થવાની આગલી રાત્રે મિત્રોએ પ્રશ્ન કર્યો, 'હવે આપણે પાછાં ક્યારે મળશું ?

એ પ્રશ્ને લક્ષ્મીના ગળામાં ડૂમો ભરાઇ આવ્યો. જે મિત્રો સાથે મળીને હિંદને આઝાદ કરવા માટે જંગ ખેલી રહ્યાં હતાં,

એ મિત્રો પાસેથી ફરજીઆત વિદેશી હકુમત થોડા કલાક પછી પોતાને ઉઠાની જવાની હતી. એનું ભાન થતાં એની આંખોમાંથી અશ્રુબિન્દુ સરી પડયાં, છતાં ધીમા સ્વરે, સ્વસ્થતા ધારણ કરતાં લક્ષ્મીએ જવાબ દીધો, 'કદાચ મળશું. સ્વતંત્ર હિંદમાં કોઇક દિવસ.'

બીજે દિવસે લશ્કરી લોરી જ્યારે તેના મકાન પાસે આવીને ઊભી રહી અને લક્ષ્મીને લોરી સમક્ષ લાવવામાં આવી, ત્યારે એક અફસરે પ્રશ્ન કર્યો. 'કદાચ હું તમને મોરચા પર મળ્યો હોત તો ?'

'તો શું ? હું મારી ગોળીથી તમને વિંધી નાંખત.' એવા જ જુસ્સાથી લક્ષ્મીએ જવાબ દીધો.

પરિસ્થિતિ ધીમે ધીમે સુધરતી જતી હતી અને હિંદનો અસંતોષ દૂર કરવાનો પ્રયાસ જ્યારે બ્રિટિશ સત્તાવાળાઓ કરી રહ્યા હતા, ત્યારે લાલ કિલ્લાના મુકદ્દમાએ હિંદી પ્રજાને જાગૃત બનાવી. એ બહાદુર અફસરોને મુકત કરવા પડયા અને ધીમે ધીમે આઝાદ હિંદ ફોજના સૈનિકોનો પણ છુટકારો થતો ગયો. બર્મામાં પડેલા આઝાદ ફોજના અફસરોને હિંદ પાછા લાવવામાં આવતા હતા, તેમની સામેના અંતરાયો દૂર થઇ રહ્યા હતા. છતાં લક્ષ્મીને હિંદ લાવવા માટેના કોઇ ચક્રો ગતિમાન બન્યાં ન હતાં. માદરે વતનથી સેંકડો માઇલ દૂર પડેલી આ બહાદુર બાળા હિંદ આવવાને અધિરી બની હતી, પણ સ્વમાનનો ભંગ કરીને અથવા તો પ્રતિબંધોના બંધનમાં જકડાઇને હિંદ પાછા ફરવા તૈયાર નહતી.

હિંદમાં જબરો ઉહાપોહ જાગ્યો હતો. હિંદના ખૂણે ખૂણેથી અવાજ ઊઠતો હતો: 'લક્ષ્મીને હિંદ આવવા દો.' અને

એ અવાજની સત્તાવાળાઓ પર અસર થઇ. એક દિવસ લક્ષ્મીને લઇને એક વિમાન કલકત્તાના વિમાનઘર પર ઊતર્યું, ગણવેશમાં સજ્જ થયેલી લક્ષ્મીએ વિમાનમાંથી ઉતરતાં જ 'જય હિન્દ'નો ઉચ્ચાર કર્યો અને સીધા નેતાજીના નિવાસસ્થાને જઇને નેતાજીની તસ્વીરને સલામી આપી, ત્યાંથી સીધી જ પોતાની માતા શ્રી. અમ્મુ સ્વામીનાનથને મળવા દિલ્હી પહોંચી ગઇ.

લક્ષ્મી ભાષણોમાં માનતી નથી. ક્યારે ય એણે વ્યાખ્યાનો આપ્યાં નથી. મૂંગા મૂંગા એણે કાર્ય જ કર્યું છે. એ કાર્યમાં માને છે, હિંદમાં જ્યારે અખબારોએ તેનો પીછો પકડયો, ત્યારે એણે માત્ર એટલું જ કહ્યું હતું કે 'હું તો નેતાજીની એક અદના સૈનિક છું. નેતાજી સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા હજીય મારા માટે કાયમ છે. આઝાદીની લડતમાં હું મારો હિસ્સો આપીશ.'


હિંદમાં આવ્યા પછી લક્ષ્મીના બીજા પતિ વિષે કાંઇ જ જાણવા મળ્યું નથી. સીંગાપોરમાં પણ તેનો પતિ તેની સાથે જ હતો કે કેમ એ પણ જણાયું નથી, પણ હિંદમાં આવ્યા પછી કેપ્ટન સહગલ સાથે તેનાં લગ્ન થવાનાં છે એવી અફવાએ જોર પકડયું, ત્યારે લક્ષ્મીએ માત્ર તેની ઉપેક્ષા જ કરી હતી.

હિંદની સપૂત નારીની આ એક ઉજ્જવલ કથા છે.

[ ૫ ] 

## શ્રી. એસ. એ. આયર

[પ્રચારમંત્રીઃ આઝાદ હિંદ સરકાર]



વિનાશની પ્રચંડ સામગ્રી ધરાવતા હોવા છતાં, પ્રલય સર્જવાને ઉત્સુક એવી પ્રચંડ માનવ તાકાત મોજૂદ હોવા છતાં, વિજય પ્રાપ્ત કરવાને, પોતે જે વિનાશની ભેટ આપી રહ્યો છે એ ભેટ આપવાને તે હક્કદાર છે એમ સમજાવવાને માટે, પ્રચારકલાની આવશ્યકતા, જગતના હરકોઇ માંધાતાને, હરકોઇ સામ્રાજ્યને, ગમે તેવી બલિષ્ઠ તાકાતને, પણ સ્વીકારવી પડી છે. વિજ્ઞાને જેમ સંહારક શક્તિના નવાં નવાં આયુધો જગતને આપ્યાં તેમ પ્રચારકલાએ, જુઠાણાંઓ, ભયંકર જુઠાણાંઓ અને એ જુઠાણાંઓ દ્વારા, અસત્યને પણ મહા સત્ય તરીકે ઠસાવી દેવાની શક્તિ આપી છે.

યુદ્ધમાં વિજેતા થવાને, દુશ્મન પ્રજાના નૈતિક બળને તોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. ગઇકાલ સુધી જેઓ જે પ્રજાની, જે રાષ્ટ્રની અને જે રાષ્ટ્રના અધિકારીઓની કદમબોશી કરવામાં ગૌરવ માનતા હોય, તેઓ બીજે દિવસે એ પ્રજા, એ રાષ્ટ્ર અને એ રાષ્ટ્રના અધિકારીઓની ભયંકરમાં ભયંકર નાલેશી કરીને, જગતનો પ્રજામત પોતાને પક્ષે ખેંચવાનો પ્રયાસ કરવામાં ગૌરવ લે છે. જગતમાં આજે પ્રચાર કલાને હસ્તગત કરવાની સ્પર્ધા જાગી છે. કોણ વધુ ભયંકર અસત્યોને સત્ય તરીકે ઠસાવીને પ્રજાના જુસ્સાને જાગ્રત કરી શકે છે, એ આજના યુગમાં અગત્યની વસ્તુ થઇ પડી છે.

હમણાં જ પૂરા થયેલા વિશ્વવિગ્રહમાં આ પ્રચારકલાએ ઓછો ભાગ ભજવ્યો નથી, પ્રજાના નૈતિક બળને ટકાવી રાખવાને અને હિટલર ને તેના સાથીદારો પ્રત્યે પ્રજાના દિલમાં નફરત જાગે, ધિક્કારની લાગણી જન્મે એવી જાતનો પ્રચાર આપણે જોયો છે. નાઝીઓને આપણા પૂરાણા કાળના લોહી તરસ્યા રાક્ષસો કરતાં પણ વધુ ભયંકર રીતે આપણી સમક્ષ ચીતરવામાં આવ્યા હતા, એ નાઝીઓ પ્રત્યે, યુદ્ધ પહેલાં બ્રિટન કેવું વલણ ધરાવતું હતું એ તો સૌ કોઈ જાણે છે.

જેમ આપણે ત્યાં હિટલર વિરુદ્ધનો પ્રચાર હતો, તેવી જ રીતે હિટલરના દેશોમાં બ્રિટન અને તેના સાથીદારો વિરુદ્ધ પણ એવો જ પ્રચાર ચાલતો હતો. જૂઠાને વધુ પ્રચારની જરૂર છે એવી એક લોકોકિત આપણે ત્યાં પ્રચલિત છે, અને એના સમર્થનમાં આજની પ્રચારકલાને સહેજે રજૂ કરી શકાય.

પરન્તુ આપણે દૂરની વાત ન કરીએ અને આપણા જ સામ્યવાદી બિરાદરોએ યુદ્ધકાળ દરમિયાન નેતાજી વિરુદ્ધ જે પ્રચાર કર્યો હતો, તેને જ યાદ કરીએ તો આપણને જણાશે કે પ્રચાર

જ્યારે ઝનુની બને છે ત્યારે તેમાં ઝેર ભળે છે. એ ઝેર પ્રજાના માનસને વિકૃત બનાવે છે. એની તુલનાશક્તિ, ન્યાયબુદ્ધિનો હ્રાસ કરે છે.

ત્યારે એથી ઉલટું જ ચિત્ર આપણને નેતાજી અને તેમની આઝાદ હિંદ સરકાર પૂરું પાડે છે. આઝાદ હિંદ સરકારના પ્રચાર ખાતાએ પ્રજાને અસત્યોની ભ્રમણાજાળમાં કદિ ય ફસાવી નથી. કદિ ય ઇરાદાપૂર્વકનાં જુઠાણાંઓ ઊભાં કર્યાં નથી. બ્રિટન પ્રત્યે વૈર હોવા છતાં, હિંદમાંના તેના ૧૫૦ વર્ષના વહિવટને નામે ઇરાદાપૂર્વકની કપોલકલ્પિત વિગતો રજૂ કરીને પૂર્વ એશિયાવાસી હિંદીઓનો સાથ તેમણે મેળવ્યો નથી. એમ આપણી સમક્ષ જે માહિતીઓ ઉપલબ્ધ છે તે પરથી આપણે કહી શકીએ.

જગતના તમામ બળવાન રાષ્ટ્રોને જો પ્રચાર ખાતાની જરૂર હોય તો, નેતાજી અને તેમની આઝાદ હિન્દ સરકારને પ્રચાર ખાતાની જરૂર તો વિશેષ જ હોય. હિંદીઓને જાગ્રત કરવાનું, તેમનામાં આત્મભાન પ્રગટાવવાનું અને તેમને સર્વસ્વનું બલિદાન આપવાને તૈયાર કરવાનું કાર્ય કઠિન હતું.

પૂર્વ એશિયામાંના લગભગ ત્રીસ લાખ જેટલા હિંદીઓ જેઓ પોતાની માતૃભૂમિથી વર્ષો થયા દૂર પડયા હતા. જેમને મન ધનોપાર્જન સિવાય બીજી કોઈ વસ્તુ મહત્ત્વની ન હતી અને જેઓને પોતાના દેશમાં વસતા, પોતાના બાંધવોને માથે તપતા બ્રિટિશ સામ્રાજ્યની ગુલામી કેવી કઠી રહી છે તેનો સંપૂર્ણ ખ્યાલ ન હતો, એવા એક વિશાળ સમુહ સમક્ષ નેતાજીની તેજસ્વી બાનીને, નેતાજીનાં તેજસ્વી પ્રવચનોને, નેતાજીના અદમ્ય ઉત્સાહને, પ્રચારની જરૂર હતી. નેતાજીનો અવાજ પ્રત્યેક હિંદીના હૈયાને સ્પર્શી જવો જોઈએ. એ વિના નેતાજીએ આટલી સિદ્ધિ પ્રાપ્ત કરી ન હોત.

જેમ નેતાજીનો હેતુ શુદ્ધ હતો, પ્રમાણિક હતો, તેમ આઝાદ સરકારનો પ્રચાર પણ શુદ્ધ હતો, પ્રામાણિક હતો.

એ પ્રચાર ખાતાના વડા હતા. શ્રી. એસ. એ. આયર; નેતાજીની આઝાદ હિંદ સરકારમાં તેઓ પ્રચારમંત્રીનું માનનીય સ્થાન ધરાવતા હતા.

૪૭ વર્ષનો ઊંચો, પાતળો, બ્રાહ્મણ, આઝાદ હિંદ ફોજના ત્રણ સેનાપતિઓ કર્નલ શાહનવાઝ, કર્નલ સહગલ અને કર્નલ ધીલોન સામે મૂકાયેલા ગંભીર આરોપોનો મુકદ્દમો ચલાવવા દિલ્હીના લાલ કિલ્લામાં બેઠેલી લશ્કરી અદાલત સમક્ષ બચાવ-પક્ષના સાક્ષી તરીકે ઊભો થાય છે અને એ અદાલત સમક્ષ બુલંદ અવાજે કહે છે: 'ના, આઝાદ હિંદ સરકાર એ જાપાનના હાથમાં રમતું કોઈ રમકડું ન હતી. આઝાદ હિંદ ફોજ જાપાનના મનસુબાની સિદ્ધિ અર્થે ઊભી થઈ ન હતી. એ તો સંપૂર્ણ રીતે સ્વયંસેવકોનું દળ હતી.'

આઝાદ ફોજ અને આઝાદ હિંદ સરકારને, જાપાન પક્ષીય ગણીને જગત સમક્ષ બદનામ કરવા માટે જે વ્યવસ્થિત પ્રચાર ચાલ્યો હતો. જેને માટે જંગી ખર્ચ કરવામાં આવ્યો હતો, એ પ્રચાર પૂરવાર કરવાને એકમાત્ર સાક્ષી તરીકે શ્રી. આયરની પસંદગી કરવામાં આવી હતી, પણ શ્રી. આયરની જુબાનીએ સરકાર પક્ષને મૂંઝવણમાં મૂકી દીધો.

શ્રી. આયર એક પત્રકાર છે. જીવનની શરૂઆત એણે પત્ર-કાર તરીકે જ કરી હતી. તેઓ જાતે તીનીવેલી બ્રાહ્મણ છે.

માત્ર ઊંચી પદવીઓ જ ધારણ કરનારાઓ જગતને ચકિત કરનારાં સાહસો કરી શકે છે, એવી માન્યતાને શ્રી. આયર પોતાની યશસ્વી કારકીર્દિથી જૂઠી પાડે છે. શ્રી. આયરનો અભ્યાસ માત્ર મેટ્રિક સુધીનો છે; નાનકડા ગામમાં જ અભ્યાસકાળ દરમિયાનનાં

વર્ષો વિતાવીને, ૧૯૧૮માં તેમણે પોતાની માતૃભૂમિની વિદાય લીધી અને જીવનવાટે ડગ દીધા.

મુંબાઇ આવીને તેમણે જીવનની શરૂઆત કરી. રખડપટ્ટી પછી એકાઉન્ટન્ટ જનરલની ઓફિસમાં મામુલી નોકરી મળી ગઈ, પણ એ નોકરી એમને લાંબો વખત અનુકૂળ ન રહી અને ત્યાંથી તેમણે એસોસીએટેડ પ્રેસ ઓફ ઇન્ડિયાની ઓફિસમાં કૂદકો માર્યો.

હિંદનાં અખબારોને, હિંદભરના સમાચારો પૂરા પાડનારી એ સંસ્થા છે. દેશના અગત્યના ભાગોમાં તેના પ્રતિનિધિઓ પથરાયેલા છે. અહીં શ્રી. આયરને સમાચારો વિશેનું જ્ઞાન મળ્યું. સમાચારોની મહત્તા, એની તુલના માટેની કાબેલિયત એમણે બતાવી અને ત્યાંથી પરદેશો અંગેના સમાચારો પૂરા પાડતી સમાચાર સંસ્થા 'રૂટર' વિભાગમાં સ્થાન મળ્યું. અહીં તેઓની દૃષ્ટિ સમક્ષ વિશાળ દુનિયા પથરાએલી હતી. દુનિયાના રાજકારણ, એના આંતરપ્રવાહો, એની રમતોથી તેઓ રોજ રોજ પરિચિત થવા લાગ્યા. 'રૂટર'માં જોડાયા પછી તેમની શક્તિનો ઝડપી વિકાસ થયો અને એસોસીએટેડ પ્રેસના સમાચાર તંત્રી 'News Editor'ના જવાબદારીભર્યા સ્થાન માટે તેમની પસંદગી થઇ. તેમની કાબેલિયતથી ખૂશ થયેલા એ સંસ્થાના વ્યવસ્થાપકોએ શ્રી. આયરને વધુ ને વધુ તકો આપવા માંડી, તેમને સંસ્થાએ લંડન મોકલ્યા. લંડનની તેમની સફળ કારકીર્દિએ તેમના ઉત્કર્ષનો માર્ગ ખૂલ્લો કર્યો; પ્રથમ હરોળના અગ્રણી સમાચાર મેળવનારાઓમાં તેમનું સ્થાન નિશ્ચિત થઈ ચૂકયું હતું.

૧૯૪૦માં વિશ્વયુદ્ધનો દવ લાગ્યો. હિટલરે કેસરિયાં કર્યાં અને એક પછી એક દેશો પર નાઝી ઝંડો ફરકતો થયો. યુદ્ધ અંગેના સમાચારો પણ યુદ્ધના જેટલા જ મહત્ત્વના હતા, અને એ મહત્ત્વના સમાચારો મેળવવા માટે મેદાન પર દોડી જનારા

સાહસિક પ્રામાણિક પત્રકારોની આવશ્યકતા જગતે સ્વીકારી છે, યુરોપ, અમેરિકાના અખબારોએ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આ અખબારી માનવીઓએ સમાચારો વહેલાંમાં વહેલા પૂરા પાડવા માટે, પોતાના પ્રાણની પણ પરવા કરી ન હતી.

શ્રી. આયરને આ યુદ્ધસમાચારો મેળવવા માટે બેંગકોકમાં મોકલવામાં આવ્યા, પણ ત્યાંથી પાછા ફરવાનું તેમના માટે અસહ્ય થઈ પડયું. વર્ષો પછી, આઝાદ ફોજના ત્રણ અફસરો સામેના કેસમાં સાક્ષી તરીકે તેમને હિંદમાં લાવ્યા, ત્યારે જ તેઓ આવી શકયા.

બેંગકોક ગયા પછી જાપાને યુદ્ધમાં ઝંપલાવ્યું અને હિંદની સરહદો બંધ થઈ ગઈ. તેઓ હિંદમાં આવી શકે તેમ ન હતું. એટલે તેમને બેંગકોકમાં જ રોકાઈ ગયા વિના છૂટકો ન હતો.

યુદ્ધની પરિસ્થિતિ બગડતી જતી હતી, જાપાન પણ પોતાના મિત્ર, જર્મનોની માફક કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું હતું. એશિયામાં જાપાનના વિજયે જમ્બર ખળભળાટ મચાવ્યો હતો. બ્રિટિશ હકુમત એશિયામાંથી તૂટતી જતી હતી, જાપાનની દયા પર, પૂર્વ એશિયામાંના લગભગ ૨૫ લાખ જેટલા હિંદીઓને છોડીને અંગ્રેજો વિદાય થયા હતા, ત્યારે જાપાનની હકુમત હેઠળનાં જુદાં જુદાં સ્થળે પથરાયેલા હિંદીઓને સંગઠિત કરીને હિંદની આઝાદી માટેની લડત શરૂ થઈ શકે તે હેતુથી ૧૯૪૨ માં શ્રી. રાસબિહારી ઘોષના નેતૃત્વ તળે આઝાદ હિંદ સંઘની સ્થાપના થઇ. બેંગકોકમાં એની સ્થાપના અંગેની પહેલી પરિષદ મળી. આ પરીષદમાં શ્રી. આયરે હાજરી આપી હતી, પૂર્વ એશિયાના હિંદીઓના દિલમાં સળગતી જ્યોતનાં તેમને ત્યાં દર્શન થયાં, કેપ્ટન મોહનસિંહ દ્વારા આઝાદ હિંદ ફોજની રચના તેમણે જોઈ અને તેમનો આત્મા જાગ્રત થયો. જગત

એમણે જોયું હતું. હિંદની આઝાદી માટેની લડતના ઇતિહાસથી તે પરિચિત હતા.

અને તેમણે આઝાદ હિંદ સંઘમાં જોડાવાનો ને પોતાની તમામ સેવા આપવાનો નિશ્ચય કર્યો. શ્રી. રાસબિહારી ઘોષે તેમને યોગ્ય એવી કામગીરી આપી. આઝાદ હિંદ સંઘના રાજદ્વારી ખાતાના મંત્રી તરીકે તેમને નીમવામાં આવ્યા, બેંગકોકમાં તેમનું વડું મથક નિયત થયું, એક વર્ષ સુધી આખી ય ચળવળનું વડું મથક બેંગકોક રહ્યું. એ વર્ષ દરમિયાન આઝાદ હિંદ સંઘ અને જાપાન સાથેનું સંઘર્ષણ વધુ ને વધુ તીવ્ર બનતું જતું હતું. આઝાદ હિંદ ફોજની રચના અંગે, તેના સ્થાન અંગે જાપાનના સત્તાવાળાઓ દાદ દેતા ન હતા અને તેઓ હિંદીઓને પોતાની રમતના પ્યાદાં તરીકે ઉપયોગમાં લેવા માગતા હ-ા. આ સામે રાજદ્વારી ખાતાએ – શ્રી. આયરે–વારંવાર વિરોધ ઉઠાવ્યો હતો એના પરિણામે જાપાનના સત્તાવાળાઓ અને આઝાદ હિંદ સંઘ વચ્ચે ઘર્ષણ થયું, કેપ્ટન મોહનસિંહે આઝાદ ફોજનું વિસર્જન કર્યું.

આ કટોકટીની ઘડીએ જ, નેતાજીને પૂર્વ એશિયાના હિંદીઓનું નેતૃત્વ સ્વીકારવા માટે આમંત્રણ આપ્યું. નેતાજીના આગમન સાથે જ પરિસ્થિતિ પલ્ટાઇ. જાપાનનું વલણ કંઇક અંશે અનુકૂળ બન્યું હતું અને હિંદીઓમાં નવો ઉત્સાહ પ્રગટ્યો હતો.

૧૯૪૩ના જુલાઇ માસમાં શ્રી. આયરનું વડું મથક બેંગકોકથી ખસેડીને સીંગાપોર લઇ જવામાં આવ્યું. સીંગાપોરમાં નેતાજીએ આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી અને જે પ્રધાનમંડળની રચના કરી, તેમાં શ્રી. આયરને સ્થાન મળ્યું. નેતાજીના ચુનંદા વિશ્વાસુ સાથીદારોમાં શ્રી. આયર પણ એક છે.

શ્રી. આયરને પ્રચારખાતું સુપ્રત થયું. આઝાદ સરકારનું રેડીઓ મથક, તેમણે સ્થાપ્યું. એ રેડિયો પરથી પ્રવચનો આપ્યાં,

હિંદી પ્રજાનો કેસ મજબુતપણે તેમણે જગત સમક્ષ રજૂ કર્યો. હિંદી પ્રજાના થઈ બેઠેલા માલિકોએ, જે પાયમાલી કરી છે. તેનો ખ્યાલ અતિ સ્પષ્ટતાથી જગતને તેમણે આપી દીધો. આઝાદ હિંદ સરકારના અખબારોનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. એક અંગ્રેજી દૈનિક, ત્રણ દૈનિકો હિંદીમાં પ્રસિદ્ધ થતાં હતાં. શ્રી. આયરની સીધી દેખરેખ હેઠળ એનું સંચાલન થતું હતું. અંગ્રેજી અને હિંદી અખબારોનાં નામ હતાં. 'આઝાદ હિન્દ' તામીલ દૈનિકનું નામ હતું 'સુથાનથરા ઇન્ડીઆ': મલાયલમ્ ભાષામાં પ્રસિદ્ધ થતાં અખબારનું નામ હતું, 'સ્વાધીન ભારતમ્' હતું. ઉપરાંત 'યંગ ઇન્ડીયા' નામનું અંગ્રેજી સાપ્તાહિક અને તામીલી અઠવાડિક 'યુવા ભારતમ્' પણ તેમની દેખરેખ હેઠળ પ્રસિદ્ધ થતા હતા.

શૅાનાન, સીંગાપોરમાંથી રેડિયો પરના વાયુ પ્રવચનોએ હિંદી પ્રજામાં ભારે રસ અને ચેતના પ્રગટાવ્યાં હતાં. ક્યારેક શ્રી. આયરને ટોકિયોના રેડિયોઘર પરથી પણ વાયુ પ્રવચન કરવા જવું પડતું હતું.

રેડિયો ઘર પર, શ્રી. આયરને, બ્રિટિશ પ્રચારનો ખાસ કરીને આઝાદ હિંદ સરકાર, નેતાજી અને આઝાદ હિંદ ફોજ પ્રત્યે બ્રિટિશ હકુમતના રેડિયો ઘર પરથી જે આક્ષેપો કરવામાં આવતા તેનો તાત્કાલિક જવાબ આપવાને તૈયાર રહેવું પડતું. આ જવાબ પણ વિગતો સહિતનો એટલો સંપૂર્ણ હતો કે જગત સમક્ષ કેટલીય વાર બ્રિટિશ પ્રચારના જુઠાણા ખુલ્લા પડી જતા હતા.

આપણા દેશના ઇતિહાસમાં, પહેલી સીમલા પરિષદ, યાદગાર રહી જશે. મહાસભાએ 'ક્વીટ ઇન્ડીયા' નો નાદ ગાજતો કર્યા પછી દેશમાં જે દમનનીતિ ચાલી એ દમનનીતિને અંતે

પણ જ્યારે હિંદી પ્રજાની આઝાદીની ક્ષુધા પ્રજવલિત રહી ત્યારે હિંદી પ્રજાને સંતોષવાની લોર્ડ વેવલને જરૂર જણાઇ, અને સીમલા ખાતે હિંદી આગેવાનોને મંત્રણાઓ માટે નોતર્યા હતા; હિંદમાં જ્યારે આ પરિસ્થિતિ હતી ત્યારે પૂર્વ એશીયામાં આઝાદ હિંદ સરકારની હકુમત વ્યવસ્થિત રીતે ચાલતી હતી. હિંદમાંથી પરદેશી હકુમતને નાબુદ કરવાને, નેતાજીના નેતૃત્વ નીચે હિંદીઓ જંગ ખેલી રહ્યા હતા.

પ્રચાર ખાતાના વડા શ્રી આયરનું ધ્યાન ત્યારે સીમલા પરિષદની મંત્રણાઓ પર કેન્દ્રિત થયું હતું. આઝાદ હિંદ રેડીયો ઘર મંત્રણાઓથી સતત્ જાગ્રત રહેતું. ઝીણી ઝીણી બાતમીઓ દ્વારા, શાહિવાદી રમતથી 'નેતાજી' ને પરિચીત રાખવામાં આવ્યા હતા. નેતાજી વાયુ પ્રવચન દ્વારા હિંદીઓને આ શાહિવાદ જાળથી મૂક્ત રહેવાને સૂચના કરતા હતા.

લશ્કરી અદાલત સમક્ષ જુબાની આપતાં શ્રી. આયરે જણાવ્યું હતું કે, 'આઝાદ હિંદ સરકારની સ્થાપનાથી, પૂર્વ એશીયાના હિંદીઓમાં તેમની માતૃભૂમિની આઝાદી માટે લડવાની તમન્ના જાગૃત થઈ હતી, એટલું જ નહિ પણ હિંદીઓને સલામતિની પણ ખાત્રી થઈ હતી. આઝાદ હિંદ સરકારને વફાદાર રહેવામાં હિંદીઓ પોતાની જાતને ધન્ય માનતા. હિંદીઓએ, નેતાજીના વચને, લક્ષ્મીની જે સરિતા વહાવી છે એ કોઈને પણ આશ્ચર્યમુગ્ધ કરે તેમ છે. એક શ્રીમંત મુસ્લિમે આઝાદ હિંદ સરકારની બેંકને ક્રોડ રૂપીયા અર્પણ કર્યા હતા. લોકોએ માત્ર ધન જ આપ્યું નથી પણ સ્ત્રીઓ પોતાના દાગીનાઓ અંગ પરથી ઉતારી ઉતારીને નેતાજીને અર્પણ કર્યા હતા.'


શ્રી. આયરે પોતાનાં જુબાનીમાં, ૧૯૪૩ ના ઓગસ્ટ માસમાં જ્યારે બંગાળામાં ભૂખમરો ભયંકર રીતે વ્યાપી ગયો હતો અને

લાખો માણસો મૃત્યુના મુખમાં હોમાયા હતા ત્યારે આઝાદ હિંદ રેડીયો દ્વારા એક વાયુ પ્રવચન કરીને પોતાના દેશબાંધવોને માટે, ચોખા પૂરા પાડવાની આઝાદ હિંદ સરકાર તરફથી બ્રિટિશ સરકારને જે ઓફર કરવામાં આવી હતી તેને લગતી રોમાંચક વિગતો રજુ કરી હતી. જોઈએ તેટલો જરૂરી ચોખાનો જથ્થો બંગાળને પૂરો પાડવાને, આઝાદ હિંદ સરકાર તૈયાર હતી, પણ બ્રિટીશ સરકાર એનો સ્વીકાર કરવાને તૈયાર ન હતી.

નેતાજીના આ વિશ્વાસુ અને બહાદુર સાથીદારે હિંદ અને હિંદીઓને પોતાના દિલમાં ઉંચુ સ્થાન આપીને, આઝાદ હિંદ-સરકારની ભક્તિભાવપૂર્વક વફાદારીથી સેવા બજાવી છે. હિંદનો આઝાદીનો ઇતીહાસ આવા વીરોના પરાક્રમોથી લખાઇ રહ્યો છે.

## શ્રી. પ્રેમકુમાર સહગલ

[ કર્નલ : આઝાદ હિંદ ફોજ ]



'નેતાજી સુભાષચંદ્ર બોઝ સમક્ષ જે પ્રતિજ્ઞા મેં લીધી હતી તે પ્રતિજ્ઞા આજે પણ કાયમ છે. અમે યુદ્ધ હારી ગયા છીએ, પણ આઝાદીનો જંગ અમે છોડી દીધો નથી અને જ્યાં સુધી આઝાદી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ જંગ ચાલુ જ છે. પૂર્વ એશીયામાં અમે નેતાજીની આજ્ઞાનુસાર શસ્ત્રોથી લડયા. પણ હવે પલ્ટાયેલા સંજોગોમાં મહાસભાના નેતૃત્વ તળે આઝાદી માટે લડીશું'

કલકતાના નેતાજીના નિવાસસ્થાનમાં નેતાજીની તસ્વીર સમક્ષ, પુનઃ પ્રતિજ્ઞા લેતાં કર્નલ સહગલે ઉપરના શબ્દો ઉચ્ચાર્યાં હતા. દિલ્હીના લાલ કિલ્લામાં બ્રિટિશ સલ્તનતે બેસાડેલી લશ્કરી અદાલત સમક્ષ ગંભીર

તોહમતો માથે લઈને ઉભેલા ત્રણ અફસરોમાંના તેઓ એક હતા. વૃદ્ધ પિતા સર અચ્છુરામ તેમનો મુકદમો લડવા ભુલાભાઈને વિનવે છે. ત્યાં પં. જવાહર પડકાર કરે છે. આઝાદ ફોજના એક પણ સૈનિકનો વાળ સરખો પણ વાંકો ન થવો જોઈએ. ખબરદાર!: મહાસભાની કારોબારી તેમના બચાવવાની વ્યવસ્થા કરે છે. અને લંબાણ સુનાવણી પછી એ ત્રણે નર—સિંહો મૂક્ત થયા છે. દેશભરમાં, એ નર સિંહોનું ભવ્ય સ્વાગત થાય છે.

ત્રીસેક વર્ષના બહાદુર જુવાન સહગલનો જન્મ તા. ૨૫ માર્ચ ૧૯૧૭ના રોજ પંજાબના હોશીયારપુર નામના એક ગામડામાં થયો હતો. તેમનાં માતાનું નામ શ્રીમતિ રતનદેવી: ૧૯૨૯–૩૦ માં લાહોરમાં રાવિના તટે ભરાયેલી મહાસભાની યાદગાર બેઠકમાં તેમણે હાજરી આપી હતી. મહાસભાએ ત્યારે પૂર્ણ સ્વરાજનો નાદ ગાજતો કર્યો હતો. લાહોરથી પાછા ફર્યા પછી જલંદરમાં તેમણે મહાસભાની અસહકારની ચળવળમાં સક્રિય ભાગ લેવા માંડયો. તેમના પિતાએ પણ અસહકારની લડતમાં ૧૯૨૦–૨૧ માં સક્રિય ભાગ લીધો હતો. તેના પિતા લાલા અચ્છુરામ લાહોર હાઈકોર્ટના જજ હોઈને, વધુ અભ્યાસ માટે લાહોરમાં આવ્યા. ત્યાં પ્રેમકુમાર સહગલ આર્યસમાજના સંપર્કમાં આવ્યા.

બ્રિટીશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારી લાલા અચ્છુરામની જેમ તેમના પુત્રમાં પણ ભરી હતી. એના ખુંદમાં એ વફાદારી હતી અને પંજાબનું લડાયક ખમીર તેના દિમાકમાં ભરેલું હોઈને શિક્ષણ પૂરું થતાં જ પિતા પુત્રને પોતાના વકીલાતના ધંધામાં ખેંચવા માંગતા હતા, પણ તેમને લશ્કરમાં જ જોડાવું હતું અને કુટુંબના વિરોધ છતાં લશ્કરી તાલીમ માટે તેઓ દહેરાદુનની પ્રીન્સ ઓફ વેલ્સ રોયલ ઈંડિન્યન મિલિટરી કોલેજમાં જોડાયા. ૧૯૩૯માં

ઇન્ડિયન મિલિટરી એકેડેમીનો અભ્યાસક્રમ પૂરો કર્યા પછી તેમને હિંદના ખુશ્કી દળના કેપ્ટન તરીકે નીમવામાં આવ્યા. એક વર્ષની વધુ તાલીમ પછી શ્રી. સહગલને બ્રિટિશ દળની પાંચમી બલુચ રેજીમેન્ટમાં મૂકવામાં આવ્યા.

વિશ્વયુદ્ધ ભયાનક બન્યું હતું, યુરોપમાં ફેલાયેલી એની સંહારક જ્વાલાઓ એશિયામાં પણ વ્યાપી જવાનો ભય ઊભો થયો હતો. બ્રિટિશ સામ્રાજ્યને માટે, એ મુશ્કેલ પળો હતી અને એશિયામાંના સામ્રાજ્યને બચાવવા માટે હિંદમાંથી લશ્કરો ત્યાં ખડકાઈ રહ્યાં હતાં.

એક દિવસ શ્રી. સહગલને તાકીદનો ઓર્ડર મળ્યો. તમને બીજી બલુચ રેજીમેન્ટના કમાન્ડર નીમવામાં આવે છે અને તમારે સીંગાપોર જવાને ઉપડી જવું. ૧૯૪૦ માં શ્રી. સહગલ પોતાની ટુકડી સાથે સીંગાપોર પહોંચી ગયા. પૂર્વ એશિયામાં જાપાન સજ્જ થઇને ઘા કરવાની તૈયારીમાં હતું. અમેરિકા ગયેલા જાપાની પ્રતિનિધિઓ વાટાઘાટ ચલાવી રહ્યા હતા. જાપાન યુદ્ધમાં ઉતરવાની હરેક સંભાવના હોવા છતાં પણ સામાન્ય ખ્યાલ એવો હતો કે હજી તો મંત્રણાઓ ચાલે છે એટલે જાપાન ત્યાં સુધી તો થોભશે, પણ જાપાનને હવે વધુ વખત થોભવું પરવડે તેમ ન હતું અને એકાએક પર્લ હાર્બર પર હુમલો કર્યો. બ્રિટનના પ્રિન્સ ઓફ વેલ્સ અને રીપલ્સ નામના જંગી જહાજોને જળસમાધિ દીધી અને તરત જ બ્રિટીશ હકુમતો તળેના પ્રદેશો પર વ્યવસ્થિત આક્રમણ શરૂ થયાં. મલાયા પર જાપાને ભીંસ દીધી. ત્યારે મલાયાના કોટાભાકુ બંદરના બચાવનું કાર્ય શ્રી. સહગલને સુપ્રત થયું હતું. કોટાભાકુ બંદર–હવાઈ મથક પણ હતું, એટલે તેના રક્ષણ માટે બેવડી તૈયારીઓ કરવાની હતી. શ્રી. સહગલે આક્રમણ સામે રક્ષણાત્મક

હરોળ ઊભી કરી, પણ જાપાનની તોતીંગ તોપો અને જંગી તાકાત સામે રક્ષણાત્મક હરોળો બિચારી કંગાલ હતી અને બીજી બાજુ બ્રિટિશ નીતિ પીછેહઠ કરવાની હતી. પરિણામે સહગલને પણ પોતાના સૈનિકો સહિત પીછેહઠ કરવી પડી. પણ, બ્રિટિશ લશ્કરના ઇતિહાસમાં સહગલની પીછેહઠ માત્ર આંખ મીંચીને દોડતાં અને સીંગાપોરમાં ભરાઈ જવાના એકમાત્ર ખ્યાલવાળી પીછેહઠ ન હતી. ક્યારેક સહગલ પોતાના સૈનિકો સાથે પીછેહઠ કરતાં કરતાં પણ, જાપાની ફોજો સામે પ્રતિ આક્રમણ પણ કરતો, પીછો પકડવામાં મશગુલ બનેલા જાપાનીઓ ત્યારે ચોંકી ઉઠતા, પણ સહગલના સૈનિકો તે પહેલાં તો સારી જેવી ખૂવારી કરતા. આમ પીછેહઠ કરતાં કરતાં આખું મલાયા વિંધીને દક્ષિણ કિનારે આવી પહોંચ્યા.

એ પીછેહઠ દરમિયાન સહગલે જે દશ્યો જોયાં, એ દશ્યોએ હૈયું હચમચી ઊઠયું. ધણી વિનાનાં ઢોર જેવા થઈ પડેલા, બેહાલ બનેલા અને આવનારી આફતો, ખૂવારીઓ, અપમાન અને ત્રાસની કલ્પનાથી ધ્રૂજી ઊઠતા હિંદીઓ, દયા યાચતા હતા. વર્ષોથી જે બ્રિટીશ સામ્રાજ્યની છાયા તળે તેઓ જીવતા હતા. જે સામ્રાજ્યને પોષવાને તેમણે પોતાનાં સાધનો અને શક્તિઓ આપ્યાં, એ સામ્રાજ્ય અંતીના અવસરે તેમનું રક્ષણ કરવાને નિષ્ફળ ગયું. એમના દિલમાં કંપ હતો. જાપાનીઓ વિશે જે વાતો સાંભળી હતી, જે ત્રાસદાયક કથાઓ જાપાનને નામે ફેલાવવામાં આવી હતી, એનાં ચિત્રો હિંદીઓ સમક્ષ ખડાં થયાં હતાં અને તેઓ થર થર કંપતા હતા. સહગલની બુદ્ધિ તેજ થઇ. લશ્કરી શિસ્ત અને વફાદારીની વચ્ચે એ બુદ્ધિ પોતાના દેશવાસીઓની બેહાલી પ્રત્યે ખેંચાતી હતી. આ મનોદુઃખ વચ્ચે જેમ તેમ કરીને સહગલ પોતાના રહ્યાસહ્યા સાથીઓ સાથે સીંગાપોર પહોંચ્યો.

સીંગાપોર, પૂર્વનો દરવાજો, બ્રિટિશ સામ્રાજ્યના તાજનું અણમોલ મોતી. એના રક્ષણ માટે જંગી તૈયારીઓ થઈ હતી. ગમે તેવી તાકાત સામે સીંગાપોરને ટકાવી રાખવાની એ તૈયારીઓ હતી. એની ધરતીને માથે મોટી તોપો ગોઠવવામાં આવી હતી. જગત આખાને વિશ્વાસપૂર્વક કહેવામાં આવતું હતું કે સીંગાપોર તો અણનમ રહેશે જ. પીછેહઠ કરતાં લશ્કરોને પણ એવો જ વિશ્વાસ હતો. સીંગાપોરમાં તેઓ એવું યુદ્ધ આપશે કે જાપાનના દાંત ખાટા થઈ જશે.

સહગલને સીંગાપોરના ફરતા મથકનો હવાલો અપાયો, પણ જાપાન જ્યારે સીંગાપોર પર ત્રાટક્યું, ત્યારે એ બધી તૈયારીઓ જાણે ગંજીફાનાં પાનાંના મહેલની માફક તૂટી પડી. સહગલે મર્દાનગીભર્યો સામનો કર્યો. સામનો કરતાં કરતાં પોતાના સાથીઓથી તે એક બે વખત વિખૂટા પડી ગયા, પણ હિંમતથી, દુશ્મન વચ્ચે થઈને પોતાના સાથીઓને જઈ મળ્યા.

સીંગાપોર પડ્યું. એના રક્ષણહારોએ હથિયારો હેઠાં મૂક્યાં અને એક દિવસે બ્રિટિશ સેનાપતિએ, હિંદી સૈન્યોનો હવાલો, જાપાની પ્રતિનિધી ફુજીવારાને સુપ્રત કર્યો. એક ધણી એમ પોતાની માલિકીના ઢોર, બીજા ધણીને સુપ્રત કરે ત્યારે એ ઢોરને ઈસારામાં કહે કે હવે તારા આ નવા માલિકને વફાદાર રહેજે. એવી રીતે બ્રિટીશ સેનાપતિએ આ હિંદી સૈનિકોને સંબોધીને કહ્યું કે, 'અત્યાર સુધી તમે જેમ અમને વફાદાર રહ્યા છો તેવી જ રીતે હવે જાપાની સેનાપતિને વફાદાર રહેજો અને તેમના હુકમનું પાલન કરજો.'

સહગલની બુદ્ધિ આ દશ્ય જોઈને મુંઝાઈ ગઈ.

એના દિલમાં પ્રશ્ન ઉઠયો. જે રાજા પ્રત્યેની વફાદારીની મેં પ્રતિજ્ઞા લીધી હતી, એ વફાદારી હવે કયાં સુધી ઉભી રહે

છે? જે સામ્રાજ્ય પોતાના સૈનિકોને આમ મુંગા ઢોરની માફક બીજી સત્તાને હવાલે કરી દે છે, એ સામ્રાજ્ય પ્રત્યે હું શી રીતે વફાદાર રહી શકું? અને તરત જ તેમણે સમ્રાટ પ્રત્યેની વફાદારીની ભાવના દિલમાંથી ભૂંસી નાંખી.

જાપાની પ્રતિનિધી ફુજીવારાએ હિંદીઓને તેમની આઝાદ સેના સ્થાપવાની સૂચના કરી અને મોહનસિંહને એ માટેની કામગીરી સુપ્રત થઈ. મોહનસિંહ એ કાર્યમાં પરોવાઇ ગયા. પણ સહગલે, આઝાદ સેનામાં જોડાવાની સાફ ના પાડી. જાપાનીઓ પ્રત્યે સહગલના દિલમાં વિશ્વાસ નહતો. જાપાનીઓનો ઈરાદો, હિંદી સૈનિકોની સહાયથી હિંદ જીતીને હિંદ પર સત્તા જમાવવાનો તો નહિ હોયને? હિંદ જેઓ સમૃદ્ધ દેશ જો સહેલાઈથી હાથમાં આવતો હોય તો જાપાન શા માટે જવા દે? અને જો જાપાનનો ઈરાદો એવો હોય તો બ્રિટીશરો જાય તોય શું અને ન જાય તોય શું? હિંદને તો એક માલિક ગયો ને બીજો આવ્યો. એ માટે આપણે જાપાનીઓને મદદ કરવી?

અને સહગલે, મોહનસિંહને આઝાદ હિંદ ફોજમાં જોડાવાની સાફ ના પાડી દીધી. પરિણામે સહગલને પોતાના સાથીઓથી અલગ પાડવામાં આવ્યા. વિખૂટા પડેલા સહગલના દિલમાં વારંવાર એ પ્રશ્ન જ ઉઠતો હતો. 'જ્યાં સુધી જાપાનની શુભ નિષ્ઠાની આપણને ખાત્રી ન મળે ત્યાં સુધી તેના પર ઈતબાર શી રીતે મૂકી શકાય?'

પરન્તુ મોહનસિંહના પ્રયાસો સફળ થતા હતા. વિસર્જન થયેલા હિંદી સૈનિકો, પુનઃ નવા ધ્યેય સાથે આઝાદ હિંદ ફોજમાં જોડાતા હતા. એમના દિલમાં શ્રદ્ધાની નવી તેજરેખા પ્રગટતી હતી. જુદી જુદી છાવણીઓમાં રહેલા હિંદી સૈનિકોને મોહનસિંહનો સંદેશો પહોંચી ગયો હતો. સહગલનો વિરોધ જ્યારે તેમના કેટલાક

સાથીદારોએ જોયા ત્યારે તેની સાથે ચર્ચા કરવાની તક, મોહનસિંહે મેળવી આપી અને સહગલે પોતાના સાથીદારો સાથે છાવણીમાં, એ પ્રશ્નની નવેસરથી ચર્ચા કરવા માંડી. સહગલના દિલમાં જે વસવસો હતો તે તેણે પોતાના સાથીઓ સમક્ષ સ્પષ્ટતાથી મૂકયો. સાથીઓ એ સમજતા હતા. પણ તેમણે સહગલને સમજાવ્યું કે, બ્રિટીશ સામ્રાજ્ય હવે હિંદનું રક્ષણ કરી શકે એમ માની શકાય તેમ નથી. જાપાન જે ઝડપથી આગળ વધી રહ્યું છે, એ જોતાં એને હિંદ પર ત્રાટકતા વાર નહિ લાગે અને હિંદમાં તો રક્ષણાત્મક તૈયારીઓને નામે મોટું મીંડુ છે. એ સ્થિતિમાં જો આપણી આઝાદ ફોજ જાપાનની મદદથી હિંદ પર જાય તો, હિંદની સત્તા હિંદીઓના હાથમાં જ રહે. અને જાપાનની ગમે તેવી બુરી દાનત હોય તો પણ તેનો સામનો થઈ શકે.

સહગલને ગળે આ દલીલો ઉતરી અને તેણે પોતાના સાથીદારો સાથે જ આઝાદ હિંદ ફોજમાં સામેલ થવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય જ્યારે હિંદી સૈનિકોએ જાણ્યો ત્યારે એમના આનંદની સીમા ન રહી. તેમની સાથે જ શાહનવાઝખાન અને ધીલોન પણ જોડાયા.

સહગલની તેજસ્વી બુદ્ધિ, વ્યવસ્થા શક્તિને કારણે તેમને યુદ્ધમંત્રીનો જવાબદારીભર્યો હોદ્દો સુપ્રત થયો.

કિન્તુ સહગલના દિલમાં જે શંકાઓ હતી, એ શંકાઓ સાબુત પૂરવાર થઈ અને કર્નલ મોહનસિંહ અને જાપાની લશ્કરી સત્તાવાળાઓ વચ્ચે અથડામણ ઉભી થઇ એના પરિણામે આઝાદ ફોજનું વિસર્જન થયું અને મોહનસિંહને ગીરફતાર કરવામાં આવ્યા.

નિરાશાનું વાતાવરણ ચોમેર છવાઈ રહ્યું હતું, ત્યાં નેતાજીના આગમને, ફરીને થંભેલા પ્રગતિનાં પૂર વ્હેતાં થયાં. આઝાદ હિંદ ફોજની નવેસરથી રચના કરવામાં આવી. ત્યારે પણ

શ્રી. સહગલને તો યુદ્ધમંત્રીનો જ, જવાબદારીભર્યો હોદ્દો સુપ્રત થયો હતો.

નેતાજીના તેજસ્વી, સચોટ અને સ્વદેશ ભાવનાની જ્યોત સમા ભાષણોએ શ્રી. સહગલની બુદ્ધિને વધુ સતેજ કરી. અત્યાર સુધી તેણે જે વાંચ્યું હતું, એમાંથી જે પ્રેરણાઓ મેળવી હતી, તે નેતાજીના ભાષણોએ જાગ્રત બની.

પહેલી આઝાદ ફોજ કરતાં બીજી આઝાદ ફોજને ભારે સફળતા મળી–નેતાજીના ભાષણોએ અપાવી હતી–કલ્પનામાં પણ ન આવે તેટલા પ્રમાણમાં ભરતી થવા લાગી. માત્ર સૈનિકોને જ નહિ પણ હિંદી નાગરિકો–વ્યાપારીઓ વ્યાપાર છોડીને હથિયારો ધારણ કરવા તૈયાર થતા. યુવાનોનો ધસારો પણ એવો જ જબ્બર હતો.

આઝાદ હિંદ ફોજની રચના પછી આઝાદ હિંદની કામચલાઉ સરકારની નેતાજીએ સ્થાપના કરી અને વડુ મથક રંગુન ખસેડયું. તેની સાથે શ્રી. સહગલ પણ રંગુન ગયા. ભરતી અને તાલીમનું કામ પૂરૂં થયું અને હિંદ પર વ્યવસ્થિત આક્રમણ કરવાની તૈયારીઓ પૂરી થઈ. નેતાજીએ જાતે એ આક્રમણ માટેની પહેલી પસંદગીમાં, કર્નલ શાહનવાઝખાનની પસંદગી કરી અને આઝાદ હિંદની ફોજે આગળ વધીને, હિંદનો સીમાડો ઓળંગી ગઈ. આસામની આઝાદ ધરતી પર, ત્રીરંગી ઝંડો ફરકતો થયો.

પણ એ વિજય ઝાઝી વાર ટકયો નહિ. પ્રતિકુળ હવામાન અને જાપાનની મદદ કરવાની દિલચોરીને કારણે, આઝાદ ફોજના સૈનિકોને પીછેહઠ કરવાની જરૂર પડી. કર્નલ શાહનવાઝખાન જ્યારે મોરચા પર લડતા હતા ત્યારે યુદ્ધ મંત્રી સહગલ, જાપાન પાસેથી મદદ મેળવવા માટે લડી રહ્યા હતા.

નેતાજીએ જ્યારે જોયું કે હવે આપણે યુદ્ધ ગુમાવતા જઇએ છીએ. દુશ્મનની વધી પડેલી પ્રવૃત્તિને અટકાવવાને માટે ગેરીલા ટુકડી મોકલવાને મોરચા પર મોકલવાનો નિર્ણય કર્યો. કર્નલ સહગલને એ ટુકડીના સેનાપતિ તરીકે પસંદ કરવામાં આવ્યા. દિવસોથી મોરચા પર જવાને શ્રી. સહગલ ઉત્સુક હતા.

મોરચા પર જઇને, પોતાના જ બિરાદરો સામે, પોતાની માતૃભૂમિની આઝાદી માટે, ત્રીરંગી ઝંડા નીચે લડવાને ખૂબ આતુર હતા. વારંવાર નેતાજીને વિનંતી કરતા 'મને મોરચા પર મોકલો.'

'હજી વાર છે. તમારે માટે સમય આવશે ત્યારે મોકલીશ જ' નેતાજી જવાબ આપતા. આખરે એ સમય આવ્યો.

નેતાજીની આશીષ સાથે કર્નલ સહગલ મોરચા પર ગેરીલા યુદ્ધ ખેલવાને ઉપડયા. એ વખતે ઇમ્ફાલ અને કોહીમા મોરચેથી અને વિષ્ણુપુર અને બિગન રોડના મોરચેથી પીછેહઠ શરૂ થઈ હતી.

કર્નલ સહગલ અને તેમની ટુકડીએ વીરતાનો અજબ પાઠ જગતને દીધો. એક વખત તો કર્નલ સહગલ ઘેરાઈ જવાની સ્થિતિમાં હતા. પોતાની ટુકડીના માણસોથી એ વિખૂટા પડી ગયા હતા. તેમની મોટર દુશ્મનને કબજે ગઇ હતી. અને કર્નલ સહગલને માથે કદાચ મોત ભમતું હોય એમ સહુને લાગ્યું, પણ એવી પળોમાં કર્નલ સહગલે એક ખાઇમાં બેસીને સામનો શરૂ કર્યો. એકલે હાથે દુશ્મન સામે લડતાં હતા ત્યાં કૂમક આવીને, દુશ્મનને હાંકીને, ફરીને એ પ્રદેશ હાથ કર્યો: પણ દુશ્મનની તાકાત રોજ–બરોજ બઢતી હતી; એના સરંજામનો જે નાશ થતો હતો તેનાથી અનેકગણો અધિક સરંજામ રણમેદાન પર ખડકાતો હતો અને બીજી બાજુ આઝાદ

હિંદ ફોજના સૈનિકોને માટે ભૂખમરો, વસ્ત્રોની તંગી, યુદ્ધ સામગ્રીનો અભાવ અને ઘવાયેલા માટે તબીબી સારવારની મુશ્કેલી હતી. એનું એક પરિણામ એ આવ્યું કે કેટલાક સૈનિકો દુશ્મનને મળી ગયા. આ જાતની દગાખોરી સામે નેતાજીએ પહેલેથીજ તકેદારી રાખી હતી. કોઇપણ ફોજને રણમોરચે મોકલતાં પહેલાં નેતાજી જાતે એની મુલાકાત લેતા. અને સૌથી પહેલી વાત એ કહેતા કે, 'આ જંગમાં તમને હું ભૂખ, વેદના અને મુશ્કેલીઓ આપવાનો છું. મારી પાસે મોટા પગારો આપવાની કોઈ સગવડ નથી. આ તો ફકીરોનું સૈન્ય છેઃ બદલામાં મળશે આપણા દેશની આઝાદી. આમ છતાં જેઓ હજી પણ આઝાદ હિંદ ફોજમાંથી અલગ થવા માંગતા હોય તેઓ થઇ શકે છે. જેમને મોરચા પર લડવાની ઇચ્છા ન હોય તેઓ એમ કરી શકે છે. પણ મોરચા પર ગયા પછી દિલ્હી યા મૃત્યુ એ સિવાય તમારે માટે બીજો કોઈ માર્ગ નથી. દુશ્મનના પ્રલોભન સામે ટકી રહીને આપણે દિલ્હી પહોંચવાનું છે.'

આમ છતાં પણ આઝાદ ફોજના સૈનિકોનું મનોબળ તૂટતું હતું. દુશ્મનો આગળ વધતા હતા અને છેલ્લે આઝાદ હિંદ સરકારનું વડુ મથક પણ રંગુનથી ખસી ગયું હતું.

કર્નલ સહગલના સાથીદારોએ હવે પરિસ્થીતિ પર નવેસરથી વિચાર કરવાનો આગ્રહ કર્યો. હવે યુદ્ધ ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી એમ સમજાયું. પોતાની ચોમેર દુશ્મનો ઊભા છે એમણે હવે કાંતો નાગરિક પોષાકમાં છટકી જવું અથવા તો યુદ્ધ કેદી તરીકેની શરણાગતી સ્વીકારવી એ બે જ માર્ગ ખુલ્લા હતા. સાથીદારો અને સૈનિકોએ યુદ્ધ કેદી તરીકે શરણે જવાનો નિર્ણય કર્યો. કર્નલ સહગલે, એ નિર્ણય, એક વફાદાર સિપાહીની

અદાથી સ્વીકારી લીધો. પરન્તુ આ સ્થિતિમાંય યુદ્ધ ચાલુ રાખવા ને મૃત્યુને ભેટવાનો આગ્રહ કરનારાઓ મોજુદ હતા. કર્નલ સહગલે શરણાગતિનો નિર્ણય સ્વીકાર્યો છે એમ જ્યારે તેમણે જાણ્યું ત્યારે તેમને સખ્ત આઘાત લાગ્યો. કર્નલ સહગલે જવાબમાં કહ્યું: 'સાથીદારોએ જે નિર્ણય કર્યો છે તેને વફાદાર રહેવાનો આપણો ધર્મ છે. જે આવી પડે તે આપણે સહુએ સાથે જ ભોગવીએ એમાં જ આપણી કસોટી છે.

થયેલા નિર્ણય પ્રમાણે કર્નલ સહગલે બ્રિટિશ દળના સેનાપતિને સંદેશો મોકલ્યોઃ 'જો અમને યુદ્ધ કેદી તરીકે સ્વીકારતા હો તો અમે શરણે આવવા તૈયાર છીએ.'

બ્રિટિશ સેનાપતિએ એ શરત સ્વીકારી અને આલેનમ્પો ખાતે કર્નલ સહગલ પોતાના ૪૦ ઓફિસરો અને ૫૦૦ સૈનિકો સાથે શરણે થયા.

કર્નલ સહગલની શરણાગતી પછી તેમને અટકમાં રાખવામાં આવ્યા અને ત્યાંથી દિલ્હી લાવીને લાલ કિલ્લામાં રાખવામાં આવ્યા. ત્યાં પાછળથી કર્નલ શાહનવાઝખાન અને કર્નલ ધીલોનને પણ લાવવામાં આવ્યા અને તેમની સામે મુકદમો ચલાવવાને માટે દિલ્હીના લાલ કિલ્લામાં જ લશ્કરી અદાલત બેસાડવામાં આવી. એ અદાલત સમક્ષ, કર્નલ સહગલે યાદગાર નિવેદન કરતાં, પોતાના હૈયામાં જે વેદના ભરી હતી તેને વ્હેતી મૂકી છે. એ નિવેદનમાં જણાવ્યું છે કે

ફેરાર પાર્કમાં બ્રિટિશરોના પ્રતિનિધિ લેફ્ટ. કર્નલ હંટે અમને હિંદીઓને ઘેટાંનાં ટોળાંની માફક જાપાનિઝોને સોંપ્યા હતા. આ વસ્તુ અમને સૌને એક ફટકારૂપ લાગી હતી. હિંદી સૈન્યે પારાવાર મુશ્કેલીઓની સામે લડાઈ કરી હતી. એનો બદલો બ્રિટિશ વરિષ્ઠ સત્તાવાળાઓએ, અમને જાપાનિઝોની દયા પર છોડીને આપ્યો હતો.

અમને લાગ્યું હતું કે, બ્રિટિશ સરકારે આપમેળે જ બ્રિટિશ તાજની સાથે સાંકળતાં અમારાં બંધનો તોડી નાંખ્યા હતાં અને અમારી જવાબદારીમાંથી મુક્ત કર્યા હતા. જાપાનિઝોએ અમને કેપ્તાન મોહનસિંગને હવાલે કર્યા હતા.

તેઓ આઝાદ સેનાના વડા સેનાધિપતિ તરીકે અમારી આગળ આવતા હતા. અમારૂં ભાવિ ઘડવા માટે અમને તેમના હાથ તળે મુક્ત કરાયા હતા. અમે પ્રમાણિકપણે એમ માનતા હતા કે, 'બ્રિટિશ તાજે અમને રક્ષણ આપવાનું બંધ કર્યું છે. આથી તે અમારી પાસેથી વફાદારીની માગણી કરી શકે નહિ.'

ત્યારબાદ કેપ્તાન સહગલે '૪૨ નો ' હિંદ છોડો' નો ઠરાવ અને ત્યારબાદ બનેલા બનાવોનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, અખિલ હિંદ રેડિયો કે લંડન રેડિઓએ આ બનાવ પર પરદો પાડયો હતો. આમ છતાં, હિંદમાંથી છૂપા રેડિયો તેમ જ ધરી રેડિયોના સમાચારો વિગતવાર આવતા હતા. આ બધાં રેડિયો મથકો પરથી આવતા સમાચારોથી અમને એમ લાગતું હતું કે, ૧૮૫૭ ના બળવા પછી જે દમનરાજ હિંદમાં થયું હતું તેનું જ આ પુનરાવર્તન હિંદમાં થઇ રહ્યું હતું.

આ વિષય અંગે બ્રિટિશ તેમ જ હિંદી અખબારો અને સત્તાવાર સમાચારો ચૂપકીદી સેવતા. આથી ઉપરના સંદેશાઓની સચ્ચાઈ પુરવાર કરવાને અમારી પાસે કંઇ હતું જ નહિ. આથી અમે જે સ્વજનો છોડીને આવ્યા હતા તેઓની અમને ચિંતા થતી હતી. આ સાથે અમારા દેશને કાયમી ગુલામીમાં રાખનાર બ્રિટિશ શાહીવાદી કટુરોષની લાગણી પણ હતી.

હિંદના બચાવ વિષે અમારી પાસે જે કંઈ માહિતી હતી તે કંઈ ઉત્સાહપ્રેરક નહોતી. અમારામાં જેઓ આશાવાદી હતા, તેઓ પણ જાપાનની આગેકૂચને અટકાવવાની બ્રિટિશ તાકાતની શક્તિ વિષે શંકા ધરાવતા હતા.

લાંબી વિચારણા બાદ, મને એક જ માર્ગ દેખાયો હતો. આ માર્ગ જાપાની સેના સાથે જ હિંદમાં કૂચકદમ કરી શકે તેવા એક શિસ્તબદ્ધ શસ્ત્રધારી લશ્કરને ઉભો કરવાનો હતો. આ લશ્કર અત્યારના પરદેશી શાસનથી હિંદને મુકત કરે અને જાપાનિઝોની સંભાવિત પજવણીથી દેશને બચાવી શકે એમ હતું. આ સેના જ અંગ્રેજોના સ્થાને હિંદમાં જાપાનિઝોને પેસતા અટકાવી શકે એમ હતી.

આઝાદ ફોજમાં જાપાનના ખરાબ વર્તાવના કારણે કે સ્વાર્થી હેતુઓ માટે હું જોડાયો નહોતો. '૪૨માં ફોજના કમાન તરીકે મને તો માત્ર મહિને ૮૭ ડોલર મળતા હતા હું બહાર રહ્યો હોત તો મને મહિને ૧૨૦ ડોલર મળી શકયા હોત. કેવળ દેશપ્રેમથી જ હું ફોજમાં જોડાયો હતો.

કમાન સહગલે ત્યાર બાદ યુદ્ધકેદી તરીકેના આ બધા અધિકારોને લાયક હોવાનો દાવો કરતાં જણાવ્યું હતું કે, ' ' ૪૫ ના એપ્રિલની ૧૮ મીએ અમે શરણે થયા હતા. એ યાદીમાં અમે યુદ્ધકેદીઓ તરીકે જ શરણે થવાને તૈયાર છીએ એમ અમે જણાવ્યું હતું. '

આ યાદીની શરતો સામે વાંધો ઉઠાવ્યા વિના અમારી શરણાગતીનો સ્વીકાર થયો હતો અને શરણાગતી બાદ યુદ્ધ કેદીઓ તરીકે જણાવવામાં આવ્યા હતા. અમારી આ શરત સ્વીકારાઇ ના હોત તો અમે લડાઇ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. અમે છસો સૈનિકો હતા અને અમારામાંના દરેક લોહીનું છેલ્લું ટીપું આપવા તૈયાર હતો.

ખૂનમાં સહાય કરવાના આરોપ સંબંધમાં કમાન સહગલે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સિપાઇઓ દોષિત સાબિત થયા હતા અને તેઓને મોતની સજા ફરમાવાઇ હતી;

પરંતુ આવા પ્રકારના મુકદ્દમામાંથી પસાર થયેલા બીજા ગુનેગારોની માફક તેઓની પાસે દિલગીરી જાહેર કરાઈ હતી. શિસ્ત-ભંગ ફરીથી નહિ કરાય એવી ખાતરી આપતાં તેઓ સામે સજાનો અમલ થતો અટકી ગયો હતો.

આ સજાનો અમલ કરાયો હોત, તોય મારી સામેનો આરોપ ટકી શકે નહિ. ચાર ગુનેગારો સ્વેચ્છાએ ફોજમાં જોડાયા હતા અને તેની શિસ્તને તાબે થયા હતા. પ્રવૃત્તિ દર-મિયાન તેઓએ શરમજનક રીતે ફરજનો ત્યાગ કર્યો હતો. આથી વિશ્વના લશ્કરી કાયદા અનુસાર તેઓ મોતની સજાને પાત્ર થયા હતા.

આઝાદ હિંદ ફોજ, હિંદને મુક્ત કરવાના પોતાના ધ્યેયમાં નિષ્ફળ ગઈ હતી. તેમ છતાં, અમારામાંના દરેકને સંતોષ હતો કે આ ફોજે મલાયા, બ્રહ્મદેશ અને અગ્નિ એશિયાના બધા આક્રમણકારો સામે, હિંદીઓના જાનમાલ, મિલ્કત અને આબરૂની રક્ષા કરી છે. આ ખટલો શરૂ થયા બાદ, રંગુનની હિંદી ખ્રિસ્તી સંસ્થા, તેમજ બ્રહ્મદેશના હિંદીઓના સંઘ વગેરેના તારો આ બાબતનો પુરાવો આપે છે.

*

**ખૂબસુરત** વદનવાળો ઉંચો પાતળો, ખૂશમિજાજ પ્રેમકુંવર સહગલ સૈનિક છે છતાં એનામાં કવિત્વની કોમળતા ભરી છે. આઝાદ ફોજ માટે જ્યારે સૈનિકોની ભરતીનું કાર્ય પૂર જોશમાં ચાલતું હતું અને નેતાજીનાં પ્રવચનો જ્યારે સૂતેલી પ્રજાના પ્રાણુને જાગ્રત કરતા હતા ત્યારે કવિ સહગલનાં ગીતો એ જાગ્રતિને પાનો ચડાવતા હતા.

આ યુવાન પર, કદાચ એને ખબર પણુ નહિ હોય, પણુ પંજાબની એક યુવતિ આશક થઈ પડી. સહગલને માટે, મોરચા

પર દુશ્મન સામે લડતો હતો ત્યારે એણે પ્રતિજ્ઞા લીધી કે, જો 'પરણું તો પ્રેમકુમાર સહગલને જ, બીજાને નહિ!'

એને શ્રદ્ધા હતી કે એના શુદ્ધ પ્રેમનો એકદા વિજય થશે જ. આ જાતની પ્રતિજ્ઞા સામે તેના કુટુંબીઓએ વિરોધ ઉઠાવ્યો. પણ સદ્‌ભાગ્યે, સહગલને તેઓ જાણતા હતા છતાં દુઃખ એ હતું કે કોણ જાણે કયારે ય સહગલ પાછો આવશે? અને પાછો આવ્યા પછી પણ પ્રતિજ્ઞાબદ્ધ થયેલી, કુમારીને પરણવાને તૈયાર થશે ખરો? એના માતાપિતાએ તેને ખૂબ સમજાવી પણ એ બાળાએ પ્રતિજ્ઞાનો ભંગ કરવાનો ઈન્કાર કર્યો.

જ્યારે લાલ કિલ્લામાં, સહગલ સામે મુકદમો શરૂ થયો ત્યારે તો એની પ્રતિજ્ઞા પૂર્ણ થવાની રહીસહી આશા પણ જતી રહી. છતાં પણ એ બાળાએ હિંમતથી જવાબ આપ્યો: 'સહગલ સિવાય હું કોઇને પરણીશ નહિ.' એનું દિલ એને કહેતું હતું કે 'સહગલ જરૂર તને મળશે જ' અને દેશભરના પ્રચંડ વિરોધને કારણે આઝાદ ફોજના એ ત્રણે અફસરોને મુક્ત કરવામાં આવ્યા, ત્યારે એ બાળાને પોતાના શુદ્ધ પ્રેમનો વિજય જણાયો હોય તો નવાઈ નહિ.

કર્નલ સહગલ મૂક્ત થયા પછી આઝાદ હિંદ ફોજના સૈનિકોના પ્રશ્ન તો ઉકેલવામાં રોકાઈ ગયા છે. તેમણે મેજર જનરલ શાહનવાઝખાન સાથે મહાત્માજીની મુલાકાત લીધી અને ધીમે ધીમે મૂક્ત થઈ રહેલા આઝાદ હિંદ ફોજના સૈનિકોને પુનઃ કામ ધંધે લગાડવાનું કાર્ય, તેમજ જેઓ શહિદ થયા છે તેમના કુટુંબીઓને રાહત આપવાનું કાર્ય જે મહાસભાની દોરવણી હેઠળ ચાલી રહ્યું છે તેને સંભાળી રહ્યા છે. નેતાજી સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા આજેય મોજુદ છે. અને ફરીને જ્યારે હિંદની આઝાદી માટે લડવાનો મોકો મળે ત્યારે મહાસભાની દોરવણી હેઠળ લડવાને તેઓ તૈયાર છે.

યુદ્ધનું પલ્લું બીજીતરફ ઢળતું હતું, વિજેતાઓ પરાજીત થઇ રહ્યા હતા, અને જાપાનની તાકાતને સખ્ત ફટકો પડયો હતો. આઝાદ હિંદ ફોજની મોરચા પર પહોંચેલી અને બ્રિટિશ તાકાતને પડકાર આપીને, અપૂર્વ યુદ્ધ કૌશલ્ય બતાવતી સેનાને શસ્ત્રોની, અનાજની અને દવાદારૂની તંગી જણાતી હતી ત્યારે જાપાનના વલણ અંગે સહગલે તા. ૨૦ મી ઓગસ્ટના રોજ લખેલો યાદગાર પત્ર નીચે મુજબ છે.

પ્રિય જામન,

કર્નલ શાહનવાઝના રિપોર્ટ સાથેનો તારો હેવાલ મળ્યો. આ સંબંધમાં મેં તરત જ નેતાજીને હેવાલ મોકલી આપ્યો છે. ગઈ સાંજે લેફ. જનરલ ઇશોડા સાથે નેતાજીએ તારા હેવાલમાં જણાવેલા પ્રશ્ન અંગે ચર્ચા કરી હતી. હું પણ તે વખતે હાજર હતો. જો કે ચર્ચા દરમ્યાન લેફ. જનરલ ઇશોડાએ એ અંગે તાર કરવા જણાવ્યું હતું પણ તે કાંઈ કરી શકે તેમ નથી.

જ્યારથી જાપાનીઓએ રક્ષણાત્મક પગલું ભરવાનો નિશ્ચય કર્યો ત્યારથી તેમના વલણમાં ફેરફાર થયેલો હું જોઉં છું, એ વિષે કદાચ મારા કરતાં તું વધુ સ્પષ્ટતાથી કહી શકશે. ગમે તેમ પણ એક વસ્તુ ચોક્કસ છે કે, રંગુનમાંના જાપાની સત્તાવાળાઓ પાસેથી આપણે કશી આશા રાખવી એ વ્યર્થ છે. તારે તારા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે હામચીબુટાઈ સાથેજ ફોડી લેવાનું રહેશે. મોરચા પરની જાપાની સ્ટીમ લંચને છુટી કરવાને આપણી સ્ટીમ લંચ મોકલવાની અમે ઓફર પણ કરી હતી. પણ તેનો ઈન્કાર કરવામાં આવ્યો.

આપણે ૭ લોરીઓ [મોરચા પરના સૈનિકો માટેનો પૂરવઠો પહોંચાડવા]ની વ્યવસ્થા કરી. આપણા કારખાનામાંજ

તેની સજાવટ થઇ અને તે જવાને તૈયાર થઈ કે તરતજ તેને રવાના કરવામાં આવી છે. માંડલેમાંની હોસ્પીટલ માટે પણ જરૂર છે અને જાપાનીઓ પાસેથી એ મળતાં અમે તરતજ તને મોકલી આપશું.

મોરચા પરથી પાછા ફરતાં આપણા સૈનિકોને બે જોડ કપડાં આપવાની વ્યવસ્થા થઈ ગઈ છે. બુટની દુકાન પણ ઉઘાડવામાં આવી છે. આપણી મુખ્ય મુશ્કેલી તો સામગ્રી મેળવવાની છે. કોઈ પણ કિંમત આપતાંયે મળી શકતી નથી. અમે અહીં અમારાથી બને તેટલું કરી રહ્યા છીએ. આપણા બિરાદરોની મુશ્કેલીમાં અમે કાંઇ કરી શકતા નથી એવી જે લાગણી પ્રવર્તે છે તે અસહ્ય છે.

ડીવીઝન ૧ અને ૨ ને જ્યાં રવાના કરવામાં આવનાર છે એની તપાસ માટે લેફ઼. કર્નલ હબીબુર રહેમત ગયા છે. અને એક બે દિવસમાં જ પાછા ફરવાની અમે આશા રાખીએ છીએ. તે પાછા ફરશે કે તરત જ, તને જે કાંઇ મદદ થઇ શકે તે કરવાનો હું પ્રયત્ન કરીશ.

ઈનાયત હસન અને આરશાદ પ્રત્યે શુભેચ્છાઓ સહિત.

તમારો

(સહી) પ્રેમ

આઝાદ ફોજના સૈનિકોએ મોરચા પર જે વીરત્વભર્યો સામનો કર્યો હતો તે સંબંધમાં કર્નલ સહગલ પોતાની સહી સાથેની ડાયરીમાં નીચે પ્રમાણે લખે છેઃ

(૧) તમામ સૈનિકોએ સંપૂર્ણ વફાદારીપૂર્વક અંતઃકરણથી પોતાની ફરજો બજાવી છે. ઘણા પ્રસંગોએ તેમની ધ્યેય પ્રત્યેની વફાદારી પૂરવાર કરી છે. અને બહાદૂરી પૂર્વક લડયા છે. કોઇપણ પ્રસંગે તેમની વફાદારી પરત્વે મને શંકા આવી નથી.

(૨) કોઈ પણ અમલદારે જરા પણ કાયરતા બતાવી નથી અને અણીના પ્રસંગે તેઓ ખૂબ જ વીરતાથી લડ્યા છે.

તા. ૨ જીના રોજ જ્યારે દુશ્મનો આપણા મથકો સુધી પહોંચ્યા ત્યારે લેફ. યાસીનખાને જાતે ગોળીબાર કર્યો. દુશ્મનની યાંત્રિક તોપોના મારા વચ્ચે તે આપણા મથકે પહોંચી જઈને ત્યાંના આપણા સૈનિકોને હિંમત આપતા રહ્યા. તા. ૨૯ મીની રાત્રે પણ એવી જ વીરતાથી લડયા હતા.

એસ. ઓ. અબ્દુલાખાનને તેની વીરતા માટે વીર-એ-હિન્દનો ઇલ્કાબ એનાયત કરવાની ભલામણ કરવામાં આવી છે. તેઓ અને એસ. ઓ. અબ્દુલ હકીમ હંમેશાં મુશ્કેલ પરિસ્થિતિમાં ચોકી કરતા રહ્યા છે.

તા. ૩ જીની રાત્રે લેફ. ગંગાસીંગે ૪૫ સૈનિકો સાથે આપણા કરતાં બઢતી તાકાતવાળી દુશ્મન ટુકડી પર છાપો માર્યો અને તેને ભગાડી મૂકી.

(૩) દુશ્મનનો સામનો કરતાં કોઇ પણ સૈનિકે કાયરતા પિછાની નથી. આપણા થાણા પર આપણા કરતાં વધુ તાકાતવાળી દુશ્મન ટુકડીએ હુમલો કર્યો ત્યારે એક પણ વ્યક્તિ પોતાના સ્થાન પરથી પાછી હઠી નહતી આપણા મર્યાદિત શસ્ત્રો અને સંખ્યાબળ સાથે આપણે બઢતા બળ અને સંખ્યાવાળી દુશ્મન ટુકડી પર હુમલો કર્યો ત્યારે પણ એક પણ સૈનિક હતાશ થયો નહતો. જ્યાં સુધી ટુકડી દુશ્મનનો મુકાબલો કરતી હતી, ત્યાં સુધી હતાશા ફેલાવા પામી નહતી એટલુંજ નહિ પણ આ ટુકડી વીરતાથી લડી હતી, એનું નિશ્ચય બળ અજોડ હતું. હીકારી કોકટન ડીવીઝનનો લેફ. ઇનુઝુકા આ વીરતાથી આશ્ચર્ય મુગ્ધ બન્યો હતો તેણે મને જણાવ્યું હતું કે, દુશ્મનની આટલી મોટી તાકાત સામે આઝાદ ફોજના સૈનિકોનો એ અત્યાર સુધીના

જંગોમાંનો મોટામાં મોટો જંગ હતો. જે વીરતાથી એ ટુકડી લડી હતી તેની જાપાની ટુકડી પર ભારે અસર થવા પામી હતી. અને નેતાજી સુભાષચંદ્ર બોઝ પર એ અભિપ્રાય મોકલી આપવાની તેણે પોતાની ફોજના વડાને વિનંતિ કરી હતી.

આમ છતાં જે નિરાશા, આપણી ફોજમાં છવાઈ છે તેનું મુખ્ય કારણ તો નીચે મુજબ છે.

(૧) ટર્કી ધરી રાજ્યો વિરુદ્ધ જોડાયું તેની કેટલાક મુસ્લિમ સભ્યો પર ઘણી ખરાબ અસર થવા પામી છે. ટર્કીને યુદ્ધમાં જોડાવા માટે કેમ ફરજ પડી તેનો સ્પષ્ટ ખ્યાલ આપવાના આપણા પ્રયાસો છતાં પણ મુસ્લિમ ઓફિસરો એમ માને છે કે ટર્કી જે સત્તા સાથે જોડાયું છે તેની સામે લડવું એ ઇસ્લામનો દ્રોહ કરવા સમાન છે.

(૨) આપણા અમલદારો અને સૈનિકોમાં અંતિમ વિજય પરત્વે અવિશ્વાસ આવતો જાય છે. તેઓ એમ માની જ બેઠા છે કે એંગ્લો-અમેરીકનનો વિજય થવાનો છે એટલે હવે લડત ચાલુ રાખવાનો કોઇ અર્થ નથી.

(૩) ખાસ કરીને આ મોરચા પરના સૈનિકો અને અમલ-દારોમાં એવી માન્યતા દૃઢ થતી જાય છે કે, જે દુશ્મન પાસે લશ્કરી બળ, શસ્ત્ર બળ આપણા કરતાં અનેક ગણું વધારે છે અને જેને આપણામાંથી નાસી છુટેલા અમીચંદોનો સાથ છે, તેમની સામે હવે લડત ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી. સામાન્ય દિવસોમાં આમાંના મોટા ભાગના અમલદારો આવી દગાખોરી કરવાને પ્રેરાત નહિ પણ જ્યારે તેમણે પોતાના કરતાં અનેકગણી તાકાત સામે જોઇ ત્યારે લડત ચાલુ

> રાખવાની તેમની નૈતિક હિંમત તૂટી ગઈ અને દુશ્મનને મળી જઇને પોતાની જાતને બચાવી લેવાનો માર્ગ અખત્યાર કર્યો.
>
> આ હેવાલ પૂરો કરતાં પહેલાં જે સૈનિકો અને અમલદારોએ મક્કમતાથી, વીરતાથી પોતાની ફરજ અદા કરી અને હિંમત પૂર્વક લડતા રહ્યા એમને અભિનંદન આપવાની મારી ફરજ સમજું છું.

સંખ્યાબળમાં અલ્પ, ભૂખથી શક્તિ ગુમાવી બેઠેલા, શારિરીક ઇજાઓ અને માનસિક ચિંતાઓથી ભરેલા આપણા બહાદૂર સૈનિકો પોતાના મથકે જ્યાં સુધી જાપાની સૈનિકો આવ્યા ત્યાં સુધી ઉભા રહ્યા અને વિંધાઇ ગયા. કેટલાય એવા બનાવો છે કે એ મેરીટના અધિકારી છે અને તપાસ પૂરી થતાં જ તે અંગેનો હેવાલ રજૂ થશે.

(સહી) **પી. કે. સહગલ**
લેફ. કર્નલ.

આ હેવાલ પૂરો થયા પછી બીજી એક અગત્યની બાબત પ્રકાશમાં આવી છે.

જ્યારે મોટી સંખ્યાના અમલદારો દુશ્મનને મળી જતા હતા ત્યારે તેઓ પોતાના તાબાના સૈનિકોને પોતાની સાથે આવવાને હુકમ કરતા, અથવા તો તેમને થાણું છોડી જવાની સૂચના કરતા. આ સંબંધમાં તપાસ થઇ રહી છે અને એવી વ્યક્તિઓનાં નામો મેળવવાનો પ્રયાસ થઇ રહ્યો છે કે જેઓ પોતાની સ્વેચ્છાથી દુશ્મનને મળી ગયા છે અને જેઓને જુઠાં વચનો આપીને લઇ જવામાં આવ્યા છે.

(સહી) **પી. કે. સહગલ**
લેફ. કર્નલ.

## [ ૭ ] શ્રી. ગુરુબક્ષસીંગ ધીલોન

[ કર્નલ : આઝાદ હિંદ ફોજ ]



નેતાજી અમારા માટે અખૂટ પ્રેરણાદાયી હતા. આઝાદ હિંદ ફોજના પ્રત્યેક સૈનિકની તેઓ જાતે સંભાળ લેતા, આજાર સૈનિકોના બિછાના પર તેઓ બેસતા અને તેની માવજત કરતા. નેતાજીના દિલમાં જેમ આઝાદ ફોજના એક અદનામાંઅદના માનવી માટે પ્રેમ અને મોહબ્બત ભર્યાં હતા તેવી જ રીતે આઝાદ ફોજના નાના મોટા સહુ કોઇ માનવીના દિલમાં નેતાજીને માટે પ્રેમભાવ હતો. એમનું ફરમાન અમારા માટે આજ્ઞા હતી. એ આજ્ઞા એવી હતી કે ફરમાનનો અમે અમલ કરતાં કરતાં પ્રાણ આપી દઇએ.

આઝાદ હિંદ ફોજ નાકામયાબ થઈ છે પણ એણે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે એવી ભવ્ય છે કે જગત એને ક્યારેય ભૂલી શકશે નહિ.

અમદાવાદની એક વિરાટ સભા સમક્ષ, આ શબ્દો ઉચ્ચારનાર કર્નલ ધીલોનને કોણ પીછાનતું નથી ? લાલ કિલ્લાના ઐતિહાસિક મુકદમામાં સડોવાયેલા ત્રણ સિંહોમાંના એ એક છે.

ઉંચા, પાતળા અને પ્રભાવશાળી વ્યકિતત્વ ધરાવતા કર્નલ ધીલોનની વાણીમાં જોશ અને દર્દભર્યાં છે. તેઓ પોતે સૈનિક છે અને સૈનિક તરીકેનું જીવન જીવે છે, એટલે તેઓ શિસ્તના ચૂસ્ત હિમાયતી હોય જ.

જંગી માનવ મેદનીવાળી સભામાં જ્યારે તેઓ ગેરશિસ્ત જુએ છે, અવ્યવસ્થા જુએ છે ત્યારે તેઓ વ્યથા અનુભવે છે. સહુને તેમનો આદેશ એક જ હોય છેઃ 'શિસ્ત જાળવો.'

બર્મામાં નેતાજીને સાંભળવા જમા થતી લાખોની મેદનીવાળી સભાઓમાં તેમણે હાજરી આપી છે. પણ ત્યાં ગેરશિસ્ત તેમણે જોઈ નથી, એથી હિંદીઓની અવ્યવસ્થા તેમને ખૂંચે છે.

એમના દિલ અને દિમાકમાં ખૂમારી છે. ગૌરવથી એમની ગરદન સદાય ટટ્ટાર રહે છે. શીખ જાતિને જન્મ સિદ્ધ એવા લડાયક ખમીરના દર્શન તો પહેલી મુલાકાતે થાય છે.

એમનું નામ ગુરુબક્ષસીંગ ધીલોન. તેમના પિતાનું નામ સરદાર ઠાકુરસીંગ ધીલોન. માતાનું નામ શ્રીમતી કરણીદેવી ધીલોનઃ તેમના પિતા સરદાર ઠાકુરસીંગ ધીલોન બત્રીસ વર્ષની એકધારી લશ્કરી સેવા બજાવ્યા પછી નિવૃત થયા છેઃ તેમનું કુટુંબ વિશાળ છેઃ

શીખ જાતિ લડાયક જાતિ છે. બ્રિટિશ સલ્તનતની સ્થાપના પછી શીખોએ સલ્તનતની રક્ષા અને તેની વૃદ્ધિ માટે, આજ સુધી પોતાનાં લોહી વહાવ્યાં છે.

કર્નલ ધીલોનના પિતા જેમ લશ્કરી સેવા બજાવીને નિવૃત થયા છે, તેવી જ રીતે તેમના વડીલ બંધુ ગુરદયાલસીંગ ધીલોન પણ લશ્કરમાં જમાદાર હેડક્લાર્ક હતા. તેમના બીજા ભાઈ

બલવંતસીંગ ધીલોન પણ લશ્કરમાં છે. આમ એમનું કુટુંબ લશ્કરને પોતાની સેવા આપી રહ્યું છે.

ગુરુબક્ષ ધીલોનનો જન્મ ૧૯૧૪ના માર્ચ માસમાં લાહોર જીલ્લાના આલ્ગોન નામના ગામમાં થયો હતો. તેમના પિતા દેવલાલી ખાતે વડા વેટરનરી સર્જન હોઇને, દેવલાલીની ટેકરીઓ પરથી, લશ્કરી ટુકડીઓની હિલચાલ તેમને આકર્ષી રહી હતી ઘોડેસ્વાર ટુકડીઓ જોવામાં તેઓ ખૂબ તલ્લીન બની જતા. ત્યાં જ તેમનું શિક્ષણ શરૂ થયું. પિતાએ ખાનગી શિક્ષક રોકીને તેમને પ્રાથમિક જ્ઞાન આપવા માંડયું. પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં છાગામાગા ખાતેની શાળામાં દાખલ થયા આધ્યાત્મિક શિક્ષણ પટોકીની શાળામાં લીધું અને સીમલા નજદિકના ભગત સ્ટેટની વિકટોરિયા દલિપ હાઈસ્કૂલમાં વધુ અભ્યાસ માટે જોડાયા.

શાળાના જીવનકાળમાં જ, દેશભરમાં શરૂ થયેલી અસહકારની હિલચાલ પ્રત્યે તેઓ આકર્ષાયા. તેમણે ખાદી પહેરવાનું શરૂ કર્યું, રાષ્ટ્રપ્રેમના ઉછળતા ધોધમાંથી હાથ લાગેલાં મોતી તેમણે કાવ્યમાળામાં ગૂંથી ગૂંથીને અર્પણ કરવા માંડયા; પણ તેઓ રાષ્ટ્રની આઝાદી માટેના જોસીલા પ્રવાહમાં તણાય તે પહેલાં તેમના પિતા રૂકાવટ થઇને ઊભા રહ્યા. વફાદારીની અનન્ય ભાવના અને લશ્કરી નોકરીની શિસ્તે તેમના પિતાને, મહાસભા પ્રત્યેના વિરોધી બનાવ્યા હતા. મહાસભાની પ્રવૃત્તિ પ્રત્યે તેમને નફરત હતી. બ્રિટિશરો પ્રત્યેની તેમની વફાદારી તેમને કહી રહી હતી કે, ‘તારા પુત્રને રોક, તારો પુત્ર રાષ્ટ્રભક્તિના પ્રવાહમાં તણાઇ ન જાય એ તું જોતો રહે’ અને પિતાએ તેને રોકયો. પ્રવાહ જોશભર્યો હતો અને ગુરુબક્ષસીંગ તેમાં તણાય એ પહેલાં તો બહાર નીકળી આવ્યા. આમ છતાં

એમના દિલમાં મહાસભા પ્રત્યેની ભક્તિના જે અંકુરો ફૂટયા હતા તે કાયમ રહ્યા.

પંજાબ આર્યસમાજની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર છે અને ગુરુબક્ષસીંગ પણ આર્યસમાજ પ્રત્યે આકર્ષાયા. આજે પણ તેઓ આર્યસમાજના પ્રશંસક છે.

અભ્યાસ દરમિયાન તેમને તબીબી થવું હતું આજાર માનવીઓની સેવા કરવાના તેમને કોડ હતા, પણ પિતાએ તે સામે વિરોધ ઉઠાવ્યો. જે કુટુંબના તમામ સભ્યો જાતિનો વીરત્વનો વારસો લઈને લશ્કરમાં જોડાયા હોય એ કુટુંબનો ગુરુબક્ષ ડૉકટર બને, એ કોને ગમે? અને સદાને માટે ડૉકટર બનવાનાં સ્વપ્નાં નાબૂદ થયાં.

રાવલપીંડીની ગોર્ડન મીશન કોલેજમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન તેમને ક્રિશ્ચિયન ધર્મ વિષે અભ્યાસ કરવાની તક મળી. તેમ જ એક વિદ્વાન મુસ્લિમ જજનો પુત્ર જે ગુરુબક્ષસીંગનો મિત્ર હતો તેની દ્વારા ઈસ્લામ વિષેનો પણ અભ્યાસ કર્યો. તેઓ ધર્માંધતાથી પર છે.

પિતાએ તબીબી બનવાની ના પાડી દીધી એ સંજોગોમાં ગુરુબક્ષસીંગ પોતાના કુટુંબને માથે બોજા રૂપ થવા ઇચ્છતા ન હતા. એથી તેમણે લશ્કરમાં જોડાવા માટે પરવાનગી આપવાની પિતા પાસે માગણી કરી અને તા૦ ૨૯મી મે ૧૯૩૩ના રોજ તેઓ લશ્કરમાં ભરતી થયા. ભરતી થવાનું મુશ્કેલ હોવા છતાં તેમણે સારા માર્કસ સાથે કોર્સ પસાર કર્યો. તા. ૨૪ ફેબ્રુ. ૧૯૩૪ ના રોજ ફીરોઝપુર ખાતેની તાલીમ પુરી કરી અને લાહોર ખાતે પંજાબ રેજીમેન્ટની બેટાલિયનમાં તેમને મૂકવામાં આવ્યા, પણ ત્યાંય તેમને આગળ આવવાની તક તો ઓછી જ મળી! ઈરાદાપૂર્વક તેમની પ્રગતિના માર્ગમાં અંતરાયો ઊભા કરવામાં આવ્યા. તેમનો

સુબેદાર પણ શીખ હતો. છતાં ગુરુબક્ષસીંગ ભણેલા અને જુદા જીલ્લાના હોવાથી તેઓ પ્રત્યે સદાય દ્વેષતાભર્યું વર્તન રાખવામાં આવતું હતું. આમ છતાં પણ એક મુસ્લિમ જમાદારની સહાનુ-ભૂતિથી ત્રણ મહિનાની વધુ તાલીમ માટે તેમને પસંદ કરવામાં આવ્યા. સદ્ભાગ્યે તેઓ આ તાલીમમાં પ્રથમ નંબરે આવ્યા અને કામચલાઉ લાન્સ નાયકની પદવીએ પહોંચ્યા. અલબત્ત, આ પદવી કામચલાઉ અને બીન વેતનની હતી.

પ્રગતિ અને વિકાસ માટે ફાંફાં મારતા ગુરુબક્ષસીંગનું ધ્યાન મશિનગન વિભાગ તરફ ગયું. પણ એની સામે બધાનો વિરોધ હતો. એવી જોખમભરી કામગીરી સામે સહુ કોઇને વાંધો હતો. એ દિવસો દરમિયાન ગુરુબક્ષસીંગનાં પત્ની બસન્ત તેમની સાથે રહેતી. એક દિવસ ગુરુબક્ષસીંગે પત્નીને કહ્યું: 'હવે હું તો આ નોકરીથી કંટાળ્યો છું. હું તો રાજીનામું આપવા માગું છું.' પત્નીને પતિનો આ વિચાર ગમ્યો નહિ. એ પણ શીખ બાળા હતી. એના દેહમાં પણ ગરમ લોહી વહેતું હતું. એણે પતિને કહ્યું: 'પિતાની આ બાબતમાં સલાહ લેવી જરૂરી છે.'

અને બન્યું પણ એમ જ; પતિપત્ની જ્યારે આ પ્રશ્નપર ગંભીરતાથી ચર્ચા ચલાવી રહ્યાં હતાં, ત્યાં એકાએક ગુરુબક્ષસીં-ગના પિતા આવી ચડયા.

ગુરુબક્ષસીંગે પત્નિને કહ્યું કે, 'પિતાજી સમક્ષ આ વાત મૂકવાની કોઈ જરૂર નથી.'

પણ પતિની ગેરહાજરીનો લાભ લઇને પત્નીએ તમામ હકીકતથી સસરાને વાકેફ કર્યા.

'ગુરુબક્ષસીંગ! તારા જેવા કાયર પુત્ર માટે મને શરમ ઉપજે છે.' ઘરમાં પગ મૂકતાં જ પિતાએ પુત્રને આ શબ્દોથી નવાજ્યો. ગુરુબક્ષસીંગ પરિસ્થિતિ સમજી ગયા. પત્નીએ પોતાની

ગેરહાજરીમાં પિતાને બધું જ કહી દીધું છે એ સમજી જતાં એમને વાર લાગી નહિ.

'હું તારી પલ્ટણના કમાન્ડરને તારી બદલી કરવાની ભલામણ કરીશ. તું જરાપણ ગભરાતો નહિ. પિતાએ પુત્રને હિંમત આપવાનો પ્રયાસ કર્યો.'

શરમના ભારથી જેની ગરદન લચી રહી છે, એવા પુત્રે હવે હિંમત એકઠી કરી હતી. તેણે જવાબ દીધો: 'પિતાજી એમ ન કરશો.'

પુત્રનું ગૌરવ માગતું હતું કે તેનો પિતા કમાન્ડર પાસે એવી કોઇ કાકલુદી કરવાને ન જાય.

'જો તને આટલું બધું ગુમાન છે તો પછી રડે છે શા માટે?' પિતા, પુત્રના દિલનો મર્મ સમજી ગયા હતા અને એ મર્મને પકડીને તેના પર ઘા માર્યો.

'હું તોપચીનું કામ ચાલુ રાખીશ પણ કદાચ જો એ ફરજ બજાવતાં મારું મૃત્યુ થાય તો તમે હતાશ થશો નહિ.' આંખમાં આંસુ લાવીને પુત્રે પિતા પાસે માંગણી કરી.

'કદિ નહિ!' પિતાએ હિંમતભર્યો જવાબ આપ્યો. 'મેં પણ ઘોડાઓ અને ખચ્ચરો વચ્ચે જીવનના દિવસો વ્યતિત કર્યા જ છે. તું જ્યારે તેમને ખોરાક આપવા જાય, ત્યારે તેમની સાથે માયા કર અને તેઓ પણ તારી સાથે માયાળુ બની જશે.'

એ જ સાંજે પુત્રને સલાહ આપીને, પિતા ચાલ્યા ગયા અને એ સલાહે પુત્રના માર્ગમાં રહેલી મુશ્કેલીઓ દૂર થઈ. ગુરુબક્ષસીંગને હવે પ્રાણીઓ પ્રત્યે કુમળી લાગણીઓ જન્મવા લાગી. ખચ્ચરો વિશેનો ભય દૂર થયો.

લશ્કરી જીવનમાં પત્ની સાથે રહેતા ગુરુબક્ષસીંગ પોતાની પત્ની બસંતને, પોતાની રાઇફલ; પોતાનો સરંજામ ચકચકાટ

રાખવા પાછળ ઉઠાવેલા પરિશ્રમને પરિણામે પોતાને કમાન્ડર તરફથી મળતી શાબાસીનો ઉલ્લેખ કરીને જણાવે છે કે, 'અમે અમારા ટૂંકા પગારમાં દિવસો વ્યતીત કરતા હતા. તે હંમેશા મને પ્રેરણા દેતી હોય એમ વિનવતી હતી. નવરાશનો વખત તમે જો વાંચવા લખવામાં ગાળો તો કોઇક દિવસ તમે દહેરાદુનની ઇન્ડિયન મેડિકલ એકેડેમીમાં સહેલાઈથી જોડાઈ શકો. અમે પાંચથી છ મહિના સાથે રહ્યા. એ દિવસો, અમે જે દરમાયો મળતો તે રકમમાં જ વ્યતીત કરતા હતા. બસંત પોતાની સાથે થોડાંક નાણાં લાવેલી અને ઘર ખરચને પહોંચી વળવા માટે એ રકમ પણ અમે વાપરતાં. એમાંથી માત્ર આઠ આના જ બાકી રહ્યા. અને એ આઠ આના તો રાખી મૂકવાનો જ અમે આગ્રહ રાખ્યો હતો, પણ એક દિવસ તો અમારા ઘરમાં આટો જ ન હતો અને પિતા અમારા મહેમાન બન્યા હતા. એ આઠ આના અમે સાચવી રાખ્યા છે એ વાત જ અમે ભૂલી ગયા હતા અને જો પિતા અમારી આ મુશ્કેલી જાણી જાય તો અમારા માટે કેટલું શરમિંદુ ગણાય? એની અમને ચિંતા હતી. રેજીમેન્ટને અનાજ પૂરું પાડતા વાણિયાને ત્યાં ગયો પણ ત્યાં આટો નહતો. ઉછીના પૈસા લેવાનું તો મને ગમતું જ નહતું. મારી મુશ્કેલીનો પાર નહતો, પણ અચાનક જ મને પેલા આઠ આના યાદ આવ્યા અને હું મારી ઓરડી પર દોડી ગયો. બસંતને મેં પેલા આઠ આનાની યાદ આપી અને તેણે હસીને પૈસા આપ્યા અને પિતાજી સમક્ષ અમારું જીવન ઉઘાડું પડી જવાનો જે ભય હતો તે દૂર થયો અને પિતાજી જ્યારે વિદાય થયા, ત્યારે તો તેમણે અમને થોડા પૈસા આપ્યા હતા.

રેશન અને શાકભાજીમાં જ મારો પગાર ખર્ચાઇ જતો હતો અને અમારે તો, જાણે અમે શ્રીમંત છીએ એવો જ ડોળ

કરીને જીવવાનું હતું. ગરીબ સિપાહી એના કુટુંબનું ભરણપોષણ કેમ કરતો હશે તેનો મને ત્યારે જ ખ્યાલ આવ્યો. ઇશ્વરનો ઉપકાર કે સદ્‌ભાગ્યે અમને કોઈ બાળક નહતું અને વસ્ત્રો તો અમારે માટે કદિ લીધાં નથી જ.'

ઇન્ડિયન મિલિટરી એકેડેમી માટે ત્રીસ ઉમેદવારોમાંથી ૧૩ને જ પસંદ કરવાના હતા અને તેમાં સદ્‌ભાગ્યે ગુરુબક્ષસીંગની પસંદગી થઈ. ગુરુબક્ષસીંગ અભ્યાસકાળ દરમિયાન પણ કવિતાઓ રચતા હતા. ધીમે ધીમે એ શોખ વધતો ગયો. 'ઇન્ડિયન મિલિટરી એકેડેમી'માં જોડાયા પછી પણ તેઓ હિંદુસ્તાનીમાં કાવ્યો લખતા હતા.

૧૯૩૮માં તેઓ ઇન્ડિયન મિલિટરી એકેડેમીમાં જોડાયા અને બે વર્ષમાં જ એનો અભ્યાસ પૂરો કર્યો. ૧૯૪૦માં તેઓ સફળતા પામ્યા અને પંજાબ રેજીમેન્ટમાં તેમને મૂકવામાં આવ્યા. સિપાહી તરીકે તેઓ ત્યાં રહ્યા. ૧૯૪૧ના ઓક્ટોબર માસમાં તેમની બેટાલીયન સીકંદરાબાદ ગઈ અને ત્યાંથી એ બેટાલીયનને દરિયાપાર જવાનું ફરમાન થયું.

સીકંદરાબાદના અનુભવ વિશે તેઓ કહે છે કે 'સીકંદરાબાદમાં મારી સાથે મારી પત્ની બસંત પણ રહેતી હતી. તે દરમિયાન તમામ ઓફિસરો મારા પ્રત્યે માનપૂર્વક વર્તતા હતા. સામાન્ય રીતે સીરસ્તો જ એવો હતો, પણ કર્નલ અને કમાન્ડરનું વર્તન ખૂંચતું હતું. મને પહેલી જ વાર ત્યારે સમજાયું કે હિંદીઓ ગમે તેવા હોદ્દા પર હોય તો પણ એ માત્ર હિંદી છે તે જ કારણે તેને યોગ્ય માન આપવામાં આવતું નથી. હું જ્યારે લાહોરમાં હતો ત્યારે મને ઓફિસરો માટેની સ્વીમિંગ કલબમાં દાખલ કરવામાં આવ્યો ન હતો. મારું એ ખૂલ્લું અપમાન હતું. જ્યારે મેં મારા સાથીદાર હિંદી ઓફિસરો

સમક્ષ મારી મનોવેદના વ્યકત કરી ત્યારે મને આશ્ચર્ય થયું કે તેમને પણ એવા ઘણા અનુભવો થયેલા છે.

તા. ૩જી માર્ચ ૧૯૪૧ ના રોજ તેમને અજાણ્યા સ્થળે મોકલી આપવા માટે મુંબાઈ રવાના કરવામાં આવ્યા. એ પછી પણ જ્યારે બેટાલીયન દૂર પૂર્વના દેશોમાં રવાના થઇ રહી છે ત્યારે પણ હિંદી ઓફિસરો પ્રત્યેના અંગ્રેજ અમલદારોના તુમાખીભર્યાં વર્તનના કડવા ઘૂંટડાઓ તો તેમને ભરવા જ પડયા.

તા. ૧૭ મી માર્ચે ગુરુબક્ષસીંગ તેમ જ બેટાલીઅન સાથે પીનાંગ પહોંચ્યા. અને ત્યાંથી કૂચ કરીને ઇપોહ ગયા. તમામ ઓફિસરો ઇપોહની મોટી હોટેલમાં રહેતા હતા. એપ્રિલમાં ગુરુબક્ષસીંગ બિમાર પડયા પણ તેમની નજદિકમાં જ રહેતા ઓફિસરોએ તેમની દરકાર પણ કરી નહિ.

હિંદીઓ કલબમાં જોડાઇ શકતા નહિ અને એવા એવા તો કેટલાયે અપમાનો હિંદી સૈનિકોને નસીબે લખાયેલાં હતાં.

દિલમાં વેદનાના કાંટા વાગતા હતા. અને યુરોપીય યુદ્ધનો દાવાનળ એશિયાની સરહદોને સ્પર્શી ચૂકયો હતો. પોતાના સાથી અફસરો સમક્ષ ધીલોને પોતાની હૃદયવેદના રજૂ કરી તેઓ સ્વમાનને ખાતર રાજીનામું આપવા તૈયાર થયા હતા. પણ સાથીઓએ તેમને એ પગલું ભરતાં અટકાવ્યા. સ્વમાનનો ઘા જોવાને ત્યારે કોઇને નવરાશ નહતી. એવી ધીલોનને પણ પ્રતિતી થઈ અને મૂંગા મૂંગા તેમણે પોતાની ફરજ અદા કરવાનું ચાલું રાખ્યું. ઈપોહથી સૂંગી ગયા ત્યાં પણ એવો જ અનુભવ સામો મળ્યો. ધીલોન અને બીજા હિંદી અફસરો, વ્યવસ્થિત રીતે અફસરો હોવા છતાં તેમને કમાન્ડિંગ તરીકેનો ચાર્જ આપવાનો ઇન્કાર થયો. મેજર કીઆની એકાએક બિમાર પડતાં આ મુશ્કેલ

પરિસ્થિતિનો સતત મુકાબલો કરીને પોતાનો માર્ગ કરી રહેલા-ધીલોનને તેમના સ્થાને નીમવામાં આવ્યા. એમની શક્તિ છુપી રહી નહિ અને હિંદમાં સીગ્નલ કોર્સના અભ્યાસ માટે તેમને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. ૩ જુલાઈ ૧૯૪૧ના રોજ તેઓ મદ્રાસ પહોંચ્યા અને ત્યાંથી ફીરોઝપુર જવાને રવાના થયા.

આ પ્રવાસ દરમિયાન તેમને ક્ષુધાર્ત હિંદના દર્શન થયાં. હાડ ચામનાં માળખાંઓ બની ગયેલા ખેડૂતોનાં દર્શન થયાં અને પોતાના દેશ ને દેશવાસી વિષે વિચાર કરવાની પહેલીજ તક પ્રાપ્ત થઇ. લશ્કરીઓ પાસે ભીખ માગતા, નગ્નાવસ્થામાં ભીખ માટે દોડતાં કુમળાં બાળકોનાં દ્રશ્યો તેમના માનસ સાથે એવી સજ્જડ રીતે અંકીત થઈ ગયાં કે જ્યારે નેતાજીએ હિંદની દરીદ્રતાનો શોષાયેલા પરાધીન હિંદનો જુસ્સાદાર શબ્દો દ્વારા ખ્યાલ આપ્યો ત્યારે એ ચિત્ર સ્વચ્છ બનીને નજર સમક્ષ ઊભું રહ્યું. એ દ્રષ્યોએ તેમનું દિલ હલબલી ઊઠયું અને ઘડીક તો જે રાજતન્ત્રે પોતાના દેશબાંધવોની આવી બેહાલી સર્જી છે, તેની નોકરી ફગાવી દેવાનો વિચાર ઉદ્દભવ્યો. પણ એ વિચારબિન્દુ સહજમાં દબાઇ ગયું. સીગ્નલકોર્સનો અભ્યાસ પુનામાં પૂરો કરીને ૩૦ મી નવેમ્બર ૧૯૪૧ ના રોજ પુનઃ સીંગાપોર પહોંચી ગયા અને જત્રાખાતેની પોતાની ટુકડી સાથે જોડાઇ ગયા.

યુદ્ધનો દાવાનળ એશિયાની ભૂમિ પર આવી પહોંચ્યો હતો અને તા૦ ૮મી ડીસેમ્બર ૧૯૪૧ના રોજ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યું. જાપાનની ફોજો આગળ ધપતી હતી. પંજાબ બેટેલીયન સામે સંગ્રામ જામ્યા પછી ચીગહામ ખાતેનો જંગ જામ્યો અને ધીલોનની ફોજ છૂટી પડી ગઈ. ધીલોન પોતાના સાથીદારોથી તદ્દન વિખુટા પડી ગયા, મહામહેનતે ચાલીસેક માણુસોને એકત્ર

કર્યાં અને ચીલોરસ્ટાર ખાતેની પોતાની ફોજ સાથે જોડાઈ જવાનો પ્રયાસ કર્યો. એ પ્રયાસમાં કેપ્ટન હબીબુ રહેમાન પણ જોડાયા. તેમણે પણ ચાલીશેક માણસોને એકત્ર કર્યાં પણ ચીલોર સ્ટાર અને જીત્રાનું તો પતન થઈ ગયું હતું. એટલે તેઓ બન્ને નાની બોટમાં બેસીને પીનાંગ જવા ઉપડયા, પણ ત્યાં સમાચાર મળ્યા કે પીનાંગ તો ખાલી થઇ રહ્યું છે.

દરમિયાન ધીલોનને નીબાંગ ખાતેના પૂલનું રક્ષણ કરવાની ફરજ સુપ્રત થઇ અને છેલ્લી ઘડી સુધી તેનું રક્ષણ કરવાનો પ્રયાસ કર્યો; પણ જ્યાં સામ્રાજ્યની તાકાતનાં વળતાં પાણી થયાં હતાં, ત્યાં ધીલોનનો પુરુષાર્થ શા ખપનો ? એ પડેલાં તો સીંગાપોર પડયું હતું અને હિંદી ફોજોને, જાપાનના હવાલે કરવાને ફેરાર પાર્કમાં ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૪૨ ના રોજ જમા કરવામાં આવી હતી. ધીલોન એ વખતે જ પોતાની ફોજ સાથે જોડાઈ ગયા.

શરણાગતિ પછી લશ્કરી શિસ્ત અને નૈતિક બળ એટલી હદે તૂટી પડયું હતું કે સૈનિકો પોતાના અફસરો પર હુમલાઓ કરી રહ્યા હતા.

[ ૨ ]

**કેપ્ટન** મોહનસિંહ પ્રત્યે ધીલોન બહુ માનની દૃષ્ટિએ જોતા હતા. મોહનસિંહની શકિતમાં તેમને વિશ્વાસ હતો. મોહનસિંહ આઝાદ હિંદ ફોજની રચના કરતા હતા તે અંગે ધીલોને કલાકો સુધી તેમની સાથે ચર્ચા કરી અને ચર્ચાને અંતે તેમણે આઝાદ હિંદ ફોજમાં જોડાવાનો નિશ્ચય કર્યો, પણ એ નિશ્ચયને અમલમાં મૂકતાં પહેલો એક પ્રશ્ન તેમની સમક્ષ ઊપસ્થિત થયો. લશ્કરમાં જ્યારે તેઓ જોડાયા, ત્યારે તેમણે રાજાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી ત્યારે પહેલું શું ? રાજા કે દેશ ? વફાદારી કોના પ્રત્યે પહેલી, રાજા પ્રત્યે કે દેશ પ્રત્યે ? અને ખૂબ વિચારણાને

અંતે ધીલોને દેશ પ્રત્યેની વફાદારીને પ્રથમ સ્થાન આપ્યું અને મોહનસિંહને, આઝાદ હિંદ ફોજની રચનામાં પૂરતી સહાય આપવાનું સ્વીકાર્યું. મોહનસિંહની પરવાનગીથી હિંદી સૈનિકો સમક્ષ તેમણે શિસ્ત, આરોગ્ય અને મોભાને સ્પર્શતા પ્રશ્નો પર વિવેચનો આપવા માંડયાં.

એ દિવસો મુશ્કેલીના હતા. પતનને પરિણામે જે નૈતિક અધઃપતન આવે છે એ અધઃપતનની ગર્તામાં હિંદી સૈનિકો ગળાબૂડ હતા. તેમને બહાર કાઢીને, તેમના ગળામાં કયારેય ન ઉતર્યા હોય એવા રાષ્ટ્રવાદના, રાષ્ટ્રીય ગૌરવના અને રાષ્ટ્રીય ઐકયતાના ઘૂંટડા ઉતારવાનું કાર્ય ધીલોને હાથ ધર્યું.

પરન્તુ આઝાદ હિંદ ફોજ કાંઈ પણ, કામયાબી પ્રાપ્ત કરે તે પહેલાં તો તેને વિસર્જન કરવી પડી અને તેના સ્થાપક કેપ્ટન મોહનસિંહને જાપાનની છાવણીમાં અટકાયતમાં રહેવું પડયું.

પહેલી આઝાદ ફોજના અનુભવથી દાઝી ઊઠેલા ધીલોન બીજી આઝાદ ફોજની રચના વખતે વિરોધમાં ઊભા હતા, પણ નેતાજીના વ્યક્તિત્વે તેઓ આકર્ષાયા અને જ્યારે પોતાના સાથીદારો શાહનવાઝખાન અને પ્રેમ સહગલે નેતાજીની સાથે જ ઊભવાનો નિશ્ચય કર્યો અને નેતાજી અને આઝાદ હિંદ સરકારને વફાદાર રહેવાના શપથ લીધા. જો કે નેતાજીના આગમન પછી પણ ધીલોન એવો અભિપ્રાય ધરાવતા હતા કે મોહનસિંહે ઊભી કરેલી આઝાદ હિંદ ફોજ લશ્કરી દૃષ્ટિએ વધુ ક્રાંતિકારી ફોજ હતી, પણ રાજકિય દૃષ્ટિએ તો નેતાજીના નેતૃત્વ હેઠળની આઝાદ હિંદ ફોજ સાથે તેની સરખામણી થઈ શકે તેમ નહતી, એટલે ધીલોન નેતાજીના નેતૃત્વ હેઠળની ફોજને કામયાબ બનાવવા માટે સખ્ત પરિશ્રમ ઉઠાવી રહ્યા.

૧૯૪૪ના ઓકટોબરમાં નેતાજીએ ધીલોનને બોલાવ્યા અને કલાકો સુધી તેમની સાથે ચર્ચા કરી. નેતાજી સાથેની આ

મુલાકાતે ધીલોન પર જાદુઇ અસર થઇ. ધીલોનને ત્યારે જણાયું કે એમના હૃદયના ધબકારાને સમજનાર નેતાજી માત્ર એક જ છે. ધીલોનની લાગણીઓને નેતાજી સમજી શકયા હતા.

નેતાજીએ ધીલોનને પૂછ્યું 'તમે શું પસંદ કરો છો? સ્ટાફ ઓફિસરશીપ કે કમાન્ડિંગ?'

ધીલોનને સ્વતંત્રપણે પોતાનું શૌર્ય બતાવવાની તક જોઇતી હતી. એ તક એમને મળી અને કમાન્ડિંગની પસંદગી કરી. નેતાજીએ 'નહેરૂ બ્રિગેડ'ના કમાન્ડિંગ ઓફિસર તરીકે ધીલોનની પસંદગી કરી. એ નહેરૂ બ્રિગેડ ત્યારે મોરચા પર લડી રહી હતી. ધીલોને પોતાની બ્રિગેડનો ચાર્જ મીંગ્યાન ખાતે મેજર મહેબુબ પાસેથી સંભાળી લીધો. માત્ર બ્રિગેડનો જ ચાર્જ નહિ પણ તેની સાથે જ બ્રિટિશરોના બોંબમારાનો ભોગ બનેલાઓ પણ હવાલે થયા.

જ્યારે ધીલોને નહેરૂ બ્રિગેડનો ચાર્જ લીધો ત્યારે એની સ્થિતિ વિકટ હતી. સૈનિકો પાસે પૂરતાં વસ્ત્રો નહતાં અને યુદ્ધ માટેની તમન્ના ભરી હોવા છતાં પૂરતી શસ્ત્ર સહાય મળી નહતી. શિસ્ત અને નૈતિક બળનો અભાવ હતો. કેટલાક મતભેદો પણ મોજૂદ હતા. ધીલોન તરત જ પરિસ્થિતિ સુધારવાના અને શિસ્ત તેમ જ નૈતિક બળ ઊંચું લાવવાના કામમાં લાગી ગયા. સૈનિકોને એકત્ર કરીને તેમણે ભાષણો આપવા માંડયાં, વ્યક્તિગત સૈનિકોનો સંપર્ક સાધવાનું શરૂ કર્યું અને તેમની ફરિયાદો પર પૂરતું ધ્યાન આપવા માંડયું.

'તમારે જો પાછા ફરવું હોય તો પાછા જઇ શકો છો!' એવી સાફ સાફ વાત ધીલોને, સૈનિકો સમક્ષ કરવા માંડી. દરેક ઓફિસરો સાથે વ્યક્તિગત સંપર્ક સાધવા માંડયો. દરેકની તબીબી સારવાર પર તેમણે પૂરતું ધ્યાન આપવા માંડયું અને પરિણામે નહેરૂ બ્રિગેડ વધુ સશકત અને વધુ સંગઠિત બની શકી.

અઠવાડિયામાં એક દિવસ ' જવાનો કા દીન ' તરીકે ઉજવવા માંડયો. એ દિવસે અદનામાં અદના સૈનિકથી માંડીને કમાન્ડિંગ ઓફિસર ધીલોન સુદ્ધાં સાથે જ ભોજન લેતા. કયારેક ધીલોનની કાવ્યપંકિતમાંથી વાતાવરણ ઉત્સાહભર્યું જોમભર્યું બની જતું હતું એ દિવસનું સૂત્ર હતું ! ખૂનકા બદલા ખૂન, ખૂન, ખૂન. '

જાપાની અફસરની દરમિયાનગીરી ધીલોને કયારેય બરદાસ કરી નથી. એક રાત્રે જાપાનિઝ અફસરો ધીલોનની છાવણીમાં ઘસી આવ્યા. ધીલોને તેમને સંભળાવી દીધું, 'અબઘડી તમે ચાલ્યા જાવ નહિ તો મારા સંત્રીઓ તમને ઠાર કરશે' અને તેઓ ચાલ્યા ગયા.

એક વખત જાપાનિઝ અમલદારોએ બર્મિઝ સત્તાવાળાઓને વિનંતિ કરી કે 'કૃપા કરીને ચોકકસ ઇમારત આઝાદ હિંદ ફોજવાળા મેળવી લે નહિ એ જોશો.' ત્યારે બર્મિઝ સત્તાવાળાઓએ જવાબ દીધો કે તમે કર્નલ ધીલોનને સીધા મળો. પણ તેઓને ડર હતો કે કર્નલ ધીલોન જાપાનિઝ અફસરોની દરમિયાનગીરી સહન કરતા નથી. એટલે તેમનું અપમાન થઈ બેસશે.

નહેરૂ બ્રિગેડની શિસ્ત ધીમે ધીમે સંતોષકારક થતી જતી હતી, પણ શસ્ત્રસરંજામની દષ્ટિએ હાલત ઘણી કંગાલ હતી. સ્ટાફ અને ઓફિસરોની તંગી નડતી હતી. મશિનગનો ન હતી. પટાઓ નહતા અને શસ્ત્રો માટેનાં વધારાનાં ઓજારો પણ નહતાં. બે મોટર ફક્ત હતી. તે પણ ગમે ત્યારે અટકી જાય તેવી.

નેતાજીનો હુકમ મળ્યો ઇરાવદી નદીની પશ્ચિમે પેગોનની સામે રક્ષણાત્મક હરોળ ઊભી કરો. આ મથકેથી કર્નલ ધીલોન ૬૦ માઇલ દૂર હતા અને તેમની પાસે ૩૭ બળદ ગાડાંઓ જ વાહનમાં હતાં અને એક પૂલ પરથી પસાર થવાનું હતું અને જાપાનિઝોના વડા મથક સાથે કે આઝાદ હિંદ ફોજના વડા મથક સાથે સંપર્ક સાધવાને માટે કોઈ માર્ગ પણ ન હતો, પણ નેતાજીએ જે હુકમ મોકલ્યો હતો તે મળ્યો, તા. ૨૮ મી

જાન્યુઆરી ૧૯૪૫ના રોજ: જ્યારે એ હુકમમાં જણાવવામાં આવ્યું હતું કે તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૪૫ પહેલાં એ સ્થાન કબજે કરી લેવું જોઇએ. આમ જે તારીખે એ સ્થાન કબજે કરવાનું હતું તે તારીખ વીતી ગયા પછી નવ દિવસે એ હુકમ મળ્યો: એ વખતે કર્નલ ધીલોન ગળાના દર્દથી પીડાતા હતા અને તેમની મોટર ખોટકાઇ ગઇ હતી.

પરિસ્થિતિ બગડતી જતી હતી. જંગ દરમિયાન નહેરૂ બ્રિગેડના ૮૦૦ માણસોમાંથી ૨૦૦ જેટલા ચૂનંદા અને પ્રથમપંક્તિના સૈનિકો માર્યા ગયા હતા. આઝાદ હિંદ ફોજને માટે હવે વિજય કરતાં ટકી રહેવાનો અને દુશ્મનો સાથે ટક્કર લેતાં રહેવાનો જ પ્રશ્ન હતો, પણ દુશ્મન ફોજો આગળ વધતી હતી. બીજી બાજુ જાપાનિઝ ફોજો પણ મોરચાઓ પરથી પીછેહઠ કરતી હતી.

મોરચા પર નિરાશા ફેલાઈ હતી. અધૂરાં સાધનો અને બીજી અનેક મુશ્કેલીઓ વચ્ચે જીવતાં આઝાદ હિંદ ફોજના સૈનિકોને લલચાવીને ફોડવાનો પ્રયાસ પણ દુશ્મન ફોજો તરફથી થયો હતો. અલબત્ત આ પ્રયાસના કેટલાક ખરાબ પ્રત્યાઘાતો તો પડયા અને કેટલાક સૈનિકો આઝાદ હિંદ ફોજમાંથી નાસીને દુશ્મનને પણ મળી ગયા હતા. એની અસર આઝાદ હિંદ ફોજ પર સમગ્ર રીતે નૈતિક બળ તોડવામાં સફળ થઇ હતી.

કર્નલ શાહનવાઝે પણ હવે તો શરણાગતિ સ્વીકારી હતી. એ જોતાં તેમ જ હવે પલટાયેલી પરિસ્થિતિમાં લડત ચાલુ રાખવાનો કોઇ અર્થ નથી એવી પ્રતીતિ કર્નલ ધીલોનને થવા લાગી. દરમિયાન જાપાની સેનાપતિએ દુશ્મન વધુ થાણાઓ કબજે કરતો કરતો આગળ વધી રહ્યો છે તેવા સમાચાર પહોંચાડયા એના પરિણામે કર્નલ ધીલોને, શરણાગતિ સ્વીકારવાનો નિર્ણય કર્યો અને નજદિકના મિત્રદળોના સેનાપતિ પર નીચે મુજબનો પત્ર મોકલ્યો.

પ્રતિ,

મિત્રદળોના સેનાપતિ જોગ,

હું મારા અફસરો અને સાથીદારો સાથે, યુદ્ધ કેદીઓ તરીકે શરણે આવવાને તૈયાર છીએ.

(સહી) જી. એસ. ધીલોન

કર્નલ

મિત્રદળોના સેનાપતિ કર્નલ ધીલોનની માગણીનો સ્વીકાર કરતાં ઘડી પણ અચકાય શા માટે? તેમણે તરત જ કર્નલ ધીલોનને જવાબ આપ્યો અને કર્નલ ધીલોન સહિત આઝાદ હિંદ ફોજના સૈનિકો, મિત્રદળોના સેનાપતિને શરણે થયા.

કર્નલ ધીલોનને તેમના સૈનિકોથી જુદા પાડવામાં આવ્યા અને ત્યાંથી કેદી હાલતમાં રંગુન લઈ જવામાં આવ્યા. એમની પહેલાં જ મેજર જનરલ શાહનવાઝને દિલ્હી લઇ જવામાં આવ્યા હતા. કર્નલ ધીલોનને પણ રંગુનથી દિલ્હી લઇ જવામાં આવ્યા અને ત્યાં દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લામાં મેજર જનરલ શાહનવાઝ અને કર્નલ પ્રેમ સહગલ સાથે અટકાયતમાં રાખવામાં આવ્યા.

હિંદી સરકારે ત્રણે અફસરો સામેના કેસ ચલાવવા માટે, લાલ કિલ્લામાં જ લશ્કરી અદાલતની સ્થાપના કરી. આ મુકદ્દમાએ હિંદ ભરમાં ભારે રોષ પેદા કર્યો. મહાસભાએ ત્રણેના બચાવ માટે ચૂનંદા ધારાશાસ્ત્રીઓની એક કમિટી નીમી એ બધી વિગતો આગળનાં પાનાઓમાં આપવામાં આવી છે.

લશ્કરી અદાલત સમક્ષ, કર્નલ ધીલોને નિવેદન કરતાં જણાવ્યું હતું કે:

‘ દહેરાદુનની હિંદી લશ્કરી શાળામાં ‘ ચેટવુડ હોલ ’ માં આ પ્રમાણે મુદ્રાલેખ કોતરવામાં આવ્યો છે; ‘ હરેક પ્રસંગે દેશની સલામતી, સ્વમાન અને કલ્યાણનો સવાલ મોખરે હોવો જોઈએ. તમે જે માણસોનું સેનાપતિપદ કરો તેમની સલામતિ, સુખસગવડ અને કલ્યાણનો તમે હંમેશાં વિચાર કરજો. તમારી સુખસગવડનો વિચાર છેલ્લો કરજો.’

‘ મેં મારી સમક્ષ આ મુદ્રાલેખ ધ્યાનમાં રાખીને આઝાદ ફોજના અફસર તરીકે સેવા બજાવી છે. ’ ત્યારબાદ તેઓએ સિંગાપુરની શરણાગતિ અને કપ્તાન મોહનસિંગને હસ્તે આઝાદ ફોજની રચનાના બનેલા બનાવોનું વર્ણન કર્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ‘ મલાયાના પ્રજાજનોની જે દુર્દશા થઇ તે મેં નજરે નિહાળી હતી. આથી હિંદ પર આક્રમણ થતાં મારા દેશબાંધવોની શું દુર્દશા થાય એ વિચારતાં હું ધ્રૂજી ગયો હતો.

આ વખતે દોઢસો વરસના બ્રિટિશ શોષણનો મને ખ્યાલ આવ્યો હતો. મને વિચાર આવ્યો હતો કે, અંગ્રેજોએ પોતાના લાભને માટે, સાધનસામગ્રીઓનું ભારે શોષણ કર્યું છે અને શાહી યુદ્ધો માટે માનવશક્તિનો ઉપયોગ કર્યો છે. કટોકટીની પળે દેશની રક્ષા કરી શકાય એ માટે આપણને તૈયાર કરાયા નથી, પણ આપણને સદાને માટે ગુલામીમાં રાખવા પ્રયત્ન કર્યો છે અને દુર્બળ બનાવી દીધા છે.

કપ્તાન મોહનસિંગે આઝાદ ફોજની જે રચના કરી હતી, એમાં મને નવી આશા દેખાઇ. આ ક્ષણે એક મજબૂત સેના ઊભી કરી શકાય તો એ હિંદને પરદેશી લશ્કરની ધૂંસરીમાંથી મુક્ત કરે. જાપાનિઓ જો વચનભંગ થાય અને પોતાના લાભાર્થે દેશનું શોષણ કરવા મથે તો એનો સામનો પણ થઈ શકે. મને એમાં હિંદ માતાનો અવાજ સંભળાયો અને મેં મારું નશીબ કપ્તાન મોહનસિંગ સાથે જોડી દીધું. ’

શ્રી. સુભાષચંદ્ર બોઝનાં પ્રવચનો, એમની નેતાગીરી વગેરે વસ્તુઓનો તેમ જ પોતાના ભાષણોનો ઉલ્લેખ કરતાં કપ્તાન ધીલાંએ વધુમાં કહ્યું હતું કે, 'અમે સાધનોના અભાવે પૂરતા માણસો તૈયાર કરી શકતા નહોતા. દેશ પ્રત્યેના પ્રેમના કારણે જ એમાં જોડાવાની સ્પષ્ટતા અમે કરી હતી. બસો માણસોને મીગ્યાન છોડયા પહેલાં દૂર મોકલી આપવામાં આવ્યા હતા.'

અત્યાચારોના આરોપો વિશે લેફ્ટ, ધીલાંએ જણાવ્યું હતું કે, 'અટકાયતી છાવણી જ ન હતી, પણ શિસ્તભંગના ગુના માટે એક અલગ છાવણી હતી, અહીં રખાતા કેદીઓનો અર્થ એ થતો કે તેમનામાં ચારિત્ર્યની કશી ખામી હતી, આ વસ્તુ ફોજમાં જોડાવા માટે એક નાલાયકી ગણાતી હતી. ફરિયાદ પક્ષના સાક્ષીઓએ જુદી અને વિકૃત હકીકતો રજૂ કરી છે. તેનો આશય સરકારની કૃપા મેળવવાનો છે.

આઝાદ ફોજ છોડી જવાની દરેક સૈનિકને છૂટ હતી. અમે દુશ્મન હરોળથી માત્ર બે માઈલ દૂર નહોતા. છતાં અઠવાડિયાંઓ સુધી કોઈ પણ માણસે બાતમી આપી નહોતી.

ઘણી વખત, વીસ-વીસ કલાકો સુધી અમારે પાણી અને ખોરાક વિના ચલાવવું પડતું. આ ત્રાસ સ્વેચ્છાએ જોડાયેલી સેના જ સહન કરી શકે. એ ખરું છે કે ચાર માણસોને સજા કરાઈ હતી, પણ મારા હુકમ હેઠળ દેવાઈ હતી એ વસ્તુ ખોટી છે. હું એ વખતે પથારીવશ હતો. પાછળથી વિભાગી સેનાપતિએ સજા રદ કરી હતી અને તેનો કદિ અમલ કરાયો નહોતો.

મેં સરકારની એક વ્યવસ્થિત સેનાના એક ભાગ તરીકે કાર્ય કર્યું છે. આથી હિંદી ફોજદારી ધારા હેઠળ મારા પર કામ ચાલી શકે નહિ. હું આઝાદ ફોજમાં શુદ્ધ આશયથી જોડાયો

હતો. આથી હું ઘણા યુદ્ધકેદીઓને પૈસા અને બીજી સામગ્રીઓ આપી શકયો હતો અને હિંદીઓનું સ્વમાન સાચવી શકયો હતો.

'જાપાનિઝોની સજા પામેલા ઘણા નાગરિકોને મેં બચાવ્યા હતા. હિંદનાં શહેરો પર બોંબવર્ષા ચલાવતા જાપાનિઝોને અટકાવ્યા હતા. આ સેના માટે દૂર પૂર્વના હિંદીઓએ કામચલાઉ આઝાદ સરકારના ફાળામાં કરોડો રૂપિયા ભરીને કદર કરી હતી.'

(૩)

કર્નલ ગુરુબક્ષસીંગ ધીલોને, રણમોરચે જે વીરતા બતાવી, જે ખમીર તેમના સાથીદારોએ બતાવ્યું અને આઝાદ હિંદ ફોજના નામ પર યશકલગી ચઢાવી, એથી સર સેનાપતિ નેતાજી સુભાષ બોઝને અપાર આનંદ થયો હતો; અને તેમણે કર્નલ ધીલોનને અભિનંદનપત્ર પાઠવ્યો હતો. એ અભિનંદન-પત્ર અને કર્નલ ધીલોનનો પ્રત્યુત્તર, કર્નલ ધીલોનના હૈયાની વેદના ધીકતી કરે છે.

સદર દફતર અલ કમાનઃ આઝાદ હિંદ ફોજ
રંગુન
૧૨ માર્ચ ૧૯૪૫.

મેજર જી. એસ. ધીલોન,
જય હિંદ.

તમારી ફોજ અને તમે જાતે જે કાર્ય કરી રહ્યા છો તેને હું ખૂબ રસપૂર્વક નિહાળી રહ્યો છું અને કટોકટીની પળે તમે જે બહાદુરીથી, મક્કમતાપૂર્વક સામનો કરી રહ્યા છો, એ માટે તમને હું મુબારકબાદી આપું છું. હાલની કટોકટીની પળે તમારામાં અને તમારી પડખે ઊભા રહેનારાઓમાં હું મારો પૂર્ણ વિશ્વાસ જાહેર કરું છું.

આ ઐતિહાસિક લડતમાં વ્યક્તિગત રીતે આપણું ગમે તે થાય, પણ જગત પર એવી કોઈ શક્તિ અસ્તિત્વમાં નથી કે

જે હિંદને હવે વધુ વખત માટે ગુલામીમાં રાખી શકે. આપણે જીવતા રહીએ ને કાર્ય કરતા રહીએ અથવા તો લડતાં લડતાં આપણે મૃત્યુ પામીએ, પણ હરેક સંજોગોમાં આપણે એટલો તો સંપૂર્ણ વિશ્વાસ રાખવાનો છે કે આપણે જે કાર્યને માટે લડી રહ્યા છીએ તેની સિદ્ધિ અનિવાર્યપણે ચોક્કસ છે. હિંદની આઝાદી પ્રત્યે ઇશ્વર અંગુલિનિર્દેશ કરી આપણને માર્ગ બતાવી રહ્યો છે, આપણે માત્ર આપણી ફરજ બજાવવાની છે અને હિંદની આઝાદી માટેની કિંમત ચૂકવવાની છે. અમારાં હૈયાં, તમારી અને આપણા રાષ્ટ્રની ગુલામીની જંજીરો તોડવા માટેની આપણી લડતમાં જેઓ તમારી સાથે ઊભા છે, તે તમામની સાથે છે.

મહેરબાની કરીને તમારા હાથ નીચેના તમામ ઓફિસરો અને સૈનિકોને મારાં હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવશો. તમને પણ મારાં અંતઃકરણપૂર્વકનાં અભિનંદન. ઇશ્વરના આશિર્વાદ તમારા પર ઊતરી રહો અને વિજયશ્રીને વરો.

જયહિંદ

(સહી) સુભાષચંદ્ર બોઝ

આ પત્રના પ્રત્યુતરરૂપે કર્નલ ધીલોને નેતાજી સુભાષચંદ્ર બોઝ પર લખેલો પત્ર નીચે મુજબ છે.

બર્મા
૨૦ માર્ચ ૧૯૪૫

પ્યારા નેતાજી,

જયહિંદ

આપનો તા. ૧૨ મી માર્ચ ૧૯૪૫નો પત્ર મળ્યો. પત્રમાંની વિગતો જાણી. મારી લાગણીઓ તો, મારા અશ્રુઓ દ્વારા જ જાણી શકશો.

મારા પ્રત્યે અને મારા સાથીઓ પ્રત્યે પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરવા માટે હું આપનો અંતઃકરણપૂર્વકનો આભાર માનું છું

અમારા નેતાજી, હું મારી ફોજ તરફથી આપને ખાત્રી આપું છું કે અમારા માર્ગમાં ગમે તે મુશીબતો આવે તેની પરવા કર્યા વિના, આપના આદર્શ અને આપની ઇચ્છા મુજબ, આપણી માતૃભૂમિની આઝાદી પ્રાપ્ત કરવાને, જ્યાં સુધી એક પણ સૈનિક જીવતો હશે ત્યાંસુધી લડતો રહેશે.

મારા સંબંધી તો, મેં આપને રંગુનમાં જે શબ્દો કહ્યા હતા તે—મેં આપકી આંખેં કીસી કે સામને નીચી ન હોને દૂંગા—ની યાદ આપું છું. જ્યારથી હું આપની વિદાય લઇને છૂટો પડયો, ત્યારથી એ શબ્દોનો રણકાર મારા કાનમાં ગુંજ્યા કરે છે . ન્યાઉગુ ખાતે પાછા ફર્યા પછી તો એ શબ્દો વધુ ને વધુ જોશથી મારા કર્ણપટ પર અથડાઈ રહ્યા છે. હું બરાબર રીતે જાણું છું કે, ગમે તે કારણો હોય તો પણ મેં સ્વેચ્છા-પૂર્વક જે વચન આપ્યું હતું, તેનું પાલન કરવામાં હું નિષ્ફળ જઈ શકું નહિ. એટલું જ નહિ પણ હું એવી એક ટુકડીનો કમાન્ડર છું કે જાણે અજાણે તમને અને આઝાદ હિંદ ફોજને અપમાન પહોંચાડી શકું નહિ. હું ફરીથી કોઇ વચન આપતો નથી પણ મારું કાર્ય જ જે કહેવાનું હશે તે કહેશે.

આપનો પત્ર અમારામાં નવું બળ અને જુસ્સો પૂરે છે.

અહીં મોજૂદ છે તેવા તમામ અફસરો, સૈનિકો અને હું અંતઃકરણપૂર્વક આપના આશિર્વાદ સ્વીકારીએ છીએ. અમને વિશ્વાસ છે કે ઇશ્વિરની કૃપાથી અને આપની આશીષથી ફતેહ મેળવવામાં અમને મુશ્કેલી નહિ પડે.

આ પવિત્ર યુદ્ધમાં અમને દોરવણી આપવા માટે ઇશ્વર આપને દીર્ઘાયુઃ અને તંદુરસ્તી બક્ષે એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

જયહિંદ

આપ નામદારનો
આજ્ઞાંકિત
(સહી) જી. એસ. ધીલોન

કર્નલ ધીલોનની વીરતાનો સાચો ખ્યાલ તો તેમની ડાયરીનાં પાનાઓ પરથી આવી શકે છે. એ ડાયરીનાં થોડાંક પાનાંઓ આપવાં જરૂરી માન્યું છે.

આ પાનાંઓ ક્રમબદ્ધ આપી શકાયાં નથી, કારણ કે જે પાનાંઓ પ્રાપ્ત થાય છે તે ક્રમશઃ ગોઠવી શકાય તેમ ઉપલબ્ધ નથી. સૌથી છેલ્લે મેજર જનરલ શાહનવાઝખાન પરનો પત્ર આપવામાં આપવામાં આવ્યો છે પણ ખરી રીતે એ પત્રને સ્થાન પહેલું જોઇએ. કારણ કે પત્ર લખાયા પછી તો પરિસ્થિતિ પલટાઇ ગઈ હતી.

નં. એ./૧૯/૧૮<br>
નં. ૧૨૫ યુનીટ. આ. હિં. ફો.<br>
બર્મા. ૨૨ ડીસેમ્બર ૧૯૪૪

પ્રતિ,<br>
લીસીઅન ઓફિસર,<br>
હીકારી કીકાન

આઝાદ હિંદ ફોજે બે બ્રિટિશ ઓફિસરોને કેદ પકડયા છે.

બે પી. ઓ. ડબલ્યુ. સાથે એક રિવોલ્વર તેના કેસ સાથે હાથ લાગી છે તે જાપાની સૈનિકોએ લઇ લીધી છે. બ્રિટિશ ઓફિસરોને આઝાદ હિંદ ફોજે ગીરફતાર કર્યા હોવાથી તેઓ અમારા કેદી છે. તેમને અને રિવોલ્વરને અમારા વડા મથકે મોકલી આપશો. નકશાઓ અને બીજી ચીજો જાપાનિઝોને તપાસ માટે જરૂરી હોય તો તેઓ ભલે રાખે. આભાર સહિત.

**(સહી) જી. એસ. ધીલોન**<br>
**કમાન્ડર નં. ૧૨૫ યુનીટ**

તા. ૩ જી માર્ચ ૧૯૪૫ના રોજ મેજર ધીલોનની સહીથી 'ખૂબજ ખાનગી' પરિપત્ર પ્રસિદ્ધ થયેલો એ પરિપત્રમાં જુદી જુદી તારીખોના બનાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ નીચે મુજબ છે.

૨૮ ફેબ્રુ. '૪૫: એવા સમાચાર મળ્યા છે કે દુશ્મનો પીન્બીન લેટપીનબીનના માર્ગેથી કયાઉક પાદૌંગ તરફ આગળ ધસી રહ્યા છે. કેટલીક જાપાનિઝ ટુકડીઓએ હુમલો કર્યો હતો પણ જ્યાં હુમલો કર્યો ત્યાં કોઇ જણાયું નહતું.

નીચે જણાવેલા ઓફિસરો ડિવિઝનલ ઓકસીલિયરી યુનીટસ સાથે ત્યાં ગયા હતા. યુનીટસ સલામત રીતે પાછા ફર્યાં પણ ઓફિસરો અને તેમના સૈનિકો પાછા ફર્યા નથી. એમ જણાય છે કે કયાં તો દુશ્મનોએ તેમને પકડયા છે, અથવા તો તેઓ દુશ્મનો સાથે મળી ગયા છે.

મેજર મહમદ રીઆઝખાન, મેજર પી. જે. મદન, મેજર એસ. એમ. દવે, મેજર મહમદ સરવાર અને લેફ. મહમદ બક્ષ.

તા. ૧ માર્ચ '૪૫: આ દિવસો દરમિયાન કાંઇ ખાસ બન્યું નથી. આપણા તરફથી નિરીક્ષક પ્રવૃત્તિ ચાલુ રહી છે. તીગુ વિસ્તારમાંની આપણી ગેરીલા પાર્ટીને ઘેરવાનો દુશ્મનોએ પ્રયાસ કર્યો હતો પણ તેઓ નિષ્ફળ ગયા છે, આપણા નિરીક્ષકો સીકટીએન અને વેલૌંગ ગયા હતા અને એવી માહિતી મેળવી શકયા છે કે દુશ્મનો ટૌંગથા તરફ ગયા છે. દુશ્મન પાસે ૧૨ ટેન્કો અને ૫૦૦ લોરીઓ છે. ટૌંગથા, વેલૌંગ અને સીકટીએન રસ્તાઓ પર કોઈ દુશ્મન નજરે પડયો નથી. તેમ જ ટેલિફોન લાઈન પણ જણાઈ નથી. મોટા ભાગના નાગરિકો અમેરિકા તરફી છે કારણ કે તેમને ચોખા, દૂધ અને સીગારેટ આપવામાં આવે છે, જોડા અને વસ્ત્રો પણ પૂરાં પાડવામાં આવે છે. દુશ્મનો

પાસે હળવી અને મધ્યમ કદની ટેન્કો અને કેરીઅર્સ પણ હોવાનું જણાયું છે.

પોપાથી છ માઇલ દૂર આવેલા આપણા મથક પર સખ્ત બોંબમારો ઉત્તર તરફથી કરવામાં આવ્યો હતો. જેના પરિણામે આપણી નીચે મુજબ ખૂવારી થવા પામી છે.

રાઈફલ ૬, બેયોનેટ ૬, ગ્રેન્ડીસ ૨, રેશનટીન ૧૧, ગ્રાઉન્ડ શીટસ ૧૧, ઇકવીપમેન્ટસ ૯, રાઉન્ડસ ૩૦૩"ના બોલ ૫૦૦, બ્લેન્કેટસ ૯, પે બુકસ ૮. માત્ર એક જ સૈનિકને ઇજા થવા પામી છે.

તા. ૩ માર્ચ' ૪૫: દુશ્મનો જેઓ પીન્બીન તરફ પૂર્વમાં અને ટૌંગથા તરફ આગળ વધ્યા હોવાનું જણાય છે, તેના એક ભાગે મીંગ્યાન ખાતે આક્રમણ શરૂ કર્યું છે અને બીજા પોપા તરફથી ટૌંગથા તરફ આક્રમણ શરૂ કર્યું છે. આઝાદ હિંદ ફોજની ટુકડીઓ કયાઉક તરફથી નૌન્ગુના રસ્તા પર આક્રમણ કરી રહી છે.

(સહી) જી. એસ. ધીલોન
મેજર સી.

બીજો પરિપત્ર જે તા. ૪ માર્ચ ૧૯૪૫ના રોજ પ્રસિદ્ધ કર્યો અને જે ખૂબ જ ખાનગી હતો તેમાં વધુ માહિતીઓ આપવામાં આવી છે.

તા. ૩ માર્ચ '૪૫: દુશ્મનની સંખ્યા ૩૦૦ હિંદીઓની છે. તેઓ કૌનગ્નો નજીક પડેલી છે. કૌને પોદોગ ન્યૌગ રોડ પરથી ૪ કેરીયરો એયૌક પેદાંગથી ૧૩ માઇલ દૂર નજરે પડયા. સાંજના ૮૦૦ દુશ્મનો નજરે પડયા હતા.

પોઝુથી બે માઇલ નજદિક દુશ્મનની નિરીક્ષક ટુકડી આવી પહોંચી હતી. જાપાની થાણાંઓમાંથી તેમના પર ગોળીબાર થયો હતો અને તેઓ નાસી ગયા હતા.

એમ જણાયું છે ટૌંગલીન નજદિકના ગામડિયાઓ બન્ને બાજુની માહિતીઓ પૂરી પાડે છે. તેમણે દુશ્મનો જણાવ્યું કે આઝાદ હિંદ ફોજ મોટા ભાગે એ ગામડાંઓમાં પડેલી છે. પરિણામે દુશ્મનો વધુ સાવધ બની ગયા છે. દુશ્મનની તાકાત મુખ્યત્વે ટેન્કો, રણગાડીઓ અને કેરીઅર પર છે. સામાન્ય રીતે સો કરતાં ઓછા માણસોની પાર્ટીને તેઓ બહાર મોકલતા નથી. આ પાર્ટીને લઈ જતાં વાહનોને આગળથી રક્ષણ આપવામાં આવે છે અને જ્યાં તેઓને પહોંચવાનું હોય ત્યાં તેમનાં વાહનોને પણ પૂરતું રક્ષણ આપવામાં આવે છે અને સૈન્યને કંઈ મુશ્કેલી પડતી નથી.

'સલામતી અને સંરક્ષણ'ને અંગેનો એક જરૂરી પરિપત્ર નીચે મુજબ છે.

'છાવણીઓમાં ઘણી નવી પગથીઓ બનાવવામાં આવી હોવાનું જણાય છે. દુશ્મનોની હવાઈ તાકાત આપણા કરતાં ઘણી હોવાથી આ પગથીઓ આપણે કયાં છીએ તેની ચોકકસ માહિતી આપી દે છે. આ ભય સામે ઓફિસરો અને કમાન્ડરોએ પોતાનાં માણસોને સદા સાવધ રાખવા.

હજી પણ રાત્રિ દરમિયાન સંત્રી ઘણા મોટા અવાજે પડકાર આપતા અથવા તો આગંતુકની તપાસ મોટા અવાજે કરતા જણાય છે. દુશ્મન જાસૂસ નજદિકમાં હોય તો તે માહિતી મેળવી જવાનો અને પરિણામે આપણી જાનમાલની ભારે ખૂવારી થવાનો ભય રહે છે. દુશ્મનને માટે તે માહિતી લાભપ્રદ થઇ પડે. કમાન્ડરોએ કૃપા કરીને આ પ્રથા પર જરૂરી અંકુશ મૂકવો જોઈએ.

નકલ હીકીરીકીકાનઃ (સહી) જી. એસ. ધીલોન

મેજર. સી.

વ્હાલા જાગીર

જયહિંદ

હું આશા રાખું છું કે તેં જે કાંઇ પૂછાવ્યું છે તેનો જવાબ તો તને આ સાથેના હુકમમાંથી મળી ગયો હશે. બીજાના જવાબ તો હું આવતી કાલે આવીશ, ત્યારે આપીશ. હું આજે જ આવવાનો હતો, પણ ગઇ રાત્રિના મારે અચાનક કેટલીક રક્ષણ હરોળની તપાસ માટે જવું પડયું. ત્યાંથી પાછા ફર્યા પછી હું ઘણો થાકી ગયો હતો. એવો થાકી ગયો હતો કે મારી જિંદગાનીમાં હું કયારેય એવો થાકયો નથી. મેજર શંકરે મને આજે ઈંજેકશન આપ્યું છે. જો કે એ કોર્સ પૂરો કરવા માટે હજી મારે બાર લેવાનાં રહે છે, પણ માત્ર થોડાંક જ મળી શકે તેમ છે. આવતી કાલે હું એક વધુ ઈંજેકશન લઈશ મારે 'જી' કાર્ય પણ સુપ્રત કરી દેવું પડયું છે.

૪૨૧ અને ૪૨૩ યુનીટના સ્વાગત અને વિદાય માટેની જરૂરી ગોઠવણો કરવા માટે હું મોહીન્દ્રસીંગને મોકલું છું. તેમ જ મેજર વાટસનાથે સાથે નૌન્ગુ ખાતે મોકલું છું. દુશ્મનોનો બરાબર મુકાબલો કરે તેવી રીતે એ યુનીટોની ગોઠવણ થાય એ જોજે. આવતી કાલે હું ચોક્કસ જ આવીશ.

તમારો

(સહી) જી. એસ. ધીલોન

તા. ૧૮ માર્ચ ૧૯૪૫નો 'જંગનો હેવાલ' કર્નલ ધીલોનની સહીથી જે લખાયો છે તે હેવાલ આઝાદ હિંદ ફોજના વીરત્વની અમર ગાથા સમો છે એ હેવાલમાંની કેટલીક વિગતો અહીં રસપ્રદ થઇ પડશે એમ માનીને આપવામાં આવી છે.

ઉતર પશ્ચિમ તરફથી દશ વાગે દુશ્મનોએ આપણા મથકો પર સખ્ત બોંબમારો શરૂ કર્યો. એ વખતે 'એ' કંપનીની નિરીક્ષક ટુકડીના હવાલદાર નાઝીરસીંગ કંપનીના વડા મથકેથી એક

માઈલ દૂર નૌન્ગુ તરફ નિરીક્ષણ માટે ગયા હતા. તેમની સામે મુખ્ય રસ્તાની પશ્ચિમ બાજુએથી મજબુત દુશ્મન ટુકડીએ ગોળીબાર શરૂ કર્યો હતો. આપણા નિરીક્ષકોએ તેનો સામો જવાબ આપ્યો હતો અને સાત દુશ્મનોને ઠાર કર્યાં. આ સંદેશો વડા મથકે મોકલવામાં આવ્યો. દુશ્મનો આગળ વધતા હોવાથી, તેને આગળ વધતા અટકાવવા માટે દલુરામની સરદારી હેઠળ બીજી ટુકડી મદદે મોકલવામાં આવી અને તેણે દુશ્મનને આગળ વધતા અટકાવ્યા.

બાર વાગે મુખ્ય રસ્તા પરથી ૧૫ દુશ્મન ટેન્કો, ૧૧ રણુગાડીઓ અને ૧૦ ટ્રકો આગળ વધી અને પોઇન્ટ 'એ' પર બોંબમારો અને તોપમારો કરવા લાગી. આપણા સૈનિકોએ રાઇફલ અને બ્રેનગનથી તેનો જવાબ આપવા માંડયો. આથી દુશ્મનોએ નિશાન બદલ્યું અને પોઈન્ટ 'બી' પર મારો શરૂ કર્યો અને પાછો ત્યાંથી પોઇન્ટ 'એ' પર મારો શરૂ કર્યો.

'બી' પોઈન્ટ પરની આપણી ફોજોને દુશ્મન વડા મથકેથી સંદેશવાહક દ્વારા એવી ચેતવણી આપવામાં આવી કે તેમનો નાશ કરવાનો નિશ્ચય કર્યો છે. આપણી ફોજોએ તોપગોળાઓ અને હાથથી ફેંકાય તેવા બોંબ ફેંકવા માંડયા, પણ આપણી ફોજ અસહાય હતી. દુશ્મન તાકાત વધુ હતી. આપણી ફોજ સાથેની બે સુરંગોનો ઉપયોગ કરવામાં આવ્યો પણ કમનસીબે તે નકામી નિવડી અને નિશાન ચૂકી ગઇ. ૫ અને ૬ પલ્ટનો ખાઇઓમાંથી બહાર આવી અને બેયોનેટો ચડાવીને કેસરિયાં કર્યાં. 'નેતાજી કી જય' 'ઇન્કીલાબ ઝીન્દાબાદ' અને 'ચલો દિલ્હી'ની ગર્જનાઓ સાથે તેણે દુશ્મનો પર હલ્લો કર્યો. દુશ્મનો ટ્રકોમાંથી બહાર કૂદી પડયા અને હાથોહાથની લડાઈ શરૂ થઇ. એક કલાક સુધી આમ હાથોહાથનો જંગ ચાલુ રહ્યો. કમાન્ડર ગીયાનસીંગ સૈનિકોને ઉત્સાહિત કરતા હતા. પાંચમી પલ્ટનનો

કમાન્ડર મંગુરામ મરાયો અને બન્ને પલટનનો માત્ર દશમો ભાગ જ બાકી રહ્યો. ગીયાનસીંગે નં. ૪ પલ્ટનના કમાન્ડર રામસીંગને બોલાવીને પાછા હઠવાનો હુકમ આપ્યો. તેને માથામાં દુશ્મનની બુલેટ વાગી અને તેનું મરણ નીપજ્યું પણ એથી ફોજમાં કાંઈ વિક્ષેપ પડયો નહિ. દુશ્મનો પણ એ વખતે મૃતદેહો અને શસ્ત્રો ભેગાં કરીને વાહનોમાં પીછેહઠ કરી રહ્યા હતા. દુશ્મનની ખૂવારીમાં ૫૦નાં મરણ અને સંખ્યાબંધ ઘાયલ થયા હતા. જ્યારે આપણા ૪૦ માણસો માર્યા ગયા હતા. ૧૦ને ગંભીર ઇજાઓ થઈ હતી તેમને દુશ્મનો પકડી ગયા હતા, પણ તેમની પાસેથી પાછા છોડાવી લીધા હતા.

'એ' પોઈન્ટ તરફ દુશ્મનોએ પહેલાં તો ગામડાં પર તોપમારો કર્યો અને ત્યારબાદ થાણા પર હુમલો કર્યો. દુશ્મનો ગામડામાં પેઠા અને ગોળીબાર શરૂ કર્યો. આપણી ફોજોએ પણ સામો જવાબ દીધો, પણ દુશ્મનોએ બેયોનેટ અને ટોમીગનથી હુમલો કર્યો. જાપાનિઓએ આખા ગામને આગ લગાડી તેના પરિણામે દુશ્મનોની સ્થિતિ મુશ્કેલ બની ગઈ. ટેન્કો લઇ જવાનું મુશ્કેલ બન્યું એટલે ટેન્કો પડતી મૂકીને દુશ્મનોને ભાગી જવું પડયું. બન્ને પક્ષે ત્રણ ત્રણ જણાની ખૂવારી થવા પામી.

સાંજને છેડે ટોંગજીન હજી અમારા હાથમાં છે. દુશ્મનોને ભાગી જવું પડયું છે અને વેરવિખેર થયેલી 'બી' ટુકડી પુનઃ વ્યવસ્થિત થઇ રહી છે.

તા. ૨૫ મી માર્ચ ૧૯૪૫નો કર્નલ ધીલોનનો હેવાલ જણાવે છે કે

**છેલ્લા હેવાલ પછી કોઇ ખાસ મહત્ત્વનું બન્યું નથી. જો કે બન્ને પક્ષ તરફથી નિરીક્ષક હિલચાલ વધી રહી છે.**

એક દિવસ તા. ૨૭ મીના રોજ દુશ્મનની ૫૦ સૈનિકોની નિરીક્ષક ટુકડી આપણી ફોજના થાણા આગળ આવી. આપણી હરોળના ચોકીઆતે સમયસર ખબર આપ્યા અને પરિણામે તેને ઘેરવા માટે બે બાજુથી આપણી પલ્ટણને મોકલવામાં આવી. પણ તેને ઘેરી લેવામાં આવે તે પહેલાં તો તેમણે નાસવા માંડયું. આપણા સૈનિકોએ બે માઈલ સુધી તેમનો પીછો પકડયો, એમાંના ઘણા તો મલાયામાંથી ભરતી થયેલા નાગરિકો હતા. દુશ્મનોએ નાસતા નાસતા પીછો પકડનારા આપણા સૈનિકો પર ગોળીબારો કરવા માંડયા. આપણા સૈનિકોએ ગોળીબારથી બચવાને જમીન પર બેસી જવાને બદલે નાસતા દુશ્મનોને બૂમ પાડીને સંભળાવ્યું, ‘એ બાત તો સુનતે જાઓ’. બે કલાક સુધી પીછો પકડયા પછી આપણા સૈનિકો પાછા ફર્યા, જ્યારે તેમને કહેવામાં આવ્યું કે ‘તમારે આવું જોખમ લેવું ન જોઇએ. જમીન પર બેસી જવું જોઇએ.’ ત્યારે તેમણે કહ્યું, ‘સાહેબ હમ કયા કરે દુશ્મન તો રૂકતા હી નહીં હૈ, ભગે ચલે જાતા હૈ.’ આપણી ફોજનો, આપણા સૈનિકોનો અપૂર્વ જુસ્સો આ શબ્દોથી વ્યકત થયા છે પણ એમની તાલીમ પૂરી નથી.

બીજે દિવસે જાપાની અફસરે સમાચાર આપ્યા કે પામ્ગોબીન નજદિકના ગામડીઆઓએ ત્રણ દુશ્મન લોરીઓ મડદાથી ભરેલી પસાર થતી જોઈ હતી.

એવા પણ સમાચાર મળ્યા કે ટુન્ગીન ટેકરીઓ પાસેના ગામડામાંથી દુશ્મનો બળાત્કારે સ્ત્રીઓને ઉઠાવી ગયા હતા. તેમને એક બે દિવસ રાખીને પાછી મોકલી આપી હતી. બળાત્કારના બનાવો તો એટલા બધા વધી પડયા હતા કે ગામડીઆઓ બ્રિટિશ વિરોધી બની ગયા. આ બીજું થાણું છે કે જ્યાં દુશ્મનો આપણને પરાજય આપી શકયા નથી. દુશ્મનો તેમને

કદાચ ખોરાક સામગ્રી આપે પણ તેમનાં અપમાન ભૂલાય તેમ નથી અને બર્મિઝો સ્વમાનને ઘણું મહત્ત્વ આપે છે.

૨૧ માર્ચ: યુનીટ નં. ૪૫૩ની આપણી સ્થિતિનો બર્મિઝ જાસૂસે દુશ્મનને ખ્યાલ આપી દીધો છે. એટલે આપણા યુનીટ પર દુશ્મને સખ્ત તોપવર્ષા, બોંબમારો અને મશિનગનનો મારો કર્યો. ચાર કલાક સુધી આ હુમલો ચાલુ રહ્યો. આમ છતાં આપણો એક જ માણસ ઘાયલ થયો. આપણી રક્ષણાત્મક હરોળની સંગીનતાનો એ પૂરાવો છે.

પ્રતિ,

**કર્નલ શાહનવાઝખાન**

રવાના,

**લેફ. કર્નલ જી. એસ. ધીલોન**

કેપ્ટન મહમદ હસનની ગેરહાજરીની સૈન્ય પર કોઈ અસર થવા પામી નથી અને નૈતિક બળને પણ કાંઇ અસર થવા પામી નથી. આગલી હરોળ પર અમે યુદ્ધ ચાલુ રાખવાના છીએ. જ્યાં સુધી ધ્યેયની સિદ્ધિ ન થાય ત્યાં સુધી અમે આરામને જાણતા નથી. આઝાદ હિંદ ફોજની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે અમે અમારા પ્રાણ હોમી દઈશું. અમને પાણી મળે કે ન મળે, અમને ખોરાક મળે કે ન મળે, પણ અમારી લડાયક શક્તિને અમારા ખમીરને તેની કોઈ પરવા નથી. કેપ્ટન ચંદ્રભાણુ, લેફ. ખાન મહમદ અને લેફ. કરતારસીંગ અને મારો સ્ટાફ, હું આપને અમારા લોહીના છેલ્લા ટીપાં સુધી લડી લેવાની જે ખાત્રી આપી રહ્યો છું તેમાં સાથે છે.


જયહિંદ

(સહી) **જી. એસ. ધીલોન**

લેફ. કર્નલ

## શ્રી. જગન્નાથરાવ ભોંસલે

[ કર્નલ: આઝાદ હિંદ ફોજ ]



'આઝાદ હિંદ ફોજમાં મેં જે કર્યું છે તે માટે, મને જરા પણ દિલગીરી થતી નથી. નેતાજી સુભાષચંદ્ર બોઝે અમારા વિચારો અને નિર્ણયોમાં ચમત્કારિક ફેરફારો કર્યા. તેમના તેજસ્વી વ્યક્તિત્વથી અમે આકર્ષાયા, તેમની ચમત્કારિક કાર્યશક્તિ અને આઝાદીની ઉગ્ર તમન્નાએ, અમારા શુષ્ક દિલમાં નવો પ્રવાહ વહેતો થયો. તેમની પાછળ અમે ખેંચાયા, અને તેમના આદેશને વફાદાર રહીને, અમારી માતૃભૂમિની આઝાદી માટે જંગ ખેલવા અમે નિર્ણય કર્યો. જે સૈન્યમાં અમે જોડાયા, જે સૈન્યની સાથે અમે પરદેશની ભૂમિ પર ખભે ખભા મિલાવીને લડયા, એ સૈન્યમાંના અમારા

સાથીદારોની સામે જ લડવાનો અમારો ધર્મ હતો. અમે જેને માટે લડતા હતા એ હેતુ શુદ્ધ હતો.'

'યુદ્ધમાં જેઓ ઝંપલાવે છે તેઓ બધા જ કાંઈ વિજય પામતા નથી પણ જે ઉચ્ચ હેતુ માટે અમે લડયા એ હેતુ માટે અમને આજે પણ અભિમાન છે. અમે ગૌરવ ધરીએ છીએ.'

દિલ્હીનો લાલ કિલ્લો, જે કિલ્લા પર આજેય, યુનિયન જેક ફરકી રહ્યો છે. એ સ્થળે, બરાબર, એ જ કાઠી પર, ત્રિરંગી ઝંડો ફરકાવીને, 'જય હિન્દ'ની જયઘોષણા ગજાવી, હિંદને આઝાદ બનાવવાનાં જેમણે સ્વપ્નાં સેવ્યાં, એ સ્વપ્નાંની સિદ્ધિ માટે, નેતાજી સુભાષ બોઝની સાથે રહીને, જેઓ ઝૂઝયા, અને ઝૂઝતાં ઝૂઝતાં દુશ્મનને હાથે કેદ પકડાયા અને એ જ લાલ કિલ્લાની એક બરાકમાં પૂરાયેલા એવા આઝાદ ફોજના એક કર્નલ, શ્રી. જગન્નાથરાવ ભોંસલેના આ વિચારો છે.

લાલ કિલ્લામાં વારેવારે તેમને કહેવામાં આવતું હતું, 'તમારી સામેનો મૂકદ્દમો તૈયાર થઇ રહ્યો છે.'

અને કર્નલ ભોંસલે પણ પોતાની સામેના મુકદ્દમાની રાહ જોતાં દિવસો પસાર કરી રહ્યા હતા. દિલ્હીના લાલ કિલ્લામાં પૂરાયેલા પોતાના બીજા સાથીદારો સાથે તેઓ મળતા; ત્યારે પણ એમની ખુમારી એવી ને એવી જ હતી. ત્યારે લશ્કરી અદાલત સમક્ષ આઝાદ ફોજના ત્રણ અફસરોનો મુકદ્દમો ચાલી રહ્યો હતો.

'પૂર્વ એશિયામાં અમે જે કાંઇ કર્યું છે, તેનાથી અમને સંતોષ છે, કારણ કે અમે જે કાંઇ કરી છૂટયા તેની, અમારા દેશબાંધવો કદર કરે છે.'

જ્યારે લશ્કરી અદાલત સમક્ષ મેજર જનરલ શાહનવાઝ અને તેમના બે સાથીદારો સામેનો કેસ ચાલી રહ્યો હતો, ત્યારે હિંદી પ્રજાએ ઉઠાવેલો અવાજ, અને મોહબ્બતથી મુગ્ધ બનેલા કર્નલ ભોંસલેએ પોતાના સાથીઓ સમક્ષ ઉપરના શબ્દો ઉચ્ચાર્યાં હતા.

આઝાદ ફોજ પ્રત્યે જેમ હિંદી પ્રજાના દિલમાં, પ્રેમનાં ઊંડાં મૂળ નંખાયાં છે તેવી જ રીતે આઝાદ ફોજના અદનામાં અદના સૈનિકો પ્રત્યે પણ હિંદી પ્રજાના દિલમાં પ્રેમભાવના છલકાય છે.

કર્નલ જગન્નાથરાવ ભોંસલે આઝાદ હિંદ સરકારની રચનામાં જે વીરોએ ભાગ લીધો અને જેમણે આઝાદ હિંદ સરકારની રચનાને કામયાબી અપાવી, એટલું જ નહિ પણ આઝાદ હિંદ સરકાર વ્યવસ્થિત રીતે, જગતની બીજી સરકારોની માફક જ પોતાનું તંત્ર ચલાવે તેની પ્રતિષ્ઠા કાયમ રહે અને જગતના બીજા દેશોમાં એને કોઇ 'પૂતળા' સરકાર તરીકે માનવાને જરા પણ લલચાય નહિ એ જોવાની જેમણે તકેદારી રાખી એવા નેતાજીના નિકટના ચૂનંદા સાથીદારોમાંના એક હતા.

સદ્‌ભાગ્યે આઝાદ હિંદ ફોજની રચનામાં કર્નલ જગન્નાથરાવ ભોંસલે પહેલેથી જ સંકળાયેલા છે. સીંગાપોરના પતન પછી કેપ્ટન મોહનસિંહને હાથ જ્યારે આઝાદ હિંદ ફોજની રચનાનાં સૂત્રો જાપાની સેનાપતિએ મૂકયાં, ત્યારે પણ કર્નલ ભોંસલે તેમની સાથે હતા. એ ફોજનું વિસર્જન થયું અને બીજી આઝાદ હિંદ ફોજની રચના થઇ, નેતાજીએ તેની જગતને જાણ કરી ત્યારે કર્નલ ભોંસલે મોજૂદ હતા.

એમના દિલને ચોટ લાગી ગઈ હતી. બ્રિટિશરો, હિંદીઓને ગરીબ ગાયના ટોળાની માફક હાંકીને જાપાની સેનાપતિને સુપ્રત

કરી ગયા. જતાં જતાં તેમણે જાપાની સેનાપતિના ફરમાનને માન્ય કરવાની આજ્ઞા આપી, ત્યારે એમના આશ્ચર્યનો પાર ન રહ્યો.

કર્નલ જગન્નાથરાવ ભોંસલે મરાઠા જેવી શૌર્યવાન જાતિમાં જન્મેલા છે. મરાઠાઓએ હિંદના ઈતિહાસમાં શૌર્યનાં તેજસ્વી પ્રકરણો પોતાના રક્તથી આલેખ્યાં છે. મરાઠા જુવાનોના દિલમાં દેશ પ્રત્યેની અપાર ભક્તિનાં જે દર્શન થાય છે તેનું બીજારોપણ બાલવયમાં થાય છે. આવી જાતિને વારસામાં શૌર્યનો ઈતિહાસ મળ્યો છે.

કર્નલ જગન્નાથરાવ ભોંસલે, ઇતિહાસપ્રસિદ્ધ ભોંસલે કુટુંબમાંથી ઊતરી આવેલા છે ભોંસલે કુટુંબે દેશની સેવામાં અગત્યનો હિસ્સો આપેલો છે. હિંદ ભોંસલે કુટુંબના વીરત્વથી પરિચિત છે. ઉપરાંત ભોંસલે કુટુંબ સીંધિયા રાજકુટુંબ સાથે સંકળાયેલું હોઇને, રાજકુટુંબનો માન મતરબો, મોભો પ્રતિષ્ઠા ધરાવે છે વફાદારી અને બલિદાન એ તો એમના કુટુંબનો ઉમદામાં ઉમદા ગુણ છે. એટલે ભોંસલે કુટુંબના સભ્યો જ્યાં જ્યાં પથરાયા છે ત્યાં ત્યાં ઉજ્જવલ કારકીર્દિ પ્રાપ્ત કરી શકાય છે.

બેલગામ જીલ્લાના તીરોડા નામના નાનકડા ગામડામાં જગન્નાથરાવ ભોંસલેનો જન્મ થયો હતો. પિતા સાથે ત્યાં બાલપણ વ્યતિત કર્યાં પછી, કેળવણી માટે તેમને સાવંતવાડી સ્ટેટમાં આવવું પડયું, ત્યાં તેમણે પ્રાથમિક કેળવણી પૂરી કરી. પ્રાથમિક કેળવણી અને માધ્યમિક કેળવણી તેમણે એટલી ઝડપથી પૂરી કરી કે જ્યારે તેમને દહેરાદુનની પ્રીન્સ ઓફ વેલ્સ મિલિટરી કોલેજમાં દાખલ થવાની પરવાનગી મળી, ત્યારે તેમની વય માત્ર ચૌદ વર્ષની હતી.

દહેરાદુનની શાહી લશ્કરી શાળામાં તાલીમ લેવા માટે દાખલ થનારાઓને માટે ચોક્કસ નિયમનો હોય છે. હિંદની લડાયક ખમીરવાળી કોમોમાંથી, ચૂંટીને પસંદ કરવામાં આવેલા જુવાનોને જ ત્યાં દાખલ કરવામાં આવે છે. ખાસ કરીને પંજાબમાંથી એ શાહી લશ્કરી શાળામાં વધુ ભરતી કરવામાં આવે છે. મરાઠાઓને માત્ર એક જ બેઠક આપવામાં આવેલી અને એ બેઠક માટે પણ સ્પર્ધાઓ થતી હતી. એટલે જગન્નાથરાવને વહેલી ઉંમરે ત્યાં દાખલ થવાની જે તક મળી એ પ્રસંગ તેમને માટે જ નહિ પણ તેમના કુટુંબને માટે આનંદજનક હતો. ભોંસલે કુટુંબની પ્રતિષ્ઠા અને સાવંતવાડીના વહિવટદારોની કાળજીને પરિણામે જ જગન્નાથરાવને પરવાનગી મળી હતી.

દહેરાદુનની લશ્કરી શાળાનો અભ્યાસ પણ તેમણે કુશળતાથી પૂરો કર્યો. એ અભ્યાસકાળ દરમિયાન તેમણે બતાવેલી કુશળતાને પરિણામે શાળાના અધિકારીઓનાં દિલ જગન્નાથરાવે જીતી લીધાં હતાં.

શાળાના અધિકારીઓએ જગન્નાથરાવની ભાવિ કારકીર્દિ માટે ઊંચી આશાઓ વ્યકત કરી હતી. રાજવંશી ખમીર અને લડાયક પ્રકૃતિએ જગન્નાથરાવ ભોંસલેને શાળાના અન્ય વિદ્યાર્થીઓ કરતાં અગ્રણી સ્થાન અપાવ્યું હતું. શાળામાં તેમના સહાધ્યાયીઓમાં મુખ્યત્વે પંજાબના શીખ જુવાનો હતા.

અને સાચે જ, તેમની ઉચ્ચ કારકીર્દિની શરૂઆત શાળા જીવન દરમિયાન જ થઈ હતી. અભ્યાસ પૂરો થતાં જ જગન્નાથરાવને ઇંગ્લેન્ડની સેન્ડહર્સ્ટ મિલિટરી એકેડેમીમાં ઉચ્ચ કક્ષાની લશ્કરી તાલીમ લેવા માટે મોકલવાનું નક્કી કરવામાં આવ્યું.

જ્યારે તેમને ઇંગ્લાંડ જવાને વિદાય આપવામાં આવી, ત્યારે તેમને એવા શબ્દોથી વિદાય આપવામાં આવી હતી કે,

'તમે તમારા દેશની અને તમારા કુટુંબની માત્ર ઉચ્ચ પ્રણાલિકાને જાળવી રાખશો એટલું જ નહિ, પણ તેને વધુ યશસ્વી બનાવજો. હિંદી જુવાનોને માટે તમે પ્રેરણાદાયી દષ્ટાન્ત પૂરું પાડશો.'

જ્યારે એ શબ્દોમાં તેમને વિદાય આપવામાં આવી ત્યારે ભાવિનો ખ્યાલ કોને આવ્યો હશે? કોના દિલમાં એવી કલ્પના પણ આવી હશે કે જે ઉજ્જવલ કારકીર્દિ મેળવવાને જગન્નાથરાવ ભોંસલે જઈ રહ્યા છે, તે ઉજ્જવલ કારકીર્દિની ખરી શરૂઆત તો બર્મામાં થઈ.

લંડનની કારકીર્દિ પણ સફળતાને પામી અને તેમને ૧૯૨૮માં ક્વેટા ખાતે લેંકેશાયર રેજીમેન્ટમાં મૂકવામાં આવ્યા. એક વર્ષ પછી ત્યાંથી ફરીને તેમને પાંચમી રોયલ મરાઠા ઈન્ફેન્ટરીમાં મૂકવામાં આવ્યા.

ઉત્તરોત્તર પ્રગતિ થતી ગઇ અને ૧૯૩૭માં તેમને કેપ્ટન-પદે નીમવામાં આવ્યા. એ જ વર્ષે, શહેનશાહ જ્યોર્જ છઠ્ઠાને ગાદીનશીન કરવાનો ઉત્સવ ભારે ધામધૂમથી લંડનમાં ઉજવાયો હતો. આઠમા એડવર્ડના ગાદીત્યાગ પછી શહેનશાહ જ્યોર્જ છઠ્ઠા ગાદી પર આવતા હતા. શાહી દરબારમાં હાજર થવાને માટે હિંદના પ્રથમ પંકિતના રાજવીઓને અને વફાદારોને આમંત્રણો મળ્યાં હતાં. ત્યારે હિંદના લશ્કરી ઓફિસરોને પ્રતિનિધિ તરીકે શહેનશાહના દરબારમાં હાજરી આપવાને હિંદી સૈન્ય તરફથી જગન્નાથરાવ ભોંસલેની પસંદગી કરવામાં આવી હતી. તેઓ બકિંગહામ પેલેસમાં ભરાયેલા દરબારમાં હાજર થયા અને ત્યાંથી જ ગાયકવાડ નરેશ સાથે જગતના પ્રવાસે નીકળ્યા. યુરોપનાં અગત્યનાં તમામ શહેરોની તેમણે મુલાકાત લીધી અને સ્વાધીનતાનો આસ્વાદ ભોગવી રહેલી પ્રજાના સુખનાં, વૈભવનાં અને સુખી જીવનનાં દર્શન કર્યાં. એ પ્રવાસ દરમિયાન તેમના

દિલમાં પોતાની માતૃભૂમિનું ચિત્ર પણ ઉપસ્થિત થયા જ કરતું હતું, પણ એક લશ્કરી તરીકે તેઓ શિસ્તને મક્કમતાથી વળગી રહેતા, એટલે કયારેય તેઓ કાંઈ બોલ્યા નથી. માત્ર આંખો દ્વારા જે જોવા જેવું હતું તે જોયું, અનુભવ્યું અને યુરોપનો પ્રવાસ પૂરો કર્યો. યુરોપનો પ્રવાસ પૂરો થતાં જ તેઓ રશિયાના પ્રવાસે ઉપડયા. રશિયાના પ્રવાસ દરમિયાન તેમને ઘણું જાણવાનું મળ્યું. રશિયાની રાજ્યવ્યવસ્થા અને રશિયાની પ્રજાના જીવનને સ્પર્શતા પ્રશ્નોનો તેમણે અભ્યાસ કર્યો.

યુરોપ અને રશિયાના પ્રવાસ દરમિયાન સ્વાધીનતાના જે શ્વાસ તેમણે લીધા હતા, તેનાં પ્રતિબિંબ તો, આઝાદ હિંદ ફોજમાં તેમણે જે ઉત્સાહપૂર્વક પોતાની ફરજો બજાવી, તેમાં પડે છે.

અમેરિકા અને જાપાનનો પ્રવાસ કરીને તેઓ હિંદ પાછા ફર્યા અને પોતાની ફરજ પર હાજર થઈ ગયા.

આ વખતે જ લશ્કરી તાલીમ માટેના સ્ટાફમાં હિંદીઓને સ્થાન નહિ આપવાની નીતિ પ્રત્યે સખ્ત ટીકાઓ થઈ રહી હતી. લાયક હિંદીને લાયક સ્થાન મળવું જ જોઇએ. જનરલ સ્ટાફ માટેની તાલીમ લેવા માટે કર્નલ ભોંસલેને પસંદ કરવામાં આવ્યા. આ તાલીમ માટે પસંદગી પામનાર, હિંદી તરીકે તેઓ પહેલા જ હતા અને સંયુકત પ્રાન્તના બરેલીમાં આવેલી તાલીમ શાળામાં તેમણે જનરલ સ્ટાફ માટેની તાલીમ લેવા માંડી, એ તાલીમમાં તેમને રસ પડયો અને સક્રિય તાલીમ લીધા પછી તેમને લેફ. કર્નલનો હોદ્દો આપવામાં આવ્યો.

આમ ઉત્તરોત્તર, જગન્નાથરાવ ભોંસલે પ્રગતિ કરી રહ્યા હતા. યુદ્ધકલાનાં વિવિધ અંગોની જે તાલીમ તેમણે આ વર્ષો દરમિયાન હાંસલ કરી હતી, એની જાણે પરીક્ષા આવી હોય એમ, યુરોપિય યુદ્ધનો દાવાનળ ફાટી નીકળ્યો અને પરિસ્થિતિ એવી

આવી કે એ દાવાનળ વધુ ને વધુ ઉગ્ર સ્વરૂપમાં વધુ ને વધુ પ્રદેશો પર ફેલાતો જ ગયો. એક પછી એક દેશો, દાવાનળમાં હોમાતા ગયા અને એશિયા પર એ દાવાનળ આવી પહોંચ્યો.

જાપાની પ્રતિનિધિ મંડળ જ્યારે અમેરિકામાં, મંત્રણાઓ ચલાવવાના કાર્યમાં રોકાઇ પડયું હતું, ત્યારે બ્રિટિશ શાહીવાદ એશિયામાંનાં પોતાનાં મથકોના રક્ષણ માટેની તૈયારીઓમાં રોકાઇ ગયો હતો. હિંદમાંની તમામ તાકાત એશિયા પર ઠલવાઈ રહી હતી. જાપાન પણ બ્રિટનની તૈયારીઓ સામે સાવધ જ હતું અને તેણે એક બાજુ મંત્રણાઓ ચાલતી હતી, તેને ચાલવા દઇને જ, યુદ્ધમાં ઝંપલાયું. એશિયાની ધરતી પર યુદ્ધ ફાટી નીકળતાં જ બ્રિટિશ સરકારે પોતાની ચૂનંદી તાકાતને એશિયામાં મોકલી.

લેફ. કર્નલ ભોંસલેને તેમની ગુરખા રાઈફલ ઈન્ફન્ટ્રી સાથે સીંગાપોર મોકલ્યા. સીંગાપોરના રક્ષણ માટે ગુરખા છેલ્લી ઘડી સુધી લડતા રહ્યા, પણ સીંગાપોરમાં જંગી તાકાત ખડી કરી દીધી હોવાની જે લાંબી લાંબી જાહેરાતો કરવામાં આવતી હતી અને સીંગાપોરના રક્ષણ માટે જેમને મૂકવામાં આવ્યા હતા. તેમને પણ એવો વિશ્વાસ આપવામાં આવ્યો હતો કે સીંગાપોરનું રક્ષણ કરવા માટે, સામ્રાજ્ય તમામ તાકાત કામે લગાવશે. સામ્રાજ્ય સીંગાપોરને એમ સહેલાઈથી છોડી દેશે નહિ.

પણ એ આશ્વાસનો ખોટાં નીકળ્યાં અને સીંગાપોરને જાપાનનું શરણું સ્વીકારવું પડયું. સીંગાપોરમાંની હિંદી ફોજોને જાપાની સેનાપતિને સુપ્રત કરી દઇને, અંગ્રેજો ચાલ્યા ગયા હતા. હિંદીઓની હાલત પણ એવી જ કફોડી અને વિચિત્ર થઈ પડી હતી. હિંદીઓની નિઃસહાયતા અને કફોડી હાલતનાં દિલ કંપાવનારાં દશ્યો, કર્નલ ભોંસલેએ જોયાં અને તેમનું હૈયું હચમચી ઊઠયું. હિંદીઓ પોતાના રક્ષણ માટે દોડાદોડ કરતા

હતા. કોને આશરે જવું ? જાપાનીઓનો તેમને ભય હતો. બર્મિઝો તેમને હિંદીઓને લૂંટતા હતા. હિંદીઓની સલામતીને માટે, કોઈ વ્યવસ્થા નહતી, સર્વત્ર અવ્યવસ્થા હતી. એ સ્થિતિમાં જાપાની સેનાપતિએ કેપ્ટન મોહનસિંહને કેદ પકડાયેલા હિંદી સૈનિકોનો હવાલો આપ્યો. હિંદની આઝાદી માટે, જાપાનના સહકારથી લડી શકે એવું સૈન્ય તૈયાર કરવાનો આદેશ હતો.

કેપ્ટન મોહનસિંહે, અટકાયતમાંના હિંદી સૈનિકોની છાવણીમાં ઘૂમવા માંડયું–અને આઝાદ હિંદ ફોજની રચનામાં સાથ આપવાને સૌથી પહેલાં તેમણે લેફ. કર્નલ ભોંસલેને સમજાવ્યા. લેફ. કર્નલ ભોંસલેએ મોહનસિંહને તમામ સહાય આપવાનું સ્વીકાર્યું, ત્યારે એમના દિલમાં એક જ ખ્યાલ હતો કે જાપાન સાથેના સારા સંબંધો જો સ્થાપિત થતા હોય તો, આજે જે હિંદીઓ હાડ હાડ થઇ રહ્યા છે. પદદલિત પ્રજા સમા આથડી રહ્યા છે તેમને કાંઇક સહાયતા આપી શકાય, એમને દિલાસો મળી શકે કે, અમારી મુશ્કેલીઓમાં જોનાર કોઈક મોજૂદ છે.

લેફ. કર્નલ ભોંસલેની શક્તિ, કેપ્ટન મોહનસિંહને પોતાના કામની સફળતા માટે ખૂબ કિંમતી જણાઈ. પંદરસો તાલીમ પામેલા અફસરોને, તેમની દોરવણી મળી. તેમના આગમનને જે બાકીના હિંદી સૈનિકો અને અફસરો આઝાદ ફોજમાં જોડાતાં અચકાતા હતા, તેઓ સરળતાથી આઝાદ ફોજમાં જોડાઇ ગયા.

બીજી બાજુ, આઝાદ ફોજ રચવા સામે શાહનવાઝખાન અને બીજાઓનો જે વિરોધ હતો. એ વિરોધને તોડી પાડવામાં કર્નલ ભોંસલેનું આઝાદ હિંદ ફોજમાં આગમન અગત્યનું થઇ પડયું.

પણ કેપ્ટન મોહનસિંહના પ્રયાસો કોઇ સફળ પરિણામ લાવી શકે તે પહેલાં જ, નાકામયાબ નિવડયા. એમને પોતાને જ, જાપાનીઓએ અટકમાં લીધા અને પહેલી આઝાદ ફોજ વિસર્જન થઇ ગઇ. ભડકો થાય તે પહેલાં જ અગ્નિનાં રજકણો વિખરાઇ ગયાં.

એ વિખરાયેલાં રજકણોને એકત્ર કરીને, ભડકો કરવાનો પ્રયાસ જ્યારે નેતાજીએ કર્યો, ત્યારે કર્નલ ભોંસલે તેમના પ્રયાસોમાં સાથ આપવાને હાજર હતા. નેતાજીના એ પ્રિય અને વિશ્વાસુ સાથીદાર બની ગયા. નેતાજીએ તેમને લશ્કરી સ્ટાફના વડાનું જવાબદારીભર્યું સ્થાન આપ્યું.

જનરલ સ્ટાફ અંગેની કર્નલ ભોંસલેને જે તાલીમ પ્રાપ્ત થઇ હતી, એનો ઉપયોગ ફોજની હરોળમાં મૂકવા માટેના કાર્યમાં કર્યો. આઝાદ હિંદ ફોજ એક વ્યવસ્થિત ફોજ બને એ જોવાનો તેમનો પ્રયાસ હતો અને ફોજનાં નિયમનો, કાનૂનો, એની રચના અને વ્યવસ્થા અંગેની નેતાજીની ચિંતાનો બોજ હળવો કરનારાઓમાં કર્નલ ભોંસલે પણ હતા, નેતાજીએ આઝાદ હિંદની કામચલાઉ સરકારની રચના કરી અને તેના માટે જે પ્રધાનમંડળ રચ્યું, તેમાં કર્નલ ભોંસલેને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે.

આઝાદ ફોજની તાલીમ પૂરી થઇ અને જ્યારે જંગે મેદાનમાં ઉતરવાનો નિર્ણય થયો, ત્યારે નેતાજીની દોરવણી હેઠળ જે 'સંગ્રામસમિતિ'ની રચના કરવામાં આવી તેમાં કર્નલ ભોંસલે પહેલા હતા.

જાપાન સાથેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે જ્યારે જ્યારે નેતાજીને ટોકીઓમાંના લશ્કરી સત્તાવાળાઓ સાથે મંત્રણા કરવાને જવું પડતું, ત્યારે નેતાજીના સાથી તરીકે કર્નલ ભોંસલે ટોકિયો

જતા. તેઓ ચર્ચા દરમિયાન ખૂબ ઉપયોગી સૂચનો કરતા અને લશ્કરી વ્યૂહરચનાઓ અંગે તેમની સલાહ આવશ્યક ગણાતી હતી.

આઝાદ હિંદ ફોજની ટુકડીઓ જ્યારે હિંદની સરહદ પર હિંદની આઝાદીનો જંગ ખેલી રહી હતી, ત્યારે કર્નલ ભોંસલે અવારનવાર, નેતાજીની સૂચનાઓ સહિત મોરચાઓની મુલાકાત લેતા, મોરચા પરના અધિકારીઓ સાથે પરિસ્થિતિ વિશે મંત્રણાઓ ચલાવતા અને યુદ્ધને સફળ સંચાલન થતું રહે, એ માટે તેઓ પ્રયાસો કરતા હતા, પણ જ્યારે તેમણે જોયું કે, આઝાદ હિંદ ફોજના સૈનિકોના પ્રયાસો છતાં પણ યુદ્ધ ગુમાવી રહ્યા છીએ અને કેટલાક પ્રસંગોએ તો આઝાદ હિંદ ફોજના સૈનિકોનું ખમીર પણ તૂટતું જાય છે અને કેટલાક બનાવોમાં તો દુશ્મનોને મળી જનારા અમીચંદો પણ મોજૂદ છે, ત્યારે તેમણે યુદ્ધ અને શરણાગતિ વચ્ચેથી એકની પસંદગી કરવાની હતી. નેતાજી પણ પરિસ્થિતિથી સારી રીતે પરિચિત હતા. પહેલા વર્ષે આઝાદ ફોજે જે સુન્દર શક્તિ બતાવી હતી, એ શક્તિ બતાવવાની તક ફરીને મળી નહિ, નેતાજીની તેજસ્વી વાણી ઝીલીને મોરચા પર ગયેલા સૈનિકોના દિલમાં તમન્ના હતી. મરી ખૂટવાનો નિશ્ચય પણ હતો, પણ એમ માત્ર આંધળિયાં જ કરવાનો શો અર્થ? આખરે નેતાજીએ જ નિશ્ચય કર્યો—રંગુનમાંથી આઝાદ હિંદ સરકારનું વડું મથક ખસેડવાનો અને—રંગુનમાંના હિંદીઓના રક્ષણ માટેની વ્યવસ્થા કરીને નેતાજી અને આઝાદ હિંદ સરકારે રંગુનનો ત્યાગ કર્યો. ત્યાર પછી જ મોરચા' પરની ફોજોએ અરમાનોના ઉમળકાને દબાવીને ભારે હૈયે દુશ્મનની શરણાગતિ સ્વીકારી.

કર્નલ ભોંસલે ત્યારે શરણાગતિ સ્વીકારવામાં ન હતા. તેમને રંગુનના પતન પછી બેંગકોકમાંથી ગીરફતાર કરવામાં

આવ્યા અને દિલ્હીના લાલ કિલ્લામાં જ્યારે તેમને લાવવામાં આવ્યા, ત્યારે તો આઝાદ ફોજના ત્રણ અફસરો સામેનો મુકદ્દમો ચાલી રહ્યો હતો, એ મુકદ્દમો તેઓ રસપૂર્વક નિહાળી રહ્યા હતા. તેમની સામેના મુકદ્દમાની ભૂમિકા તૈયાર થઇ રહી હતી, પણ એ ભૂમિકાનું સર્જન કરવામાં શાહી સત્તાવાળાઓને નિષ્ફળતા સાંપડી, કર્નલ ભોંસલે સામે એવો કોઈ આરોપ ન હતો, કે જેને માટે તેમની સામે કામ ચલાવીં શકાય. જે આરોપ હતો તે માત્ર સમ્રાટ સામે યુદ્ધ જગાવવાનો હતો, પણ એ આરોપ તો, આઝાદ ફોજના ત્રણ અફસરો સામેના પહેલા મુકદ્દમાઓમાં જ ઊડી ગયો, એટલે એ આરોપસર તેમની સામે કામ ચલાવી શકાય તેમ નથી, એ જ્યારે સત્તાવાળાઓએ જોયું, ત્યારે જ કર્નલ ભોંસલેને જેલમુક્ત કરવાનો નિર્ણય થયો અને તેમને આખરે, છોડી મૂકવામાં આવ્યા, આજે તેઓ સ્વતંત્ર વ્યક્તિ તરીકે છે.

આમ છતાં, જેમ કારાવાસમાંથી મુક્ત થતાં જ, કર્નલ શાહનવાઝ અને તેમના સાથીદારો, આઝાદ હિંદ ફોજના સૈનિકોના પ્રશ્ન અંગે જે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે, તેવી રીતે કર્નલ ભોંસલે આજે જાહેરમાં જણાતા નથી, કદાચ એમને જે લશ્કરી તાલીમ મળી છે અને જે ઉચ્ચ કક્ષાનું લશ્કરી જીવન તેમણે વ્યતિત કર્યું છે, તેને પરિણામે તેમને રાજકીય જીવનમાં રસ ન પણ હોય! આમ છતાં તેઓ આઝાદ ફોજમાંના પોતાના સાથીઓ વિશે સતત ચિંતાતુર રહ્યા કરે છે. જે સાથીઓએ રણભૂમિમાં પોતાના પ્રાણ દીધા છે, જે સાથીઓ અપંગ બની ગયા છે, તેમના કુટુંબને સહાયતા પહોંચાડવાનો પ્રશ્ન તેમની ચિંતાનો વિષય બની રહ્યો છે.

કર્નલ ભોંસલેને બાળવયમાં જ તેમના કાકાએ તેમના પિતા પાસેથી દત્તક લીધેલા જો કે આજે તો તેમના પિતા કે તેમને દત્તક લેનાર

તેમના કાકા એમાંથી કોઈ મોજૂદ નથી. ૮૫ વર્ષનાં તેમનાં માતા ગંગાબાઇ પાછલી જિંદગી ઇશ્વર સ્તવનમાં પૂરી કરી રહ્યાં છે તેમને ત્રણ ભાઇઓ છે. સૌથી મોટા બંધુ અમૃતરાવ તીરોડામાં —પોતાના વતનમાં રહીને કુટુંબની સંભાળ રાખી રહ્યા છે. બીજા ભાઈ લક્ષ્મણરાવ, સાવંતવાડીના મહારાજાના એ. ડી. સી.નો હોદ્દો સંભાળી રહ્યા છે. જ્યારે સૌથી નાના પ્રતાપરાવ, પુનામાં પોતાનો ધંધો સંભાળી રહ્યા છે. બીજા સંબંધીઓ પણ ગ્વાલીઅર રાજ્યમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળી રહ્યા છે.

તેમનાં પત્નીનું નામ ચંદ્રિકાબાઇ; કોલ્હાપુર રાજ્યના પેટા વિભાગ શીરોલ પેઠના જાગીરદાર શ્રી. અન્નાસાહેબનાં એ પુત્રી, અત્યારે તો અન્નારાવ વડોદરા નરેશની સેવામાં છે. લગ્નજીવનને પરિણામે કર્નલ ભોંસલેને ત્રણ પુત્રીઓ છે. લીલા, ઉષા અને રત્નપ્રભા.

કર્નલ ભોંસલેનું જીવન સાહસોથી ભરપૂર છે. તેઓ જુદી જુદી ભાષાઓ પર પણ પ્રભુત્વ ધરાવે છે. ટેનિસ અને ફૂટબોલની રમતો એની પ્રિય રમતો છે. જો કે ક્રિકેટની રમતમાં પણ એમને સારો રસ છે.

પરદેશોનો પ્રવાસ ખેડયા છતાં વ્યસનો તેમને સ્પર્શી શકયાં નથી, એ જાણીને ઘણાને આશ્ચર્ય થશે. તેમને બીડી જેવી સામાન્ય અને સર્વમાન્ય ચીજનું પણ વ્યસન નથી. સાવ સાદા અને નિરભિમાની માનવી તરીકે કર્નલ ભોંસલે પોતાના સાથીદારોમાં ખૂબ જાણીતા છે. તેમની શારીરિક સંપતિ પણ સરસ છે.

સશક્ત દેહના જગન્નાથરાવને જ્યારે મદ્રાસમાં આવેલા કેનાનોરેના લશ્કરી કેમ્પમાં મૂકવામાં આવ્યા હતા. ત્યારે એક વખત તેઓ સાગરકાંઠે ઘૂમતા હતા, ઘૂમતાં ઘૂમતાં બે બ્રિટિશ

લશ્કરી ઑફિસરો ડૂબતા જણાયા અને તેમણે તરત જ દરિયામાં ઝંપલાવ્યું. બન્નેનાં જીવન તેમણે પોતાના સાહસથી બચાવ્યાં. આ સાહસ માટે તેમને શહેનશાહના દરબારમાં ઇનામ આપવામાં આવ્યું, ત્યારે જેમને તેમણે બચાવ્યા હતા, એ બન્ને બ્રિટિશ અફસરો ત્યાં મોજૂદ હતા.

આજે તેઓ શાન્ત જીવન ગાળી રહ્યા છે, તેમના ભાવિ કાર્યક્રમ વિશે તેઓ અત્યારે કાંઇ કહેવા માગતા નથી.

નેતાજીને પૂર્વ એશિયામાં જે ચમત્કારિક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ છે, એમાં તેના ચૂનંદા અને વિશ્વાસુ સાથીદારોનો હિસ્સો અપૂર્વ છે. એવા ચૂનંદા સાથીઓમાંના એક કર્નલ જગન્નાથરાવ ભોંસલેનો આ પરિચય, નેતાજી અને આઝાદ હિંદ ફોજની પુણ્ય સ્મૃતિઓ ખડી કરે છે.

'ફરો સબ ન્યોછાવર, બનો સબ ફકીર ' આઝાદ હિંદ સરકાર, હિંદની આઝાદી માટે, મોરચા પર લડી રહેલા આપણા બહાદુર સૈનિકોને માટે હું તમારી પાસે સર્વસ્વ માગું છું. સંપૂર્ણ બલિદાન માગું છું. તમે જેટલું આપી શકો તેટલું આપો, તમારી પાસે જે કાંઇ હોય તે બધું જ આપી દો. આપણે માટે આવો પ્રસંગ ફરી ફરીને આવવાનો નથી. એટલું યાદ રાખજો. આપણી માતૃભૂમિની આઝાદી માટેનો આપણો જંગ, તમારી પાસે સર્વસ્વનું બલિદાન માગે છે. કોણ કહે છે કે આ રહી મારી મિલ્કત ? '



આ વિરાટ સભાઃ જાણે માનવ મહાસાગર હેલે ચડયો; પૂર્વ એશિયાના જાહેર જીવનનાં આટલાં વર્ષોમાં ક્યારેય આવી

સભાઓ થઇ નથી, ક્યારેય આટલી જંગી મેદની જમા મળી નથી. જાણે ઇતિહાસ નવો પલ્ટો લઇ રહ્યો છે.

નેતાજીનાં ભાષણોથી એ મૂંઝાયેલી પ્રજાને નવો જ માર્ગ મળ્યો હતો. નેતાજીની તેજસ્વી વાણીએ, સૂતેલાં માનવીઓ ચેતનવંતા બનીને ઊભાં થયાં હતાં. એ માનવીઓની આંખોમાં નવા તેજના ચમકારા થતા હતા : એમના નિર્જીવ હાડમાં નવો પ્રાણ પૂરાતો હતો. જાણે મરોડ ખાઇને, વિરાટ જાગતો હતો :

આવી વિરાટ સભાઓ તો હવે સામાન્ય બની ગઇ હતી. નેતાજીની સભાઓમાં દૂર દૂરથી, માઇલોના માઇલોથી લોકો પગપાળા આવતાં; નેતાજીની વાણી ઝીલવાને : ગ્રીષ્મનો તાપ અને વર્ષાનાં તોફાનોની એમને પરવા ન હતી. આ સભાઓમાં માત્ર હિંદીઓ જ નહિ પણ પૂર્વ એશિયામાં વસતી બધી કોમોના લોકો તેનો ઉલટથી ભાગ લેતા હતા

રંગુનનાં વિશાળ સભાસ્થાનો પણ નેતાજીની સભાઓ માટે નાનાં પડતાં હતાં.

ત્રિરંગી ઝંડો, આકાશ સાથે વાતો કરવાને મથતો હતો. પવનની લહરીઓ ઝંડાને પોતાની સાથે ખેંચી જવાને મથતી હતી.

એવી એક વિરાટ સભા સમક્ષ નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉપરના શબ્દો ઉચ્ચારી રહ્યા છે. આખી સભા મંત્રમુગ્ધ બનીને નેતાજીની વાણી ઝીલી રહી છે.

'મોરચા પર જઇને જુવાનો જ્યારે પોતાના લોહી વહાવી રહ્યા છે. ભૂખ, તરસ, તાપ અને વર્ષાની વચ્ચે જેઓ દુશ્મનની ગોળીઓ છાતી ઉપર મર્દાનગીથી ઝીલી રહ્યા છે એવા જુવાનોને માટે જરૂરી સહાય પહોંચાડવાના કામમાં તમે સાથ આપવાની ના કેમ

પાડી શકો? એ જુવાનોને અનાજ જોઇએ, એ જુવાનોને તબીબી સારવાર માટે દવા જોઇએ. એ બહાદુર જુવાનોના હાથમાં શસ્ત્રો જોઇએ અને એ બધા માટે આઝાદ હિંદ સરકાર તમારી પાસે નાણાં માગે છે. આઝાદ હિંદ સરકાર કાયદાના બળે ફરજિયાત તમારી પાસેથી નાણાં લઇ શકે છે પણ બીજી સરકારોની માફક આઝાદ હિંદ સરકાર ધાકધમકી કે સત્તાના બળે તમારી પર હકુમત ચલાવતી નથી. આઝાદ હિંદ સરકારે, હિંદી પ્રજાની અનુમતિ વિના હિંદી પ્રજાના સહકાર વિના, જંગમાં ઝૂકાવ્યુ નથી. આઝાદ હિંદ સરકાર સારી રીતે જાણે છે કે પૂર્વ એશિયામાં વસતા ત્રીસલાખ જેટલા હિંદીઓ પોતાના દેશની આઝાદી માટે અધિરા થયા છે. પોતાના દેશમાં ઊઠેલા 'અંગ્રેજો ચાલ્યા જાવ'ના અવાજને કામયાબ બનાવવા માટે પોતાનાં ખૂન આપવાને તૈયાર થયા છે. સર્વસ્વનું બલિદાન આપવાનો હિંદી પ્રજાએ નિશ્ચય કર્યો છે. હું તમને એની યાદ આપવા માગું છું, કે આપણે તો ફકીર બનવાનો નિશ્ચય કર્યો છે. એટલે જેની પાસે દોલત હોય તેમણે તમામ દોલત આઝાદ હિંદ સરકારને હવાલે કરી દેવી જોઇએ. આઝાદ હિદ સરકારનો જ તમારી દોલત પર સંપૂર્ણ અધિકાર છે.'

નેતાજીની તેજીલી વાણીનો પ્રવાહ, સાગરનાં ઉછળતાં મોજાંની માફક ચાલી રહ્યો હતો.

ત્યાં અવાજ આવ્યો. 'નેતાજી; મારા ૫૦ હજાર'.

'૫૦ હજાર?' નેતાજીએ પ્રશ્ન કર્યો એ પ્રશ્નમાં ભારોભાર વ્યંગ હતો. તેમણે પૂછયું, 'કોણ બોલે છે એ ૫૦ હજાર ?' અને તરત જ તેમણે કહ્યું, 'મને ૫૦ હજારનો આંકડો નથી જોઇતો. મને એવા હિંદીઓ જોઇએ છે જે અહીં આવીને એમ કહી દે કે 'મારી તમામ મિલ્કત, મારી પાઇએ પાઈ હું

આઝાદ હિંદ સરકારને અર્પણ કરું છું' એ મિલ્કત ભલે ગમે તેટલી હોય, મને મોટા આંકડાવાળી રકમો કરતાં આવા ફકીરોની વધારે જરૂર છે.

'નેતાજી! એક લાખ!' ૫૦ હજાર બોલનાર વ્યક્તિએ ફરીને અવાજ કર્યો.

'એક લાખ નહિ, સંપૂર્ણ બલિદાન! બનો સબ ફકીર, કરો સબ ન્યોછાવર' ફરીને નેતાજીની વાણી લાઉડ સ્પીકર પરથી ગર્જી ઊઠી.

'નેતાજી! બે લાખ.'

'બે લાખ નહિ! સબ ન્યોછાવર કરો.' નેતાજી હજીય માગણી કરી રહ્યા હતા.

સભા વિસ્મિત વદને આખોય પ્રસંગ નિહાળી રહી હતી.

એ વિરાટ સભાને છેલ્લે ખૂણે બેઠેલો એક મામુલી હિંદી સભાને વિંધીને નેતાજી પાસે આવી રહ્યો છે. સહુની આંખો એના પર મંડાઈ રહી છે. નેતાજી પાસે જઇ પહોંચવાને ઉત્સુક બનેલા એ માનવીને માટેનો માર્ગ મોકળો થઇ રહ્યો છે.

શ્વાસોચ્છ્વાસભર્યો એ માનવી વિરાટ સભાને વિંધીને આખરે નેતાજી પાસે આવી પહોંચે છે, નેતાજીના કદમને સ્પર્શ કરે છે. એ કરાંગુલિઓ પોતાનાં નયનોને સ્પર્શે છે.

નેતાજી તેને વહાલથી પોતાની પાસે બોલાવે છે. મંચ પર એને લેવાને માટે પોતાના હાથ આપે છે. જાણે નેતાજીના સહારે જીવન ધન્ય બનાવતો હોય એમ એ માનવી મંચ પર આવીને નેતાજી સમક્ષ ઊભો છે.

'નેતાજી! મારી તમામ મૂડી આપને અર્પણ કરું છું.' ધીમેથી તેણે એ શબ્દો ઉચ્ચાર્યા.

ને નેતાજીએ તેને આલિંગન દીધું. 'જયહિંદ' કરીને નેતાજીએ તેને ધન્યવાદ દીધા અને સભાને ઉદ્દેશીને કહ્યું, 'આ મારા દેશનો ગરીબ બિરાદર, પોતાની પસીનાની, પરિશ્રમની કમાણી આઝાદ હિંદ સરકારને અર્પણ કરે છે. એની મૂડી કેટલી હશે એની મને પરવા નથી, પણ એના દિલની તમન્નાને હું આવકારું છું. તમારા બધા પાસેથી હું જે માગું છું તે આ જુવાને જે આપ્યું તેઃ તમે આપશો ? કોણ હજી ખચકાય છે ? શા માટે ખચકાય છે ? તમારી માતૃભૂમિ જ્યારે પોતાની વર્ષો જૂની ગુલામીની બેડીઓ તોડવાને અધિરી બની રહી છે. તમારા દેશમાં તમારા આગેવાનો, મહાત્માજી જેવા વંદનીય આગેવાનો જ્યારે કારાગારમાં પડયા છે અને હજારો જ્યારે જાન ફેસાનીનો જંગ ખેલી રહ્યા છે, ત્યારે તમને હજી તમારી લક્ષ્મીનો મોહ છે ?'

હવે નેતાજીની વાણીમાં વધુ ઉગ્રતા હતી, સભાજનો સ્તબ્ધ બની રહ્યા હતા.

સ્ત્રીઓનો મોટો સમુદાય નેતાજીની વાણી ઝીલવાને જમા થયો હતો. નેતાજીની ઝોળીમાં સ્ત્રીઓએ પણ પોતાનો હિસ્સો અત્યાર સુધી આપ્યો જ હતો, પણ હવે તો નેતાજી સર્વસ્વનું બલિદાન માગતા હતા. પોતાની જીવનભરની કમાણી આપી દેવાને કોણ હામ ભીડે ? ત્યાગવું એ એવું પગલું હતું કે જે ભરવાને તૈયાર થનાર કોક વિરલા જ નીકળે !

છતાં નેતાજીને માટે, એ નવી વાત ન હતી. આજ સુધી એવા કેટલાય વીરલાઓ નીકળ્યા હતા કે જેમણે નેતાજીને ચરણે પોતાની તમામ માલમિલ્કત આપી દીધી હતી. નેતાજીનું વ્યક્તિત્વ, નેતાજીની બુદ્ધિપ્રભા, નેતાજીની તમન્ના અને નેતાજીની વાણીમાં એવી શક્તિ હતી કે નેતાજી જે ઇચ્છતા, જેની આશા

કરતા એ બધું જ થઇ જતું હતું. પૂર્વ એશિયાના ત્રીસ લાખ હિંદીઓને, નેતાજી જેવો નેતા અત્યાર પહેલાં મળ્યો ન હતો. અને હવે પછી ક્યારે મળશે એ નિશ્ચિત નથી.

સભામાં નિરવ શાંતિ પથરાઇ છે. ચાર ચાર કલાકથી અવિશ્રાંતપણે નેતાજી ભાષણ આપી રહ્યા છે.

ત્યાં એક વ્યકિત ઊભી થાય છે. એ પ્રભાવશાળી વ્યકિત પોતાને નેતાજી પાસે પહોંચવા માટે માર્ગ આપવા સભાસ્થાનમાં જમા થયેલાઓને વિનંતી કરે છે. એ વ્યકિતને માર્ગ આપવા પૂરતી સભામાં સહેજ અશાંતિ થાય છે. નેતાજીની અસ્ખલિત વહેતી વાક્ધારામાં ઘડીક ખલેલ પડે છે.

'કોણ છે ?' નેતાજી સાથેની એક વ્યકિતને પ્રશ્ન કરે છે.

'શ્રી. બેટાઇ આપની પાસે આવી રહ્યા છે. જેમણે એ લાખની ઓફર કરી હતી.' નેતાજીને જવાબ મળે છે.

નેતાજી એમને આવકાર આપે છે. આંગતુક નેતાજી સમક્ષ મંચ પર આવીને ઊભા રહે છે અને કહે છે 'જયહિંદ'.

'જયહિંદ !' નેતાજી પ્રત્યુતર આપે છે અને આંગતુકના નિર્ણયને સાંભળવાને અધિર બનેલી જનતા 'જયહિંદ'ના ગગન ભેદી અવાજોથી વાતાવરણને ગજવી મૂકે છે.

નેતાજીના ચરણોને સ્પર્શ કરીને આંગતુક નેતાજીને કહે છે, 'નેતાજી મારી મિલ્કતની પાઇએ પાઇ આપને—આઝાદ હિંદ સરકારને અર્પણ કરું છું. આપ એનો સ્વીકાર કરો એવી મારી વિનંતિ છે.'

—ને નેતાજીએ, જંગી મેદનીને, આ નિર્ણયની જાણ કરી.

આમ પોતાની મિલ્કત અર્પનાર શ્રી. હેમરાજ રણછોડદાસ બેટાઇ હતા. રંગુનના તેન્ગાજુન નામના એક પરાંમાં મળેલી એ

વિરાટ સભા. હજારોની માનવમેદની ભરેલી સભાને ચાર ચાર કલાકથી, બલિદાન આપવાની, મરી ફીટવાની, આગળ આવવાની હાકલ કરી રહ્યા હતા.

પોતાની કરોડોની માલ મિલ્કત નેતાજીને અર્પણ કરનાર, મુસ્લિમ બિરાદર શ્રી. હબીબ પછી, પોતાની લાખોની દોલત આપી દેનાર શ્રી. બેટાઇને, નેતાજીએ સભામાં જ અભિનંદન દીધાં અને બીજા ફકીર તરીકે તેમને સત્કાર્યાં.

સદ્‌ભાગ્યે નેતાજીને પૂર્વ એશિઆમાં વસતા હિંદીઓએ પ્રાંતભેદ ભૂલીને તમામ પ્રકારની સહાયતા આપી હતી. ત્યાં કોઇ નહોતું ગુજરાતી, કોઈ નહોતું બંગાળી કે કોઈ નહોતું પંજાબી, જૈન કે હિંદુ નહતું અને કોઇ મુસ્લિમ નહતું. સહુ હતા હિંદીઓ અને સૌનો ધર્મ હતો ' આઝાદી '.

શ્રી. હેમરાજ બેટાઈ, નેતાજીના પરિચયમાં આ પહેલાં આવ્યા હતા, આ પહેલાં તેમણે આઝાદ હિંદ સરકાર અને આઝાદ હિંદ ફોજને પોતાની સેવાઓ આપી હતી. નેતાજી પ્રત્યેનો તેમનો પ્રેમ અને વિશ્વાસ અપૂર્વ હતો. નેતાજી સુભાષ બોઝ વિશે જેમ પૂર્વ એશિયામાંના બીજા હિંદીઓ અજ્ઞાત હતા, તેવી જ રીતે શ્રી. બેટાઈ પણ અજ્ઞાત હતા; પરન્તુ નેતાજીના આગમને જેમ હિંદીઓમાં નવો પ્રાણ પૂરાયો, તેવી જ રીતે શ્રી. બેટાઇનો સ્વદેશપ્રેમ પણ જાગી ઊઠયો.

ચાલીસેક વર્ષના જુવાન શ્રી. હેમરાજ કાઠીઆવાડમાં આવેલા દ્વારકા પાસેના બેટ શંખોદ્ધારના મૂળ રહીશ. બાલ્યકાળ ત્યાં જ પૂરો કરીને, માત્ર ચૌદ વર્ષની વયે જ તેમણે પોતાના વતનને રામરામ કર્યાં. પોતાના દેશને પણ રામરામ કર્યાં અને પારાવાર મુશ્કેલીઓ યાતનાઓ વચ્ચેથી સફળતાથી પસાર થઇને, બર્મા પહોંચ્યા.

બર્માની ભૂમિ પર ત્યારે હિંદીઓ સત્કાર પામતા હતા. હિંદીઓ પ્રત્યે બર્મિઝોના દિલમાં સદ્‌ભાવ ભર્યો હતો. એ સદ્‌ભાવનાને ઝીલીને હિંદીઓ ત્યાં સ્થિર થયા. વ્યાપાર ધંધો જમાવ્યો. ધન કમાયા અને હિંદીઓ ફૂલ્યા, ફાલ્યા ને વિકસ્યા. એ હિંદીઓએ માત્ર પોતાના બુદ્ધિબલથી કે કૌશલ્યથી જ પોતાનો વ્યાપાર ધંધો જમાવ્યો હતો, એમ નહિ, પણ બર્મિઝોની ભલી લાગણી તેમાં ઓતપ્રોત થયેલી હતી.

શ્રી. બેટાઈએ પણ ધીમે ધીમે પોતાનો વ્યાપાર જમાવવા માંડયો, ભારેમાં ભારે પરિશ્રમ ઉઠાવીને તેમણે પોતાના ધંધામાં કુનેહપૂર્વક સફળતા મેળવી અને રંગુનમાં ગ્રામોફોનની દુકાન જમાવી. આકયાબમાં અને સાંધવેમાં કાચા માલ અને અનાજની દુકાનો જમાવી. વ્યાપાર ધંધો વ્યવસ્થિતપણે ચાલતો હતો અને ધંધામાંથી સારી જેવી કમાણી પણ થતી હતી, પણ તેમનાં પત્ની ત્રણ બાળકોને મૂકીને પરલોકના પંથે પરવર્યાં હતાં. એ ત્રણ બાળકોને પોતાનાં જ ગણીને ઉછેરી તેમનામાં સંસ્કારનું સિંચન કરે, તેમનું ઘડતર કરે અને પોતાના સંસારને નવપલ્લવિત બનાવે તેવી પત્નીની ખોટ તેમને જણાતી હતી.

રંગુનમાં આવીને ધંધામાં દિનપ્રતિદિન પ્રગતિ કરતાં શ્રી. હેમરાજ બેટાઈ પર તેમના જ એક જ્ઞાતિબંધુ શ્રી. વસનજીભાઈની નજર હતી. શ્રી. વસનજીભાઇ પણ રંગુનમાં જ પોતાનો વ્યાપાર ધંધો જમાવીને બેઠા હતા, તેમનો વ્યવસાય મુખ્યત્વે કાપડનો હતો. એમાંથી તેમણે પણ સારી જેવી મૂડી જમાવી હતી.

તેમણે શ્રી. હેમરાજ બેટાઈને પોતાના જમાઈ તરીકે પસંદ કર્યા અને રંગુનમાં જ તેમનાં લગ્ન થયાં. તેમનાં પત્નીનું નામ શ્રી. હીરાબહેન. શ્રી. હીરાબહેનમાં સામાન્ય રીતે ગુજરાતી સ્ત્રીઓમાં કવચિત જ જોવા મળે એવા ઉમદા ગુણો અને

પરદેશના વસવાટના કારણે સ્વાભાવિક રીતે જ જે હિંમત આવે છે તે મોજૂદ હતાં. તેમણે શ્રી. બેટાઈનાં ત્રણે સંતાનોના જીવનમાં હૂંફ આપી, તેમના ઓશિયાળા જીવનમાં નવો ઉત્સાહ પૂર્યો અને માતા ગુમાવી બેઠેલાં એ ત્રણે સંતાનોને જાણે નવા સ્વરૂપે જ પોતાની માતા મળી હોય એવો આનંદ થયો.

દરમિયાન બર્મામાં રમખાણો જાગવા માંડયાં. એ રમખાણો હિંદી વિરુદ્ધનાં હતાં અને એ રમખાણોના પરિણામે હિંદીઓના વ્યાપાર ધંધાને ઘણું સહન કરવું પડયું.

દરમિયાન યુદ્ધની જ્વાલાઓ ચોમેર ફેલાઇ ગઈ અને બર્મામાં લૂંટફાટો શરૂ થઇ. યુદ્ધની શરૂઆતમાં જ બર્માના વડા પ્રધાનને અટકમાં લેવામાં આવ્યા. એના પરિણામે બર્મીઝ પ્રજામાં ભારે રોષ વ્યાપી રહ્યો હતો. આ લૂંટફાટોમાં શ્રી. બેટાઈની સાંધવે અને આકયાબમાં આવેલી બન્ને દુકાનો લૂંટાઈ ગઈ. પરિણામે શ્રી. બેટાઈને ઘણું સહન કરવું પડયું. તેમણે જમાવેલો ધંધો ખોરવાઈ ગયો. દરમિયાન જાપાનના બોંબમારામાં તેમની રંગુનની દુકાન પણ ભોગ બની ગઈ.

આમ છતાં સ્વભાવે જ સાહસિક એવા શ્રી. બેટાઈ હિંમત હારે તેમ ન હતા, તેમણે પુનઃ પુરુષાર્થ આદર્યો અને નવાં સાધનો સાથે પોતાનો ધંધો શરૂ કર્યો અને આર્થિક સ્થિતિ સંગીન બની.

ધંધો ચાલતો હતો, વ્યાપારમાંથી લક્ષ્મી પણ પ્રાપ્ત કરી હતી, પણ બર્માભરમાં પથરાયેલા હિંદીઓ વચ્ચે કોઇ જાતનો સંપર્ક ન હતો. હિંદી વ્યાપારીઓ વચ્ચે પણ સંપર્ક નહતો. છિન્નભિન્ન હાલતમાં તેઓ વેરણછેરણ દશામાં પડયા હતા.

જાપાને જ્યારે રંગુન પર પોતાની વિજયપતાકા ફરકાવી, ત્યારે રંગુનનું રક્ષણ કરનારા અંગ્રેજો તો કયારનાય ભાગી ગયા હતા. જાપાનીઓના વિજય પછી રંગુનની શેરીઓ હિંદીઓના

રક્તથી લાલ બનવા લાગી. બર્મિઝોએ હિંદીઓ પર હુમલા કરવા માંડયા, તેમની માલ મિલ્કત લૂંટવા માંડી, તેમના પોતાના દેશમાં વ્યાપાર ધંધા અર્થે આવેલા, તેમના જ પાડોશીઓ સમા હિંદીઓને તેઓ દુશ્મન જેવા ગણવા લાગ્યા. એના પરિણામે હિંદીઓમાં ભારે ગભરાટ વ્યાપી રહ્યો હતો. શાંતિની શોધમાં તેઓ દોડાદોડ કરતા હતા.

બરાબર એ જ સમયે સીંગાપોરમાં કેપ્ટન મોહનસિંહ આઝાદ હિંદ ફોજની રચના કરતા હતા. એ આખાય બનાવનો કરુણ અંત આવ્યો, ત્યાં સુધી બર્માના હિંદીઓ, તેનાથી અલિપ્ત હતા. એમનામાં પ્રાણ પૂરવાનો અને તેમના વિશ્વાસ પેદા કરવાનો પ્રયાસ તો નેતાજીના આગમન પછી થયો. આઝાદ હિંદ સરકારનું વડું મથક સીંગાપોરથી ખસેડીને રંગુનમાં લાવવામાં આવ્યું, ત્યાં સુધી બર્મામાં હિંદીઓની દેખરેખ રાખનાર કોઇ નહતું. બર્મિઝો તો તેમના પર હુમલા કરતા જ હતા, પણ જાપાનીઓ પણ હિંદીઓ પ્રત્યે શંકાશીલ બનેલા હતા. એટલે હિંદીઓને કયારેક જાપાની સૈનિકો ઉઠાવી જતા હતા, તેમને અટકાયતમાં રાખવામાં આવતા હતા, નેતાજીના આગમન સાથે જ એ સ્થિતિનો અંત આવ્યો અને હિંદીઓમાં વિશ્વાસ આવતો ગયો.

નેતાજીએ, આઝાદ હિંદ સરકારનું વડું મથક રંગુનમાં લાવ્યા પછી, સૌથી પહેલાં હિંદી વેપારીઓને મળવાનું કાર્ય કર્યું, તેમણે હિંદી વેપારીઓને હિંદની આંતરિક પરિસ્થિતિનો અને આઝાદ હિંદ સરકારની રચના, તેના હેતુઓ અને એ હેતુની સિદ્ધિ માટે ઊભી કરવામાં આવેલી આઝાદ હિંદ ફોજનો સંપૂર્ણ ખ્યાલ આપ્યો. નેતાજીએ એ સભામાં જ કહ્યું, 'હિંદની આઝાદીની લડતમાં તમે દૂર રહી શકો નહિ. તમે પરદેશમાં આવીને જે કમાયા છો, તેના પર સૌથી પહેલો અધિકાર

હિંદનો છે. આજે તમારી માતૃભૂમિ તમારી પાસે બલિદાન માગે છે. રણમેદાનમાં જઈને પોતાનાં લોહી વહાવનાર જુવાનો મને પૂછતા નથી કે અમારે કેટલું લોહી આપવું? તેઓ જાણે છે કે મૃત્યુ જ એમને માટે આખરી અંજામ છે. ત્યારે તમે વેપારીઓ મને કેમ પૂછી શકો કે કેટલાં નાણાં જોઈશે? આઝાદ હિંદ સરકાર તમારી પાસેથી સ્વેચ્છાપૂર્વકનો ફાળો માગે છે.'

નેતાજીનાં આવાં વચનોથી, હિંદી વ્યાપારીઓ જાગ્રત થયા. જાણે ચિરકાળની નિદ્રામાંથી કોઈ ચેતનવંતો હાથ એમને જગાડી રહ્યો હતો. 'ઊઠ! હવે પ્રભાત થયું છે. જાગ અને કર્તવ્યને પથે પરવર!'

વેપારીઓ પણ જાગ્રત થયા અને તેમણે નેતાજીને વિશ્વાસ આપ્યો, 'અમે આઝાદ હિંદ સરકારને નાણાવિષયક ચિંતાથી મુકત કરીએ છીએ.' અને તેમણે 'નેતાજી ફંડ કમિટી'ની રચના કરી. એ કમિટીએ હિંદી વ્યાપારીઓ પાસેથી નાણાં ઉઘરાવવાનું અને આઝાદ હિંદ સરકારની પ્રવૃત્તિઓને અબાધિતપણે ચાલુ રાખવાનું કાર્ય સફળતાથી પાર પાડયું. એ કમિટીના ઉપપ્રમુખ તરીકે શ્રી. હેમરાજ બેટાઈ હતા.

આ કમિટીએ બીજું જે કાર્ય કર્યું, તે વ્યાપારીઓને સંગઠિત કરવાનું કાર્ય હતું. નેતાજી અને શ્રી. બેટાઈ વચ્ચેનો સંપર્ક પણ એ રીતે વધતો જ રહ્યો.

આઝાદ હિંદ સરકાર અને જાપાનના લશ્કરી વડાઓ વચ્ચેની મંત્રણાઓના પરિણામે હિંદ પર વ્યવસ્થિત આક્રમણ કરવાનો આઝાદ હિંદ સરકારે નિશ્ચય કર્યો અને જ્યારે રણ-મોરચા પર આઝાદ હિંદ ફોજ દુશ્મન સામે યુદ્ધમાં ઊતરી, ત્યારે નેતાજી એક દિવસ રણમેદાન પર સૈનિકો વચ્ચે તો બીજે દિવસે રંગુનમાં હોય અને ત્યાંથી વળી બેન્કોક, સીંગાપુર, કોલાલમપુર વગેરે સ્થળે વિમાનમાં ઘૂમતા હતા અને

સંપૂર્ણ તાકાત કામે લગાડવાનો ભગીરથ પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે હિંદીઓ સમક્ષ, ખૂન, ખૂન, ઔર ખૂન દો'ના પ્રચલિત થયેલા સૂત્રને બદલે 'કરો સબ ન્યોછાવર બનો સબ ફકીર'ની ઘોષણા આપી હતી. ત્યારે મોરચાપરના આઝાદ હિંદ ફોજના સૈનિકોને પૂરવઠો પહોંચાડવાની વ્યવસ્થા શ્રી. બેટાઇએ સંભાળી હતી.

વિરાટ સભાઓમાં તેઓ ફકીરી પ્રાપ્ત કરવાને આતુર હોય એવા માનવીને જ, સર્વસ્વનું બલિદાન દેવાને આગળ આવવા હાકલ દેતા હતા.

રંગુનની જંગી સભામાં એવા ફકીર બનવાને નીકળનાર પહેલો જુવાન શ્રી. હબીબ નીકળ્યો. એણે નેતાજીની હાકલે પોતાની કરોડોની દોલત આઝાદ હિંદ સરકારને ચરણે ધરી દીધી. નેતાજીએ તેને સેવક–ઇ–હિંદનો ખિતાબ આપી તેનું સન્માન કર્યું. સ્વેચ્છાથી ફકીર થવાને નીકળનાર બીજા શ્રી. બેટાઈ, ૧૮ લાખની મિલ્કત તેમણે નેતાજીને ચરણે ધરી દીધી.

શ્રી. બેટાઇ આઝાદ હિંદ સરકારની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઇ ગયા હતા. વ્યાપાર ધંધો સંભાળવાની તો એ વેળા ન હતી.

નેતાજીને વિચાર આવ્યો. આઝાદ હિંદ સરકારને, પોતાની બેંક હોવી જોઇએ. દરેક દેશમાં સરકારને પોતાની બેંક હોય છે જ. જો રંગુનમાં આવી બેંકની શરૂઆત થઈ હોય તો, આઝાદ હિંદ ફોજ જ્યારે હિંદમાં પ્રવેશે, ત્યારે આઝાદ થયેલા મુલ્કોનો વહિવટ, આ બેંક દ્વારા સારી રીતે ચલાવી શકાય અને સરકારને નાણાંકિય મુશ્કેલીઓ બરદાસ કરવી પડે નહિ. તેમણે રંગુનના આગેવાન હિંદી વેપારીઓને બોલાવ્યા અને તેમની સમક્ષ આ વિચાર મૂકયો. બેંકની તમામ જવાબદારી ઉપાડવાને ચાર વેપારીઓ તૈયાર થયા. તેમાં શ્રી. બેટાઈ પણ એક હતા. અને 'નેશનલ બેંક ઓફ આઝાદ હિન્દ'ની સ્થાપના કરી, આ બેંકના એક અગ્રણી ડાયરેકટર તરીકે શ્રી. બેટાઇએ અંત સુધી તેનો વહિવટ સંભાળ્યો હતો.



[ ૨ ]

આવા શૂરા અને ત્યાગી પુરુષના જીવનમાંથી શૂરવીરતા અને ત્યાગ ભાવના ઝીલીને પતિને સાથ દેનારી પત્નિ મળે, એ માત્ર એક અકસ્માત જ હોઈ શકે.

શ્રી. હીરાલક્ષ્મી બેટાઇ વીર પુરુષની વીરપત્ની તરીકે નામના મેળવી ચૂક્યાં છે. નેતાજી અને આઝાદ હિંદ ફોજની કાર્યવહીમાં જેમ શ્રી. હેમરાજ બેટાઈ ઓત-પ્રોત થયા હતા, તેમ શ્રીમતિ હીરાલક્ષ્મી પણ એ પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઇ ગયાં હતા. નેતાજીએ જ્યારે સ્પષ્ટતા કરી કે હું સ્ત્રીઓને પણ યોગ્ય કામ આપવાનો છું, ત્યારે શ્રી. હીરાલક્ષ્મી જેવી કેટલીય બહેનોને આનંદ થયો હતો. પતિ સાથે વ્યાપાર ધંધા અર્થે પરદેશોમાં વસવાટ કરતી ગુજરાતણોને માટે પરદેશોમાં કોઈ વ્યવસાય હોતો નથી. તેઓને સ્વતંત્ર જીવનની હવા પણ મળતી નથી, અથવા તો તેમની નૈસિર્ગક શક્તિઓનો વિકાસ થાય એવી કોઇ તક મળતી નથી, જ્યાં પુરુષવર્ગ જ અસંગઠિત, અવ્યવસ્થિત હોય અને જ્યાં વ્યાપાર સિવાય જીવનનાં બીજાં પાસાંઓને જોવાની કોઇને ખેવના જ ન હોય, ત્યાં સ્ત્રીઓનું તો પૂછવું જ શું ?

એટલે જ્યારે નેતાજીએ હિંદી સ્ત્રીઓને માટે ખાસ કાર્ય ચિંધ્યું, ત્યારે હિંદી સ્ત્રીઓને પોતાની શકિત બતાવવાનો મોકો મળ્યો અને હિંદી સ્ત્રીઓએ જે કરી બતાવ્યું છે તેવું કાર્ય જગતની બીજા પ્રગતિશીલ દેશોની સ્ત્રીઓએ પણ કદાચ નહિ કરી બતાવ્યું હોય.

નેતાજીને સાંભળવાને જેમ પુરુષોની મેદની જમા થતી હતી, તેમ સ્ત્રીઓની પણ જંગી સભાઓ મળતી હતી.

આવી એક સભામાં નેતાજી સ્ત્રીઓને સર્વસ્વનું બલિદાન દેવાને આવાહન આપી રહ્યા છે. 'કરો સબ ન્યોછાવર બનો સબ ફકીર'ના મંત્રનો આદેશ આપી રહ્યા છે.

નેતાજીની ઝોળી છલકાઇ રહી છે, પણ નેતાજીને સંતોષ નથી. જેમ પુરુષો પોતાના સર્વસ્વનું બલિદાન આપે છે, તેમ સ્ત્રીઓ શા માટે ન આપી શકે? સ્ત્રીઓ પુરુષો કરતાં પાછળ શા માટે રહે?

—ને નેતાજી બોલે છેઃ 'બહેનો! હવે આપણે આખરના તબક્કામાં આવ્યાં છીએ. ધીમે ધીમે તમે આપશો તે નહિ ચાલે. જેમ પુરુષો પોતાની તમામ દોલત આપી દે છે, તેમ બહેનો પાસે પણ હું એવી જ આશા રાખું છું.

નેતાજીની વાક્ધારા હજી તો ચાલુ જ છે, ત્યાં શ્રી. હીરાલક્ષ્મી આગળ આવે છે. નેતાજી પાસે આવીને નમ્રતાપૂર્વક વંદના કરે છે. નેતાજી એને 'જયહિંદ' કહીને આવકારે છે.

—ને શ્રી. હીરાલક્ષ્મી પોતાના અંગ પરના દાગીના, હીરા માણેકના દાગીના ઊતારી આપે છે. અથાગ હોંશથી પોતાના માટે બનાવેલી હજારોની કિંમતની માળાઓ, જરા પણ અચકાયા વિના ગળામાંથી ઊતારીને નેતાજીને ચરણે ધરી દે છે. સૌભાગ્ય-ચિહ્નો પણ એ ઊતારી દે છે. જાણે સાપ પોતાની જૂની કાંચળીને ઊતારે તેમ.

નેતાજી, આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ રહે છે. શ્રી. હીરાલક્ષ્મી નેતાજીને એ બધું સુપ્રત કરતાં કહે છે, 'નેતાજી, જેને મારું

કહી શકાય, એ આ મારા દાગીના છે. આપ એ સ્વીકારો'. એ દાગીનાની કિંમત એંસી હજારની થવા જતી હતી. જે દાગીનાઓ પહેરીને તેમને વૈભવનો ખ્યાલ આવતો, જે દાગીનાઓ સાથે મમતા બંધાયેલી હતી, એ દાગીનાઓ અર્પણ કરી દેતાં એ જરાપણ અચકાઇ નહિ!

'ધન્ય!' નેતાજીએ એ વીરાંગનાને અભિનંદન દીધાં અને પોતાની સમિપ પડેલા દાગીનાઓમાંથી બે બંગડીઓ અને બીજા બે દાગીનાઓ, શ્રી. હીરાલક્ષ્મીને પાછા આપતાં કહ્યું, 'બહેન! આ તારાં સૌભાગ્યચિહ્નો તું પાછાં લઈ જા!' અને બીજા દાગીનાઓનો નેતાજીએ સ્વીકાર કર્યો.

એ પ્રચંડ સભામાં શ્રી. હીરાલક્ષ્મીના આ વીરલ ત્યાગ પર, નેતાજીએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં અને તેમને 'સેવિકા-ઈ-હિંદ'નો ખિતાબ એનામત કર્યો.

એ સાંજે જ્યારે પતિ-પત્ની ઘરમાં દાખલ થયાં, ત્યારે શ્રી. એટાઇએ જોયું, તો પત્નીના અંગ પર દાગીના ન હતા. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરીને પૂછયું, 'દાગીના કયાં?'

'નેતાજીને ચરણે' શ્રી. હીરાલક્ષ્મીએ જવાબ દીધો. એનું અંતર હસું હસું થઇ રહ્યું હતું. એને ખાત્રી હતી કે પોતાના પતિને, આ સમાચારથી આનંદ થશે જ.

પણ એથીય અધિક આનંદના સમાચાર શ્રી. એટાઇને આપવાના હતા. તેમણે પોતાની તમામ મિલ્કત નેતાજીને અર્પણ કરી દીધાની વાત કરી.

બન્નેને માટે એ દિવસ ધન્ય હતો. તેમની જિંદગીની કમાણી પણ ધન્ય બની હતી.

ત્યારથી બન્નેએ, ફકીરી લીધી. શ્રીમતિ હીરાલક્ષ્મી એટાઇએ, ઝાંસીની રાણી રેજિમેન્ટમાં જોડાઇને, સક્રિય ભાગ લેવા માંડયો. તેમણે ઘવાયેલા સૈનિકોની સારવાર કરવા માંડી.

પરન્તુ જે ગુલાબી સ્વપ્ન સર્જાયું હતું, ધીમે ધીમે આકાર પણ લેતું જતું હતું, તે એકાએક તૂટી પડયું અને દુશ્મન વિમાનોએ બોંબવર્ષા કરીને પારાવાર ખૂવારી કરવા માંડી.

૧૯૪૫ના ફેબ્રુઆરીમાં બ્રિટિશ બોંબરોએ, રંગુનના મ્યાનગો ખાતેની આઝાદ હિંદ સરકારની પ્રથમ શ્રેણીની હોસ્પિટલની નેતાજી જ્યારે મુલાકાત લઈ રહ્યા હતા, ત્યારે બોંબ-વર્ષા કરી. નેતાજીનો પ્રાણ લેવાનો એ પ્રયાસ હતો. એ બોંબ-વર્ષાના પરિણામે હોસ્પિટલ તારાજ થઈ. હોસ્પિટલમાં, અપંગ દર્દીઓ, જેઓ હલનચલન કરી શકે નહિ, તેવી લાચાર હાલતમાં હતા, તેવા સેંકડોના જાન ગયા. સેંકડો ઘાયલ થયા.

એ બોંબવર્ષા વચ્ચે, ઘવાએલા દર્દીઓને ખસેડવાના કાર્ય-માં નેતાજી રોકાઈ ગયા હતા. એક બાજુ બોંબવર્ષાના પરિ-ણામે નેતાજીની મોટર સળગતી હતી અને બીજી બાજુ નેતાજી ઘાયલ થયેલાઓને આશ્રયસ્થાનમાં ખસેડી રહ્યા હતા, ત્યારે બેટાઇ દંપતિ ત્યાં પહોંચી ગયાં અને નેતાજીએ તેમના હાથમાં એ કામગીરી સુપ્રત કરી. એ દંપતિએ દિવસો સુધી દર્દીઓની માવજત કરી, તેમની તબીબી સારવારથી માંડીને તેમના ખોરાક અને વસ્ત્રો સુધીની વ્યવસ્થા તેમણે ઉપાડી લીધી.

પરન્તુ આઝાદ હિંદ સરકાર રંગુન છોડીને બેન્કોક પહોંચી ગઈ હતી અને હિંદની આઝાદી માટેની લડત લડનારાં એકત્ર થયેલાં તત્ત્વો વિખરાઇ રહ્યાં હતાં. મોરચા પરના સેનાપતિઓ શરણે થયા હતા. કેટલાકને અંગ્રેજોએ બર્મા અને મલાયામાંથી ગીરફતાર કર્યા હતા. આમ આઝાદ હિંદ સરકાર અને તેની ફૂલીફાલેલી પ્રવૃત્તિઓ સંકેલાઇ ગઇ હતી.

આ પલ્ટાયેલી પરિસ્થિતિમાં બેટાઇ દંપતિ હિંદ પાછાં ફર્યાં. શ્રી. બેટાઈ આજે કલકત્તામાંની ગ્રામોફોનની દુકાન સંભાળી રહ્યા છે.

નેતાજીએ ફકીરોની સેના રચી હતી. એમના સંપર્કમાં જેઓ આવ્યા તેમને ફકીર બનાવ્યા અને એવા એક ફકીર દંપતિની આ કથા ગુજરાતને માટે ગૌરવસમી છે.

આઝાદ હિંદ સરકારના અમલ દરમિયાન, આઝાદ હિંદ સરકારના વડા અને આઝદ હિંદ ફોજના સર સેનાપતિ તરીકે, નેતાજી સુભાષ બોઝે કેટલાક ફરમાનો પ્રસિદ્ધ કરેલાં. એમાંનાં કેટલાંક ફરમાનો અહીં આપ્યાં છે:

સ્પેશિયલ ઓર્ડર ઓફ ધી ડે.
**સુભાષચંદ્ર બોઝઃ** સુપ્રિમ કમાન્ડર
આઝાદ હિંદ ફોજ.

'હિંદની આઝાદીની લડતના અને આઝાદ હિંદ ફોજના હિતને ખાતર, આજથી આપણી ફોજનો સીધો અંકૂશ મેં હાથ ધર્યો છે.

મારે માટે એ ગર્વ અને મગરૂબીનો વિષય છે. એક હિંદીને માટે, હિંદની આઝાદી માટે ઝુઝનાર આઝાદ ફોજના સેનાપતિ થવું, એથી બીજી મહાન ગૌરવની કોઈ વાત નથી. આપણી સમક્ષ જે મહાન પ્રશ્નો પડેલા છે તેનાથી હું સુપરિચિત છું અને મારે માથે જે મહાન જવાબદારી આવી પડે છે તેના બોજથી મારી ગરદન ઝુકી જાય છે.

ઈશ્વર, હિંદીઓ પ્રત્યેની મારી ફરજ, તમામ સંજોગોમાં–મુશ્કેલમાં મુશ્કેલ સંજોગોમાં–અદા કરવાની મને તાકાત આપે, એવી હું પ્રાર્થના કરું છું.

હું મારા દેશના ૩૮ કરોડ દેશબંધુઓ, કે જેઓ ભિન્ન ભિન્ન ધર્મ પાળે છે. તેમનો એકમાત્ર સેવક છું. મેં મારી ફરજો

એવી રીતે બજાવવાનો નિશ્ચય કર્યો છે કે, મારા ૩૮ કરોડ દેશબાંધવોનાં હિતો મારા હાથમાં સલામત રહે, કોઈ પણ વ્યક્તિને મારા પ્રત્યે અવિશ્વાસ રાખવાનું કારણ ન રહે. અખંડ રાષ્ટ્રવાદ, સંપૂર્ણ ન્યાય અને તટસ્થતાના પાયા પર જ હિંદની આઝાદીની ઈમારત ઊભી કરી શકશે.

આપણી માતૃભૂમિની મુક્તિ માટે, આઝાદીની લડતમાં હિંદની ૩૮ કરોડની પ્રજાની ઈચ્છા મુજબની આઝાદ સરકારની સ્થાપના કરવા માટે હિંદની આઝાદીની હંમેશને માટે રક્ષા કરવા માટે, કાયમી લશ્કરી તાકાત ઊભી કરવા માટેના કાર્યમાં આઝાદ હિંદ ફોજે મહત્ત્વનો ફાળો આપવાનો છે.

અને એ હિસ્સો પૂર્ણ કરવા માટે એક જ ધ્યેય આપણી નજર સમક્ષ હંમેશને માટે ખડું રહેશે. એ ધ્યેય, હિંદની આઝાદી માટે મૃત્યુ યા મૂક્તિનો ધ્યાનમંત્રઃ આઝાદ હિદ ફોજ એક ખડકની માફક અણનમ ઊભી રહેશે. જ્યારે આપણે કૂચ કરશું ત્યારે, આઝાદ હિંદ ફોજ ઝડપી કૂચ કરશે.

આપણો માર્ગ સરળ નથી. યુદ્ધ અને મુશ્કેલીઓ ભરી પડી છે, પણ ન્યાય અને આપણા કાર્યની સત્યતામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. ૩૮ કરોડ માનવપ્રજા–જગતની પ્રજાનો પાંચમો ભાગ–ને આઝાદ થવાનો હક્ક છે જ અને તેઓ અત્યારે આઝાદીની કિંમત ચૂકવવાને તૈયાર થયા છે.

આઝાદ થવાના આપણા જન્મસિદ્ધ અધિકારથી આપણને દુનિયાની કોઈ તાકાત વંચિત કરી શકે તેમ નથી.

બિરાદરો ! અધિકારીઓ અને સભ્યો ! તમારા અડગ ટેક અને અપ્રતીમ વફાદારી સાથે, આઝાદ હિંદ ફોજ, હિંદની મુક્તિ માટેના જંગનું એક હથિયાર થઈ પડશે. અંતિમ વિજય

આપણો જ છે એ ચોક્કસ છે. હું તેની આપને ખાત્રી આપું છું. આપણા કાર્યનો આરંભ થઈ ચૂક્યો છે.

આપણા અધરોષ્ટ પર 'દિલ્હી ચલો' નો પોકાર ગુંજતો કરીને, ન્યુ દિલ્હીમાંની વાઈસરોયની મહેલાત પર, જ્યાં સુધી ત્રિરંગી ઝંડો ફરકતો ન થાય અને આઝાદ હિંદ ફોજ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લામાં કૂચ ન કરે ત્યાં સુધી સખ્ત પરિશ્રમ સાથે આપણો જંગ ચાલુ રહેશે.

જનરલ હેડક્વાર્ટર્સ (સહી) **સુભાષચંદ્ર બોઝ**
હિંદી રાષ્ટ્રીય ફોજ સુપ્રિમ કમાન્ડર
૨૫ ઓગસ્ટ ૨૬૦૩ (સિપેહ સાલાર)

---

સ્પેશિયલ ઓર્ડર ઓફ ધી ડે.

**આઝાદ હિંદ ફોજના બિરાદરો !**

આ વર્ષના માર્ચ મહિનાની અધવચ્ચમાં આઝાદ હિંદ ફોજની એડવાન્સ ટુકડીએ ખભેખભા મિલાવીને, પોતાનાથી બળવાન એવા શત્રુઓ સાથે વીરતા ભર્યો જંગ ખેલ્યો. શાહી જાપાની દળો હિંદ–બર્મા સરહદ ઓળંગી ગયા અને હિંદની ધરતી પર જ હિંદની મૂક્તિ માટેનો સંગ્રામ એ રીતે શરૂ થયો.

સદીઓ થયા બ્રિટીશરોએ હિંદનું ભયંકર રીતે શોષણ કર્યું છે, અને તેમને માટે, તેમનો જંગ ખેલવાને પરદેશી સૈનિકોને લાવવામાં આવ્યા છે. અને એ રીતે આપણી સામે લડવા માટે જંગી તાકાત ઉભી કરવામાં આવી હતી. હિંદ–બર્મા સરહદ ઓળંગી ગયા પછી આપણી ફોજને આપણા કાર્ય પરત્વે વધુ શ્રદ્ધા જાગી છે અને પોતાના કરતાં વધુ તાકાતવાન અને શકિતશાળી, બ્રિટિશ ફોજોનો મુકાબલો કરીને, દુશ્મનની તાકાતને છિન્નભિન્ન કરી તેમને દરેક જંગમાં શિકસ્ત આપી છે.

સારી તાલીમ પામેલા શિસ્તબદ્ધ અને હિંદની આઝાદી ખાતર મૃત્યુ યા મુક્તિનો નિશ્ચય કરીને લડતી આપણી ટુકડીઓએ દુશ્મન પર પોતાની સર્વોપરિતા તાત્કાલિક સ્થાપી દીધી છે, અને દુશ્મનની નૈતિક તાકાત છિન્નભિન્ન થઈ ગઈ છે.

મુશ્કેલ પરિસ્થિતિમાં જંગ ખેલતા આપણા અફસરો અને સૈનિકોએ, જે બહાદુરી અને વીરતા બતાવી છે તે માટે તેઓ સહુની પ્રશંસાને પાત્ર નીવડયા છે. આ વીરોએ પોતાના ખૂન અને બલિદાનથી એવી પ્રથા પ્રસ્થાપિત કરી છે કે આઝાદ હિંદના ભાવિ સૈનિકને એને પગલે ચાલવું પડશે.

તમામ ગોઠવણો પૂર્ણ થઈ ગઈ છે અને ઇમ્ફાલ પર આખરી ફટકો લગાવવાનો સમય પણ આવી પહોંચ્યો છે. સખ્ત ચોમાસામાં ઇમ્ફાલ પર આક્રમણ કરવાનું અને તેને ટકાવી રાખવાનું આપણા માટે મુશ્કેલ હતું.

સાધનોની મુશ્કેલીઓને કારણે આપણે આક્રમણ કરવાની યોજના પડતી મૂકવી પડી છે. આક્રમણની યોજના પડતી મૂકયા પછી, આપણા અંકૂશ નીચેની હરોળને ટકાવી રાખવાનું આપણા સૈન્યને માટે વધુ લાભદાયી જણાયું અને વધુ અનુકૂળ રક્ષણાત્મક પ્રવૃત્તિ માટે આપણી ફોજોને પાછી ખેંચી લેવી એ મુનાસબ લાગે છે.

આ નિર્ણય પ્રમાણે આપણી ફોજોને વધુ અનુકૂળ રક્ષણાત્મક હરોળ પર પાછી ખેંચી લેવામાં આવી છે. હવે આપણે આપણો સમય સંપૂર્ણ રીતે તૈયાર થવા પાછળ વ્યતિત કરશું કે જેથી વધુ અનુકૂળ હવામાન વચ્ચે આપણે આક્રમણ કરી શકીએ.

મોરચા પરના કેટલાક વિભાગોમાં દુશ્મનને આપણે સખ્ત ફટકો માર્યો હોઇને, અંતિમ નિજયમાં અને એંગ્લો–અમેરિકન

આક્રમણકારી દળોને છિન્ન ભિન્ન કરવાની આપણી તાકાત વિષે વધુ શ્રદ્ધા જન્મી છે.

આપણી તૈયારીઓ સંપૂર્ણ થશે કે તરત જ આપણે આપણા દુશ્મન સામે જંગી આક્રમણ શરૂ કરીશું. ઉચ્ચ લડાયક શક્તિ, હિંમત અને આપણા અફસરો અને સૈનિકોના ફરજ પ્રત્યેના અડગ ખ્યાલોથી વિજય આપણો જ છે.

આપણી આઝાદીની લડતમાં જેઓએ પોતાના પ્રાણનાં બલિદાન આપ્યાં છે, તેઓને અમારાં હૈયાં વન્દે છે, પણ તેઓ આપણને, આ જંગમાં પ્રેરણા આપી રહ્યા છે. જય હિંદ.

બર્મા (સહી) સુભાષચંદ્ર બોઝ

૧૪ ઑગસ્ટ ૧૯૪૪ સુપ્રિમ કમાન્ડર

આઝાદ હિંદ ફોજ

---

સ્પેશિયલ ઓર્ડર ઑફ ધી ડે.

**તમામ અફસરો અને સૈનિકો જોગ,**
**આઝાદ હિંદ સૈન્ય,**

**બિરાદરો,**

તમે સૌ જાણો છો કે ગયા વર્ષે રણમેદાન પર આઝાદ હિંદ ફોજના સૈનિકોએ ભવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. આ સૈનિકોએ પોતાના સ્વદેશપ્રેમ, વીરતા અને આત્મ-બલિદાનથી દુશ્મનો પર વિજય મેળવ્યો હતો. પણ થોડાક અફસરો અને સૈનિકોની દગાખોરી અને કાયરતાને પરિણામે તે નાકામયાબ નિવડયો.

આપણે આશા રાખીએ કે નવા વર્ષથી તમામ પ્રકારની કાયરતા અને દગાખોરીનો અંત આવી જશે. અને આ વર્ષનું

આઝાદ હિંદ ફોજનું આક્રમણ વીરત્વનાં અને આત્મબલિદાનના ભવ્ય ઇતિહાસનું સર્જન કરશે. પણ એમ થઈ શક્યું નથી- તાજેતરમાં જ વડા મથકનાં પાંચ ઓફીસરોની બેઈમાની અને બેવફાઇએ આપણી આંખો ખોલી દીધી છે કે—આપણી હરોળમાં બધા જ શુભ હેતુઓ ધરાવતા નથી, એટલે હજી પણ આપણે આ જાતનાં બેવફાઈ અને કાયરતાનો નાશ કરવાની જરૂર છે. જો આપણે એક વખત આ જાતની બેવફાઇ અને કાયરતાનો અંત લાવી શકીએ તો, આવા શરમજનક અને આત્મઘાતક પગલાંઓ, ઇશ્વરની કૃપાથી આપણે માટે, માર્ગદર્શક થઇ પડશે. ઇશ્વરના આશીર્વાદ સમજીશું. આથી મેં આપણી ફોજોની સફાઇ માટે કડકમાં કડક પગલાં લેવાનો નિશ્ચય કર્યો છે. અને વિશ્વાસ છે કે મારા આ નિશ્ચયમાં મને તમારો સંપૂર્ણ અને અડગ ટેકો મળી રહેશે.

બેવફાઇ અને કાયરતાનો સંપૂર્ણપણે નાશ કરવા માટે. નીચેનાં પગલાં ભરવાની જરૂર પડે છે.

(૧) આઝાદ હિંદ ફોજના તમામ સભ્યો, અફસરો, એન. સી. ઓ. અથવા સિપાહી, ફોજના કોઇ પણ સભ્યને પછી તે ગમે તે હોદ્દો ધરાવતો હોય તો પણ કાયરતા ભરી બેવફાઈ માટે, પકડી શકશે અને જો કોઈ બેવફાઇ કરતો જણાય તો તેને ગોળીથી ઠાર પણ કરી શકશે.

(૨) આઝાદ હિંદ ફોજના તમામ સભ્યોને, હજી પણ તક આપવા માગું છું કે, જેઓ પોતાની ફરજ વફાદારીપૂર્વક અદા કરવાને, તૈયાર ન હોય, અથવા તો ભવિષ્યમાં હિંમતપૂર્વક મર્દાનગીથી યુદ્ધમાં લડના તૈયાર ન હોય, તેઓ આઝાદ હિંદ ફોજમાંથી છુટા થઇ શકે છે. આ તક, આ હુકમની પ્રસિદ્ધિ પછી એક અઠવાડિયા સુધી રહેશે.

(૩) જેઓ સ્વેચ્છાપૂર્વક ફોજમાં રહેવાને તૈયાર ન હોય તેમને ફોજમાંથી ચાલ્યા જવાની તક આપવા છતાં પણ હું આઝાદ હિંદ ફોજનું કામ તો ચાલુ રાખવા જ માગું છું એટલે જેઓ આઝાદ ફોજને બેવફા નિવડશે તેઓ–જેમના પ્રત્યે શક હોય તેમને,–અથવા તો કટોકટીની પળે જ બેવફા નિવડે તેને દૂર કરવામાં આવશે. આઝાદ હિંદ ફોજનું ધ્યેય સફળતાથી પાર પાડવા માટે હું તમારા સંપૂર્ણ સહકારની માંગણી કરૂં છું. એટલે હું ઇચ્છું છું કે તમે, મને અને મારા વિશ્વાસુ સાથીદારોને, આપણા સૈન્યમાં હજી પણ જે કાયરતા અને બેવફાઇ ભર્યાં તત્વો હોય તે વિષે માહિતીઓ પૂરી પાડો.

(૪) અત્યારે જ આ દૂષણ દૂર કરવું એ પૂરતું નથી. પણ ભવિષ્યમાંય આદૂષણ દૂર કરવાનું તો ચાલુ રહેશે, એથી આઝાદ હિંદ ફોજના પ્રત્યેક સભ્યની ફરજ છે કે ભવિષ્યમાં પણ આવી જાતની બેવફાઈ અને કાયરતાના બનાવો વિષે ધ્યાન રાખે. પોતાની આંખ ખુલી રાખે, કાન સતેજ રાખે. ભવિષ્યમાં કોઇ પણ સભ્યને કાયરતા અને બેવફાઇના બનાવ અંગે કોઇ પણ માહિતી મળે કે તરત જ તેણે, લેખીત અગર તો મૌખીક રીતે મને અથવા તો જે કોઈ ઓફીસરને તે મળી શકે તેમ હોય તેવા ઓફીસરને પહોંચતી કરે. બીજા શબ્દોમાં કહીએ તો, હવેથી સદાને માટે આઝાદ હિંદ ફોજનો પ્રત્યેક સભ્ય આઝાદ હિંદ ફોજ અને હિંદ રાષ્ટ્રની પ્રતિષ્ઠા અને તેના ગૌરવનો રખેવાળ બને છે.

(૫) દુષણો દુર કર્યાં પછી, સ્વેચ્છાએ જેમને ખસી જવું હોય તેમને ખસી જવાની તક આપ્યા પછી, પણ જો બેવફાઇ અને કાયરતાના બનાવો બનતાં જણાશે તો, એને માટે જવાબદાર હશે તેને મોતની શિક્ષા થશે

(૬) કાયરતા અને બેવફાઈ સામે આપણી ફોજમાં નૈતિક બળ ખીલવવા માટે, આપણે કાયરતા અને બેવફાઈ સામે, સખ્ત

તિરસ્કારનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. આ ફોજના પ્રત્યેક માનવીના મનમાં એવી ભાવના જાગવી જોઈએ કે તે એક ક્રાંતિકારી સૈન્યનો સૈનિક છે. અને દગાખોરી, કાયરતા કે બેવફાઈ કરતાં બીજો કોઈ ગંભીર ગુન્હો તેને માટે નથી. કાયરતા અને બેવફાઈ સામે ઉગ્રમાં ઉગ્ર તિરસ્કાર કઈ રીતે ફેલાવી શકીએ તે વિષે જુદી માહિતી આપવામાં આવી છે એટલે આશા રાખવામાં આવે છે કે, હવેથી આપણી ફોજમાં બેવફાઈ અને કાયરતાના બનાવો બનશે નહિ.

(૭) આ જાતના દૂષણો દૂર થયા પછી, આઝાદ હિંદ ફોજના સૈનિકોએ, જ્યાં સુધી આપણી પ્યારી માતૃભૂમિ મૂકત ન થાય ત્યાં સુધી વીરતાથી હિંમત પૂર્વક લડતા રહેવાના સોગંદ ફરીથી લેવા પડશે. આ સોગંદ વિધી અને કઈ રીતે એ સોગંદ લેવાના છે તે સંબંધમાં જુદી સૂચનાઓ પ્રસિદ્ધ થશે.

(૮) બેવફાઈ અને કાયરતાના બનાવો અંગે માહિતી આપનારને તેમજ બેવફાઈ અને કાયરતા માટે જવાબદાર એવા શખ્સને ગીરફતાર કરનારને, અથવા તો ગોળીથી ઠાર કરનારને ખાસ ઈનામો આપવામાં આવશે.

(સહી) સુભાષચંદ્ર બોઝ

બર્મા<br>
તા. ૧૩ માર્ચ ૧૯૪૫

સુપ્રિમ કમાન્ડર<br>
આઝાદ હિંદ ફોજ

---

સ્પેશીયલ ઓર્ડર ઓફ ધી ડે

**તમામ અફસરો અને સૈનિકો જોગ,**
**આઝાદ હિંદ ફોજ,**

**બિરાદરો !**

કાયરતા અને બેવફાઇ પ્રત્યેનો આપણો તિરસ્કાર, રોષ અને નફરત વ્યકત કરવાને, અગાઉથી નક્કી કરવામાં આવે તે

દિવસે, આઝાદ હિંદ ફોજની દરેક છાવણીમાં ખાસ દેખાવો થનાર છે એમાં પ્રત્યેક અફસરે અને સૈનિકે ભાગ લેવાનો છે.

આ દેખાવો વિષેનો કાર્યક્રમ દરેક છાવણી પોતાને યોગ્ય લાગે તે કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવાને માટેનો નક્કી કરી શકે છે. આમ છતાં એ કાર્યક્રમ અંગેની કેટલીક સૂચનાઓ અહીં આપવામાં આવી છે.

(૧) કાયરતા અને બેવફાઇ પ્રત્યે તિરસ્કાર અને નફરત પેદા કરે તેવા કામો અગર તો નિબંધો લખવા અને વાંચવા.

(૨) કાયરતા અને બેવફાઈ પ્રત્યે રોષ પેદા થાય તેવા નાટકો ભજવી શકાય હોય તેવા ભજવવા.

(૩) દગાખોરોના (રીઆઝ, માદન, સરવરે, દે, મહમદબક્ષ અને બીજાઓ) પૂતળાઓ, કાગળના પૂંઠાના, માટીના અથવા તો બીજી કોઇ ચીજના ઉભા કરવા. આ પૂતળાઓ માનવજાત જેવા અથવા તો પશુઓ જેવા બનાવવા અને પ્રત્યેક સભ્યે એવા દગાખોરો પ્રત્યેનો પોતાનો તિરસ્કાર અને રોષ સખ્ત રીતે વ્યક્ત કરવો.

(૪) હિંદના ભૂતકાળના વીરોની પ્રશસ્તિ કરતાં વ્યાખ્યાનો આપવા અને આઝાદ હિંદ ફોજના સભ્યો, આજના મૂકિત સંગ્રામમાં વીરતાનો પાઠ આપવો.

(૫) એ દિવસની શરૂઆત અને અંત રાષ્ટ્રીય ગીતથી થવી જોઇએ, તેમજ સમુહમાં પોકારો થવા જોઇએ.

શ્રેષ્ટ કાર્યક્રમ રજુ કરનાર છાવણીને ખાસ ઇનામો આપવામાં આવશે.

(સહી) સુભાષચંદ્ર બોઝ

બર્મા. સુપ્રીમ કમાન્ડર

તા. ૧૩-૩-૧૯૪૫ આઝાદ હિંદ ફોજ

સ્પેશીયલ ઓર્ડર ઓફ ધી ડે
**સુભાષચંદ્ર બોઝ**
સુપ્રીમ કમાન્ડર આઝાદ હિંદ ફોજ

બર્માઃ ફેબ્રુ. ૧૯૪૪

આખું વિશ્વ આજે આરાકાન મોરચા પર નજર ઠેરવી રહ્યું છે. રોજ–બ–રોજ તે મોરચા પર ઝડપી બનાવો બની રહ્યા છે. આઝાદ હિંદ ફોજના સૈનિકોએ, શાહીની ફોજ સૈન્યની સાથે રહીને યશસ્વી અને બહાદુરી ભર્યાં કાર્યોથી, એંગ્લો–અમેરીકન ફોજેએ શરૂ કરેલું પ્રતિઆક્રમણ તૂટી પડયું છે.

મને શ્રદ્ધા છે કે, આરાકાન મોરચા પર, આપણા બિરાદરોએ શૌર્યનો જે ઇતિહાસ સર્જ્યો છે. તેના પરિણામે, અત્યારે મોરચા પર જુદા જુદા સ્થળોએ રહેલા આઝાદ હિંદ ફોજના અફસરો અને સૈનિકોમાં ભારે ઉત્સાહ ફેલાઈ રહ્યો છે. નવી પ્રેરણા મળી છે.

લાંબા સમયથી આપણે જેની રાહ જોતા હતા તે દિલ્હી તરફની આપણી કૂચ હવે શરૂ થઇ છે; અડગ નિશ્ચય સાથે શરૂ થઇ છે. અને જ્યાં સુધી આરાકાનની ટેકરીઓ પર ફરકેલો આપણો ત્રીરંગી ઝંડો વાઇસરીગલ લોજ પર ફરકે નહિ, અને દિલ્હીના લાલ કિલ્લામાં આપણી વિજય કૂચ થાય નહિ ત્યાં સુધી એ કૂચ ચાલુ રહેશે.

હિંદના મુક્તિ જંગના મહારથીઓ, બિરાદરો, અને સૈનિકો, તમારા હૈયામાં એક પૂનિત મંત્ર ગોખી રાખોઃ 'મૃત્યુ અગર મૂક્તિ.' અને તમારા અધરોષ્ટ પર એકજ મંત્ર ગુંજતો રાખજોઃ 'ચલો દિલ્હી': દિલ્હીનો માર્ગ એજ મૂક્તિનો માર્ગ છે. વિજય, આપણો જ અચૂક છે, ચોકકસ છે.

ઇન્કીલાબ ઝીન્દાબાદ, આઝાદ હિંદ ઝીન્દાબાદ.

## નેતાજીનો આદેશ

'જે સૈનિકો તેમના દેશ પ્રત્યે હંમેશાં વફાદાર રહે છે અને સર્વ સંજોગો-માં પોતાની ફરજોનું પાલન કરે છે, જેઓ હંમેશાં જીવ-નનું બલિદાન આપવાને તત્પર રહે છે, તેઓ અજેય છે. તમારા હૃદયના ઊંડાણ માં હેઠ ખૂણામાં આ ત્રણ સિદ્ધાંતો તમે સદાકાળને માટે કોતરી રાખજો.

'અમારી આઝાદી અમારા ખૂન દ્વારા હાંસલ કરવી એ અમારી પવિત્ર ફરજ છે. અમારા ખૂન અને પસીનાથી અમો જે આઝાદી હાંસલ કરીશું, એનું અમે અમારી તાકાત-થી રક્ષણ પણ કરીશું.'

—નેતાજી

# સંદેશ ગ્રંથમાળાના ગ્રાહક બનો

## ચોથા વર્ષનાં બે ઉત્તમ પુસ્તકો પ્રકટ થઈ ચૂક્યાં છે

'**સંદેશ ગ્રંથમાળા**' વાંચક મિત્રોની શુભેચ્છા સાથે તેની ચોથા વર્ષની મંઝિલ રાષ્ટ્રિય પ્રકાશન '**નેતાજીના સાથીદારો**' અને સફળ સામાજિક નવલકથા '**સંન્યાસિ[illegible]**' આપી શરૂ કરે છે.

ચોથા વર્ષમાં [illegible] પેજ) નું વાંચન રૂા ૯-૦-૦ નવ રૂા[illegible]નું અમે નક્કી કર્યું છે.

**તા. ૩૧-૮-૪૬ સુધીમાં આ ગ્રંથમાળાના ગ્રાહક થનાર પાસેથી રૂા. ૯-૦-૦ બદલે રૂા. ૮-૦-૦ પ્રમાણે લવાજમ લેવામાં આવશે.** ત્યારબાદ રૂપિયા નવ પ્રમાણે જ લવાજમ સ્વીકારાશે. આપ આ ખાસ સસ્તી યોજનાનો લાભ તુરત જ લઈ લ્યો. પાછળથી આ લાભ નહિ મળે. 'નેતાજીના સાથીદારો' અને 'સંન્યાસિની' પુસ્તક પછીનાં પુસ્તકો નીચે પ્રમાણે છે:—

**પિંગળા:** લે. શ્રી. ગોકુળદાસ રાયચુરા: **ગરાસણી:** લે. શ્રી. પ્રાણલાલ મુનશી: **અપંગ પંખિડાં** લે. શ્રી. ગજેન્દ્રશંકર પંડ્યા.

ગ્રંથમાળાના પુસ્તકોની સંખ્યા કે ક્રમમાં સમયાનુસાર ફેરફાર કરવામાં આવશે. અમારી નૈતિક ફરજ રૂા. ૯-૦-૦ નવમાં ૧૦૦૦ પૃષ્ઠનું વાંચન આપવા પુરતી છે, સમય પુરતી નહિ તેની નોંધ લેવા વિનંતિ છે.

**આપ આ ગ્રંથમાળાના આજે જ ગ્રાહક બનો**
**અને શિષ્ટ, સસ્તું અને સર્વોત્તમ વાંચન મેળવો.**

**સંદેશ પ્રકાશન મંદિર:** સારંગપુર, **અમદાવાદ**